# કારિકાવલી મુક્તાવલી વિવરણ

[ ભાગ-૧ લો ]


: વિવરણકાર :

પૂ. પંન્યાસપ્રવર **શ્રી અમરગુપ્ત** વિ. ગ. મ. સા. ના શિષ્ય

**મુનિ ચંદ્રગુપ્તવિજય**



: પ્રકાશક :

**શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન**

**C/o શા. સૂર્યકાન્ત ચતુરલાલ**

**મુ. પો. મુરબાડ [ જી. ઠાણે. ]**

શ્રી વિશ્વનાથ પંચાનન ભટ્ટાચાર્ય વિરચિત

# કારિકાવલી - મુક્તાવલી - વિવરણ

[ભાગ-૧ લો]

: વિવરણકાર :

પૂ. પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ પૂજ્યપાદ
આચાર્યભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી
મહારાજાના પટ્ટાલંકાર પૂજ્યપાદ સ્વ. આ. શ્રી. વિ.
મુક્તિચંદ્ર સૂ. મ. સા. ના શિષ્યરત્ન પૂજ્યપાદ
પંન્યાસપ્રવર શ્રી અમરગુપ્ત વિ. ગ. મ. ના
શિષ્યરત્ન મુનિ ચંદ્રગુપ્ત વિજય.

: પ્રકાશક :
શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: આર્થિક સહકાર :
શ્રીમતી ચંદ્રાવતી બાબુભાઈ ખેમચંદ રીલીજીયસ ટ્રસ્ટ
'રત્નપુરી' દફતરી રોડ. મલાડ-ઈસ્ટ
મુંબઈ ૪૦૦૦૯૭.

કારિકાવલી–મુક્તાવલી વિવરણ
(ભાગ ૧ લો)

આવૃત્તિ- બીજી નકલ- ૨૦૦
વિ. સં. ૨૦૪૪ ચૈત્ર વદ-૪

પ્રાપ્તિ સ્થાન :–
શા. સૂર્યકાંત ચતુરલાલ
મુ. પો., મુરબાડ (જિ. ઠાણા)
વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાંપનાહની પોળ, કાળુપુર રોડ,
અમદાવાદ–૧.

મૂલ્ય : ૨૫ - રૂ.

મુદ્રણ

# શુદ્ધિ નિર્દેશ

| પૃ. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૩ | ૧૯ | ।र | रि |
| ૧૫ | ૧૬ | ।ठ | ठा |
| ૧૬ | ૨૨ | स्मे | स्मै |
| ૧૮ | ૮ | रु | रू |
| ૧૮ | ૧૬ | त्वा | स्वा |
| ૨૧ | ૧૧ | माप | मपि |
| ૨૩ | ૭ | न दा | नदा |
| ૨૩ | ૧૭ | છે. | છે— |
| ૨૮ | ૪ | दृ | दृध |
| ૪૨ | ૭ | रित | स्ति |
| ૪૮ | ૧૭ | रू | रु |
| ૪૮ | ૧૯ | અન્ય | અત્ય |
| ૬૪ | ૨૪ | ંત્વત્વ | ત્વત્વ |
| ૬૬ | ૨૧ | વિશેષ’ | ‘વિશેષ |
| ૬૮ | ૧૯ | त्ति | वृत्ति |
| ૭૪ | ૧૧ | ન્વા | ત્વા |
| ૭૫ | ૨૫ | ध्या | ढ्या |
| ૮૬ | ૧૨ | વૃત્તિ | વૃત્તિ પદાર્થ ઉત્તર ક્ષણ વૃત્તિ |
| ૮૬ | ૨૦ | તા | તો |
| ૮૮ | ૯ | णा | णो |
| ૮૯ | ૭ | त्वं | स्वं |
| ૯૦ | ૧૮ | ञ्ज | ज्ञ |
| ૯૦ | ૨૭ | णा | णा |
| ૯૧ | ૧૬ | ब्व | ब्या |
| ૯૧ | ૧૬ | ત્વ | ત્વ |
| ૯૨ | ૧૪ | અને ક્ષતના | ક્ષતના |
| ૯૪ | ૧૪ | ञ्ज | ज्ञ |

| પૃ. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૩ | ૧૦ | ध | धृ |
| ૧૦૬ | ૧૩ | प | पू |
| ૧૦૯ | ૨૫ | द्त | द्रुत |
| ૧૧૧ | ૧૭ | र– | र |
| ૧૧૨ | ૨ | नामा | नाना |
| ૧૧૨ | ૧૬ | વાય | વાયુ |
| ૧૨૧ | ૧૬ | रू | रु |
| ૧૨૨ | ૨-૩-૪ | रुष | रूष |
| ૧૨૨ | ૧૩ | त्यत्य | त्यस्य |
| ૧૨૯ | ૨૦ | त्व | स्व |
| ૧૨૯ | ૨૧ | या | था |
| ૧૩૨ | ૧૪ | હા | હીં |
| ૧૩૫ | ૩ | વત્વ | ત્વ |
| ૧૩૬ | ૨ | त | नृ |
| ૧૩૬ | ૨ | स्वर्थी | त्वर्थी |
| ૧૪૨ | ૨ | નઞ | નઞ્ |
| ૧૪૨ | ૧૫ | रुष | रूष |
| ૧૪૩ | ૧૧ | णय | णस्य |
| ૧૪૪ | ૧૩-૨૧ | रुष | रूष |
| ૧૫૩ | ૨૦ | पद | पदे |
| ૧૫૭ | ૧૩ | श्रो | श्रौ |
| ૧૫૭ | ૧૪ | न | नु |
| ૧૬૨ | ૧ | प | प्र |
| ૧૬૫ | ૩ | સ્પાંશ | સ્પાર્શ |
| ૧૬૭ | ૧૦ | વશિ | વૈશિ |
| ૧૭૨ | ૧૮ | णा | णौ |
| ૧૭૩ | ૧ | ण्व’ | ण्वं |
| ૧૭૫ | ૨૧ | थें | थैं |
| ૧૭૫ | ૨૮ | भु | भू |

ઉપર જણાવ્યા મુજબ આવશ્યકતાનુસાર બધે સુધારવું.

# વિવરણકારની વાત -----

અનન્તોપકારી શ્રી અરિહન્ત પરમાત્માના શાસનની સર્વોપરિતા સમજવા અનેકાન્તવાદથી પરિકર્મિત મતિની જરૂર છે. બુદ્ધિની સૂક્ષ્મતા વિના એ શક્ય નથી. એકાન્તવાદને વરેલા તે તે દર્શનોની માન્યતાનો અભ્યાસ બુદ્ધિની સૂક્ષ્મતામાં સહાયક બને એટલા પૂરતો જ કરવાનો હોય છે. 'તર્કસંગ્રહ' અને 'વ્યાપ્તિપંચક રહસ્ય' આ ગ્રન્થોનું વિવરણ સાથે પ્રકાશન થયા બાદ આ કારિકાવલી-મુક્તાવલીનું વિવરણ પણ યોગ્ય જીવોને અધ્યયન-અધ્યાપનની અનુકૂળતા થાય એ આશયથી પ્રગટ કરાય છે.

વિ. સં. ૨૦૪૦ ની સાલમાં શ્રી સિદ્ધાચલજીમાં થયેલ અવિસ્મરણીય પૂ. પરમારાધ્યપાદશ્રીના ચાતુર્માસ દરમ્યાન થયેલી જ્ઞાનદ્રવ્યમાંની આવકમાંથી પ્રાપ્ત થયેલ આર્થિક સહકારથી પ્રગટ કરાયેલી પ્રથમ આવૃત્તિ અલભ્ય થવાથી એની બીજી આ આવૃત્તિ શ્રીમતી ચંદ્રાવતી બાબુભાઈ ખીમચંદ રીલીજીયસ ટ્રસ્ટ- રત્નપુરી- મલાડ તરફથી પ્રાપ્ત થયેલ જ્ઞાનદ્રવ્યના આર્થિક સહકારથી પ્રકાશિત થાય છે. આથી શ્રાવકોએ આ પુસ્તકનો ઉપયોગ કરતા પહેલા આની જણાવેલી કિંમત અથવા યોગ્ય નકરો જ્ઞાનખાતે જમા કરાવીને જ આ પુસ્તકનો ઉપયોગ કરવા ભલામણ છે.

આ ગ્રંથના દાર્શનિક પરિભાષાનો અધ્યયન દ્વારા પરિચય મેળવી શ્રી અરિહન્ત પરમાત્માના અનેકાન્તવાદ સ્વરૂપ ધર્મશાસનનું અવગાહન કરી વાચકો પોતાના આત્માને પરમાત્મા બનાવે એ જ એક શુભાભિલાષા.

— મુનિ ચંદ્રગુપ્તવિજય

શેઠ શ્રી મોતીશા લાલબાગ-
જૈન ઉપાશ્રય.
ભૂલેશ્વર- મુંબઈ ૪૦૦૦૦૪
ચૈત્ર વદ ૪ તા. ૬-૪-૮૮ બુધવાર.

## कारिकावली-सिद्धान्त मुक्तावली विवरणम् ।

नत्वा श्रीवीरवाचं भवविरहफलां स्यात्पदेनाङ्किकतां ताम्,
सूरिं श्री रामचन्द्रं प्रवचननिपुणं विश्ववन्द्यं प्रणम्य ।
स्मृत्वा शिक्षाप्रदातु र्वचनविलसितं तृप्तिनारायणस्य,
मुक्तावल्याः पदार्थो विषमपदपदे कथ्यते न्यायनीत्या ॥१॥

मुक्तावली ।

चूडामणीकृतविधुर्वलयीकृतवासुकिः ।
भवो भवतु भव्याय लीलाताण्डवपण्डितः ॥१॥

ભાષાપરિચ્છેદ સ્વરૂપ પોતે જ રચેલી કારિકાવલીનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાલા વિશ્વનાથપંચાનન, આરંભેલા વ્યાખ્યાનની નિર્વિઘ્ન પરિસમાપ્તિ માટે કરેલા ઇશ્વરનિર્દેશ સ્વરૂપ આશીર્વાદાત્મક મંગલનું; 'શિષ્યો પણ આ પ્રમાણે કરે' ઇત્યાકારક શિષ્યની શિક્ષા માટે ગ્રંથના પ્રારંભે નિબંધન કરતા ઇશ્વરની પ્રાર્થના કરે છે. चूडामणी......ઇત્યાદિ ગ્રંથથી.

આશય એ છે કે–કરવાની ઇચ્છાના વિષયભૂત કારિકાવલી–વ્યાખ્યાનની, વિઘ્નધ્વંસ પૂર્વક ચરમવર્ણના ધ્વંસસ્વરૂપ પરિસમાપ્તિ માટે ઇશ્વરનિર્દેશસ્વરૂપ આશીર્વાદાત્મક મંગલ કરીને તેનો, ગ્રંથની આદિમાં ઉપન્યાસ. શિષ્યની શિક્ષા માટે કર્યો છે. स्वकर्त्तव्यत्व-प्रकारकज्ञानविशेष, શિક્ષા પદાર્થ છે. પ્રકૃતસ્થલે 'ममाऽपि निर्विघ्न-परिसमाप्त्यर्थं मङ्गलं कर्त्तव्यम्' ઇત્યાકારક સ્વકર્ત્તવ્યત્વપ્રકારક મંગલવિશેષ્યક જ્ઞાન શિષ્યશિક્ષા છે. શિષ્યોને તાદૃશ સ્વકર્ત્તવ્યનું જ્ઞાન થાય અને શિષ્યો પણ મારી જેમ મંગલાચરણ કરે આવી ઇચ્છાથી શિષ્યોને તાદૃશ જ્ઞાન થાય એ માટે ગ્રંથકારે ગ્રંથારંભે મંગલનું નિબંધન કરતા ઇશ્વરની પ્રાર્થના કરી છે. અર્થાત્ પરમાત્માની પ્રત્યે સકલ જીવના કલ્યાણ માટે પ્રાર્થના કરી છે.

'મસ્તકને વિશે ચંદ્રમાને મણિ બનાવ્યો છે જેણે, વાસુકી સર્પને કંકણ બનાવ્યું છે જેણે અને લીલાપૂર્વક નૃત્ય કરવામાં જે પંડિત છે. એવા શંકર કલ્યાણ માટે થાય' આ 'चूडामणी……' ઇત્યાદિ પદ્યનો અર્થ છે. એ પદ્યમાં સમાપ્તપુનરાત્તત્વ કાવ્યદોષ છે. "क्रियान्वयेन शान्ताकाङ्क्षस्य विशेष्यवाचक पदस्य विशेषणान्तरान्वयार्थं पुनरनुसन्धानं समाप्तपुनरात्तत्वं काव्यदोषः" અર્થાત્ ક્રિયા પદાર્થ [ક્રિયાબોધકપદાર્થ]ની સાથે અન્વય થવાથી જેની આકાંક્ષા શાંત થઈ છે તે વિશેષ્યવાચક પદનું વિશેષણાન્તરની સાથે અન્વય કરવા ફરીથી જે સ્મરણ છે તેને સમાપ્તપુનરાત્તત્વ કાવ્યદોષ કહેવાય છે." 'चूडामणीकृतविधु वलयीकृतवासुकिः । भवो भव्याय भवतु' આટલા પ્રયોગથી भवतु ક્રિયાપદાર્થની સાથેના અન્વયથી વિશેષ્યવાચક પદ શાન્તાકાંક્ષ બને છે. અને તેનું 'लीलाताण्डवपण्डित' આ વિશેષણાન્તરની સાથે અન્વય કરવા 'स भवः पुनः कीदृशः' ઇત્યાકારક સ્મરણ કરવું પડે છે. તેથી ચૂડામણી……ઇત્યાદિ પદ્ય સમાપ્તપુનરાત્તત્વ દોષથી દુષ્ટ છે. યદ્યપિ આ પદ્યમાં 'भव' પદને વિશેષ્યવાચક ન માનીએ અને 'लीलाताण्डवपण्डित' આ પદને જ વિશેષ્યવાચક માનીએ તો ઉપર જણાવ્યા મુજબ સમાપ્તપુનરાત્તત્વ દોષ નહિં આવે કારણ કે 'लीलाताण्डवपण्डित' આ પદના પ્રયોગ બાદ અન્ય કોઇ પદનો પ્રયોગ ન હોવાથી તદ્વાચ્ય વિશેષણાન્તરના અન્વય માટે વિશેષ્યવાચકપદનું સ્મરણ કરવાનો પ્રસંગ નહીં આવે, પરંતુ વિશેષ્યવાચકપદ અને વિશેષણવાચકપદ કોને માનવું ? એ આપણી ઇચ્છાનુસાર નથી. કારણ કે "जातितद्भिन्नप्रवृत्तिनिमित्तकानां शब्दानां मध्ये जातिप्रवृत्तिनिमित्तकमेव विशेष्यवाचकम्" અર્થાત્ "જાતિપ્રવૃત્તિનિમિત્તકશબ્દ અને જાતિભિન્નગુણાદિપ્રવૃત્તિનિમિત્તક શબ્દ એ શબ્દોના પ્રયોગસ્થળે જાતિપ્રવૃત્તિનિમિત્તક જ શબ્દ વિશેષ્યવાચક મનાય છે." આ નિયમ છે. नीलञ्च तत्कमलम् इति नीलकमलम् આ કર્મધારય સમાસઘટક 'नील' પદ નીલરૂપાત્મક ગુણપ્રવૃત્તિનિમિત્તક છે અને 'कमल' પદ કમલત્વ જાતિપ્રવૃત્તિનિમિત્તક છે. અહીં ઉપર જણાવેલા

નિયમાનુસાર કમલત્વ જાતિ, જેના પ્રયોગાત્મક પ્રવૃત્તિનું કારણ છે એવા જાતિ પ્રવૃત્તિનિમિત્તક કમલ પદને જ વિશેષ્યવાચક મનાય છે. અને નીલરૂપાત્મક ગુણ, જેના પ્રયોગાત્મક પ્રવૃત્તિનું કારણ છે, તે ગુણપ્રવૃત્તિનિમિત્તક નીલપદ વિશેષણવાચક મનાય છે. તેથી "સમાસ-વિધાયક સૂત્રમાં પ્રથમાન્ત જે પદ છે તેનો સમાસમાં પૂર્વ પ્રયોગ થાય છે." આ પરિભાષાથી "विशेषणं विशेष्येणैकार्थं कर्मधारयश्च" આ કર્મધારય સમાસવિધાયક સૂત્રમાં પ્રથમાન્તત્વેન નિર્દિષ્ટ વિશેષણવાચક પદ 'नील'નો પૂર્વ પ્રયોગ થાય છે. અન્યથા ઉપર્યુક્ત નિયમને ન માનીએ અને આપણી ઈચ્છા મુજબ નીલ પદને વિશેષ્યવાચક માનીએ તો "कमलनीलम्" આવા અનિષ્ટ પ્રયોગોમાં પ્રામાણ્ય આવશે. તેથી સ્પષ્ટ છે કે, ઉપર જણાવ્યા મુજબ "जातितद्भिन्न......" ઈત્યાદિ નિયમ માનવો આવશ્યક છે. જેથી પ્રકૃતસ્થલે भवत्वजातिप्रवृत्ति-निमित्तकभवपदने જ વિશેષ્યવાચક માનવું પડશે. लीलाताण्डवपण्डित આ પણ્ડાત્મક (બુદ્ધિસ્વરૂપ) ગુણપ્રવૃત્તિનિમિત્તક પદને વિશેષ્યવાચક નહીં માની શકાય. તેથી સ્પષ્ટ છે કે चूडामणीकृत........ઈત્યાદિ પદ્યમાં समाप्तपुनरात्तत्वदोष દુરૂદ્ધર છે. એ કહેવું યોગ્ય નથી. કારણ કે 'चूडामणीकृतविधुर्वलयीकृतवासुकिः । भवो भव्याय भवतु' આટલા જ કથનથી "विधोः किमिति चूडामणीकरणं? किमर्थं वा वासुकेर्वलयीकरणम्?" અર્થાત્ ચંદ્રમાને શા માટે ચૂડામણી કર્યો? શા માટે વાસુકિ સર્પને વલય કર્યો? આ પ્રમાણે આકાંક્ષા રહી જ જાય છે. તેથી વિશેષ્યવાચક 'ભવ' પદ શાન્તાકાંક્ષ નથી બનતું. પરંતુ જયારે 'लीलाताण्डवपण्डितः' આ વિશેષણવાચક પદના પ્રયોગથી નૃત્યમાં આવશ્યક એવા અલંકાર માટે ચંદ્રમાને ચૂડામણી બનાવ્યો છે. અને વાસુકી સર્પને કંકણ બનાવ્યું છે. એ પ્રમાણે જ્ઞાન થવાથી વિશેષ્યવાચક 'ભવ' પદ શાન્તાકાંક્ષ બને છે. ત્યારે અન્ય કોઈપણ વિશેષણવાચક પદનો પ્રયોગ ન હોવાથી જેના અન્વય માટે ફરીથી વિશેષ્યવાચક પદનું સ્મરણ કરવાનો પ્રશ્ન જ નથી. તેથી સમાપ્ત-પુનરાત્તત્વ દોષ ઉપર્યુક્ત પદ્યમાં નથી. એ સ્પષ્ટ છે. नाशयन्तो घन-

ध्वान्तं, तापयन्तो वियोगिनः । पतन्ति शशिनः पादाः, भासयन्तः क्षमातलम् ॥ અહીં માત્ર समाप्तपुनरात्तत्व કાવ્યદોષ સ્પષ્ટ છે.

निजनिर्मितकारिकावलीमतिसङ्क्षिप्तचिरन्तनोक्तिभिः ।
विशदीकरवाणि कौतुकान्ननु राजीवदयावशंवदः ॥२॥

શિષ્યોના અવધાન સ્વરૂપ શ્રવણેચ્છા માટે પ્રતિજ્ઞા કરે છે. निजनिर्मित...ઇત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે ગ્રંથકાર ગ્રંથની રચના અન્યના જ્ઞાન માટે કરે છે. એ સુવિદિત છે. ગ્રંથકારે રચેલા વાક્યાત્મક ગ્રંથના શ્રવણ અથવા વાંચનથી જ અન્યને ગ્રંથ પ્રતિપાદ્ય અર્થનું જ્ઞાન થાય છે. પ્રવૃત્તિની પ્રત્યે ઇષ્ટસાધનતાનું જ્ઞાન કારણ હોવાથી ગ્રંથકારના વાક્યોમાં ઇષ્ટસાધનત્વનું જ્ઞાન થયા પછી જ તે વાક્યાત્મક ગ્રંથના શ્રવણ અથવા વાંચનમાં શિષ્ય પ્રયત્નશીલ બને છે. તેથી શિષ્યોને તાદૃશ ઇષ્ટસાધનત્વના જ્ઞાન દ્વારા ગ્રંથની શુશ્રુષાદિ માટે ગ્રંથકારને પ્રતિજ્ઞા કરવી પડે છે. स्वकर्त्तव्यत्वेन निर्देश પ્રતિજ્ઞા છે. અર્થાત્ પોતાની કૃતિના વિષયના પ્રતિપાદનને પ્રતિજ્ઞા કહેવાય છે. ગ્રંથકારની પ્રતિજ્ઞાથી ગ્રંથકારની કૃતિના વિષયનું જ્ઞાન થયા બાદ તાદૃશજ્ઞાનાત્મકઇષ્ટના સાધનત્વનું જ્ઞાન ગ્રંથકારના વાક્યોમાં થાય છે. અર્થાત્ "મુક્તાવલી સ્વરૂપ કારિકાવલી વ્યાખ્યાનાત્મક ગ્રંથકારના વાક્યોના શ્રવણથી કારિકાવલીનું વિસ્તારથી જ્ઞાન થાય છે." એ વાતનું શિષ્યને સારી રીતે જ્ઞાન થાય છે. જેના યોગે તાદૃશ મુક્તાવલી સ્વરૂપ ગ્રંથકારના વાક્યોના શ્રવણાદિમાં શિષ્યની પ્રવૃત્તિ થાય છે. એ ગ્રંથકારની પ્રતિજ્ઞાથી જ શક્ય છે.

"અત્યન્તસંક્ષિપ્ત પૂર્વમહાપુરૂષોના વચનોથી, પોતે બનાવેલી કારિકાવલીને, રાજીવ નામના શિષ્ય ઉપરની કૃપાને આધીન થયેલો હું કૌતુકથી જ વિસ્તારું છું." આ "निजनिर्मित..." ઇત્યાદિ પદ્યનો અક્ષરાર્થ છે. યદ્યપિ "निजनिर्मितकारिकावलीं विशदीकरवाणि" આટલા પાઠથી જ ગ્રંથકારની કૃતિના વિષયનું જ્ઞાન થવાથી શિષ્યોના અવધાન માટે તેટલા જ પાઠની આવશ્યકતા છે. તેથી તદ્વતિરિક્ત

અતિસંક્ષિપ્ત ઈત્યાદિ વ્યર્થ છે. પરંતુ ગ્રંથકાર अतिसंक्षिप्त...... ઇત્યાદિનો પ્રયોગ ન કરે તો, "ગ્રંથકારે પોતાની જ મતિ કલ્પનાથી કારિકાવલીનો વિસ્તાર કર્યો છે અને પૂર્વાચાર્યોના વચનોનો આદર કર્યો નથી."; આવું જ્ઞાન શિષ્યને થાય તો સ્વકીયકલ્પનામૂલક આ ગ્રંથ છે એમ માનીને તેઓ ગ્રંથની ઉપેક્ષા કરે તેથી ગ્રંથમાં સ્વકીયકલ્પના પ્રયુક્ત અનાદરણીયતા ન આવે એ માટે 'अतिसंक्षिप्त ઇત્યાદિ પદનો પ્રયોગ કર્યો છે. એ પદથી 'કારિકાવલીનું વિશદીકરણ ચિરંતન આપ્તપુરૂષોની ઉક્તિઓથી કર્યું છે.' એવું જ્ઞાન થવાથી ગ્રંથમાં સ્વકીયકલ્પનામૂલકત્વનું નિરાકરણ થાય છે. જેથી શિષ્યોને ગ્રંથ આદરણીય બને છે. જો કે ગ્રંથની અનાદરણીયતાના પ્રસંગને દૂર કરવા "चिरन्तनोक्तिभिः" આટલો જ નિર્દેશ આવશ્યક છે, 'अतिसंक्षिप्त' પદોપાદાન આવશ્યક નથી. પરંતુ 'अतिसंक्षिप्त' પદના અનુપાદાનમાં "અત્યંત વિસ્તૃત એવા ચિરન્તનોના વચનોથી કારિકાવલીનું વિશદીકરણ છે, તેથી અલ્પબુદ્ધિવાળા અમારાથી આ ગ્રંથ દુર્જ્ઞેય છે" એમ ધારીને શિષ્યો ગ્રંથની ઉપેક્ષા ન કરે એ માટે 'अतिसंक्षिप्त' પદ આવશ્યક છે. જેથી અત્યન્ત સંક્ષિપ્ત પૂર્વાચાર્યોના વચનથી વિસ્તારેલ કારિકાવલીના આ વિવરણની શિષ્યો ઉપેક્ષા નહીં કરે.

અહીં અર્થસંક્ષેપ નથી કર્યો પરંતુ શબ્દસંક્ષેપ જ કર્યો છે. જેથી "આ ગ્રંથમાં અભિપ્રેત સકલ પદાર્થનું પ્રતિપાદન અલ્પ શબ્દો દ્વારા કરવામાં આવ્યું છે." એ સમજાતું હોવાથી શિષ્યોની આ ગ્રંથના શ્રવણાદિમાં પ્રવૃત્તિ નિરાબાધ છે. અન્યથા અર્થસંક્ષેપ હોય તો; "અભિપ્રેતસકલપદાર્થનો આ ગ્રંથ પ્રતિપાદક નથી." એમ સમજીને શિષ્યો ગ્રંથના શ્રવણાદિમાં પ્રવૃત્ત નહીં થાય. આ ગ્રંથના નિર્માણમાં પોતાના કલેશાભાવને સૂચવવા 'कौतुकान्ननु' પદનું ઉપાદાન છે. જેનો અર્થ 'કૌતુકથી જ' આ છે. સ્વકીય ગ્રંથના નિર્માણનું પ્રયોજન જણાવવા 'राजीवदया...' ઇત્યાદિ પદનું ઉપાદાન છે. એનો અર્થ સ્પષ્ટ છે.

सद्रव्या गुणगुम्फिता सुकृतिनां सत्कर्मणां ज्ञापिका
सत्सामान्यविशेषनित्यमिलिताऽभावप्रकर्षोज्ज्वला ।

विष्णोर्वक्षसि विश्वनाथकृतिना सिद्धान्तमुक्तावली
विन्यस्ता मनसो मुदं वितनुतां सद्युक्तिरेषा चिरम् ॥३॥

બુદ્ધિમાન જનોની પ્રવૃત્તિ માટે આ ગ્રંથની સકલાર્થપ્રતિપાદકતાને વર્ણવવા सद्रव्या...ઈત્યાદિ પદ્યનો ઉપન્યાસ કર્યો છે. પ્રતિપાદકતા સંબંધથી દ્રવ્યવતી, ગુણોથી ગુંફિત, ઉત્ક્ષેપણાદિ પાંચ સત્કર્મોને જણાવનારી, સામાન્ય, વિશેષ અને સમવાયથી યુક્ત તથા પ્રાગભાવાદિ અભાવના ભેદોથી ઉજ્જવલ, સુંદર યુક્તિઓથી સહિત વિષ્ણુ ભગવાનના વક્ષસ્થળ ઉપર વિશ્વનાથ નામના પંડિતે સ્થાપન કરેલી આ મુક્તાવલી જેવી મુક્તાવલી લાંબા કાળ સુધી વિદ્વાનોના મનના આનંદને કરે. દુનિયામાં મોતીની માળા પણ નાના મોટા દ્રવ્ય સ્વરૂપ મોતી વગેરેથી યુક્ત હોય છે. ગુણ–દોષથી બંધાયેલી હોય છે. તેને ધારણ કરનારાના ભૂતકાળના સત્કર્મને જણાવનારી હોય છે. સામાન્ય અને વિશેષસ્વરૂપ મોતીઓથી તે અનવરત મળેલી હોય છે અને અંધકારસ્વરૂપ તેજોભાવનાપ્રકર્ષમાં ખૂબ જ ઉજ્જવલ હોય છે. તેથી આ મુક્તાવલી, મુક્તાવલી જેવી છે. આવી ઉતમ વસ્તુને "यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् यत्तपस्यसि कौन्तेय ! तत्कुरुष्व मदर्पणम्" । આ ભગવદ્ગીતાના વચનાનુસાર શ્રી વિષ્ણુ ભગવાનને ગ્રંથકારે અર્પણ કરી કોઈ પણ પ્રવૃત્તિ નિષ્કામભાવે કરવાનું જણાવ્યું છે. આ શ્લોકથી દ્રવ્યાદિ સાત પદાર્થો વિષય છે. ગ્રંથને અને પ્રતિપાદ્ય વિષયને પ્રતિપાદ્ય–પ્રતિપાદકાદિભાવાત્મક સંબંધ છે. ગ્રંથાર્થજ્ઞાનનો અર્થી અધિકારી છે. અને ગ્રંથાર્થજ્ઞાન અથવા પરંપરાએ તદ્દ્વારા મોક્ષ પ્રયોજન છે. એ સમજી શકાય છે. આ પ્રમાણે અનુબંધ ચતુષ્ટયના જ્ઞાનથી ગ્રંથના શ્રવણાદિમાં બુદ્ધિમાનોની પ્રવૃત્તિ શક્ય બને છે.

## कारिकावली ।

## नूतनजलधररुचये गोपवधूटीदुकूलचौराय ।

### मुक्तावली ।

विघ्नविघाताय कृतं मङ्गलं शिष्यशिक्षायै ग्रन्थतो निबध्नाति नूतनेति । ननु मङ्गलं न विघ्नध्वंसं प्रति न वा समाप्तिं प्रति कारणं, विनाऽपि मङ्गलं नास्तिकादीनां ग्रन्थेषु निर्विघ्नपरिसमाप्तिदर्शनादिति चेन्न । अविगीतशिष्टाचारविषयत्वेन मङ्गलस्य सफलत्वे सिद्धे तत्र च फलजिज्ञासायां सम्भवति दृष्टफलकत्वेऽदृष्टफलकल्पनाया अन्याय्यत्वात्, उपस्थितत्वाच्च समाप्तिरेव तत्फलं कल्प्यते । इत्थं च यत्र मङ्गलं न दृश्यते, तत्राऽपि जन्मान्तरीयं तत् कल्प्यते । यत्र च सत्यपि मङ्गले समाप्तिर्न दृश्यते तत्र बलवत्तरो विघ्नो विघ्नप्राचुर्यं वा बोध्यम् । प्रचुरस्यैवाऽस्य बलवत्तरविघ्ननिवारणे कारणत्वं बोध्यम् । विघ्नध्वंसस्तु मङ्गलस्य द्वारमित्याहुः प्राञ्चः ॥

'नूतनजलधररुचये गोपवधूटीदुकूलचौराय' આ, કારિકાવલીની પ્રથમ કારિકાનું પૂર્વાર્દ્ધ છે. વિઘ્નના વિઘાત માટે કરાયેલા મંગલનું શિષ્યોની શિક્ષા માટે ગ્રંથની આદિમાં નિબંધન કરવારૂપે તેનો ઉપન્યાસ છે. અહીં 'ममाऽपि मङ्गलं कर्त्तव्यमि' त्याकारक જ્ઞાન સ્વરૂપ શિષ્યશિક્ષા છે. ઘાત્ત પદનો અર્થ ઉત્પત્તિમદભાવ (उत्पत्तिमान् चासावभावः (ध्वंस)) હોવાથી યદ્યઽપિ 'विघात' ઘટક 'वि' પદ નિરર્થક છે. પરંતુ "विशिष्टवाचकानां पदानां सति पृथग्विशेषणवाचकपदसमवधाने विशेष्यमात्रपरत्वम्" આ ન્યાયથી 'वि' પદ સાર્થક છે. આશય એ છે કે 'વિશેષણ વાચક પદનો પૃથગ્ પ્રયોગ કર્યો હોય તો વિશિષ્ટ (વિશેષણ વિશિષ્ટ વિશેષ્ય) વાચકપદ વિશેષ્યમાત્રાર્થક હોય છે "આ નિયમ છે. તેથી "स कीचकैः मारुतपूर्णरन्ध्रैः" આ રઘુવંશના શ્લોકમાં 'मारुतपूर्णरन्ध्र' આ પૃથગ્ વિશેષણવાચક પદનો પ્રયોગ

હોવાથી વિશિષ્ટ વાચક અર્થાત્ મારૂતપૂર્ણરન્ધ્રત્વવિશિષ્ટવેણુવાચક कीचक 'પદનો અર્થ વિશેષ્યમાત્ર વેણુ જ મનાય છે. અન્યથા ઉક્તન્યાયને ન માનીએ તો મારૂતપૂર્ણરન્ધ્રત્વવિશિષ્ટવેણુવાચક 'कीचक' પદનો પ્રયોગ કર્યા પછી 'मारुतपूर्णरन्ध्रैः' આ પ્રમાણે પૃથગ્ વિશેષણ વાચક પદનો મહાકવિ કાલિદાસે કરેલો પ્રયોગ નિરર્થક મનાશે. આથી આવી જ રીતે સ્પષ્ટ છે કે 'विघात' પદના અહીંના પ્રયોગમાં પણ વિશેષણ વાચક 'वि' પદનો પ્રયોગ હોવાથી તાદૃશ વિશિષ્ટાર્થક 'घात' પદ માત્ર વિશેષ્યભૂત અભાવાર્થક જ છે. જેથી અભાવના ઉત્પત્તિમત્ત્વ સ્વરૂપ વિશેષણભૂત અર્થ સમર્થક 'वि' પદ સાર્થક છે.

ननु मङ्गलं......इत्यादि—નાસ્તિકાદિના ગ્રંથમાં મંગલ વિના પણ વિઘ્નધ્વંસ પૂર્વક ગ્રંથસમાપ્તિ દેખાય છે. તેથી મંગલ ન તો વિઘ્નધ્વંસની પ્રત્યે કારણ છે. ન તો સમાપ્તિની પ્રત્યે કારણ છે. જેના અભાવમાં જે થાય છે તેની પ્રત્યે તે કારણ નથી. તન્તુના અભાવમાં થનાર ઘટની પ્રત્યે તન્તુને ઘટનું કારણ કોઇ માનતું નથી. તેથી વિઘ્નધ્વંસ કે સમાપ્તિનું કારણ મંગલ ન હોવાથી विघ्नविघाताय कृतं मङ्गलम्' આ ગ્રંથ યોગ્ય નથી. યદ્યપિ ગ્રંથકારે મંગલના ફલરૂપે વિઘ્નધ્વંસનું જ નિરૂપણ કર્યું છે. સમાપ્તિને મંગલના ફલ રૂપે વર્ણવી નથી. તેથી તેની સામે નાસ્તિકે 'न वा समाप्तिं प्रति' ......ઇત્યાદિ ગ્રંથદ્વારા સમાપ્તિફલકત્વનો મંગલમાં જે નિષેધ કર્યો છે, એ ઉચિત નથી, પરંતુ "ननु मङ्गलं न......" ઇત્યાદિ ગ્રંથદ્વારા મંગલમાં નિષ્ફલત્વની જ સિદ્ધિ નાસ્તિકને ઈષ્ટ છે. તેથી मङ्गलं निष्फलं यावत्फलविशेषशून्यत्वाद्" આ અનુમાનના હેતુભૂત યાવત્ફલવિશેષશૂન્યત્વની સિદ્ધિ માટે તત્તત્ફલવિશેષશૂન્યત્વની સિદ્ધિના અભિપ્રાયથી "ननु मङ्गलं न......ઇત્યાદિ પૂર્વપક્ષીનો ગ્રંથ છે. યદ્યપિ યાવત્ફલવિશેષશૂન્યત્વની સિદ્ધિ માટે જેટલા મંગલના ફલ વિશેષ છે તેટલા બધાનું શૂન્યત્વ સિદ્ધ કરવું જોઇએ. અહીં પૂર્વપક્ષીએ માત્ર ફલદ્વયશૂન્યત્વની જ સિદ્ધિ કરી છે. તેથી

પ્રકૃતોપયોગી એ ગ્રંથ નથી, પરંતુ ગ્રંથારંભે કરાએલા મંગલનું વિઘ્નધ્વંસ અને સમાપ્તિથી અતિરિક્ત કોઈ પણ ફલ, મનાતું નથી. તેથી તે ફલદ્વયશૂન્યત્વની સિદ્ધિથી યાવત્ફલવિશેષશૂન્યત્વની સિદ્ધિ થતી હોવાથી "मङ्गलं निष्फलं यावत्फलविशेष शून्यत्वाद्" આ અનુમાનના તાત્પર્યથી પ્રયોજાએલો 'ननु मङ्गलं न......"इत्यादि પૂર્વપક્ષીનો ગ્રંથ સંગત છે. તેથી જ मङ्गलं विघ्नध्वंसनिरूपितकारणताभाववत् स्व (विघ्नध्वंस) समानाधिकरणात्यन्ताभावप्रतियोगितावच्छेदकधर्मवत्त्वाद् । मङ्गलं समाप्तिनिरूपितकारणताभाववत् स्व (समाप्ति) समानाधिकरणात्यन्ताभावप्रतियोगितावच्छेदकधर्मवत्त्वाद्, यो यः स्वसमानाधिकरणात्यन्ताऽभावप्रतियोगितावच्छेदकधर्मवान् स स स्वनिरूपितकारणत्वाभाववान् पटनिरूपितकारणत्वाभाववद्घटादिवत् ॥ આ પૂર્વપક્ષીના અનુમાનોની સામે "मङ्गलं सफलमविगीतशिष्टाचारविषयत्वाद्" આ સફલત્વ સાધક સિદ્ધાંતીનું અનુમાન યોગ્ય છે. અન્યથા પૂર્વપક્ષીને મંગલમાં નિષ્ફલત્વની સિદ્ધિ અભિપ્રેત ન હોય તો તેના ઉત્તરમાં મંગલમાં સફલત્વની સાધના સિદ્ધાંતીઓ માટે યોગ્ય નહીં મનાય. "मङ्गलं सफलमविगीतशिष्टाचारविषयत्वाद्" અહીં હેત્વંશમાં માત્ર 'विषयत्व' પદનું જ ઉપાદાન કરીએ તો સુખમાં વ્યભિચાર આવશે કારણ કે સુખમાં જ્ઞાનીય અથવા ઈચ્છીય વિષયત્વ છે અને સફલત્વ નથી. તેથી હેત્વંશમાં આચાર વિષયત્વ પદનો નિવેશ છે. સામાન્યતઃ આચારપદ ક્રિયાર્થક હોવા છતાં અહીં 'વિષયત્વ'ના સન્નિધાનમાં આચારપદ કૃત્યર્થક છે. યદ્યપિ સુખના ઉદ્દેશ્યથી પ્રવૃત્તિ થતી હોવાથી ઉદ્દેશ્યતયા આચાર વિષયત્વના અધિકરણ સુખમાં સફલત્વ ન હોવાથી વ્યભિચાર આવે છે. પરંતુ તેના નિવારણ માટે વિધેયતયા આચાર વિષયત્વની વિવક્ષા હોવાથી સુખમાં વિધેયતયા આચારવિષયત્વરૂપ હેતુનો તથા સફલત્વ સાધ્યનો અભાવ હોવાથી વ્યભિચાર નહીં આવે. વિધેયતયા આચારવિષયત્વ સામાન્યતઃ પ્રયત્નના કર્મમાં હોય છે. માત્ર 'आचारविषयत्व' નો હેત્વંશમાં નિવેશ કરીએ તો નિરર્થક એવા ચૈત્યવંદન વગેરેમાં

આચારવિષયત્વ છે અને સફલત્વ નથી તેથી વ્યભિચાર આવશે. તેના નિવારણ માટે શિષ્ટ પદનો નિવેશ કર્યો છે. ચૈત્યવંદનાદિમાં શિષ્ટાચાર વિષયત્વ ન હોવાથી તેમાં સાધ્ય ન હોવા છતાં વ્યભિચાર નહીં આવે. અહીં શિષ્ટત્વ 'फलसाधनतांशे भ्रान्तिरहितत्व' સ્વરૂપ લેવું જોઈએ પરંતુ 'वेदादिप्रामाण्याभ्युपगन्तृत्व આદિ સ્વરૂપ નહીં લેવું. નહીં તો વેદને પ્રમાણમાનનારાના ભ્રમના કારણે વિપરીતક્રમે કરાતા વિહિત કર્મમાં સફલત્વ રૂપ સાધ્ય ન હોવાથી વ્યભિચાર આવશે. તાદૃશ ફલસાધનતાંશમાં ભ્રમાભાવવત્ત્વ સ્વરૂપ શિષ્ટત્વ લેવાથી ભ્રમમૂલક વિપરીતક્રમે કરાયેલા કર્મમાં વિવક્ષિત શિષ્ટાચાર વિષયત્વ ન હોવાથી વ્યભિચાર નહીં આવે. હેત્વંશમાં અવિગીતત્વ પદનું ઉપાદાન ન કરીએ તો શત્રુના વધ માટે કરાયેલા શ્યેનયાગમાં તાદૃશ શિષ્ટાચાર વિષયત્વ છે અને સફલત્વ ન હોવાથી વ્યભિચાર આવશે. યદ્યપિ શ્યેનયાગનું શત્રુવધાત્મક ફલ હોવાથી તેમાં સાધ્ય પણ છે જ તેથી વ્યભિચાર નહી આવે, પરંતુ પ્રકૃતસ્થળે મંગલમાં સફલત્વ પ્રવૃત્ત્યુપયોગી સિદ્ધ કરવાનું છે. તેથી બલવદ્ અનિષ્ટાનનુબંધી સ્વરૂપ અવિગીત સફલત્વાત્મક સાધ્યની વિવક્ષા છે, શ્યેન યાગનું ફળ પરંપરાએ નરક છે. તેથી તે શત્રુવધાત્મક ફળના કારણે સફળ હોવા છતાં બલવદ્ અનિષ્ટ નરકનો અનુબંધી હોવાથી તેમાં બલવદનિષ્ટાનનુબંધિત્વ વિશિષ્ટ સફલત્વાત્મક સાધ્ય નથી અને ઉપર જણાવ્યા મુજબ હેતુ છે. તેથી વ્યભિચાર આવે છે. તેના નિવારણ માટે હેત્વંશમાં પણ બલવદ્ અનિષ્ટાનનુબંધિત્વરૂપ અવિગીતત્વનો નિવેશ કર્યો છે. શ્યેનયાગ બલવદનિષ્ટનો અનુબંધી હોવાથી તેમાં 'अविगीतशिष्टाचार-विषयत्व' રૂપ હેતુ ન હોવાથી સાધ્ય ન હોવા છતાં વ્યભિચાર નહીં આવે. ઇષ્ટોત્પત્તિથી સંબંધિત અર્થાત્ જે અનિષ્ટ પછી વિવક્ષિત ઇષ્ટની પ્રાપ્તિ થાય છે. તે અનિષ્ટને ઇષ્ટોત્પત્તિનાન્તરીયક કહેવાય છે અને તેનાથી ભિન્ન અર્થાત્ ઇષ્ટોત્પતિનાન્તરીયક ભિન્ન અનિષ્ટને બલવદ્ અનિષ્ટ કહેવાય છે. આ રીતે "मङ्गलं सफलमवि-गीतशिष्टाचारविषयत्वाद्" આ અનુમાનથી મંગલમાં સફલત્વની

સિદ્ધિ થયા બાદ 'તે ફલ કયું છે?' એ જિજ્ઞાસામાં 'દૃષ્ટફલની સંભાવના હોય તો અદૃષ્ટફલની કલ્પનામાં અન્યાય હોવાથી' અને પ્રકૃતસ્થળે ઉપસ્થિત, સમાપ્તિ હોવાથી મંગલના ફલ તરીકે સમાપ્તિની કલ્પના કરાય છે. આશય એ છે કે સફલત્વની સિદ્ધિ બાદ 'મંગલનું કયું ફલ છે?' ઇત્યાકારક જિજ્ઞાસા સ્વાભાવિક છે. એ જિજ્ઞાસાને પૂર્ણ કરવા જૈમિનીના વચનાનુસારે અર્થાત્ "स स्वर्गः सर्वान्प्रत्यविशिष्टत्वाद्" આ વચનના અનુસારે બધાની કામનાનો વિષય સ્વર્ગ હોવાથી બધા જીવોને મંગલમાં પ્રવર્તાવવા મંગલનું ફળ સ્વર્ગ માનવું જોઈએ એવું કોઇએ કહ્યું. તેને ઉત્તર આપતા જણાવે છે કે "જો દૃષ્ટ ફલની સંભાવના હોય તો અદૃષ્ટ–સ્વર્ગાદિની ફલરૂપે કલ્પના કરવી, એ ઉચિત નથી. જૈમિનીનું ઉક્ત વચન દૃષ્ટ-ફલની સંભાવના જ્યાં ન હોય ત્યાં જ સ્વર્ગાત્મક ફલની કલ્પનાને યોગ્ય જણાવે છે. પ્રકૃત સ્થળે ગ્રંથની આદિમાં મંગલમાં પ્રવર્તમાન પુરૂષને "आरब्धं मे निर्विघ्नं परिसमाप्यताम्" આ પ્રમાણેની કામનાના વિષયરૂપે સમાપ્તિ જ ઉપસ્થિત છે. તેથી મંગલનું ફલ સમાપ્તિ કલ્પાય છે. ગ્રંથસ્થ 'उपस्थित' પદનો અર્થ માત્ર સ્મૃતિવિષયત્વ નથી પરંતુ ઉપર જણાવ્યા મુજબ તાદૃશ કામના વિષયત્વેન સ્મૃતિ વિષયત્વ છે. તેથી ગ્રંથની આદિમાં મંગલાચરણમાં પ્રવર્તમાન પુરૂષની સ્મૃતિનો વિષય સમાપ્તિની જેમ વિઘ્ન–વિઘ્નધ્વંસ–પ્રતિપાદ્ય પદાર્થાદિ પણ હોવા છતાં વિઘ્નાદિને પણ મંગલના ફલ તરીકે માનવાનો પ્રસંગ નથી આવતો. આ રીતે मङ्गलं समाप्तिफलकं समाप्त्यन्याफलकत्वे सति सफलत्वात् આ પરિશેષાનુમાનથી મંગલમાં સમાપ્તિનિરૂપિતકારણત્વની સિદ્ધિ થયા બાદ તેની પ્રત્યે પ્રતિબંધક એવા વ્યતિરેક વ્યભિચારનો ઉદ્ધાર કરતા કહે છે. इत्थञ्च...ઇત્યાદિ આશય એ છે કે, પૂર્વપક્ષીએ મંગલમાં સમાપ્તિમન્નિષ્ઠાત્યન્તા–ભાવીયપ્રતિયોગિતાવચ્છેદકધર્મવત્ત્વ સ્વરૂપ વ્યભિચાર નાસ્તિકના ગ્રંથની સમાપ્તિ સ્થળે બતાવ્યો છે. એની પછી ઉક્ત રીતે મંગલમાં પરિશેષાનુમાનથી સમાપ્તિનિરૂપિત કારણતાની સિદ્ધિ સિધ્ધાન્તીએ

કરી છે. જે સમાપ્તિમન્નિષ્ઠાત્યન્તાભાવીયપ્રતિયોગિતાનવચ્છેદકધર્મવત્ત્વ સ્વરૂપ છે. તાદૃશ કારણતાના જ્ઞાનની પ્રત્યે તાદૃશ વ્યભિચારનું જ્ઞાન પ્રતિબંધક છે. તે વ્યતિરેકવ્યભિચારનો ઉદ્ધાર કરવા 'इत्थञ्चे...' ઇત્યાદિ ગ્રંથ છે. સ્વજન્યવિઘ્નધ્વંસવત્ત્વ સંબંધથી જન્માન્તરમાં કરેલુ મંગલ આ ભવમાં કરેલી સમાપ્તિના અધિકરણમાં હોવાથી વ્યતિરેક વ્યભિચાર આવતો નથી. આ આશય ઉક્તગ્રંથનો છે. 'यत्र चेत्यादि— આશય એ છે કે 'तत्सत्त्वे तत्सत्त्वम्' અને 'तदभावे तदभावः' આ પ્રમાણેના અન્વય વ્યતિરેકનો ગ્રહ કારણતાના ગ્રહની પ્રત્યે પ્રયોજક છે. પ્રકૃત સ્થળે કાદંબરી...વગેરે ગ્રંથોમાં મંગલ હોવા છતાં સમાપ્તિ ન હોવાથી 'तत्सत्त्वे तत्सत्त्व' રૂપ અન્વયગ્રહના અભાવમાં કારણતાનો ગ્રહ નથી થતો તેથી તાદૃશ અન્વયવ્યભિચારનો ઉધ્ધાર કરવા यत्र चेत्यादि ગ્રંથ છે. એનો આશય એ છે કે જ્યાં મંગલ હોવા છતાં સમાપ્તિ નથી, ત્યાં 'બલવદ્‌વિઘ્ન અથવા મંગલની સંખ્યા કરતા અધિક સંખ્યામાં વિઘ્ન છે' એમ સમજવું. સમાપ્તિની પ્રત્યે વિઘ્નધ્વંસ પણ કારણ છે. કેવલ મંગલ જ કારણ નથી. કાદંબર્યાદિ ગ્રંથમાં મંગલેતર વિઘ્નધ્વંસાત્મક કારણ ન હોવાથી સમાપ્તિ ન હોવા છતાં અન્વયવ્યભિચાર આવતો નથી કારણ કે "दण्डेतरसकलसामग्रीसमवधाने दण्ड सत्त्वे घट सत्त्वम्" ઈત્યાકારક જ અન્વયગ્રહ તાદૃશ ઘટનિરૂપિત દંડનિષ્ઠકારણતાના ગ્રહનો પ્રયોજક મનાય છે. તેવી જ રીતે 'मङ्गलेतरसकलसामग्री समवधाने मंगलसत्त्वे समाप्तिसत्त्वम्' ઇત્યાકારક જ અન્વયગ્રહ પ્રકૃત સ્થળે કારણતાના ગ્રહનો પ્રયોજક હોવાથી 'तदितरसकलसामग्री समवधाने तत्सत्त्वे तद्सत्त्व' રૂપ અન્વય વ્યભિચાર આવતો નથી. મંગલ હોવા છતાં જયાં સમાપ્તિ નથી એવા સ્થળે અધિક સંખ્યામાં વિઘ્નની કલ્પના કરીએ તો સમસંખ્યાકત્વેન મંગલ અને વિઘ્નધ્વંસનો કાર્યકારણભાવ માનવો પડશે અને તેથી સ્વલ્પસંખ્યાક વિઘ્નધ્વંસની પ્રત્યે અધિક સંખ્યાક મંગલમાં કારણત્વના અભાવનો અનિષ્ટ પ્રસંગ આવશે તેના નિવારણ માટે તેવા સ્થળે બલવત્તર

વિઘ્નની કલ્પનામાં જ ઔચિત્ય છે. આ પ્રમાણે ઉત્તરપક્ષમાં અરૂચિ સ્વરૂપ અનાસ્થાર્થક "विघ्नप्राचुर्यं वा" અહીં वा પદ પ્રયુક્ત છે. કાદંબર્યાદિ ગ્રંથમાં અલ્પસંખ્યામાં મંગલ હોવાથી વિઘ્નધ્વંસ ન થાય એ બરાબર છે. પરંતુ મંગલરૂપ કારણ હોવાથી સમાપ્તિરૂપ કાર્ય તો થવું જોઈએ. આ શંકાનું સમાધાન કરવા કહે છે. 'विघ्नध्वंसस्तु......' ઇત્યાદિ. અલ્પ સંખ્યાક મંગલથી વિઘ્નધ્વંસ ન થવાના કારણે સમાપ્તિની પ્રત્યે દ્વાર (વ્યાપાર) રૂપે કારણભૂત વિઘ્નધ્વંસનો અભાવ હોવાથી કેવલ મંગલાત્મક કારણમાત્રથી કાદંબર્યાદિ ગ્રંથની સમાપ્તિ થતી નથી. એ પ્રાચીનોનો આશય છે.

नव्यास्तु मङ्गलस्य विघ्नध्वंस एव फलम् । समाप्तिस्तु बुद्धिप्रतिभादिकारणकलापात् । न चैवं स्वतः सिद्धविघ्नविरहवता कृतस्य मङ्गलस्य निष्फलत्वापत्तिरिति वाच्यम् । इष्टापत्तेः, विघ्नशङ्कया तदाचरणात्, तथैवशिष्टाचारात् । न च तस्य निष्फलत्वे तद्बोधकवेदाप्रामाण्यापत्तिरिति वाच्यम् । सति विघ्ने तन्नाशस्यैव वेदबोधितत्वात् । अत एव पापभ्रमेण कृतस्य प्रायश्चित्तस्य निष्फलत्वेऽपि न तद्बोधकवेदाप्रामाण्यम् । मङ्गलं च विघ्नध्वंसविशेषे कारणम् विघ्नध्वंसविशेषे च विनायकस्तवपाठादि । क्वचिच्च विघ्नात्यन्ताभाव एव समाप्तिसाधनम् । प्रतिबन्धकसंसर्गाभावस्यैव कार्यजनकत्वात् इत्थं च नास्तिकादीनां ग्रन्थेषु जन्मान्तरीयमङ्गलजन्यद्वारतध्वंसः स्वतः सिद्धविघ्नात्यन्ताभावो वाऽस्तीति न व्यभिचार इति प्राहुः ॥

नव्यास्तु........ઇત્યાદિ—નવીનો વિઘ્નધ્વંસને જ મંગલનું ફલ માને છે. સમાપ્તિ તો બુદ્ધિ, પ્રતિભા, વગેરે કારણના સમુદાયથી થાય છે. સમાપ્તિની પ્રત્યે મંગલ કારણ નથી. જેના આત્મામાં વિઘ્નની ઉત્પત્તિ થઈ નથી અને જે વિઘ્નાત્યન્તાભાવવાન્ છે તેણે કરેલા મંગલમાં નિષ્ફલત્વની આપત્તિ આવશે એવી શંકા નહીં કરવી જોઈએ કારણ કે એમાં નિષ્ફલત્વ ઈષ્ટ જ છે. યદ્યપિ સ્વતઃ સિદ્ધ વિઘ્ન અત્યન્તાભાવસ્થલે મંગલમાં નિષ્ફલત્વ ઇષ્ટ હોવા છતાં

તેવા સ્થલે નિષ્ફલ એવા મંગલમાં બુદ્ધિમાનની પ્રવૃત્તિ નહીં થાય તેથી મંગલમાં પ્રવૃત્ત્યવિષયત્વરૂપ નિષ્ફલત્વની આપત્તિ આવશે એ કહી શકાય છે પરંતુ અતીન્દ્રિય વિઘ્નનું નિશ્ચયયાત્મક જ્ઞાન ન હોવાથી વિઘ્નના સંશયાત્મકજ્ઞાનથી મંગલમાં પ્રવૃત્તિવિષયત્વ હોવાથી નિષ્ફલત્વનો પ્રસંગ નહીં આવે. શિષ્ટ જનોની પ્રવૃત્તિનું વિષયત્વ મંગલમાં, વિઘ્નની શંકાથી અનુભવ સિદ્ધ છે, તેથી પ્રવૃત્તિની પ્રત્યે નિશ્ચયાત્મક જ જ્ઞાન કારણ છે અને સંશયાત્મક જ્ઞાન કારણ નથી, એ કહી શકાય એવું નથી. કવચિત્ પ્રવૃત્તિની પ્રત્યે સંશયાત્મક જ્ઞાન પણ કારણ બને છે. સ્વતઃ સિદ્ધવિઘ્નાત્યન્તાભાવ સ્થળે ઉપર જણાવ્યા મુજબ વિઘ્નની શંકાથી મંગલમાં પ્રવૃત્તિનો સંભવ હોવા છતાં એવા સ્થળે મંગલથી વિઘ્નધ્વંસની ઉત્પત્તિ થતી ન હોવાથી મંગલમાં વિઘ્નધ્વંસની સાધનતા બાધિત છે અને તેથી બાધિતાર્થ બોધક 'विघ्नध्वंसकामो मङ्गलमाचरेत्' આ વેદ વાક્યમાં અપ્રામાણ્યનો પ્રસંગ આવશે એ કથન પણ યુક્તિયુક્ત નથી કારણ કે ઉક્ત વેદવાક્ય વિઘ્ન હોય તો જ મંગલમાં વિઘ્નધ્વંસની સાધનતાને જણાવે છે. વિઘ્નના અત્યન્તાભાવ સ્થલે વિઘ્નની આશંકાએ આચરિત મંગલમાં વિઘ્નધ્વંસની સાધનતા ઉક્ત વેદવાક્ય જણાવતું નથી. જેથી 'सति विघ्ने विघ्नध्वंसकामो मङ्गलमाचरेत्' આ વેદવાક્યમાં અપ્રામાણ્યનો પ્રસંગ નહીં આવે. આથી જ તો સ્વતઃ સિદ્ધપાપના અત્યન્તાભાવ વિશિષ્ટ પુરૂષે પાપની શંકાથી આચરિત પ્રાયશ્ચિત્તથી પાપનો ધ્વંસ ન થવા છતાં पापध्वंसकामः प्रायश्चित्तमाचरेत्" આ વેદ વાક્ય પણ અપ્રમાણ નથી મનાતું કારણ કે એ શ્રુતિ પણ પાપ હોય તો જ પ્રાયશ્ચિત્તાત્મક કર્મમાં પાપધ્વંસની સાધનતાને બતાવે છે. અન્યથા પાપ ન હોય તો પણ પ્રાયશ્ચિત્ત પાપધ્વંસનું કારણ છે. એવો અર્થ એ વેદવાક્યનો કરીએ તો ઉક્ત વેદવાક્યમાં પણ બાધિતાર્થવિષયકત્વ હોવાથી અપ્રામાણ્યનો પ્રસંગ અનિવાર્ય થશે. આથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે સ્વતઃ સિદ્ધવિઘ્નાત્યન્તાભાવ સ્થળે અને સ્વતઃસિદ્ધપાપાત્યન્તાભાવસ્થળે -વિઘ્ન અને

પાપની આશંકામાત્રથી આચરિત મંગલ અને પ્રાયશ્ચિત્તથી વિઘ્નધ્વંસ અને પાપધ્વંસ. સ્વસ્વપ્રતિયોગિ વિઘ્ન અને પાપ ન હોવાથી થતા નથી. ધ્વંસની પ્રત્યે સ્વપ્રતિયોગી પણ કારણ છે. મંગલ અને પ્રાયશ્ચિત્તાત્મક કારણ હોવા છતાં તદ્દિતર વિઘ્ન અને પાપ સ્વરૂપ કારણ ન હોવાથી વિઘ્નધ્વંસાત્મક અને પાપધ્વંસાત્મક કાર્યની ઉત્પત્તિ ન થવા છતાં ઉક્ત શ્રુતિમાં અપ્રામાણ્ય મનાતું નથી. તત્તત્કાર્યનિરૂપિત તત્તત્પદાર્થમાં કારણતા, તદ્દિતરસકલકારણના સમવધાનમાં જ જણાવાય છે. અન્યથા દણ્ડેતર સકલકારણના અસમવધાનમાં કેવલ દંડથી ઘટની અનુત્પત્તિ હોવાથી ઘટ નિરૂપિત કારણતા પણ દંડમાં બાધિત મનાશે. યદ્યપિ "सर्वे विघ्नाः शमं यान्ति विनायकस्तव पाठतः" ઇત્યાદિ વચનોથી વિઘ્નધ્વંસની પ્રત્યે વિનાયકસ્તવ પાઠ તથા પ્રાયશ્ચિત્ત પણ કારણ મનાય છે. અને જ્યાં વિનાયકસ્તવ પાઠાદિ જન્ય વિઘ્નધ્વંસ છે ત્યાં મંગલ નથી, તથા જ્યાં મંગલ જન્ય વિઘ્નધ્વંસ છે, ત્યાં વિનાયકસ્તવપાઠાદિ નથી. તેથી વ્યતિરેક વ્યભિચાર આવે છે. પરંતુ વિઘ્નધ્વંસ માત્રની પ્રત્યે મંગલ અથવા વિનાયક સ્તવપાઠાદિ કારણ નથી પણ વિઘ્નધ્વંસવિશેષની પ્રત્યે જ મંગલાદિ કારણ હોવાથી વ્યતિરેક વ્યભિચાર નહીં આવે અર્થાત્ "मङ्गलाव्यवहितोत्तरक्षणोत्पत्तिकत्वविशिष्टविघ्नध्वंसं प्रति मङ्गलं कारणम्" અને "विनायकस्तपाठाद्यव्यवहितोत्तरक्षणोत्पत्तिकत्वविशिष्ट विघ्नध्वंसं प्रति विनायकस्तवपाठादि कारणम्" આ પ્રમાણે વિશેષ જ કાર્યકારણભાવ હોવાથી વ્યતિરેક વ્યભિચાર નહીં આવે,

'નવીનોના મતે મંગલનું ફળ વિઘ્નધ્વંસ હોવાથી સમાપ્તિની ઇચ્છાવાલા મંગલમાં પ્રવૃત્તિ નહીં કરે, વિઘ્નધ્વંસદ્વારા સમાપ્તિ થતી હોવાથી સમાપ્તિના સાધન વિઘ્નધ્વંસના સાધનભૂત મંગલમાં પ્રવૃત્તિ યદ્યપિ શકય છે. પરંતુ સ્વતઃ સિદ્ધ વિઘ્નાત્યન્તાભાવ સ્થળે વિઘ્નધ્વંસ ન હોવા છતાં સમાપ્તિ થાય છે તેથી વિઘ્નધ્વંસને સમાપ્તિની પ્રત્યે દ્વારાત્મક [વ્યાપારાત્મક] કારણ નહીં મનાય 'તેથી

સમાપ્તિની કામનાવાલા મંગલમાં પ્રવૃત્તિ નહીં કરે.' આ શંકાનું સમાધાન કરતા કહે છે—

क्वचिच्च........ ઈત્યાદિ—આશય એ છે કે કવચિત્ સમાપ્તિનું સાધન વિઘ્નાત્યન્તાભાવ છે અને કવચિત્ વિઘ્નધ્વંસ છે. કારણ કે કાર્યમાત્રની પ્રત્યે પ્રતિબંધકનો સંસર્ગાભાવ [અન્યોન્યાભાવને છોડીને અન્ય ત્રણ અભાવ] કારણ છે. આ સંસર્ગાભાવ કાર્યાધિકરણમાં ક્વચિત્ પ્રાગભાવ સ્વરૂપ, કવચિત્ પ્રધ્વંસાભાવ સ્વરૂપ અને કવચિદ્ અત્યન્તાભાવ સ્વરૂપ હોય છે. તેથી સમાપ્તિમાત્રના અધિકરણમાં તાદૃશ વિઘ્નસંસર્ગાભાવ હોવાથી વ્યભિચાર નથી આવતો. કવચિત્ સમાપ્તિના સાધનભૂત વિઘ્નાત્યન્તાભાવ સ્થળે પણ વિઘ્નની આશંકાનો સંભવ હોવાથી પ્રતિબંધકના ધ્વંસ માટે સમાપ્તિની ઈચ્છાવાલાની મંગલમાં પ્રવૃત્તિનો અસંભવ નથી. આ રીતે નાસ્તિકાદિના ગ્રંથમાં સમાપ્તિરૂપ કાર્યના દર્શનથી જન્માન્તરીય મંગલજન્ય દુરિતધ્વંસ (વિઘ્નધ્વંસ) અથવા સ્વતઃ સિદ્ધવિઘ્નાત્યન્તાભાવની કલ્પના કરાય છે. તેથી નાસ્તિકના ગ્રંથમાં વ્યભિચાર નથી આવતો. જન્માન્તરીય મંગલજન્યદુરિતધ્વંસની કલ્પનામાં મંગલ, વિઘ્ન અને તેના ધ્વંસની કલ્પના કરવી પડે છે તેની અપેક્ષાએ સ્વતઃ સિદ્ધવિઘ્નાત્યન્તાભાવની કલ્પનામાં લાઘવ છે. એ સૂચવવા 'स्वतःसिद्धविघ्नात्यन्ताभावो वा' અહીં 'वा' અવ્યયનો પૂર્વપક્ષમાં અરૂચિ બતાવનારો પાઠ છે.

॥ इति सविवरणमुक्तावल्यां मङ्गलवादः ॥

## कारिकावली ।

**तस्मै कृष्णाय नमः संसार महीरुहस्य बीजाय ॥१॥**

### मुक्तावली ।

संसारेति । संसार एव महीरुहो वृक्ष स्तस्य बीजाय निमित्तकारणायेत्यर्थः । एतेन ईश्वरे प्रमाणमपि दर्शितं भवति । तथाहि—यथा घटादि-

कार्यं कर्तृजन्यं तथा क्षित्यङ्कुरादिकमपीति । न च तत्कर्तृत्वमस्मदादीनां सम्भवतीत्यतस्तत्कर्तृत्वेनेश्वरसिद्धिः । न च शरीराजन्यत्वेन कर्त्रजन्यत्वसाधकेन सत्प्रतिपक्ष इति वाच्यम् । अप्रयोजकत्वात् । मम तु कर्तृत्वेन कार्यत्वेन कार्यकारणभाव एवाऽनुकुलस्तर्कः इत्थञ्च "द्यावाभूमी जनयन् देव एको विश्वस्य कर्ता भुवनस्य गोप्ता" इत्यादय आगमा अप्यनुसन्धेयाः ॥

—अथेश्वरानुमानम्—

'નૂતન...'ઈત્યાદિ–"નવા મેઘની કાંતિ જેવી કાંતિવાલા, ગોપાંગનાઓના વસ્ત્રોને હરનારા, અને સંસારરૂપી વૃક્ષના નિમિત્ત કારણ એવા તે શ્રી કૃષ્ણને નમસ્કાર થાઓ" આ પ્રથમ કારિકાનો અર્થ છે. આ પ્રથમ કારિકામાં 'નૂતન જલધરરૂચયે' આ પદથી શ્રી કૃષ્ણને નૂતન મેઘની ઉપમા આપી છે. નૂતન મેઘ જેવી રીતે શીઘ્ર વૃષ્ટિ (વરસાદ)ને કરે છે, તેવી રીતે શ્રી કૃષ્ણ પણ શીઘ્ર ફલને આપનારા છે, એ સૂચવવા તે ઉપમા છે. 'गोपवधूटी...' ઈત્યાદિ પદથી નમસ્કાર્ય શ્રીકૃષ્ણની સન્તુષ્ટતાને સૂચવી છે. જેથી સન્તુષ્ટ [પ્રસન્ન] વ્યક્તિને કરેલી પ્રાર્થના અવશ્ય શીઘ્રતયા પૂર્ણ થાય છે એ જણાય છે. કારિકાના ઉત્તરાર્દ્ધમાં તત્પદ સામાન્યતઃ સકલજનોમાં શ્રીકૃષ્ણની પ્રસિદ્ધિને જણાવે છે. તેથી જ યત્પદનો પ્રયોગ ન હોવા છતાં પણ તત્પદનો પ્રયોગ સંગત મનાય છે. કારણ કે બુદ્ધિસ્થોપલક્ષિતધર્માવચ્છિન્નને સમજાવનારું તત્પદ યત્પદ સાપેક્ષ છે. અર્થાત્ પોતે જાણેલા અને સામા માણસે નહીં જાણેલા પદાર્થને સમજાવવા જ્યારે તત્પદનો પ્રયોગ કરવામાં આવે છે ત્યારે તે તત્પદ યત્પદ સાપેક્ષ હોય છે. સકલજનપ્રસિદ્ધાર્થક તત્પદ તો યત્પદના પ્રયોગના અભાવમાં પણ પ્રયોજાય છે. જેથી પ્રકૃત સ્થળે પણ તાદૃશાર્થબોધક તત્પદનો પ્રયોગ, યત્પદના પ્રયોગનો અભાવ હોવા છતાં અસંગત નથી. 'तस्मै कृष्णाय नमः' આ પદથી સૂચવાયેલ નમસ્કાર્ય શ્રીકૃષ્ણ પરમાત્માનું જ અસ્તિત્વ ન હોવાથી નમસ્કાર્ય વ્યક્તિના

અસત્ત્વમાં નમસ્કાર કરવો અનુચિત છે. આ શંકાનું સમાધાન કરવાના આશયથી પરમાત્માના અસ્તિત્વમાં પ્રમાણને જણાવવા 'संसार...' ઈત્યાદિનો ઉપન્યાસ છે. સંસારના વૃક્ષોના નિમિત્ત કારણ, પરમાત્મા હોવા છતાં સકલ વિશ્વના સર્જનહારને માત્ર વૃક્ષના કારણ તરીકે વર્ણવવામાં અનૌચિત્ય હોવાથી સમસ્ત સંસારના નિમિત્ત કારણરૂપે પરમાત્માને દર્શાવવા संसारमहीरुहस्य અહીં 'संसार एव महीरुहः' આ પ્રમાણે કર્મધારય સમાસ કર્યો છે. संसारस्य महीरुहः આ પ્રમાણે ષષ્ઠીતત્પુરૂષ કર્યો નથી. કારિકામાં 'संसारमहीरुहस्य बीजाय' આ નિવેશથી ઈશ્વરના અસ્તિત્વમાં પ્રમાણ જણાવ્યું છે તેને સ્પષ્ટ કરે છે-तथाहि...ઇત્યાદિ ગ્રંથથી. क्षित्यङ्कुरादिकं कर्तृजन्यं कार्यत्वाद् यथा घटादिकम् આ અનુમાનથી ક્ષિત્યઙ્કુરાદિના કર્તા રૂપે પરમાત્મા સિદ્ધ થાય છે. 'पर्वतो वह्निमान् धूमाद्' અહીં ધૂમ હેતુથી પર્વતમાં વહ્નિની સિદ્ધિ થવા છતાં પર્વતત્વ સ્વરૂપ પક્ષતાવચ્છેદકના સકલ અધિકરણમાં વહ્નિનું અસ્તિત્વ જણાતું નથી પરંતુ પર્વતત્વના યત્કિંચિત્પ્રદેશમાં જ વહ્નિ જ્ઞાત થાય છે. જ્યારે 'घटः पृथिवी गंधवत्वाद्' અહીં ગંધવત્ત્વ હેતુથી સિદ્ધ થયેલું પૃથ્વીત્વ ઘટત્વાશ્રય સકલ ઘટમાં જણાય છે. ઘટત્વના યત્કિંચિદ્ અધિકરણમાં જ નહીં. આથી સમજી શકાશે કે 'पर्वतो वह्निमान्' ઈત્યાદિ સ્થળે पक्षतावच्छेदकसामानाधिकरण्येन સાધ્ય સિદ્ધિ થાય છે. જ્યારે 'घटः पृथिवी' ઈત્યાદિ સ્થળે पक्षतावच्छेदकावच्छेदेन [અર્થાત્ પક્ષતાવચ્છેદક જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં સાધ્ય છે આ રીતે પક્ષતાવચ્છેદકવ્યાપકત્વેન] સાધ્ય સિદ્ધિ થાય છે. પ્રકૃત સ્થળે 'क्षितिः-कर्तृजन्या कार्यत्वाद्' અહીં ઉપર જણાવ્યા મુજબ પક્ષતાવચ્છેદક ક્ષિતિત્વ સામાનાધિકરણ્યેન સાધ્યસિદ્ધિ ઇષ્ટ હોય તો ક્ષિતિત્વના અધિકરણીભૂત ઘટાદિમાં કર્તૃજન્યત્વ સિદ્ધ હોવાથી ઘટાદિ અંશમાં સિદ્ધસાધન આવે છે. અને પક્ષતાવચ્છેદક ક્ષિતિત્વાવચ્છેદેન સાધ્ય-સિદ્ધિને ઇષ્ટ માનીએ તો ક્ષિતિત્વાધિકરણ પરમાણુમાં તે નિત્ય હોવાથી કર્તૃજન્યત્વના અભાવના કારણે બાધ આવે છે. આ રીતે

ઉભયથા દોષના સંભવને જાણીને ‘क्षित्यङ्कुरादिकम्...’ અહીં ક્ષિતિ-ના પક્ષ તરીકે પરિત્યાગ કરી અંકુરનું પક્ષ તરીકે ઉપાદાન કર્યું છે. અંકુરત્વના આશ્રયભૂત કોઈ પણ અંકુર જીવાત્માથી જન્ય ન હોવાથી તેમજ કોઈ પણ અંકુર નિત્ય ન હોવાથી ઉભયથા પણ સાધ્ય સિદ્ધિમાં સિદ્ધસાધન કે બાધનો સંભવ નથી. ‘अङ्कुरं कर्तृजन्यं कार्यत्वाद् घटादिवद् આ અનુમાનમાં ‘अङ्कुरे कार्यत्वमस्तु कर्तृजन्यत्वं माऽस्तु’ ઇત્યાકારક વ્યભિચાર શંકાને દૂર કરવા કોઈ અનુકૂલ તર્ક નથી. યદ્યપિ ‘अङ्कुरे यदि कर्तृजन्यत्वं न स्यात्’ तर्हि कार्यत्वेन कर्तृत्वेन कार्यकारणभावो न स्यात्’ આ પ્રમાણે કર્તૃત્વેન કાર્યત્વેન કાર્યકારણભાવ મૂલક અનુકૂલ તર્કનું પ્રદર્શન કરી શકાય છે, પરંતુ ઉક્તતર્ક પ્રયોજક કર્તૃત્વેન–કાર્યત્વેન કાર્યકારણભાવનો જ સંભવ નથી. કારણ કે સામાન્યતઃ કાર્યકારણભાવનો પ્રયોજક અન્વય–વ્યતિરેક ગ્રહ હોય છે. એ અન્વય–વ્યતિરેક ગ્રહ, ઘટાદિ વિશેષ કાર્ય અને તેના કર્તા કુલાલાદિ વિશેષની સાથે છે. તેથી ‘कुलालादिसत्त्वे घटादिसत्त्वम्, कुलालाद्यभावे घटाद्यभावः’ ઈત્યાદિ વિશેષ જ અન્વય–વ્યતિરેક ગ્રહ હોવાથી કાર્યવિશેષ અને કર્તા-વિશેષનો જ કાર્યકારણભાવ સિદ્ધ છે. સામાન્યતઃ કાર્ય અને કર્તાનો કાર્યકારણભાવ સિદ્ધ નથી. તેથી તન્મૂલક ‘अङ्कुरं कर्तृजन्यत्वं न स्यात् तर्हि कार्यत्वमपि न स्याद्’ આ પ્રમાણે તર્કનો પણ સંભવ નથી. આજ આશયથી અઙ્કુર પક્ષક ઉક્ત અનુમાન અપ્રયોજક હોવાથી ‘क्षित्यङ्कुरादिकम्’ અહીં આદિ પદથી સર્ગાદ્યકાલીન ઘટને પક્ષ તરીકે સૂચવ્યો છે. ‘सर्गाद्यकालीनघटः कर्तृजन्यः कार्यत्वाद्’ આ અનુમાનમાં, ઘટત્વેન અને કુલાલત્વેન કાર્યકારણભાવ મૂલક તર્ક સંભવિત હોવાથી વ્યભિચાર શંકાનું નિવારણ શક્ય છે. આ રીતે સર્ગાદ્યકાલીન ઘટાદિના કર્તા રૂપે પરમાત્મા, અનુમાન પ્રમાણથી સિદ્ધ છે. કારણ કે તાદૃશ ઘટાદિમાં અસ્મદાદિનું કર્તૃત્વ બાધિત છે. ‘क्षित्यङ्कुरादिकं कर्तृजन्यं कार्यत्वाद्’ આ સિદ્ધાન્તિના અનુમાનમાં ‘क्षित्यङ्कुरादिकं कर्त्रजन्यं शरीराजन्यत्वाद्’ આ અનુમાનના કારણે

સત્પ્રતિપક્ષ આવે છે. એ નહીં કહેવું જોઇએ, કારણ કે 'क्षित्यङ्कुरादिकं कर्त्रजन्यं शरीराजन्यत्वाद्' આ અનુમાનમાં 'क्षित्यङ्कुरादौ शरीराजन्यत्वमस्तु कर्त्रजन्यत्वं मास्तु' આ પ્રમાણેની વ્યભિચારશંકાનો નિવર્ત્તક તર્ક નથી. કર્ત્રજન્યત્વ અને શરીરાજન્યત્વ બન્ને અત્યન્તાભાવ સ્વરૂપ હોવાથી તે બન્ને નિત્ય પદાર્થનો કાર્યકારણભાવ સંભવિત નથી. આથી સ્પષ્ટ છે કે તાદૃશ વ્યભિચાર શંકા નિવર્તક અનુકૂલ તર્કથી વિરહિત શરીરાજન્યત્વ હેતુક ઉક્ત અનુમાન અપ્રયોજક હોવાથી તે અનુમાન દ્વારા કર્તૃજન્યત્વ સાધક સિદ્ધાન્તિનું અનુમાન સત્પ્રતિપક્ષિત થતું નથી. સિદ્ધાન્તિનું કાર્યત્વહેતુક અનુમાન પણ અપ્રયોજક છે એ કહેવું ઉચિત નથી કારણ કે ઉપર જણાવ્યા મુજબ સિદ્ધાન્તિના મતે તો કર્તૃત્વેન અને કાર્યત્વેન કાર્યકારણભાવ સ્વરૂપ અનુકૂલ તર્ક હોવાથી સિદ્ધાન્તિના અનુમાનમાં અપ્રયોજકત્વ [અનુકૂલતર્કવિરહિત્વ] નથી. આ રીતે અનુમાન પ્રમાણથી સિદ્ધ પરમાત્માનું પ્રતિપાદન કરનારી 'द्यावाभूमी...' ઈત્યાદિ શ્રુતિઓ પણ પરમાત્માના અસ્તિત્વના જ્ઞાન માટે અનુસ્મરણીય છે.

॥ इतीश्वरानुमानम् ॥

## कारिकावली

**द्रव्यं गुणस्तथा कर्म सामान्यं सविशेषकम् ।**
**समवायस्तथाऽभावः पदार्थाः सप्त कीर्त्तिताः ॥२॥**

### मुक्तावली ।

पदार्थान् विभजते–द्रव्यमिति । अत्र सप्तमस्याऽभावत्वकथनादेव षण्णां भावत्वं प्राप्तं, तेन भावत्वेन पृथगुपन्यासो न कृतः । एते च पदार्था वैशेषिकनये प्रसिद्धाः, नैयायिकानामप्यविरुद्धाः प्रतिपादितं चैवमेव भाष्ये, अत एवोपमानचिन्तामणौ सप्तपदार्थभिन्नतया शक्तिसादृश्यादीनामतिरिक्तपदार्थत्वमाशङ्कितम् ।

ननु कथमेत एव पदार्थाः ? शक्तिसादृश्यादीनामप्यतिरिक्तपदार्थत्वात् । तथा हि–मण्यादिसमवहितेन वह्निना दाहो न जन्यते, तच्छून्येन तु जन्यते, तत्र मण्यादिना वह्नौ दाहानुकूला शक्ति र्नाश्यते, उत्तेजकेन मण्याद्यपसारणेन च जन्यत इति कल्प्यते । एवं सादृश्यमप्यतिरिक्तः पदार्थः तद्धि न षट्सु भावेष्वन्तर्भवति सामान्येपि सत्त्वात्, यथा गोत्वं नित्यं तथाऽश्वत्वमपीति सादृश्यप्रतीतेः । नाप्यभावे, सत्त्वेन प्रतीयमानत्वादिति चेत्–न । मण्याद्यभावविशिष्टवह्न्यादेर्दाहादिकं प्रति स्वातन्त्र्येण मण्यभावादेरेव वा हेतुत्वं कल्प्यते, अनेनैव सामञ्जस्येऽनन्त-शक्ति–तत्प्रागभाव–ध्वंसकल्पनानौचित्यात् । न चोत्तजके सति प्रतिबन्धक-सद्भावेऽपि कथं दाह इति वाच्यम् । उत्तेजकाभावविशिष्टमण्यभावस्य हेतुत्वात् । सादृश्यमपि न पदार्थान्तरं किन्तु तद्भिन्नत्वे सति तद्गत-भूयोधर्मवत्त्वम् । यथा चन्द्रभिन्नत्वे सति चन्द्रगताह्लादकत्वादिमत्त्वं मुखे चन्द्रसादृश्यमिति ॥

## —॥ अथ पदार्थोद्देशः ॥—

द्रव्यं गुणस्तथा......ઇત્યાદિ મૂલ કારિકામાં 'સંયોગ સ્વરૂપ ગુણુંથી અતિરિક્ત કર્મ નથી.' એમ માનનાર ભૂષણુકારના મતનું નિરાકરણુ કરવા પ્રથમ 'તથા' પદનું ઉપાદાન છે. અને 'સ્વાધિ-કરણુથી અતિરિક્ત અભાવ નથી અર્થાદ્ અભાવ અધિકરણુ સ્વરૂપ છે.' એમ માનનારા પ્રાભાકરોના મતનું નિરાકરણુ કરવા દ્વિતીય 'તથા' પદનું ઉપાદાન છે. 'द्रव्यं गुणस्तथा......' ઇત્યાદિ ગ્રંથ ઉદ્દેશગ્રંથ છે. તર્કસંગ્રહના વિવરણુમાં જણાવ્યા મુજબ ઉદ્દેશ-વાકયનું અને વિભાગ વાકયનું કામ એક જ હોવાથી ઉદ્દેશગ્રંથથી જ પદાર્થત્વના વ્યાપ્ય દ્રવ્યત્વાદિ યાવદ્ ધર્મવિશિષ્ટ ધર્મીમાં પદાર્થ-ત્વનું જ્ઞાન થઇ જાય છે. તેથી 'દ્રવ્યત્વાદિ ધર્મ વિશિષ્ટ સાત ધર્મીથી અન્યૂન અને અનતિરિક્ત પદાર્થ છે.' એનું જ્ઞાન સપ્તપદના પ્રયોગ વિના પણુ શકય હોવાથી યદ્યપિ સપ્ત પદ મૂલમાં નિરર્થક છે. પરંતુ તાદૃશ અર્થના સ્પષ્ટીકરણુ માટે જ સપ્ત પદનું ગ્રહણુ છે. જેથી મૂલમાં દોષ નથી.

સ્વનિર્મિત કારિકાવલીને ચિરન્તનોની ઉક્તિઓ દ્વારા વિસ્તારવાની પ્રતિજ્ઞાને કરનારા ગ્રંથકારે પોતે; પદાર્થોનો વિભાગ દ્રવ્યત્વાદિરૂપે કેમ કર્યો ? પૂર્વપુરૂષોએ "पदार्थो द्विविधो भावश्चाभावश्च, भावः षड्-विधः अभावश्चतुर्विधः", આ રીતે ભાવત્વાભાવત્વરૂપે કરેલા વિભાગનું અનુસરણ કેમ ન કર્યું ? આ શંકાનું સમાધાન કરતા કહે છે, अत्र सप्तमस्या......ઇત્યાદિ આશય એ છે કે અહીં સપ્તમ પદાર્થમાં અભાવત્વનું પ્રતિપાદન કર્યું હોવાથી પૂર્વેના છ પદાર્થોમાં ભાવત્વનું જ્ઞાન થાય છે તેથી પદાર્થોનું ભાવત્વેન પૃથગ્ નિરૂપણ નથી કર્યું. યદ્યપિ જેમ એકાદ વ્યક્તિમાં બ્રાહ્મણત્વનું પ્રતિપાદન કરવા માત્રથી તદ્દિતર વ્યક્તિઓમાં અબ્રાહ્મણત્વનું જ્ઞાન થતું નથી. તેમ સપ્તમમાં અભાવત્વના પ્રતિપાદનમાત્રથી પૂર્વના છ પદાર્થોમાં ભાવત્વનું પ્રતિ-પાદન શક્ય નથી, પરંતુ પૂર્વે જણાવ્યા મુજબ 'द्रव्यं गुणस्तथा... ઇત્યાદિગ્રંથ વિભાગગ્રંથ હોવાથી સપ્તમમાં અભાવત્વના પ્રતિપાદનના કારણે જ છ માં ભાવત્વનું જ્ઞાન થઈ જાય છે કારણ કે તત્તદ્નો વિભાગ, તત્તદર્થતાવચ્છેદક વ્યાપ્ય અને પરસ્પર વિરૂદ્ધધર્માવચ્છે-દેન કરાય છે. સપ્તમ પદાર્થવૃત્તિ અભાવત્વ ધર્મ દ્રવ્યત્વાદિનો વિરૂદ્ધ ન હોય અને પૂર્વ છમાં પણ વૃત્તિ હોય તો અભાવત્વાદિરૂપે પદાર્થનો વિભાગ જ અસંગત થાત, તેથી સ્પષ્ટ છે કે સપ્તમ પદાર્થ વૃત્તિ અભાવત્વ પૂર્વ છ પદાર્થમાં ન હોવાથી છ માં ભાવત્વ છે જ. દ્રવ્યાદિ સાત પદાર્થો વૈશેષિક નયમાં પ્રસિદ્ધ છે. ન્યાયમતમાં પણ અવિરૂદ્ધ છે કારણ કે ન્યાયદર્શન પ્રસિદ્ધ પ્રમાણાદિ સોળ પદાર્થોનો સમાવેશ દ્રવ્યાદિ સાતમાં થઈ જાય છે. એ વસ્તુનું પ્રતિપાદન ન્યાયભાષ્યમાં કરેલું છે. તેથી જ ન્યાયચિંતામણિમાં શક્તિ અને સાદૃશ્યાદિ પદાર્થોમાં સપ્તપદાર્થભિન્નત્વની શંકા કરી છે. અન્યથા દ્રવ્યાદિ સપ્ત પદાર્થો સ્વમતમાં વિરૂદ્ધ હોત તો ચિંતામણિગ્રંથમાં ષોડશ પદાર્થભિન્નત્વની શંકાને શક્તિ-સાદૃશ્યાદિમાં કરી હોત.

ननु कथमेत एव......ઈત્યાદિ—આશય એ છે કે ઇન્ધનાદિ સકલસામગ્રીની વિદ્યમાનતામાં પણ મણિ મંત્રાદિ સમવધાનમાં

વહ્નિનથી દાહરૂપ કાર્યની ઉત્પત્તિ થતી નથી અને મણિમંત્રાદિના અસમવધાનમાં દાહરૂપ કાર્યની ઉત્પત્તિ થાય છે તેથી તે અવસ્થામાં મણિમંત્રાદિદ્વારા વહ્નિનમાં રહેલી દાહાનુકુલ શક્તિનો નાશ થાય છે અને સૂર્યકાંતમણિ વગેરે ઉત્તેજકદ્વારા અથવા મણિમંત્રાદિના દૂર થવાથી એ શક્તિ વહ્નિનમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે શક્તિનું અનુમાન કરાય છે. "इन्धनादिसकलसामग्रीसमवधाने मणिसमवधानकालीन दाहाभावो यत्किञ्चित्कारणाभावप्रयुक्तः कार्याभावत्वाद् दण्डेतरसकलसामग्रीसमवधाने दण्डाभावप्रयुक्तघटाभाववद्" એતાદૃશ અનુમાન પ્રયોગથી સિદ્ધ શક્તિ, "शक्ति द्रव्य–गुण–कर्मभिन्ना गुणवृत्तित्वाद् गुणत्वादिवद्" "शक्तिः सामान्यादिभिन्नोत्पत्तिमत्त्वे सति विनाशशालित्वाद् घटादिवद्" આ અનુમાનના પ્રયોગથી સપ્તપદાર્થથી ભિન્ન સિદ્ધ થાય છે. સર્વાનુભવ સિદ્ધ સાદૃશ્ય પદાર્થમાં "सादृश्यं भावभिन्नं सामान्यवृत्तित्वे सति सामान्येतरवृत्तित्वाद् घटाद्यभाववद्" "सादृश्यमभावानन्तरभूतम् सत्त्वेन प्रतीयमानत्वाद् घटादिवद्", આ અનુમાનના પ્રયોગથી સપ્ત પદાર્થાતિરિક્તત્વ સિદ્ધ થાય છે. આ રીતે શક્તિ સાદૃશ્યને દ્રવ્યાદિસાત પદાર્થથી અતિરિક્ત પદાર્થ માનનારની શંકાને દૂર કરતા કહે છે.

न मण्याद्य......ઇત્યાદિ—આશય એ છે કે દાહની પ્રત્યે મણિમન્ત્રાદિના અભાવવિશિષ્ટ વહ્નિન અથવા સ્વતંત્રપણે વહ્ન્યાદિની જેમ મણિમંત્રાદિનો અભાવ કારણ છે. તેથી ઉક્ત સ્થળે મણિમંત્રાદિ સમવધાનકાલે દાહાનુકૂલ મણિમંત્રાદ્યભાવવિશિષ્ટ વહ્નિનરૂપ કારણનો અથવા મણિમંત્રાદિના અભાવરૂપ કારણનો અભાવ હોવાથી દાહસ્વરૂપ કાર્ય થતું નથી. આ રીતે તાદૃશ દાહાભાવની ઉપપત્તિ થતી હોવાથી અનંત શક્તિ વગેરેની કલ્પના કરવી અનુચિત છે મણ્યાદ્યભાવવિશિષ્ટ વહ્નિનને દાહની પ્રત્યે કારણ માનીએ તો વહ્નિન વિશિષ્ટ મણ્યાદ્યભાવને કેમ નહી ? આ શંકાના કારણે બે ગુરુભૂત કારણની કલ્પનામાં ગૌરવને જોઈ ને સ્વતંત્રપણે વહ્નિન અને મણ્યાદ્યભાવની

કારણ તરીકે લઘુભૂત કલ્પના કરી છે. આજ આશયથી પૂર્વપક્ષમાં અરૂચિ સૂચક 'मण्यभावादेरेव वा' અહીં 'वा' પદનું ઉપાદાન કર્યું છે. યદ્યપિ સૂર્યકાંત મણ્યાદિ સ્વરૂપ ઉત્તેજક અને મણિમંત્રાદિ સ્વરૂપ પ્રતિબંધકની ઉપસ્થિતિમાં દાહરૂપ કાર્ય થાય છે તેથી મણિ મંત્રાદિમાં દાહપ્રતિબંધકત્વ માનવું યોગ્ય નથી. પરંતુ દાહની પ્રત્યે ઉત્તેજકાભાવવિશિષ્ટ મણિમંત્રાદિ જ પ્રતિબંધક મનાય છે જેથી કોઈ દોષ નથી, કારણ કે જ્યાં ઉત્તેજક અને મણિ બંને છે ત્યાં વિશેષણાભાવ [ઉત્તેજકાભાવાભાવ] પ્રયુક્ત વિશિષ્ટાભાવ [ઉત્તેજકાભાવવિશિષ્ટમણિનો અભાવ] હોવાથી પ્રતિબંધકાભાવરૂપ કારણ વિદ્યમાન જ છે. આવી જ રીતે જ્યાં ઉત્તેજક છે અને મણિ નથી તેમજ જ્યાં ઉત્તેજક નથી અને મણિ નથી ત્યાં અનુક્રમે ઉભયાભાવ [વિશેષણ-વિશેષ્યાભાવ] પ્રયુક્ત તેમજ વિશેષ્યાભાવ [મણ્યભાવ] પ્રયુક્ત વિશિષ્ટાભાવ સ્વરૂપ પ્રતિબંધકાભાવ [ઉત્તેજકાભાવવિશિષ્ટ મણ્યભાવ] વિદ્યમાન હોવાથી ઈન્ધનાદિ સકલ સામગ્રીના સમવધાનમાં દાહરૂપ કાર્ય થાય છે. सादृश्यमपि......ઈત્યાદિ—આશય એ છે કે, શક્તિની જેમ જ સાદૃશ્યપણ પદાર્થાન્તર નથી કિન્તુ તદ્ભિન્નત્વ વિશિષ્ટ તદ્ગત અનેક ધર્મવત્ત્વ સ્વરૂપ સાદૃશ્ય છે દા. ત. ચંદ્રનું સાદૃશ્ય મુખમાં મનાય છે તે મુખમાં ચંદ્રપ્રતિયોગિકભેદવિશિષ્ટ-ચંદ્રગતવર્તુલત્વ આલ્હાદકત્વાદિ અનેક ધર્મવત્ત્વ સ્વરૂપ છે. યદ્યપિ 'यथा गोत्वं नित्यं तथाश्वत्वमपि' ઇત્યાદિ પ્રતીતિથી ગોત્વનું સાદૃશ્ય અશ્વત્વમાં પ્રતીત થાય છે તે ગોત્વ પ્રતિયોગિક ભેદ વિશિષ્ટ નિત્યત્વસ્વરૂપ એક જ ધર્માશ્રયત્વસ્વરૂપ હોવાથી સાદૃશ્યના લક્ષણમાં 'भूयस्' પદનું ઉપાદાન યોગ્ય નથી, પરંતુ બહુલતયા અનેક ધર્મવત્ત્વેન સાદૃશ્યની પ્રતીતિ થતી હોવાથી સાદૃશ્ય લક્ષણમાં ભૂયસ્ પદનું ઉપાદાન છે.

इति पदार्थोद्देशः

## कारिकावली

**क्षित्यप्तेजोमरुद्व्योमकालदिग्देहिनो मनः ।**
**द्रव्याणि,**

### मुक्तावली

द्रव्याणि विभजते–क्षित्यबिति । क्षितिः–पृथिवी, आपः–जलानि, तेजः–वह्निः, मरुत्–वायुः, व्योम–आकाशः, कालः–समयः, दिक्–आशा, देही–आत्मा, मनः, एतानि नव द्रव्याणीत्यर्थः । ननु द्रव्यत्वजातौ किं मानं ? न हि तत्र प्रत्यक्षं प्रमाणं घृतजतुप्रभृतिषु द्रव्यत्वाऽग्रहादिति चेत्–न । कार्यसमवायिकारणतावच्छेदकतया संयोगस्य विभागस्य वा समवायिकारणतावच्छेदकतया द्रव्यत्वजातिसिद्धेरिति ।

## —अथ द्रव्योद्देशः—

क्षित्यप्तेजो......ઇત્યાદિ કારિકામાં રહેલા क्षिति, अप, तेजम्, मरुद्, व्योम, काल, दिग्, અને देहिन्, આ પદોનો અનુક્રમે ક્ષય, પાણિનીવ્યાકરણ પ્રસિદ્ધ અપ્ સંજ્ઞાવિશેષ, પરાક્રમ, દેવવિશેષ, વેદાંતદર્શન પ્રસિદ્ધબ્રહ્મ, યમ, દાન અને શરીરના અવયવો આ અર્થ કોઇ ન સમજે એ આશયથી ક્ષિત્યાદિપદોનો પ્રકૃતોપયોગી અર્થ જણાવે છે क्षितिः पृथिवी......ઇત્યાદિ ગ્રંથથી આશય એ છે કે 'अप्रतिपत्तेरन्यथाप्रतिपत्तेर्वा विवरणं कुर्वन्ति सन्तः' આ વચનથી સર્વથા અપ્રતિપત્તિ [અજ્ઞાન] અથવા અન્યથા પ્રતિપત્તિ [વિરૂદ્ધ–પ્રકૃતાનુપયોગી જ્ઞાન] થતી હોય તો જ સંતો વિવરણ કરે છે, પ્રકૃત સ્થળે ક્ષિત્યાદિ પદોથી પ્રકૃતાનુપયોગી ક્ષયાદિ અર્થના જ્ઞાનનો સંભવ હોવાથી એ અન્યથાપ્રતિપત્તિના નિરાકરણ માટે મૂલ કારિકાના ક્ષિત્યાદિ પદોનું વિવરણ 'क्षितिः पृथिवी'......ઇત્યાદિ ગ્રંથથી કર્યું છે. મૂલમાં દ્રવ્યપદ દ્રવ્યત્વજાતિવિશિષ્ટાર્થક છે. પરંતુ ગુણાશ્રયત્વવિશિષ્ટાર્થક નથી. કારણ કે ગુણાશ્રયત્વવિશિષ્ટાર્થક દ્રવ્યપદને માનીએ તો ગૌરવ થાય છે. 'ननु द्रव्यत्वजातौ किं मानम्?' અહીં કિમ્ શબ્દ પ્રશ્નાર્થક છે

પરંતુ આક્ષેપાર્થક નથી. કારણ કે આક્ષેપાર્થક કિમ્ શબ્દનો પ્રયોગ હોય તો किं मानम् ? કહ્યા પછી કોઈ પણ પ્રમાણ નથી તે બતાવવું જોઈએ, જ્યારે અહીં તો માત્ર 'नहि तत्र प्रत्यक्ष प्रमाणं......'ઇત્યાદિ ગ્રંથથી માત્ર પ્રત્યક્ષ પ્રમાણનું જ નિરાકરણ કર્યું છે. પ્રમાણ સામાન્યનું નિરાકરણ કર્યું નથી. તેથી પ્રકૃત સ્થળે 'કિમ્' શબ્દ પ્રશ્નાર્થક છે. જાતિના અસ્તિત્વ માટે સમાનાકારક પ્રતીતિ સામાન્યતઃ પ્રમાણ હોય છે. નવદ્રવ્યાન્તર્ગત એક પૃથ્વીદ્રવ્યમાં પણ ઘી, લાક્ષા, વગેરે દ્રવ્યોમાં એકાકાર પ્રતીતિ થતી નથી. તેથી નવે દ્રવ્યમા इदं द्रव्यम् इदं द्रव्यम् ઇત્યાકારક સમાનાકારક પ્રતીતિ થતી ન હોવાથી દ્રવ્યત્વ જાતિના અસ્તિત્વમાં પ્રત્યક્ષ પ્રમાણ નથી એમ સમજીને પ્રત્યક્ષ પ્રમાણથી ભિન્ન પ્રમાણની જિજ્ઞાસાથી શંકાકારે "ननु द्रव्यत्व जातौ किं मानम् ?" આ ગ્રંથથી શંકા કરી છે. તેના સમાધાન માટે અનુમાન પ્રમાણના પ્રદર્શન માટે કહે છે कार्यसमवायिकारणता...... ઇત્યાદિ—આશય એ છે કે "कार्यत्वावच्छिन्नसमवायसंबंधावच्छिन्न-कार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकारणता; यत्किञ्चिद्धर्मावच्छिन्ना, कारणतात्वाद्, घटत्वावच्छिन्नसमवायसम्बन्धावच्छिन्नकार्यतानिरूपितता-दात्म्यसम्बन्धावच्छिन्नकपालत्वावच्छिन्नकारणतावद्" આ અનુમાનથી કાર્યના સમવાયિકારણનિષ્ઠકારણતાના અવચ્છેદકરૂપે દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ થાય છે. કાર્યમાત્રનું સમવાયિકારણ દ્રવ્ય જ છે. તેથી કાર્યત્વાવચ્છિન્ન સમવાયસંબંધાવચ્છિન્ન કાર્યતાનિરૂપિત તાદાત્મ્યસંબંધાવચ્છિન્નકારણતા દ્રવ્યમાત્રમાં છે અને તે દ્રવ્યનિષ્ઠ સમવાયિકારણતાનો જે અવચ્છેદક છે તે જ દ્રવ્યત્વ જાતિ છે. આ રીતે અનુમાનપ્રમાણ દ્રવ્યત્વ જાતિના અસ્તિત્વમાં પ્રમાણ છે. કાર્ય સામાન્યાન્તઃપાતિ ધ્વંસાત્મક કાર્યનું કોઇ સમવાયિ કારણ ન હોવાથી સમવાયસંબંધાવચ્છિન્ન કાર્યતાનો અર્થાત્ જન્ય દ્રવ્ય-ગુણ કર્મનિષ્ઠ કાર્યતાનો અવચ્છેદક કાર્યત્વ નહીં થઇ શકે તેથી ઉક્તાનુમાનમાં પક્ષઘટક તાદૃશ કાર્યત્વાવચ્છિન્ન કાર્યતાની અપ્રસિદ્ધિના કારણે

તાદૃશાનુમાનથી દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ થઈ શકશે નહીં એમ જાણીને અનુમાનાન્તર સૂચવે છે—संयोगस्य........ઇત્યાદિ ગ્રંથથી—"समवाय सम्बन्धावच्छिन्न संयोगत्वावच्छिन्न कार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्न-कारणता, यत्किञ्चिद्धर्मावच्छिन्ना, कारणतात्वाद्, घटत्वावच्छिन्नसमवायसम्बन्धावच्छिन्नकार्यतानिरूपिततादात्म्य सम्बन्धावच्छिन्नकपालत्वावच्छिन्नकारणतावद्" આ અનુમાનથી સંયોગસામાન્યનિષ્ઠ તાદૃશ કાર્યતા નિરૂપિત સમવાયિકારણતાવચ્છેદક તરીકે દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ થાય છે. સંયોગાત્મક કાર્ય નવે દ્રવ્યમાં સમવાય સંબંધથી ઉત્પન્ન થતું હોવાથી સંયોગ સામાન્યનું પણ સમવાયિકારણ દ્રવ્ય માત્ર છે, તાદૃશ દ્રવ્યનિષ્ઠ સમવાયિકારણતાનો જે અવચ્છેદક છે તે દ્રવ્યત્વ જાતિ છે. સંયોગમાત્ર અનિત્ય હોવાથી સંયોગનિષ્ઠ તાદૃશ કાર્યતાનો અવચ્છેદક, સંયોગત્વ થઈ શકે છે. અન્યથા સંયોગ–નિત્ય હોત તો સંયોગનિષ્ઠકાર્યતાનો અવચ્છેદક સંયોગત્વ નિત્ય સંયોગ વૃતિ થવાના કારણે અતિપ્રસક્ત થાત. આથી સ્પષ્ટ છે કે પૂર્વે જણાવ્યાં મુજબ કાર્યત્વાવચ્છિન્નતાદૃશકાર્યતાની જેમ સંયોગત્વાવચ્છિન્નકાર્યતા અપ્રસિદ્ધ નથી. યદ્યપિ ગુણોના ક્રમના અનુસારે રૂપ રસ ગન્ધ સ્પર્શ સંખ્યા પરિમાણ પૃથક્ત્વ અને સંયોગ આ ગુણોમાંથી રૂપાદિ સાત ગુણોનો પરિત્યાગ કરી અષ્ટમ સંયોગાત્મક ગુણના સમવાયિકારણતાવચ્છેદક રૂપે દ્રવ્યત્વ જાતિને સિદ્ધ કરવાનું ઉચિત નથી. પ્રથમોપસ્થિત રૂપાદિસમવાયિકારણતાવચ્છેદકતયા દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ કરવામાં જ ઔચિત્ય છે. પરંતુ રૂપ રસ ગન્ધ અને સ્પર્શ અનુક્રમે ત્રણ બે એક અને ચાર જ દ્રવ્યોમાં વૃત્તિ છે. તેમજ નિત્યાઽનિત્ય છે. કથંચિત્ જન્યરૂપત્વાદ્યવચ્છિન્ન સમવાયસંબંધાવચ્છિન્ન કાર્યતાનિરૂપિત તાદામ્ય સંબંધાવચ્છિન્ન કારણતાવચ્છેદકતયા સિદ્ધ દ્રવ્યત્વ અનુક્રમે ત્રણ બે એક અને ચાર જ દ્રવ્યમાં રહેશે નવ દ્રવ્ય સાધારણ અભિમત દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ નહીં થાય. આવી જ રીતે સંખ્યા પરિમાણ અને પૃથક્ત્વ નવે દ્રવ્યમાં વૃત્તિ હોવા છતાં તે ગુણો નિત્યગત નિત્ય અને અનિત્યગત અનિત્ય

હોવાથી તાદૃશ સમવાય સમ્બન્ધાવચ્છિન્ન સંખ્યાત્વાદ્યવચ્છિન્ન કાર્યતા જ અપ્રસિદ્ધ થશે. તાદૃશ જન્ય સંખ્યાત્વાદ્યવચ્છિન્ન કાર્યતા કથંચિત્ પ્રસિદ્ધ થાય તો પણ તન્નિરૂપિત તાદૃશ સમવાયિકારણતાવચ્છેદક તયા સિદ્ધ દ્રવ્યત્વ, અનિત્ય દ્રવ્યમાં જ રહેશે. નિત્ય દ્રવ્યમાં નહીં. આથી સકલ દ્રવ્ય સાધારણ દ્રવ્યત્વ જાતિને સિદ્ધ કરવા સંયોગનું ઉપાદાન કર્યું છે. સંયોગ સકલ દ્રવ્યવૃત્તિ અને માત્ર અનિત્ય જ હોવાથી તત્સમવાયિકારણતાવચ્છેદકતયા ઉપર જણાવ્યા મુજબ અનુમિત દ્રવ્યત્વ સકલ દ્રવ્યવૃત્તિ બને છે એ સ્પષ્ટ છે. વિભુદ્રવ્યદ્વયનો નિત્યસંયોગ માનનારના મતે તાદૃશ સંયોગત્વાવચ્છિન્નકાર્યતા અપ્રસિદ્ધ હોવાથી તેમના મતે પણ દ્રવ્યત્વસાધક અનુમાનને જણાવવા કહે છે—विभागस्य वा.........ઇત્યાદિ આશય એ છે કે વિભાગમાત્ર અનિત્ય અને સર્વદ્રવ્યવૃત્તિ હોવાથી વિભાગ સમવાયિકારણતાવચ્છેદકતયા દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ થાય છે. એ માટે અનુમાનનું સ્વરૂપ ઉક્તાનુમાનમાં 'संयोग' ના સ્થાને 'विभाग' નો ઉલ્લેખ કરીને સ્વયં સમજી લેવું.

ननु दशमं द्रव्यं तमः कुतो नोक्तं ? तद्धि प्रत्यक्षेण गृह्यते, तस्य च रूपवत्त्वात् कर्मवत्त्वाच्च द्रव्यत्वं, तद्धि गन्धशून्यत्वान् न पृथिवी, नीलरूपवत्त्वाच्च न जलादिकम् । तत्प्रत्यक्षे चाऽऽलोकनिरपेक्षं चक्षुः कारणमिति चेत् न । आवश्यकतेजोऽभावेनैवोपपत्तौ द्रव्यान्तरकल्पनाया अन्याय्यत्वात् । रूपवत्ताप्रतीतिस्तु भ्रमरूपा । कर्म्मवत्ताप्रतीतिरप्यालोकापसरणोपाधिकी भ्रान्तिरेव । तमसोऽतिरिक्तद्रव्यत्वे अनन्तावयवादिकल्पनागौरवं च स्यात् । सुवर्णस्य यथा तेजस्यन्तर्भावस्तथाऽग्रे वक्ष्यते ॥

॥ इति द्रव्यविभाग ग्रन्थः ॥

ननु दशमं द्रव्यं तमः कुतो नोक्तम्.........ઇત્યાદિ—અંધકાર નામનું દશમું દ્રવ્ય હોવા છતાં તેનો નિર્દેશ કેમ કર્યો નથી ? અંધકારનું જ્ઞાન ચક્ષુ ઇન્દ્રિયાત્મક પ્રત્યક્ષ પ્રમાણથી થાય છે અને

એ પ્રત્યક્ષના વિષયભૂત અંધકારમાં तमो द्रव्यं रूपवत्त्वात् कर्मवत्त्वाच्च घटादिवद्” આ અનુમાનથી દ્રવ્યત્વ સિદ્ધ છે. તેમજ “तमः पृथिवीभिन्नं गन्धशून्यत्वाद् जलादिवद्'; “तमो जलादिभिन्नं नीलरूपवत्त्वात् पटादिवद्” આ અનુમાનથી કલૃપ્ત પૃથિવી વગેરે નવદ્રવ્યાતિરિક્તત્વ પણ સિદ્ધ થયું છે. પૃથિવી વગેરે દ્રવ્યના પ્રત્યક્ષમાં આલોક સાપેક્ષ ચક્ષુ કારણ હોવા છતાં અંધકાર સ્વરૂપ દશમાં દ્રવ્યના પ્રત્યક્ષમાં આલોક નિરપેક્ષ ચક્ષુ કારણ છે. આ રીતે અંધકાર નામનું દશમું દ્રવ્ય વિદ્યમાન હોવા છતાં તેનો નિર્દેશ કર્યો નથી એ યોગ્ય નથી. એ શંકાકારનો આશય છે. એના સમાધાનમાં કહે છે–न आवश्यकतेजो......ઇત્યાદિ—એનો આશય એ છે કે, સર્વાનુભૂત ઉષ્ણસ્પર્શના આશ્રય તરીકે તે જ દ્રવ્યને માનવું આવશ્યક છે અને એ આવશ્યક તેજ દ્રવ્યના અભાવ સ્વરૂપ જ તમઃ પદાર્થ માનીએ તો તાદૃશ કલ્પનામાં કોઈ દોષ ન હોવાથી તમઃ પદાર્થમાં દ્રવ્યાન્તરની કલ્પના કરવી એ યુક્તિ યુક્ત નથી. યદ્યપિ 'नीलं तमश्चलति' આ પ્રતીતિથી અંધકારમાં નીલરૂપવત્ત્વ અને કર્મવત્ત્વ સિદ્ધ હોવાથી તેને તેજોભાવ સ્વરૂપ નહી માની શકાય. પરંતુ અંધકારમાં તાદૃશ રૂપવત્તાની પ્રતીતિ ભ્રમાત્મક હોવાથી તેમજ દીપની અપસરણાત્મક ક્રિયાના કારણે જ અંધકારમાં તાદૃશ કર્મવત્ત્વ પ્રતીત થતું હોવાથી તાદૃશકર્મવત્તા પ્રતીતિ પણ ભ્રમાત્મક હોવાથી તેના આધારે અંધકારમાં દ્રવ્યત્વ સિદ્ધ કરી શકાશે નહીં. વસ્તુતઃ જે પ્રતીતિની ઉત્તરક્ષણમાં તદ્દ્વત્તાના બાધનો પ્રમાત્મક નિશ્ચય થાય છે ત્યારે જ તે પ્રતીતિ ભ્રમાત્મક મનાય છે. પ્રકૃત સ્થળે 'नीलं तमश्चलति' ઇત્યાદિ પ્રતીતિની ઉત્તરક્ષણમાં તેના બાધનું જ્ઞાન ન હોવાથી ઉક્ત પ્રતીતિને ભ્રમાત્મક કહેવું યોગ્ય નથી. તેથી તમઃ પદાર્થમાં દ્રવ્યત્વની કલ્પનામાં દૂષણાન્તર બતાવે છે–तमसोऽतिरिक्तद्रव्यत्वे.........ઇત્યાદિ ગ્રંથથી–આશય સ્પષ્ટ છે. અધિક વિવરણ રામરૂદ્રીમાં જોવું.

॥ इति द्रव्यविभागः ॥

### कारिकावली

अथ गुणा रूपं रसो गन्धस्ततः परम् ॥३॥
स्पर्शः सङ्ख्या परिमितिः पृथक्त्वं च ततः परम् ।
संयोगश्च विभागश्च परत्वं चाऽपरत्वकम् ॥४॥
बुद्धिः सुखं दुःखमिच्छा द्वेषो यत्नो गुरुत्वकम् ।
द्रवत्वं स्नेह-संस्कारावदृष्टं शब्द एव च ॥५॥

मुक्तावली

गुणान् विभजते—अथ गुणा इति । एते गुणाश्चतुर्विंशतिसङ्ख्याकाः कणादेन कण्ठतः 'च' शब्देन च दर्शिताः । तत्र गुणत्वजातिसिद्धिरग्रे वक्ष्यते ॥ ३-४-५ ॥

अथ गुणान् विभजते—अथ गुणा...ઈત્યાદિ-રૂપ રસ ગન્ધ-વગેરે ૨૪ ગુણો છે. એમાંના 'रूपरसगन्धस्पर्शाः संख्याः परिमाणानि पृथक्त्वं संयोगविभागौ परत्वापरत्वे बुद्धयः सुखदुःखे इच्छाद्वेषौ प्रयत्नाश्च गुणाः' આ સૂત્રથી ૧૭ ગુણો કણાદ ૠષિએ સાક્ષાદ્ કહ્યા છે અને બાકીના ગુરૂત્વ દ્રવત્વ સ્નેહ સંસ્કાર ધર્માધર્મ અને શબ્દ આ સાત ગુણો સૂત્રમાં 'च' શબ્દથી બતાવ્યા છે. ગુણત્વ જાતિ સાધક અનુમાન ગુણનિરૂપણ વખતે બતાવશે. ॥

। इति गुणविभागः ।

### कारिकाबली ।

उत्क्षेपणं ततोऽपक्षेपणमाकुञ्चनं तथा ।
प्रसारणं च गमनं कर्माण्येतानि पञ्च च ॥६॥
भ्रमणं रेचनं स्यन्दनोर्ध्वज्वलनमेव च ।
तिर्यग्गमनमप्यत्र गमनादेव लभ्यते ॥७॥

मुक्तावली

कर्माणि विभजते—उत्क्षेपणमिति । कर्मत्वजातिस्तु प्रत्यक्षसिद्धा एवमुत्क्षेपणत्वादिकमपि ॥६॥

ननु भ्रमणादिकमपि पृथक् कर्माधिकतया कुतो नोक्तमत आह—भ्रमणमिति ॥७॥

अथ कर्माणि विभजते—उत्क्षेपणमित्यादि—કર્મત્વજાતિ પ્રત્યક્ષ સિદ્ધ છે. ઉત્ક્ષેપણ, અપક્ષેપણ, આકુંચન, પ્રસારણ અને ગમન આ પાંચ પ્રકારનાં કર્મ છે. ગમન સ્વરૂપ કર્મમાં જ ભ્રમણ રેચન સ્યન્દન ઉર્ધ્વજ્વલન તિર્યગ્ગમન ક્રિયાનો સમાવેશ થતો હોવાથી ભ્રમણાદિ કર્મનું પૃથગ્ ઉપાદાન કર્યું નથી.

॥ इति कर्मविभागः ॥

## कारिकावली ।

**सामान्यं द्विविधं प्रोक्तम् परं चाऽपरमेव च ।**
**द्रव्यादित्रिकवृत्तिस्तु सत्ता परतयोच्यते ॥८॥**
**परभिन्ना तु या जातिः सैवाऽपरतयोच्यते ।**
**द्रव्यत्वादिकजातिस्तु परापरतयोच्यते ॥९॥**
**व्यापकत्वात्परापि स्याद् व्याप्यत्वादपराऽपि च ।**

## मुक्तावली

सामान्यं निरूपयति–सामान्यमिति । तल्लक्षणन्तु नित्यत्वे सत्यनेकसमवेतत्वम् । अनेकसमवेतत्वं संयोगादीनामप्यस्तीत्यत उक्तं नित्यत्वे सतीति । नित्यत्वे सति समवेतत्वं गगनपरिमाणादीनामप्यस्तीत्यत उक्तमनेकेति । नित्यत्वे सत्यनेकवृत्तित्वमत्यन्ताभावस्याऽप्यस्ति, अतो वृत्तित्वसामान्यं विहाय समवेतेत्युक्तम् । एकव्यक्तिमात्रवृत्तिस्तु न जातिः । तथा चोक्तम् "व्यक्तेरभेदस्तुल्यत्वं सङ्करोऽथाऽनवस्थितिः । रूपहानिरसम्बन्धो जातिबाधकसङ्ग्रहः ॥" इति ।

परत्वम् – अधिकदेशवृत्तित्वम्, अपरत्वम् – अल्पदेशवृत्तित्वम् । सकलजात्यपेक्षया सत्ताया अधिकदेशवृत्तित्वात् परत्वम् । तदपेक्षया

चाऽन्यासां जातीनामपरत्वम् । पृथ्वीत्वाद्यपेक्षया द्रव्यत्वस्याऽधिकदेशवृत्तित्वाद् व्यापकत्वात् परत्वं, सत्ताऽपेक्षयाऽल्पदेशवृत्तित्वाद् व्याप्यत्वादपरत्वम् ॥૮-૯॥

अथ सामान्यं निरूपयति-सामान्यम्...ઇત્યાદિ--નિત્યત્વવિશિષ્ટ અનેક સમવેતત્વ આ સામાન્યનું લક્ષણ છે. અર્થાદ્ નિત્ય હોય અને અનેકમાં સમવાયસંબંધથી જે વૃત્તિ હોય તેને સામાન્ય કહેવાય છે. લક્ષણમાં નિત્યત્વ પદનું ઉપાદાન ન કરીએ તો અનેકમાં સમવાય સંબંધથી સંયોગાદિ ગુણો પણ વૃત્તિ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે નિત્યત્વ પદનું ઉપાદન કર્યું છે. સંયોગાદિમાં નિત્યત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'અનેક' પદનું ઉપાદાન ન કરીએ તો ગગનાદિનું મહત્ પરિમાણ નિત્ય અને સમવેત [સમવાય સંબંધથી વૃત્તિ] હોવાથી તેમાં [गगनादिपरिमाणमां] અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે 'અનેક' પદનું ઉપાદાન કર્યું છે. આકાશાદિનું પરિમાણ માત્ર આકાશાદિવૃત્તિ હોવાથી અનેકમાં સમવેત નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'समवेतत्व' ના સ્થાને વૃત્તિત્વનો જ નિવેશ કરીએ તો ઘટાદિનો અત્યન્તાભાવ નિત્ય અને ભૂતલાદિ અનેક અધિકરણમાં સ્વરૂપ સંબંધથી વૃત્તિ હોવાથી તેમાં (ઘટાદ્યત્ય-ન્તાભાવમાં, અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે લક્ષણમાં 'વૃત્તિત્વ' નો નિવેશ કર્યા વિના 'समवेतत्व' નો નિવેશ કર્યો છે. ઘટાદિનો અત્યન્તાભાવ, ભૂતલાદિ અનેક અધિકરણમાં વૃત્તિ હોવા છતાં સમવાયસંબંધથી વૃત્તિ [समवेत] ન હોવાથી તેમાંથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. 'नित्यत्वविशिष्टानेकसमवेतत्व' આ સામાન્યનું લક્ષણ, માત્ર એકવ્યક્તિ વૃત્તિ 'આકાશત્વા'દિમાં ન હોવાથી અવ્યાપ્તિદોષથી દૂષિત છે, આ શંકાનું સમાધાન કરવા આકાશત્વાદિ જાતિ ન હોવાથી એ અલક્ષ્ય જ છે એ જણાવતા કહે છે—एकव्यक्तिमात्रवृत्तिस्तु न जाति......ઇત્યાદિ—આશય એ છે કે એક જ વ્યક્તિમાં

રહેનાર ધર્મને જાતિ સ્વરૂપ નથી માનતા. સામાન્યતઃ અનેક પદાર્થોમાં એકાકાર જે પ્રતીતિ થાય છે, તે અનુગતબુદ્ધિ અર્થાદ્ નાના ધર્મીમાં એકધર્મપ્રકારક બુદ્ધિ જ, તે પદાર્થોમાં જાતિના અસ્તિત્વની કોઈ બાધક ન હોય તો અનુમાપક બને છે. એક વ્યક્તિ માત્ર વૃત્તિ સ્થળે તાદૃશ નાનાધર્મિક એક ધર્મ પ્રકારક બુદ્ધિનો વિરહ હોવાથી તાદૃશ એકવ્યક્તિમાત્ર વૃત્તિ ધર્મમાં જાતિત્વ નથી મનાતું. આથી પ્રાચીનગ્રન્થોમાં પણ કહ્યું છે કે વ્યક્ત્યભેદ તુલ્યત્વ સઙ્કર અનવસ્થા રૂપહાનિ અને અસંબંધ આ છ જાતિ બાધક છે. વ્યક્તિનો અભેદ એટલે સ્વાશ્રયનિષ્ઠ ભેદનો અભાવ અર્થાત્ स्वाश्रयनिष्ठ–स्वाश्रयप्रतियोगिकभेदसामान्याभावः स्वनिष्ठजातित्वे बाधकः। અહીં સ્વ પદથી એક વ્યક્તિ માત્ર વૃત્તિ ધર્મનું ગ્રહણ કરવું. પ્રકૃત સ્થળે સ્વપદ ગ્રાહ્ય આકાશત્વ છે. તદાશ્રય આકાશનિષ્ઠ જે આકાશત્વાશ્રય પ્રતિયોગિક [गगनं न] ઈત્યાકારક ભેદ સામાન્યનો અભાવ છે; તે જ આકાશનિષ્ઠ આકાશત્વના જાતિત્વનો બાધક છે. અર્થાત્ તાદૃશ વ્યક્ત્યભેદના કારણે આકાશત્વ જાતિ સ્વરૂપ નથી. તુલ્યત્વ એટલે સ્વભિન્નજાતિસમનિયતત્વ સ્વનિષ્ઠ જાતિત્વમાં બાધક છે. અહીં સ્વ. પદથી તુલ્યાધિકરણ વૃત્તિ ધર્મનું ગ્રહણ કરવું. દા. ત. ઘટત્વ અને કલશત્વ આ બન્ને તુલ્યાધિકરણ વૃત્તિ [સમનિયત] છે. સ્વપદથી એ બન્નેમાંથી કોઈનું પણ ગ્રહણ કરવું, જ્યારે સ્વપદથી ઘટત્વનું ગ્રહણ કરીએ ત્યારે ઘટત્વ ભિન્ન કલશત્વ જાતિનું સમનિયતત્વ [તુલ્યાધિકરણ વૃત્તિત્વ–પરસ્પરનું વ્યાપ્યત્વ વ્યાપકત્વ ]સ્વપદ ગૃહીત ઘટત્વમાં હોવાથી તેમાં જાતિત્વ નથી મનાતું. અને જ્યારે સ્વપદથી કલશત્વનું ગ્રહણ કરીએ ત્યારે તદ્ભિન્ન ઘટત્વ જાતિનું સમનિયતત્વ સ્વપદ ગૃહીત કલશત્વમાં હોવાથી તેમાં જાતિત્વ નથી મનાતું. તાત્પર્ય એ જ છે કે તુલ્યાધિકરણ વૃત્તિ બે ધર્મોમાંથી અન્યતર ધર્મને જ જાતિ મનાય છે. બન્નેને જાતિ સ્વરૂપ નથી માનતા. સઙ્કર એટલે 'स्वसमानाधिकरणस्वसमानाधिकरणाभावप्रतियोगिजातिमन्निष्ठाभावप्रतियोगित्वम्' અર્થાદ્ સ્વસમાનાધિકરણ અને સ્વસમાનાધિકરણાભાવની

પ્રતિયોગિ જે જાતિ તજ્જાત્યધિકરણવૃત્તિઅભાવનું પ્રતિયોગિત્વ જેમાં છે તેમાં જાતિત્વ નથી મનાતું. દા. ત. ભૂતત્વ અને મૂર્ત્તત્વ આ બે ધર્મોમાંથી ભૂતત્વને જાતિ નથી માનતા. અહીં સ્વપદથી ભૂતત્વનું ગ્રહણ કરવું. ભૂતત્વના અધિકરણ પૃથ્વી વગેરેમાં વૃત્તિ અને ભૂતત્વના અધિકરણ આકાશમાં વૃત્તિ મૂર્ત્તત્વાભાવની પ્રતિયોગિ જે મૂર્ત્તત્વ જાતિ તે જાતિના અધિકરણ મનમાં વૃત્તિ જે ભૂતત્વાભાવ તેનું પ્રતિયોગિત્વ ભૂતત્વમાં હોવાથી તેમાં [ભૂતત્વમાં] જાતિત્વ નથી માનતાં. અનવસ્થાને અર્થ તો પ્રસિદ્ધ છે. જાતિમાં જાતિનું અસ્તિત્વ માનવાથી અનવસ્થા આવે છે. તેથી ઘટત્વાદિ કલૃપ્ત સકલ જાતિઓમાં જાતિ નથી મનાતી આશય એ છે કે કલૃપ્ત ઘટત્વાદિ જાતિઓમાં જો કોઈ એક નવી જાતિ માનીએ તો પૂર્વેની કલૃપ્ત જાતિ અને નવી વિજાતીય એક જાતિ એમ એ સકલ જાતિઓમાં ફરી બીજી એક નવી જાતિ માનવાને પ્રસંગ આવશે. આ રીતે દરેક કલ્પિત નવી વિજાતીય જાતિ સાથે પૂર્વેની સકલ જાતિઓમાં નવી જાતિની કલ્પના કરવામાં અનવસ્થા [અર્થાત્ કલ્પનાનું અનવરતપણું] આવે છે તેથી કલૃપ્ત ઘટત્વાદિ જાતિઓમાં કોઈ જ જાતિ નથી મનાતી. અર્થાત્ સામાન્યમાં વૃત્તિ સામાન્યત્વમાં જાતિત્વની બાધક અનવસ્થા છે. એ સમજી શકાય છે. રૂપહાનિ એટલે લક્ષણ અથવા સ્વરૂપની હાનિ અનંત વિશેષોમાં એક જાતિ માનવામાં વિશેષના લક્ષણની અથવા વિશેષના સ્વરૂપની હાનિ થાય છે માટે વિશેષમાં કોઈ પણ જાતિ નથી મનાતી. આશય એ છે કે, ' निःसामान्यत्वे सति सामान्यभिन्नत्वे सति समवेतत्वम् ' આ વિશેષનું લક્ષણ છે.

અર્થાત્ સામાન્યથી ભિન્ન હોય સામાન્યથી રહિત હોય અને સમવાય સંબંધથી વર્તમાન હોય તેને વિશેષ કહેવાય છે. વિશેષમાં કોઈ પણ જાતિ માનીએ તો સ્વલક્ષણ ઘટક નિઃસામાન્યત્વ વિશેષમાં નહી રહે તેથી નિઃસામાન્યત્વ ઘટિત સ્વ (વિશેષ) લક્ષણની હાનિ થવાથી વિશેષમાં કોઈ પણ જાતિ માનતા નથી. અથવા પરમાણુમાં પરસ્પરના ભેદને સિદ્ધ કરવા વિશેષની કલ્પના કરી છે તે સ્વતઃ

વ્યાવૃત્ત હોવાથી વિશેષનું સ્વરૂપ स्वतो व्यावर्त्तकत्व મનાય છે. એમાં (વિશેષમાં) જાતિ માનીએ તો "जात्याश्रयस्य जातिरूपेणैव व्यावर्त्तकत्वम्" આ નિયમ હોવાથી વિશેષમાં પણ જાતિ રૂપે જ વ્યાવર્ત્તકત્વ માનવાનો પ્રસંગ આવશે અને તેથી 'स्वतोव्यावर्त्तकत्व' સ્વરૂપ સ્વસ્વરૂપની હાનિ થશે, તેથી વિશેષમાં જાતિમત્ત્વ મનાતું નથી અર્થાદ્ વિશેષવૃત્તિ વિશેષત્વ વગેરેમાં જાતિત્વ મનાતું નથી. અસંબંધ એટલે અનુયોગિતા અથવા પ્રતિયોગિતા સંબંધથી સમવાયનો અભાવ. અનુયોગિતા પ્રતિયોગિતાન્યતર સંબંધથી સમવાયનો અભાવ, સમવાય અને અભાવમાં હોવાથી ત્યાં (સમવાય, અભાવમાં) જાતિ મનાતી નથી. સમવાય સંબંધથી રહેનાર પદાર્થમાં સમવાય પ્રતિયોગિતા સંબંધથી મનાય છે. અને સમવાય સંબંધથી જેમાં કોઈ પણ પદાર્થ રહે છે તેમાં અનુયોગિતા સંબંધથી સમવાય મનાય છે. સમવાય અને અભાવ, ન તો સમવાયસંબંધથી વૃત્તિ છે. ન તો તેમાં સમવાય સંબંધથી કોઈ પણ પદાર્થ વૃત્તિ છે. તેથી અનુયોગિતા–પ્રતિયોગિતાન્યતર સંબંધથી સમવાયાભાવના અધિકરણ સમવાય અને અભાવમાં કોઈ પણ જાતિ મનાતી નથી. અર્થાદ્ સમવાય અને અભાવ વૃત્તિ ધર્મમાં જાતિત્વ મનાતું નથી. શેષ સ્પષ્ટ છે.

॥ इति सामान्यनिरूपणम् ॥

## कारिकावली

**अन्त्यो नित्यद्रव्यवृत्तिर्विशेषः परिकीर्त्तितः ॥१०॥**

मुक्तावली ।

विशेषं निरूपयति—अन्त्य इति । अन्तेऽवसाने वर्त्तत इत्यन्त्यः, यदपेक्षया विशेषो नाऽस्तीत्यर्थः । घटादीनां द्वयणुकपर्यन्तानां तत्तदवयवभेदात् परस्परं भेदः । परमाणूनां परस्परं भेदसाधको विशेष एव । स तु स्वत एव व्यावृत्तः, तेन तत्र विशेषान्तरापेक्षा नाऽस्तीत्यर्थः ॥१०॥

विशेषं निरूपयति—अन्त्य......इत्यादि—જે અન્તે વર્તે છે તેને વિશેષ કહેવાય છે. જેની અપેક્ષાએ બીજો કોઇ વિશેષ નથી, તેને અન્ત્ય-વિશેષ કહેવાય છે. ઘટાદિ અન્ત્યાવયવીથી માંડીને દ્વયણુક સ્વરૂપ આદ્યાવયવી સુધીના સકલ દ્રવ્યોના પરસ્પરના ભેદનો સાધક કપાલાદિ અવયવોનો ભેદ છે. પરંતુ પરમાણુના પરસ્પરના ભેદને સિદ્ધ કરનાર કોઈ ન હોવાથી પ્રત્યેક પરમાણુમાં ભિન્નભિન્ન વિશેષ નામના પદાર્થની કલ્પના કરવામાં આવી છે. આ વિશેષોમાં પરસ્પરનો ભેદ તો સ્વતઃ સિદ્ધ છે. અર્થાદ્ વિશેષ સ્વતોવ્યાવૃત્ત છે. વિશેષમાં વિશેષાન્તરના ભેદને સિદ્ધ કરવા બીજા કોઈપણ પદાર્થની કલ્પના કરીએ તો અનવસ્થા આવે છે, તેથી વિશેષ વિશેષાન્તરથી સ્વતોવ્યાવૃત્ત મનાય છે.

। इति विशेषनिरूपणम् ।

## कारिकावली

**घटादीनां कपालादौ द्रव्येषु गुणकर्मणोः ।**
**तेषु जातेश्च सम्बन्धः समवायः प्रकीर्तितः ॥११॥**

मुक्तावली

समवायं दर्शयति–घटादीनामिति । अवयवावयविनोः, जाति–व्यक्त्योः, गुणगुणिनोः, क्रियाक्रियावतोः, नित्यद्रव्यविशेषयोश्च यः सम्बन्धः स समवायः ।

समवायत्वं नित्यसम्बन्धत्वम् । तत्र प्रमाणं तु; गुणक्रियादिविशिष्टबुद्धि र्विशेषणविशेष्यसम्बन्धविषया, विशिष्टबुद्धित्वात्; दण्डी पुरुष इति विशिष्टबुद्धिवदित्यनुमानेन संयोगादिबाधात् समवायसिद्धिः। न च स्वरूपसम्बन्धेन सिद्धसाधनम्, अर्थान्तरं वा। अनन्तस्वरूपाणां सम्बन्धत्वकल्पने गौरवात्, लाघवादेकसमवायसिद्धिः।

न च समवायस्यैकत्वे वायौ रूपवत्ताबुद्धिप्रसङ्गः; तत्र रूपसमवायसत्त्वेऽपि रूपाऽभावात्।

न चैवमभावस्याऽपि वैशिष्ट्यं सम्बन्धान्तरं सिध्येदिति वाच्यम्। तस्य नित्यत्वे भूतले घटानयनानन्तरमपि घटाभावबुद्धिप्रसङ्गात्, घटाभावस्य तत्र सत्त्वात्, तस्य च नित्यत्वात्। अन्यथा देशान्तरेऽपि घटाभावप्रतीति र्न स्यात्; वैशिष्ट्यस्य च तत्र सत्त्वात्, मम तु घटे पाकरक्ततादशायां श्यामरूपस्य नष्टत्वान्न तद्वत्ताबुद्धिः। वैशिष्ट्यस्याऽनित्यत्वे त्वनन्तवैशिष्ट्यकल्पने तवैव गौरवम्। एवं च तत्तत्कालीनं तत्तद्भूतलादिकमेव तत्तदभावानां सम्बन्धः ॥११॥

अथ समवायं दर्शयति—घटादीनाम्......इत्यादि—અવયવ—અવયવી, જાતિ–વ્યક્તિ [જાત્યાશ્રય], ગુણ–ગુણી, ક્રિયા–ક્રિયાવાન; નિત્યદ્રવ્ય અને વિશેષ, આ અયુતસિદ્ધપદાર્થોનો જે સંબંધ છે તેને 'સમવાય' કહેવાય છે. 'नित्यत्वे सति सम्बन्धत्वम्' આ સમવાયનું લક્ષણ છે. 'गुणक्रियादिविशिष्टबुद्धि, र्विशेषणविशेष्य–सम्बन्धविषया विशिष्टबुद्धित्वाद् दण्डीपुरुष इति विशिष्टबुद्धिवद्" આ અનુમાનથી સમવાય સંબંધની કલ્પના કરાય છે. આશય એ છે કે વિશેષણથી વિશિષ્ટ વિશેષ્યને જણાવનારી જે કોઇ વિશિષ્ટ બુદ્ધિ છે તે વિશેષણ અને વિશેષ્યના સંબંધનું પણ અવગાહન કરે જ છે. 'दण्डी पुरुषः' આ દણ્ડવિશિષ્ટ પુરુષ વિષયક વિશિષ્ટ બુદ્ધિ જેમ દંડ અને પુરુષના સંયોગ સંબંધનું અવગાહન કરે છે તેવી જ રીતે 'रूपवान् घटः, क्रियावान् घटः...' ઇત્યાદિ ગુણક્રિયાદિ વિશિષ્ટ વિષયક વિશિષ્ટ બુદ્ધિ પણ ગુણાદિ અને ઘટાદિના સંબંધનું અવગાહન કરે છે. એ સંબંધ

સંયોગાદિ સ્વરૂપ ન હોવાથી તેને સમવાય કહેવાય છે. અયુત-સિદ્ધપદાર્થોનો અન્યદર્શનકારો સ્વરૂપ સંબંધ માને છે તે જ સ્વરૂપ સંબંધની ઉક્ત અનુમાનથી સિદ્ધિ થવાથી પરદર્શનકારોને સિદ્ધસાધન દોષ અને સમવાયને સિદ્ધ કરવામાં પ્રવૃત્ત નૈયાયિકોને અર્થાન્તર દોષનો પ્રસંગ આવે છે, એમ નહીં કહેવું. કારણ કે અયુતસિદ્ધોનો સ્વરૂપ સંબંધ માનીએ તો અનંત પદાર્થોમાં અર્થાત્ સ્વરૂપસંબંધના અનુયોગી અને પ્રતિયોગી સ્વરૂપ અનંત પદાર્થોમાં સંબંધત્વની કલ્પનામાં ગૌરવ થાય છે. એની અપેક્ષાએ અયુતસિદ્ધ પદાર્થોનો એક અતિરિક્ત સમવાય સંબંધ માનવામાં લાઘવ છે. આથી સ્પષ્ટ છે કે ઉક્ત અનુમાનથી સ્વરૂપ સંબંધની સિદ્ધિમાં ગૌરવજ્ઞાન પ્રતિબંધક હોવાથી લાઘવજ્ઞાનાત્મક સહકારિ કારણના કારણે સમવાય સંબંધની જ સિદ્ધિ થાય છે. જેથી પરપક્ષે ન તો સિદ્ધ-સાધન દોષ આવે છે અને ન તો સ્વમતે અર્થાન્તર દોષ આવે છે. યદ્યપિ આ રીતે એક જ સમવાય સંબંધને માનવાથી વાયુમાં પણ રૂપવત્તાબુદ્ધિની આપત્તિ આવશે કારણ કે જેવી રીતે ઘટાદિમાં રૂપ પ્રતિયોગિક સમવાય હોવાથી ઘટાદિમાં રૂપવત્તાની પ્રતીતિ થાય છે, તેવી જ રીતે વાયુમાં રહેલો સ્પર્શ પ્રતિયોગિક સમવાય રૂપ પ્રતિયોગિક સમવાય સંબંધથી ભિન્ન ન હોવાથી તે સંબંધના સત્ત્વના કારણે વાયુમાં તત્સંબંધી રૂપવત્તાની બુદ્ધિનો પ્રસંગ આવશે, પરંતુ વાયુમાં સ્પર્શપ્રતિયોગિક સમવાયથી અનતિરિક્ત રૂપપ્રતિયોગિક સમવાય હોવા છતાં તત્સંબંધીભૂત રૂપનું અસ્તિત્વ ન હોવાથી વાયુમાં રૂપવત્ત્વની પ્રતીતિનો પ્રસંગ નહી આવે. માત્ર તત્પ્રતિયોગિક સંબંધનું જ સત્ત્વ તદ્‌વત્તાબુદ્ધિનું નિયામક નથી. તેમાં તદ્‌નું સત્ત્વ પણ પ્રયોજક છે. એ સ્પષ્ટપણે સમજી શકાય છે, ન ચૈવમભાવસ્યાऽપિ......ઇત્યાદિ—આશય એ છે કે 'અયુતસિદ્ધ-પદાર્થોના સંબંધ રૂપે સ્વરૂપની કલ્પના કરવામાં અનંતપદાર્થોમાં સંબંધત્વની કલ્પના કરવી પડતી હોવાથી જેમ ગૌરવ થાય છે તેમ અભાવ અને તેના અધિકરણનાં સંબંધ તરીકે પણ સ્વરૂપની

કલ્પનામાં ગૌરવ હોવાથી અભાવ અને અધિકરણનો પણ કોઇ એક વૈશિષ્ટ્ય નામનો સ્વરૂપસંબંધથી અતિરિક્ત સંબંધાન્તર માનવો જોઇએ.' આ કહેવું યોગ્ય નથી. કારણ કે વૈશિષ્ટ્યાત્મક આ સંબંધાન્તરને નિત્ય માનીએ તો ઘટાભાવવદ્‌ભૂતલમાં ઘટને લાવ્યા પછી પણ અર્થાદ્‌ ત્યારના ઘટવદ્‌ભૂતલમાં પણ ઘટાભાવવદ્‌ભૂતલની બુદ્ધિનો પ્રસંગ આવશે. ઘટવદ્‌ભૂતલકાળમાં પણ ઘટાભાવ અને તેનો વૈશિષ્ટયાત્મક સંબન્ધ બન્ને નિત્ય હોવાથી બન્ને છે જ અને ભૂતલ પણ વિદ્યમાન છે. અન્યથા–ઘટાભાવને અનિત્ય માનીએ તો ઘટના લાવ્યા પછી ભૂતલમાં ઘટાભાવનો ધ્વંસ થવાથી એ ઘટાભાવની અન્યત્ર કોઇપણ સ્થાને કોઇ પણ કાળે પ્રતીતિ જ નહીં થાય. તેથી ઘટાભાવને તો નિત્ય માન્યા વિના ચાલે એવું નથી. આ રીતે ઘટવદ્‌ભૂતલ સ્થલે ઘટાભાવ ભૂતલ અને વૈશિષ્ટ્યાત્મક સંબંધ ત્રણે હોવાથી ઉપર જણાવ્યા મુજબ ઘટાભાવવત્ત્વની બુદ્ધિનો પ્રસંગ અનિવાર્ય છે. યદ્યપિ સિદ્ધાન્તિના મતે પણ શ્યામ રૂપપ્રતિયોગિક અને રક્તરૂપપ્રતિયોગિક સમવાય બન્ને એક જ હોવાથી પાકના કારણે રકત થયેલા ઘટમાં શ્યામરૂપવત્તાની બુદ્ધિનો પ્રસંગ અનિ-વાર્ય છે એ કહી શકાય છે. પરંતુ પાકના કારણે રક્ત થયેલા ઘટમાં શ્યામરૂપનો ધ્વંસ થવાથી માત્ર તત્પ્રતિયોગિક સમવાયની વિદ્યમાનતાના કારણે શ્યામરૂપવત્તાની બુદ્ધિનો રક્તઘટમાં પ્રસંગ નહીં આવે. અભાવ અને અધિકરણના વૈશિષ્ટ્યાત્મક સંબંધને નિત્ય માનીએ તો સંબંધ અને બન્ને સંબંધી [અભાવ–અધિકરણ] વિદ્યમાન હોવાથી ઘટાનયન પછી પણ ભૂતલાદિમાં ઘટાભાવવત્ત્વબુદ્ધિનો પ્રસંગ અનિવાર્ય છે. તેના નિવારણ માટે વૈશિષ્ટ્યને જો અનિત્ય માનીએ તો ભૂતલાદિમાં ઘટાનયન પછી વૈશિષ્ટ્યાત્મક સંબન્ધનો નાશ થવાથી ભૂતલાદિમાં ઘટાભાવ હોવા છતાં તાદૃશ સંબંધ ન હોવાથી ઘટાભાવવત્ત્વની બુદ્ધિ થતી નથી. આ રીતે ઉક્ત પ્રસંગ યદ્યપિ નિવારી શકાય છે. પરંતુ વૈશિષ્ટ્યાત્મક સંબંધને અનિત્ય માનવાથી તો નવા અનંત સંબંધોની કલ્પના કરવામાં તો વધારે ગૌરવ છે.

એની અપેક્ષાએ કલૃપ્ત અનંત પદાર્થોમાં માત્ર સંબંધત્વની કલ્પનામાં લાઘવ છે એ સમજી શકાય છે. આ રીતે તત્તદ્ઘટાભાવવદ્ભૂતલમિત્યાદિ જ્ઞાનકાલીન તત્તદ્ભૂતલાદિ જ તત્તદ્ઘટાભાવાદિનો સ્વરૂપ સંબંધ છે. જેનું વિશેષ સ્વરૂપ આગળ સ્પષ્ટ કરાશે.

॥ इति समवायनिरूपणम् ॥

## कारिकावली

**अभावस्तु द्विधा संसर्गान्योन्याभावभेदतः**
**प्रागभावस्तथा ध्वंसोऽप्यत्यन्ताभाव एव च ॥१२॥**
**एवं त्रैविध्यमापन्नः संसर्गाभाव इष्यते ।**

## मुक्तावली

अभावं विभजते—अभावस्त्विति । अभावत्वं–द्रव्यादिषट्कान्योन्याभाववत्त्वम् । संसर्गेति । संसर्गाभावान्योन्याभावभेदादित्यर्थः । अन्योन्याभावस्यैकविधत्वात् तद्विभागाभावात् संसर्गाभावं विभजते–प्रागभाव- इति । संसर्गाभावत्वमन्योन्याभावभिन्नाभावत्वम् । अन्योन्याभावत्वं तादात्म्यसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभावत्वम् । विनाश्यभावत्वं प्रागभावत्वम् । जन्याभावत्वं ध्वंसत्वम् । नित्यसंसर्गाभावत्वमत्यन्ताभावत्वम् । यत्र तु भूतलादौ घटादिकमपसारितं पुनरानीतं च तत्र घटकालस्य सम्बन्धाऽघटकत्वादत्यन्ताभावस्य नित्यत्वेऽपि घटकाले न घटात्यन्ताभावबुद्धिः । तत्रोत्पादविनाशशाली चतुर्थोऽयमभाव इति केचित् । अत्र ध्वंसप्रागभावयोरधिकरणे नात्यन्ताभाव इति प्राचां मतम्, श्यामघटे रक्तो नास्ति, रक्तघटे श्यामो नास्तीति धीश्च प्रागभावं ध्वंसं चावगाहते न तु तदत्यन्ताभावं, तयो विरोधात् । नव्यास्तु तत्र विरोधे मानाभावात्, ध्वंसादिकालावच्छेदेनाऽप्यत्यन्ताभावो वर्तत इत्याहुः ॥१२॥

नन्वस्त्वभावानामधिकरणात्मकत्वं, लाघवादिति चेन्न । अनन्ताधिकरणात्मकत्वकल्पनापेक्षया ऽतिरिक्तत्वकल्पनाया एव लघीयस्त्वात् । एवं चाधाराधेयभावोऽप्युपपद्यते, एवं च तत्तच्छब्दरसगन्धाद्यभावानां

प्रत्यक्षत्वमप्युपपद्यते । अन्यथा तत्तदधिकरणानां तत्तदिन्द्रियाग्राह्यत्वात् प्रत्यक्षत्वं न स्यात् । एतेन ज्ञानविशेष–कालविशेषाद्यात्मकत्वमत्यन्ताभावस्येति प्रत्युक्तम्, अप्रत्यक्षत्वापत्तेः ॥

॥ इत्यभावपदार्थविभागग्रन्थः ॥

अथाभावं विभजते–अभावस्त्विति—સંસર્ગાભાવ અને અન્યોન્યાભાવ ભેદથી અભાવ બે પ્રકારનો છે. અભાવત્વ દ્રવ્યાદિષટ્કાન્યોન્યાભાવવત્ત્વ સ્વરૂપ છે, દ્રવ્યાદિ છ પદાર્થોમાં રહેલા ભાવત્વથી અવચ્છિન્ન છે પ્રતિયોગિતા જેની એવા અન્યોન્યાભાવવત્ત્વ સ્વરૂપ અભાવત્વ છે. અર્થાદ્ ભાવત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાન્યોન્યાભાવવત્ત્વ સ્વરૂપ અભાવત્વ છે. અન્યોન્યાભાવ એક જ પ્રકારનો હોવાથી તેનો વિભાગ અશક્ય હોવાથી સંસર્ગાભાવનો વિભાગ કરે છે—प्रागभाव ......ઈત્યાદિ ગ્રંથથી અન્યોન્યાભાવથી ભિન્ન અભાવને સંસર્ગાભાવ કહેવાય છે. અને તાદાત્મ્યસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવને અન્યોન્યાભાવ કહેવાય છે. જેનું સ્વરૂપ તર્કસંગ્રહના વિવરણમાં અભાવના નિરૂપણ વખતે સ્પષ્ટ કર્યું છે. વિનાશી એવા અભાવને પ્રાગભાવ કહેવાય છે. જન્ય એવા અભાવને ધ્વંસ કહેવાય છે. અને નિત્ય એવા સંસર્ગાભાવને અત્યન્તાભાવ કહેવાય છે. જો અત્યન્તાભાવ નિત્ય હોય તો ઘટશૂન્યભૂતલમાં ઘટ લઈ આવ્યા પછી પણ ઘટાભાવવત્ત્વની પ્રતીતિ થશે આ શંકાનું સમાધાન કરતા કહે છે—यत्र तु......ઈત્યાદિ આશય એ છે કે જ્યાં ભૂતલાદિમાં ઘટાદિ દૂર કર્યા હતા અને ફરી ઘટાદિ લઇ આવ્યા ત્યાં ઘટકાલ તદત્યન્તાભાવવિષયક પ્રતીતિના વિષયભૂત સ્વરૂપસંબંધ ઘટક ન હોવાથી અર્થાદ્ ઘટકાલીનભૂતલાદિ તદત્યન્તાભાવના સંબંધ ન હોવાથી ઘટવદ્ ભૂતલમાં નિત્ય ઘટાભાવ હોવા છતાં ઘટાભાવવદ્ ભૂતલની પ્રતીતિ થતી નથી. ઘટાનયન પછી ભૂતલમાં ઘટાભાવવત્ત્વની બુદ્ધિના નિવારણ માટે; સંસર્ગાભાવમાં, ઉત્પાદ અને વિનાશશાલી એવો ચોથો એક અભાવ છે. એમ કેટલાક માને છે. અર્થાદ્ સંસર્ગાભાવ પ્રાગભાવ

ધ્વંસ-નિત્યાત્યન્તાભાવ [નિત્યપ્રતિયોગિક ઘટત્વાદિનો અભાવ] અને ઉત્પાદ વિનાશશાલી ઘટાદ્યત્યન્તાભાવ આ ચાર ભેદથી ચાર પ્રકારનો છે. એવું કેટલાક લોકો માને છે. 'ધ્વંસ અને પ્રાગભાવના અધિકરણમાં અત્યન્તાભાવ વૃત્તિ નથી.' એ પ્રાચીનોનો મત છે. શ્યામ ઘટમાં रक्तो नास्ति ઇત્યાકારક જે પ્રતીતિ થાય છે તે રક્ત રૂપના પ્રાગભાવનું જ અવગાહન કરે છે. આવી જ રીતે રક્તઘટમાં 'श्यामो नास्ति' ઈત્યાકારક જે પ્રતીતિ થાય છે તે પણ શ્યામરૂપના ધ્વંસનું જ અવગાહન કરે છે. પરંતુ રક્ત કે શ્યામરૂપના અત્યન્તાભાવનું અવગાહન નથી કરતી. આ પ્રાચીનોની માન્યતા છે. જ્યારે નવીનો તો ધ્વંસ અને પ્રાગભાવના અધિકરણમાં તત્તત્કાલાવચ્છેદેન [ધ્વંસાદિકાલાવચ્છેદેન] પણ અત્યન્તાભાવ વૃત્તિ હોય છે. એમાં કોઇ વિરોધ નથી. એમ કહે છે. नन्वस्तु......ઈત્યાદિ—આશય એ છે કે, અન્ય દર્શનકારો ભૂતલાદિવૃત્તિ ઘટાદ્યભાવને ભૂતલાદિ સ્વરૂપ માને છે. તેવી રીતે અભાવને અધિકરણ સ્વરૂપ જ માનીએ તો અભાવને અતિરિક્ત માનવાની આવશ્યકતા નહી રહે આ આશયથી શંકા કરનારની પ્રત્યે સમાધાન કરતા કહે છે—न अधिकरणात्मकत्व...ઈત્યાદિ—એનો આશય એ છે કે અભાવને અધિકરણ સ્વરૂપ માનીએ તો એક ઘટાભાવને એના ભૂતલાદિ સ્વરૂપ અનન્ત અધિકરણ સ્વરૂપ માનવો પડશે. એની અપેક્ષાએ ભૂતલાદિ અનંત અધિકરણથી અતિરિક્ત સ્વરૂપ જ ઘટાદ્યભાવને માનવામાં કલ્પનાનું લાઘવ છે. તેમજ અભાવને અધિકરણ સ્વરૂપ માનીએ તો घटाभाववद् भूतलम् ઈત્યાદિ પ્રતીતિથી ભૂતલાદિ આધારરૂપે અને ઘટાભાવાદિ આધેયરૂપે પ્રતીત થાય છે. તે આધાર આધેય ભાવની પ્રતીતિ નહીં થાય કારણ કે ઘટાદ્યભાવને ભૂતલાદિ સ્વરૂપ માનવાથી भूतलं भूतलवद् ની જેમ જ घटाभाववद् [भूतलवद्] भूतलम् ઈત્યાકારક પ્રતીતિ પણ નહીં થઈ શકે. ભિન્ન પદાર્થોમાં જ આધારાધેયભાવની પ્રતીતિ થાય છે. અભાવને અધિકરણ સ્વરૂપ નહીં માનનારા સિદ્ધાંતિઓ પણ અભાવાધિકરણક અભાવને અધિકરણ સ્વરૂપ માને છે તેથી ઘટાભાવ વૃત્તિ ઘટાદ્યભાવને

જેવી રીતે ઘટાભાવ સ્વરૂપ માનવા છતાં "पटाभाववान् घटाभावः" ઈત્યાદિ આધારાધેયભાવની પ્રતીતિની તેઓ અશકયતા નથી જોતાં તેવી રીતે અભાવ માત્રને અધિકરણ સ્વરૂપ માનવા છતાં આધારાધેયભાવની પ્રતીતિની અનુપપત્તિ નહીં થાય તેથી અભાવ માત્રને અધિકરણ સ્વરૂપ માનવામાં કોઈ દોષ નથી. એ કહેવું યોગ્ય નથી, કારણ કે અભાવમાત્રને અધિકરણ સ્વરૂપ માનવાથી તત્તત્ શબ્દ–રસ–ગન્ધાદિના અભાવનું પ્રત્યક્ષ નહી થાય. આશય એ છે કે શ્રવણેન્દ્રિય આકાશ [કર્ણવિવર]માં તત્તત્ શબ્દાભાવનું, રસનેન્દ્રિયથી આમ્રાદિમાં તિક્તાદિરસાભાવનું; અને ઘ્રાણેન્દ્રિયથી પુષ્પાદિમાં અસુરભિગન્ધાદિના અભાવનું પ્રત્યક્ષ થાય છે. અભાવને અધિકરણ સ્વરૂપ માનીએ તો તત્તત્ શબ્દ–રસ અને ગન્ધાદિના અભાવને ક્રમશઃ આકાશ–આમ્ર–અને પુષ્પાદિ સ્વરૂપ માનવો પડશે અને તેથી તાદૃશ આકાશાદિ દ્રવ્ય સ્વરૂપ શબ્દાદિના અભાવના પ્રત્યક્ષ માટે શ્રવણેન્દ્રિયાદિ ઇન્દ્રિયો અયોગ્ય હોવાથી શ્રવણાદિ ઇન્દ્રિયોદ્વારા તત્તત્શબ્દાદિના અભાવનું પ્રત્યક્ષ નહીં થાય, તેથી અભાવને અધિકરણ સ્વરૂપ માની શકાશે નહિ. આથી સ્પષ્ટ છે કે અભાવને અધિકરણ સ્વરૂપ માનવામાં શબ્દાદિના અભાવના પ્રત્યક્ષની અનુપપત્તિ એ બાધક છે. તે અનુપપત્તિ અભાવમાત્રને જ્ઞાનવિશેષ અથવા કાલવિશેષ સ્વરૂપ માનવામાં પણ બાધક છે. આશય એ છે કે ભૂતલાદિવૃત્તિ ઘટાદ્યભાવ घटाभाववद् भूतलमि त्याद्याकारक જ્ઞાન વિશેષ સ્વરૂપ છે. અથવા ઘટાદિ શૂન્યકાલ વિશેષ સ્વરૂપ છે એવું કેટલાક કહે છે. પરંતુ ઉક્ત રીતે ઘટાદ્યભાવને જ્ઞાન અથવા કાલવિશેષ સ્વરૂપ માનીએ તો ભૂતલાદિમાં ઘટાદિના અભાવનું ચાક્ષુષપ્રત્યક્ષ થશે નહીં કારણ કે તાદૃશ જ્ઞાન અથવા કાલ વિશેષ સ્વરૂપ અભાવના ચાક્ષુષ પ્રત્યક્ષ માટે ચક્ષુ યોગ્ય નથી, જ્ઞાનનું મન ઇન્દ્રિયથી માનસ પ્રત્યક્ષ થાય છે. કાલ અતીન્દ્રિય છે. અને શ્રવણેન્દ્રિયાદિ દ્રવ્યગ્રાહક નથી. તેથી તાદૃશ શબ્દાદિના અભાવના પ્રત્યક્ષની અનુપપત્તિના ભયે અભાવમાત્રને અધિકરણ સ્વરૂપ અથવા જ્ઞાન કે કાલ વિશેષ સ્વરૂપ માની શકાશે નહીં. એ સ્પષ્ટ છે.

## कारिकावली ।

**सप्तानामपि साधर्म्यं ज्ञेयत्वादिकमुच्यते ॥१३॥**

### मुक्तावली ।

इदानीं पदार्थानां साधर्म्यं वैधर्म्यं च वक्तुं प्रक्रमते—

सप्तानामिति । समानो धर्मो येषां ते सधर्माणः, तेषां भावः साधर्म्यं, समानो धर्म इति फलितोऽर्थः । एवं विरुद्धो धर्मो येषां ते विधर्माणः, तेषां भावो वैधर्म्यं, विरुद्धो धर्म इति फलितोऽर्थः । ज्ञेयत्वं ज्ञानविषयता । सा च सर्वत्रैवाऽस्ति, ईश्वरज्ञानविषयतायाः केवलान्वयित्वात् । एवमभिधेयत्व-प्रमेयत्वादिकं बोध्यम् ॥१३॥

इति सप्तपदार्थसाधर्म्यकथनम् ॥

## कारिकावली ।

**द्रव्यादयः पञ्च भावा अनेके समवायिनः ।**
**सत्तावन्तस्त्रयस्त्वाद्या गुणादिर्निर्गुणक्रियः ॥१४॥**
**सामान्यपरिहीनास्तु सर्वे जात्यादयो मताः ।**

### मुक्तावली ।

द्रव्यादय इति–द्रव्यगुणकर्मसामान्यविशेषाणां साधर्म्यमनेकत्वं समवायित्वं च । यद्यप्यनेकत्वमभावेऽप्यस्ति, तथाऽप्यनेकत्वे सति भावत्वं पञ्चानां साधर्म्यम् । तथा चाऽनेकभाववृत्तिपदार्थविभाजकोपाधिमत्वमिति फलितोऽर्थः, तेन प्रत्येकं घटाभावाकाशादौ च नाऽव्याप्तिः । समवायित्वं च समवाय सम्बन्धेन सम्बन्धित्वं, न तु समवायवत्त्वं, सामान्यादावभावात् ॥ इति पञ्चपदार्थसाधर्म्यं कथनम् ॥

सत्तावन्त इति । द्रव्यगुणकर्मणां सत्तावत्त्वमित्यर्थः ॥
इति आद्यपदार्थत्रयसाधर्म्यकथनम् ॥

गुणादिरिति–यद्यपि गुणाक्रियाशून्यत्वमाद्यक्षणे घटादावतिव्याप्तं क्रियाशून्यत्वञ्च गगनादावतिव्याप्तम्, तथाऽपि गुणवदवृत्तिधर्मवत्त्वं

कर्मवद्वृत्तिपदार्थविभाजकोपाधिमत्त्वञ्च तदर्थः। न हि घटत्वादिकं द्रव्यत्वादिकं वा गुणवद्वृत्ति कर्मवद्वृत्ति वा, किन्तु गुणत्वादिकं तथा, आकाशत्वादिकन्तु न पदार्थविभाजकोपाधिः ॥१४॥

इति गुणादिषट्पदार्थसाधर्म्यकथनम् ॥

सामान्येति। सामान्यानधिकरणत्वं सामान्यादीनामित्यर्थः।

इति सामान्यादिपदार्थचतुष्टयसाधर्म्यकथनम् ॥

—अथ पदार्थानां साधर्म्यं वैधर्म्यञ्च—

સમાન ધર્મવાલાને સધર્મા કહેવાય છે તેના ભાવને અર્થાદ્ સમાન ધર્મને સાધર્મ્ય કહેવાય છે. આવી રીતે વિરુદ્ધ ધર્મને વૈધર્મ્ય કહેવાય છે. દ્રવ્યાદિ સાતે પદાર્થોનું જ્ઞેયત્વ સાધર્મ્ય છે. જ્ઞેયત્વ જ્ઞાનીય વિષયતા સ્વરૂપ છે. ઇશ્વરીય જ્ઞાનીય વિષયતા સાતે પદાર્થમાં વૃત્તિ હોવાથી તે કેવલાન્વયી છે. 'જ્ઞેયત્વાદિ' અહીં આદિ પદથી અભિધેયત્વ–પ્રમેયત્વાદિનું ગ્રહણ કરવું. અર્થાદ્ પ્રમેયત્વ અભિધેયત્વ આદિ પણ સાતે પદાર્થોનું સાધર્મ્ય છે. દ્રવ્યાદિ છ પદાર્થોનું સાધર્મ્ય ભાવત્વ સ્પષ્ટ છે. સમવાય અથવા એકાર્થ સમવાય સંબંધથી સત્તાવત્ત્વ જેમાં છે તેને ભાવ કહેવાય છે. "स्व (सत्ता) प्रतियोगिकसमवायप्रतियोगित्व –स्वप्रतियोगिकसमवायतादात्म्यान्यतरत्वमेकार्थसमवायत्वम्" સત્તા પ્રતિયોગિક સમવાય પ્રતિયોગિત્વ સામાન્ય અને વિશેષમાં છે અને સત્તા પ્રતિયોગિક સમવાયનું તાદાત્મ્ય સમવાયમાં હોવાથી તાદૃશ એકાર્થ–સમવાય સંબંધથી સત્તા સામાન્ય વિશેષ અને સમવાયમાં છે. સમવાય સંબંધથી સત્તા દ્રવ્ય–ગુણ–કર્મમાં છે. આથી સમવાય અથવા ઉક્ત સ્વરૂપ એકાર્થસમવાય સંબંધથી સત્તાવત્ત્વ સ્વરૂપ ભાવત્વ દ્રવ્યાદિ છ પદાર્થોનું સાધર્મ્ય સ્પષ્ટ હોવાથી તેને ન જણાવતા દ્રવ્યાદિ પાંચ પદાર્થોનું સાધર્મ્ય જણાવે છે— द्रव्यादयः पञ्च......ઇત્યાદિ ગ્રન્થથી. આશય એ છે કે, દ્રવ્ય –ગુણ–કર્મ–સામાન્ય અને વિશેષ આ પાંચ ભાવ પદાર્થોનું સાધર્મ્ય અનેકત્વ અને સમવાયિત્વ છે. યદ્યપિ ચતુર્વિધ અભાવમાં પણ

અનેકત્વ હોવાથી દ્રવ્યાદિ પાંચના સાધર્મ્યની અતિવ્યાપ્તિ થાય છે પરંતુ અનેકત્વનો અર્થ અનેકત્વ વિશિષ્ટ ભાવત્વ હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે અભાવમાં અનેકત્વ હોવા છતાં અનેકત્વ વિશિષ્ટ ભાવત્વ નથી. યદ્યપિ અનેકત્વ વિશિષ્ટ ભાવત્વ પ્રત્યેક ઘટાદિમાં તેમજ ગગનાદિમાં ન હોવાથી અવ્યાપ્તિ આવે છે, પરંતુ 'અનેકત્વવિશિષ્ટ ભાવત્વ', 'અનેકભાવવૃત્તિ જે પદાર્થવિભાજક ઉપાધિ, તદ્વત્ત્વ' સ્વરૂપ અર્થને જણાવે છે તેથી પ્રત્યેક ઘટાદિમાં અને ગગનાદિમાં અવ્યાપ્તિ નહીં આવે કારણ કે અનેકભાવ સ્વરૂપ દ્રવ્યવૃત્તિ પદાર્થવિભાજક દ્રવ્યત્વ સ્વરૂપ ઉપાધિમત્ત્વ પ્રત્યેક ઘટાદિ અને ગગનાદિમાં છે જ. "अनेकभाववृत्तिपदार्थविभाजकोपाधिमत्त्वम्" અહીં પદાર્થવિભાજકોપાધિમત્ત્વ' માત્રનું ઉપાદાન કરીએ તો 'અભાવત્વ' સ્વરૂપ પદાર્થવિભાજકોપાધિનું આશ્રયત્વ અભાવમાં પણ હોવાથી અતિવ્યાપ્તિ થશે તેના નિવારણ માટે 'ભાવવૃત્તિ' પદોપાદાન છે. અભાવત્વ ભાવવૃત્તિપદાર્થ વિભાજક ઉપાધિ ન હોવાથી તેને લઇને અભાવમાં અતિવ્યામિ નહીં આવે. માત્ર ભાવવૃત્તિ પદાર્થ વિભાજકોપાધિમત્ત્વનો જ નિવેશ કરીએ તો એક ભાવવૃત્તિ પદાર્થ–વિભાજક સમવાયત્વ સ્વરૂપ જે ઉપાધિ તદ્વત્ત્વ તો સમવાયમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે 'અનેક' પદનું ઉપાદાન છે, સમવાયત્વ ઉપાધિ અનેક ભાવવૃત્તિ ન હોવાથી તેને લઈને સમવાયમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'અનેક ભાવવૃત્તિ ઉપાધિ મત્ત્વ'નો જ નિવેશ કરીએ તો અનેક ભાવવૃત્તિ ભાવત્વ સ્વરૂપ ઉપાધિનું આશ્રયત્વ સમવાયમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે 'પદાર્થવિભાજક' પદનો નિવેશ છે. ભાવત્વ ઉપાધિ પદાર્થવિભાજક ન હોવાથી તેને લઈને સમવાયમાં અતિવ્યાપ્તિ નહીં આવે. પ્રકૃતસ્થળે 'સમવાયિત્વ' સમવાય સંબંધથી સંબંધિત્વ સ્વરૂપ છે પરંતુ સમવાયાધિકરણત્ત્વ સ્વરૂપ નથી. તેથી સામાન્ય અને વિશેષમાં સમવાયવત્ત્વ ન હોવા છતાં તે સમવાય સંબંધથી સંબંધી હોવાથી તેમાં અવ્યાપ્તિ નથી આવતી. સમવાય

સંબંધના અનુયોગી સમવાયવત્ છે. અને સમવાયના પ્રતિયોગી તથા અનુયોગી સમવાય સંબંધના સંબંધી છે. "समवेतसमवेतवृत्ति-पदार्थविभाजकोपाधिमत्त्वम्" અર્થાત્ સમવેત [समवायसम्बन्धेन सम्बन्धम्] પદાર્થમાં સમવેત જે પદાર્થ તેમા રહેલી પદાર્થ વિભાજક જે ઉપાધિ તદ્દવત્ત્વ, દ્રવ્યાદિ ચાર પદાર્થોનું સાધર્મ્ય છે. કપાલિકાદિ સમવેત કપાલાદિમાં સમવેત ઘટાદિ દ્રવ્યમાં રહેનારી પદાર્થવિભાજક ઉપાધિ 'દ્રવ્યત્વ' છે. કપાલાદિ સમવેત ઘટાદિ સમવેત ગુણ–કર્મ અને સામાન્યમાં રહેનારી પદાર્થવિભાજકોપાધિ અનુક્રમે ગુણુત્વ કર્મત્વ અને સામાન્યત્વ છે. તદ્દવત્ત્વ અનુક્રમે દ્રવ્યાદિ ચાર પદાર્થોમાં હોવાથી, 'समवेतसमवेतवृत्तिपदार्थविभाजकोपाधिमत्त्व' દ્રવ્યાદિ ચારનું સાધર્મ્ય છે એ સ્પષ્ટ છે. અહીં પ્રત્યેક પદનું પ્રયોજન પૂર્વે જણાવેલી રીતે સમજી શકાય છે. કારણુ કે માત્ર સમવેતવૃત્તિપદાર્થ વિભાજક ઉપાધિમત્ત્વના નિવેશથી પરમાણુમાં સમવેત વિશેષવૃત્તિ પદાર્થવિભાજકોપાધિ વિશેષત્વને લઈને વિશેષમાં અતિવ્યાપ્તિ આવશે. માત્ર સમવેતસમવેતવૃત્તિ ઉપાધિમત્ત્વના નિવેશથી સમવેત-સમવેત ઘટાદિદ્રવ્ય–ગુણ–કર્મ–સામાન્ય વૃત્તિ ભાવત્વ ઉપાધિને લઈને વિશેષ–સમવાયમાં અતિવ્યાપ્તિ આવશે. અને માત્ર પદાર્થવિભાજ-કોપાધિમત્ત્વના નિવેશથી તાદૃશ અભાવત્વ ઉપાધિને લઈને અભા-વમાં અતિવ્યાપ્તિ આવશે. એ દુર્જ્ઞેય નથી. યથાશ્રુતમાં તો તાદૃશ ઉપાધિ દ્રવ્યત્વાદિ ચાર જ હોવાથી, વિશેષ–સમવાય–અને અભાવમાં દ્રવ્યત્વાદિ ચારમાંથી કોઈપણુ ઉપાધિ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નથી આવતી. એ પણ સ્પષ્ટ પ્રાયઃ છે. આથી જ ગ્રંથકારે દ્રવ્યાદિ-ચારનું સાધર્મ્ય ન જણાવતા દ્રવ્યાદિ ત્રણનું સાધર્મ્ય જણાવ્યું છે. 'सत्तावन्त...ઈત્યાદિ ગ્રંથથી.–દ્રવ્ય ગુણ અને કર્મ આ ત્રણ પદાર્થોનું સાધર્મ્ય समवायेन सत्तावत्त्व છે. એ સમજવું. અન્યથા પૂર્વે જણાવ્યા મુજબ એકાર્થ સમવાય સંબંધથી સત્તાવત્ત્વ તો સામાન્યાદિમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. नित्यसमवेतपदार्थविभाजकोपाधि-मत्त्वम्' અર્થાત્ નિત્યપદાર્થમાં સમવાયસંબંધથી રહેલી, જે પદાર્થ

વિભાજક ઉપાધિ તદ્વત્ત્વ દ્રવ્ય અને ગુણનું સાધર્મ્ય છે. દ્રવ્યત્વ અને ગુણત્વ ઉપાધિ અનુક્રમે નિત્યપરમાણુમાં અને નિત્ય ગુણમાં સમવાય સંબંધથી વૃત્તિ છે. તેથી 'नित्यसमवेतपदार्थविभाजकोपाधिमत्त्व' દ્રવ્ય-અને ગુણનું સાધર્મ્ય છે. કર્મત્વ ઉપાધિ, સમવેત [કર્મમાં સમવેત] છે પરંતુ નિત્યકર્મ ન હોવાથી તે નિત્યસમવેત નથી. જ્યારે સામાન્યત્વાદિ પદાર્થવિભાજકોપાધિ સામાન્યાદિ સ્વરૂપ નિત્ય પદાર્થમાં વૃત્તિ છે પરંતુ ત્યાં સમવેત નથી. આથી સ્પષ્ટ છે કે કર્મત્વાદિ સ્વરૂપ પદાર્થવિભાજકોપાધિનું ગ્રહણ થઇ શકશે નહીં. અહીં પદોનું પ્રયોજન પૂર્વે જણાવ્યા મુજબ સમજવું. દ્રવ્યમાત્રનું સાધર્મ્ય આગળ કહેવાશે. દ્રવ્યેતર ગુણાદિ છ પદાર્થોનું સાધર્મ્ય 'નિર્ગુણ-ત્વ' અને 'નિષ્ક્રિયત્વ' છે. નિર્ગુણત્વ અને નિષ્ક્રિયત્વનો અર્થ ગુણાત્યન્તા-ભાવવત્ત્વ અને કર્માત્યન્તાભાવવત્ત્વ છે. તેથી દ્રવ્યમાં ગુણ અને ક્રિયાનો અન્યોન્યાભાવ હોવા છતાં અતિવ્યાપ્તિ નથી આવતી. અન્યથા તાદૃશ ગુણ કર્મના અન્યોન્યાભાવ સ્વરૂપ નિર્ગુણત્વ અને નિષ્ક્રિયત્વનું ગ્રહણ થાત તો દ્રવ્યમાં અતિવ્યાપ્તિ આવત. દ્રવ્યમાં ગુણ કર્મનો અત્યન્તાભાવ ન હોવાથી ગુણકર્મના અત્યન્તાભાવ-સ્વરુપ નિર્ગુણત્વ અને નિષ્ક્રિયત્વ સ્વરૂપ ગુણાદિ છ ના સાધર્મ્યની દ્રવ્યમાં અતિવ્યાપ્તિ થતી નથી. યદ્યપિ ઉત્પત્તિના આદ્યક્ષણમાં ઘટાદિદ્રવ્યોમાં ગુણ અને કર્મનો અત્યન્તાભાવ હોવાથી તેમજ ગગનાદિ વિભુદ્રવ્યોમાં સર્વદા કર્મનો અત્યન્તાભાવ હોવાથી તાદૃશ પ્રથમક્ષણવૃત્તિ ઘટાદિમાં અને ગગનાદિ વિભુદ્રવ્યોમાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ તેના નિવારણ માટે 'નિર્ગુણત્વ' અને 'નિષ્ક્રિયત્વ' નો અર્થ અનુક્રમે 'ગુણવદવૃત્તિધર્મવત્ત્વ' અને 'કર્મવદવૃત્તિ પદાર્થ-વિભાજકોપાધિમત્ત્વ' આ પ્રમાણે હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. ઘટત્વાદિ ધર્મો ગુણવદ્દમાં અથવા કર્મવદ્દમાં અવૃત્તિ નથી. તેમજ ગગનત્વ ધર્મ કર્મવદ્દમાં અવૃત્તિ હોવા છતાં તે [ગગનત્વ] પદાર્થ વિભાજક ઉપાધિ નથી. તેથી ઘટત્વાદિ અથવા ગગનત્વાદિને લઇને ઘટાદિ દ્રવ્યોમાં અથવા ગગનાદિ વિભુ દ્રવ્યોમાં અતિવ્યાપ્તિ નહીં

આવે. ગુણવદ્માં અવૃત્તિ ધર્મ ગુણત્વાદિ છે. તેમજ કર્મવદ્માં અવૃત્તિ પદાર્થવિભાજક ઉપાધિપણ ગુણત્વાદિ જ છે. તેથી તાદૃશાર્થ પર્યવસાયી 'નિર્ગુણત્વ' અને 'નિષ્ક્રિયત્વ' આ ગુણાદિ છ નું સાધર્મ્ય સ્પષ્ટ છે. સામાન્યાદિ ચાર પદાર્થોનું સાધર્મ્ય સામાન્ય પરિહીનત્વ છે. યદ્યપિ પૂર્વે જણાવ્યા મુજબ [જુઓ પૃ. નં. ૪૫] એકાર્થ સમવાય સંબંધથી સત્તાવત્ત્વ સામાન્યાદિમાં હોવાથી 'સામાન્યાદિ ચારનું સાધર્મ્ય 'સામાન્ય રહિતત્વ' છે.' એ કહેવું અયુક્ત છે. પરંતુ સામાન્ય પરિહીનત્વનો અર્થ સામાન્યાનધિકરણત્વ છે. એકાર્થ સમવાય સંબંધ વૃત્તિતા નિયામક ન હોવાથી તે સંબંધથી સામાન્યાદિમાં સામાન્યનું સંબંધિત્વ હોવા છતાં સામાન્યનિષ્ઠાધેયતા નિરૂપિત અધિકરણતાનો અભાવ છે જ તેથી તાદૃશ 'સામાન્યાનધિકરણત્વ' સામાન્યાદિ ચાર પદાર્થનું સાધર્મ્ય છે એ સ્પષ્ટ છે.

## कारिकावली ।

**पारिमाण्डल्यभिन्नानां कारणत्वमुदाहृतम् ॥१५॥**

## मुक्तावली ।

पारिमाण्डल्येति । पारिमाण्डल्यमणुपरिमाणम्, कारणत्वं तद्भिन्नानामित्यर्थः । अणुपरिमाणं तु न कस्याऽपि कारणम् । तद्धि स्वाश्रयारब्धद्रव्यपरिमाणारंभकं भवेत् । तच्च न सम्भवति । परिमाणस्य स्वसमानजातीयस्वोत्कृष्ट–परिमाणजनकत्वनियमात् । महदारब्धस्य महत्तरत्ववदणुजन्यस्याणुतरत्वप्रसङ्गात् । एवं परममहत्परिमाणमतीन्द्रिय–सामान्यं विशेषाश्च बोध्याः । इदमपि योगिप्रत्यक्षे विषयस्य न कारणत्वं, ज्ञायमानं सामान्यं न प्रत्यासत्तिः, ज्ञायमानं लिङ्गं नाऽनुमितिकरणमित्यभिप्रायेणोक्तम् । आत्ममानसप्रत्यक्षे आत्मपरममहत्त्वस्य कारणत्वात् परममहत्परिमाणमाकाशादे र्बोध्यम् । तस्याऽपि न कारणत्वमित्याचार्याणामाशय इत्यन्ये । तन्न । ज्ञानातिरिक्तं प्रत्येवाऽकारणताया आचार्यैरुक्तत्वात् ॥१५॥

॥ इति पारिमाण्डल्यभिन्नपदार्थसाधर्म्यकथनम् ॥

પારિમાણ્ડલ્યથી ભિન્ન પદાર્થનું સાધર્મ્ય 'કારણત્વ' છે. अणुपरिमाण–महत्परिमाण–अतीन्द्रिय सामान्य–અને વિશેષ આ પદાર્થોને પારિમાણ્ડલ્ય કહેવાય છે. આ પારિમાણ્ડલ્ય પદાર્થો કોઈ પણ કાર્યનું કારણ નથી. યદ્યપિ પરમાણુ અને દ્વયણુકનું અણુપરિમાણ સ્વારબ્ધ દ્વયણુક અને ત્ર્યણુકના પરિમાણનું કારણ થઇ શકે છે કારણ કે અવયવના ગુણો સ્વાવયવીના ગુણોની પ્રત્યે અસમવાયિ કારણ છે. પરંતુ 'પરિમાણ સ્વસમાન જાતીય ઉત્કૃષ્ટ પરિમાણનું જનક છે.' એ નિયમ છે. તેથી જ મધ્યમમહત્પરિમાણવત્કપાલથી આરબ્ધ ઘટમાં કપાલ પરિમાણ સજાતીય ઉત્કૃષ્ટ (અર્થાદ્ કપાલના મધ્યમમહત્પરિમાણની અપેક્ષાએ મહત્તર) મધ્યમમહત્પરિમાણની ઉત્પત્તિ કપાલના પરિમાણથી થાય છે. તેવી જ રીતે પરમાણુ કે દ્વયણુકના અણુપરિમાણથી દ્વયણુક કે ત્ર્યણુકમાં અણુપરિમાણની ઉત્પત્તિ માનીએ તો તે, પરમાણુ કે દ્વયણુકના અણુપરિમાણની અપેક્ષાએ અણુતર (અર્થાદ્ વધારે નાનુ) પરિમાણ થશે. તેથી પરમાણુ કે દ્વયણુકના અણુપરિમાણને કોઇનું પણ કારણ માનતા નથી. આવી જ રીતે પરમમહત્પરિમાણ અતીન્દ્રિય સામાન્ય અને વિશેષ પણ કોઈનું કારણ નથી. યદ્યપિ યોગિજનોને અતીન્દ્રિય પરમાણુ વગેરે તથા તેના અણુપરિમાણ વગેરેનું પણ પ્રત્યક્ષ થાય છે અને પ્રત્યક્ષની પ્રત્યે વિષય કારણ છે તેથી સ્વપ્રત્યક્ષની પ્રત્યે [પરમાણુ વગેરેના અણુ પરિમાણના પ્રત્યક્ષની પ્રત્યે] વિષયતયા અણુપરિમાણ કારણ બને છે. તેવી જ રીતે પરમ મહત્પરિમાણ પણ સ્વપ્રત્યક્ષની પ્રત્યે વિષય વિધયા કારણ બને છે. પૃથ્વીત્વેન જ્ઞાયમાન ઘટાદિ વૃત્તિ પૃથ્વીત્વાત્મક સામાન્ય; આગળ વર્ણવાશે તે મુજબ સકલ ઘટના (પૃથ્વીત્વ વિશિષ્ટ સકલ ઘટના) અલૌકિક પ્રત્યક્ષની પ્રત્યે કારણ બને છે. અને ઘટાદિ વૃત્તિ કે પાર્થિવ પરમાણુમાં વૃત્તિ પૃથ્વીત્વ એક જ હોવાથી વક્ષ્યમાણ રીતે અલૌકિક પ્રત્યક્ષની પ્રત્યે અલૌકિકસન્નિકર્ષરૂપે અતીન્દ્રિય સામાન્ય પણ કારણ છે. તેમજ "पर्वतो वह्निमान् धूमाद्" આ અનુમાન સ્થળે વહ્નિની અનુમિતિમાં જેવી રીતે ધૂમ

કારણ-હેતુ છે. તેવી રીતે "परमाणुः परमाण्वन्तराद् भिन्नो विशेषाद्" આ અનુમાનમાં પરમાણ્વન્તરના ભેદની અનુમિતિમાં વિશેષ પણ કારણ બને છે. તેથી પારિમાણ્ડલ્ય સ્વરૂપ અણુ પરિમાણ-પરમમહત્પરિમાણ-અતીન્દ્રિય સામાન્ય અને વિશેષ પદાર્થો પણ કારણ હોવાથી પારિમાણ્ડલ્ય ભિન્નોનું સાધર્મ્ય 'કારણત્વ' છે. એ કહેવું યુક્ત નથી. પરંતુ યોગીઓના પ્રત્યક્ષમાં વિષય કારણ નથી. સામાન્ય, અલૌકિક પ્રત્યક્ષની પ્રત્યે સન્નિકર્ષ નથી. અને જ્ઞાયમાનલિઙ્ગ અનુમિતિનું કરણ નથી અર્થાદ્ વિષય વિના પણ અતીતાદિ પદાર્થોનું યોગીઓને પ્રત્યક્ષ થાય છે. અલૌકિક પ્રત્યક્ષની પ્રત્યે વક્ષ્યમાણ રીતે સામાન્ય વિષયક જ્ઞાન જ સન્નિકર્ષ છે. અને અતીતાદિ લિઙ્ગવિષયક જ્ઞાનથી અનુમિતિ થતી હોવાથી અનુમિતિની પ્રત્યે લિઙ્ગજ્ઞાન જ કરણ છે. એ સિદ્ધાન્તના અભિપ્રાયથી જ પારિમાણ્ડલ્ય સ્વરૂપ અણુપરિમાણાદિ પદાર્થોનું અકારણત્વ જોઇને પારિમાણ્ડલ્ય ભિન્ન પદાર્થોનું સાધર્મ્ય કારણત્વ બતાવ્યું છે. તેથી કોઇ દોષ નથી. ઉપર જણાવેલા યોગિપ્રત્યક્ષ-સામાન્ય વિષયક જ્ઞાન સ્વરૂપ સન્નિકર્ષ વગેરે પદાર્થોનું સ્વરૂપ આગળ અલૌકિક સન્નિકર્ષના નિરૂપણ પ્રસંગે સ્પષ્ટ થશે. આત્માના માનસ પ્રત્યક્ષની પ્રત્યે આત્માનું પરમમહત્પરિમાણ કારણ હોવાથી પારિમાણ્ડલ્ય પદાર્થાન્તઃપાતિ પરમમહત્ પરિમાણ આત્માથી ઈતર ગગનાદિ દ્રવ્યોનું જ સમજવું અન્યથા આત્માના પરમમહત્પરિમાણમાં કારણત્વ હોવાથી પારિમાણ્ડલ્ય ભિન્નોના સાધર્મ્ય 'કારણત્વ'ની તેમાં (આત્માના પરમમહત્પરિમાણમાં) અતિવ્યાપ્તિ આવશે. આત્માનું પરમમહત્ પરિમાણ પણ કોઇનું કારણ નથી. આ પ્રમાણે આચાર્યનો આશય છે. તેથી પારિમાણ્ડલ્યાન્તઃપાતિ પરમમહત્પરિમાણ આત્મેતર ગગનાદિ દ્રવ્યોનું જ સમજવાની જરૂર નથી. પરંતુ પરમમહત્પરિમાણ માત્ર લેવાનું છે. એવું કેટલાક કહે છે. તે યુક્ત નથી કારણ કે આચાર્યે પોતાના ગ્રંથમાં પારિમાણ્ડલ્ય પદાર્થોની અકારણતાને જ્ઞાનાતિરિક્ત કાર્ય નિરૂપિત કારણતાના અભાવરૂપે જણાવી છે તેથી ત્યાં પારિ-

માણ્ડલ્યાન્તઃપાતિ પરમમહત્પરિમાણ આત્માનું પણ લઇ શકાય છે. કારણ કે આત્માનું પરમમહત્પરિમાણ આત્મ માનસ પ્રત્યક્ષાત્મકઃ જ્ઞાનથી અતિરિક્ત કોઈનું પણ કારણ નથી.

## कारिकावली ।

**अन्यथासिद्धिशून्यस्य नियता पूर्ववर्तिता ।**
**कारणत्वं भवेत् तस्य त्रैविध्यं परिकीर्तितम् ॥१६॥**
**समवायिकारणत्वं ज्ञेयमथाऽप्यसमवायिहेतुत्वम् ।**
**एवं न्यायनयज्ञैस्तृतीयमुक्तं निमित्तहेतुत्वम् ॥१७॥**
**यत्समवेतं कार्यं भवति ज्ञेयं तु समवायिजनकं तत् ।**
**तत्रासन्नं जनकं द्वितीयमाभ्यां परं तृतीयं स्यात् ॥१८॥**

## मुक्तावली ।

ननु कारणत्वं किमत आह – अन्यथासिद्धीति । तस्य कारणत्वस्य ॥ १६–१७ ॥

तत्रेति । समवायिकारणे प्रत्यासन्नं कारणं द्वितीयमसमवायिकारणमित्यर्थः । अत्र यद्यपि तुरीतन्तुसंयोगे पटाऽसमवायिकारणत्वं स्यात्, वेगादीनामभिघाताद्यसमवायिकारणत्वं स्यात्, एवं ज्ञानादीनामपीच्छाद्यसमवायिकारणत्वं स्यात्, तथाऽपि पटाऽसमवायि–कारणलक्षणे तुरीतन्तुसंयोगभिन्नत्वं देयम् । तुरीतन्तुसंयोगस्तु तुरीपटसंयोगं प्रत्यसमवायिकारणं भवत्येव । एवं वेगादिकमपि वेगस्पन्द–द्यसमवायिकारणं भवत्येवेति तत्तत्कार्यासमवायिकारणलक्षणे तत्तद्भिन्नत्वं देयम् । आत्मविशेषगुणानां तु कुत्राऽप्यसमवायिकारणत्वं नाऽस्ति, तेन तद्भिन्नत्वं सामान्यलक्षणे देयमेव । अत्र समवायिकारणे प्रत्यासन्नं द्विविधं, कार्यैकार्थप्रत्यासत्त्या, कारणैकार्थप्रत्यासत्त्या च । आद्यं यथा – घटादिकं प्रति कपालसंयोगादिकमसमवायिकारणम् । तत्र कार्येण घटेन सह कारणस्य कपालसंयोगस्य एकस्मिन् कपाले प्रत्यासत्तिरस्ति । द्वितीयं यथा – घटरूपं प्रति कपालरूपमसमवायिकारणम् । स्वगतरूपादिकं

प्रति समवायिकारणं घटः, तेन सह कपालरूपस्यैकस्मिन् कपाले प्रत्यासत्तिरस्ति । तथा च क्वचित् समवायसम्बन्धेन, क्वचित् स्वसमवायिसमवेतत्वसम्बन्धेनेति फलितोऽर्थः । इत्थञ्च कार्यैकार्थ–कारणैकार्थान्यतरप्रत्यासत्त्या समवायिकारणे प्रत्यासन्नं कारणं ज्ञानादिभिन्नमसमवायिकारणमिति सामान्यलक्षणं पर्यवसितम् । आभ्यां—समवायिकारणासमवायिकारणाभ्याम्, परं–भिन्नं कारणं, तृतीयं—निमित्तकारणमित्यर्थः ॥१८॥

॥ इति कारणनिरूपणम् ॥

અન્યથાસિદ્ધિથી શૂન્ય નિયત પૂર્વવર્ત્તિને કારણ કહેવાય છે. જેમાં સમવાય સંબંધથી કાર્ય ઉત્પન્ન થાય છે તેને સમવાયિ કારણ કહેવાય છે. સમવાયિ કારણમાં સમવાય અથવા સ્વસમવાયિ સમવેતત્વ સંબંધથી વર્ત્તમાન કારણને અસમવાયિ કારણ કહેવાય છે. પટાત્મક કાર્યનું સમવાયિ કારણ તંતુ છે. એ તંતુમાં સમવાય સંબંધથી વર્તમાન તંતુ સંયોગાત્મક કારણ પટની પ્રત્યે અસમવાયિ કારણ છે. તેમજ પટરૂપાત્મક કાર્યના સમવાયિ કારણ પટમાં સ્વ-સમવાયિ સમવેતત્વ સંબંધથી વર્ત્તમાન તન્તુનું રૂપ પટના રૂપનું અસમવાયિ કારણ છે. યદ્યપિ પટાત્મક કાર્યના સમવાયિકારણ તન્તુમાં સમવાય સંબંધથી વર્ત્તમાન તુરીતન્તુ સંયોગાત્મક (પટનું) કારણ પણ છે. તેથી તુરીતન્તુનો સંયોગ પટની પ્રત્યે અસમવાયિ કારણ થશે. તેવી રીતે ઇચ્છાદિ સ્વરૂપ કાર્યની પ્રત્યે જ્ઞાનાદિને પણ અસમવાયિ કારણ માનવા પડશે. કારણ કે તે પણ ઇચ્છાદિના સમવાયિ કારણ આત્મામાં સમવાય સંબંધથી વર્ત્તમાન છે. અસમવાયિકારણના નાશથી કાર્યનો નાશ થતો હોવાથી પટની પ્રત્યે તુરીતંતુના સંયોગને, અસમવાયિ કારણ નથી માનતા. તેમજ આત્માના વિશેષ ગુણોને પણ અસમવાયિ કારણ માનતા નથી. (અન્યથા તુરીતંતુ સંયોગ કે જ્ઞાનાદિના નાશથી પટ અથવા ઇચ્છાદિનો નાશ થશે.) તેથી તેમાં ઉપર જણાવ્યા મુજબ અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ તેના નિવારણ માટે અસમવાયિ કારણના સામાન્ય લક્ષણમાં આત્મ-

વિશેષગુણભિન્નત્વ પદનું ઉપાદાન કરવાથી તેમજ પટના અસમવાયિ કારણના લક્ષણમાં તુરીતંતુ સંયોગ ભિન્નત્વ પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે. અસમવાયિ કારણના સામાન્ય-લક્ષણમાં આત્મવિશેષગુણભિન્નત્વને જેમ નિવેશ કર્યો છે. તેવી રીતે તુરીતંતુસંયોગભિન્નત્વને નિવેશ નહિ કરી શકાય. કારણ કે તુરીતંતુ સંયોગ પટની પ્રત્યે અસમવાયિ કારણ નથી પરંતુ તુરી પટના સંયોગની પ્રત્યે તો તે અસમવાયિ કારણ છે જ. આથી સ્પષ્ટ છે કે આત્માના વિશેષ ગુણો કાર્યમાત્રની પ્રત્યે અસમવાયિ કારણ નથી. જ્યારે તુરીતંતુ સંયોગ પટની પ્રત્યે જ અસમવાયિ કારણ નથી. તેથી પટના અસમવાયિ કારણના લક્ષણમાં જ તુરીતંતુસંયોગ-ભિન્નત્વપદને નિવેશ કરવો જોઈએ. આવી જ રીતે અભિઘાતાદિની પ્રત્યે પણ વેગાદિ કારણ અભિઘાતાદિના સમવાયિ કારણ દ્રવ્યમાં સમવાય સંબંધથી વર્ત્તમાન હોવા છતાં તેને અસમવાયિ કારણ માનતા ન હોવાથી અભિઘાતાદિના અસમવાયિ કારણના લક્ષણમાં વેગાદિ ભિન્નત્વ પદને નિવેશ કરવો જોઈએ. વેગાદિને વેગ તથા સ્પંદાદિના અસમવાયિ કારણ મનાય છે. તેથી પૂર્વે જણાવ્યા મુજબ અસમવાયિ કારણના સામાન્ય લક્ષણમાં વેગાદિ ભિન્નત્વને નિવેશ કરી શકાશે નહિ. अत्र समयायिकारणे......ઈત્યાદિથી 'असमवायिकारणमिति सामान्यलक्षणं पर्यवसितम् ।' અહીં સુધીનો ગ્રન્થ સ્પષ્ટ છે. તેનું વિવરણ તર્કસંગ્રહના વિવરણમાં અસમવાયિકારણના નિરૂપણ વખતે કરેલું છે. સમવાયિકારણથી ભિન્ન તથા અસમવાયિ-કારણથી ભિન્ન એવા કારણને નિમિત્ત કારણ કહેવાય છે.

## कारिकावली ।

येन सह पूर्वभावः, कारणमादाय वा यस्य ।
अन्यं प्रति पूर्वत्वे ज्ञाते यत्पूर्वभावविज्ञानम् ॥१९॥
जनकं प्रति पूर्ववृत्तितामपरिज्ञाय न यस्य गृह्यते ।
अतिरिक्तमथाऽपि यद्भवेन्नियतावश्यकपूर्वभाविनः ॥२०॥
एते पञ्चाऽन्यथासिद्धा दण्डत्वादिकमादिमम् ।
घटादौ दण्डरूपादि द्वितीयमपि दर्शितम् ॥२१॥
तृतीयं तु भवेद्व्योम कुलालजनकोऽपरः ।
पञ्चमो रासभादिः स्यादेतेष्वावश्यकस्त्वसौ ॥२२॥

## मुक्तावली ।

इदानीमन्यथासिद्धत्वमेव कियतामत आह—येनेति । यत्कार्यं प्रति कारणस्य पूर्ववृत्तिता येन रूपेण गृह्यते, तत्कार्यं प्रति तद्रूपमन्यथासिद्धमित्यर्थः । यथा घटं प्रति दण्डत्वमिति ।

द्वितीयमन्यथासिद्धमाह—कारणमिति । यस्य स्वातन्त्र्येणान्वयव्यतिरेकौ न स्तः, किन्तु कारणमादायैवाऽन्वयव्यतिरेकौ गृह्येते, तदन्यथासिद्धम् । यथा दण्डरूपम् ।

तृतीयमाह—अन्यं प्रतीति । अन्यं प्रति पूर्ववृत्तित्वं गृहीत्वैव यस्य यत्कार्यं प्रति पूर्ववृत्तित्वं गृह्यते, तस्य तत् कार्यं प्रत्यन्यथासिद्धत्वम् । यथा—घटादिकं प्रत्याकाशस्य, तस्य हि घटादिकं प्रति कारणत्वमाकाशत्वेनैव स्यात्, तद्धि शब्दसमवायिकारणत्वम्, एवं च तस्य शब्दं प्रति कारणत्वं गृहीत्वैव घटादिकं प्रति जनकत्वं ग्राह्यमतस्तदन्यथासिद्धम् । ननु शब्दाश्रयत्वेन तस्य कारणत्वे काऽन्यथासिद्धिरिति चेत्, पञ्चमीति गृहाण । नन्वाकाशस्य शब्दं प्रति जनकत्वे किमवच्छेदकमिति चेत, कवत्त्वादिकं विशेषपदार्थो वेति ॥१९॥

चतुर्थमन्यथासिद्धमाह—जनकं-प्रतीति । यत् कार्यजनकं प्रति पूर्ववृत्तित्वं गृहीत्वैव यस्य यत्कार्यं प्रति पूर्ववर्तित्वं गृह्यते, तस्य तत्कार्यं प्रत्यन्यथासिद्धत्वम् । यथा कुलालपितु घटं प्रति, तस्य हि कुलालपितृत्वेन घटं प्रति जनकत्वेऽन्यथासिद्धिः । कुलालत्वेन रूपेण जनकत्वे त्विष्टापत्तिः, कुलालमात्रस्य घटं प्रति जनकत्वात् ।

पञ्चमान्यथासिद्धमाह—अतिरिक्तमिति । अवश्यक्लृप्तनियतपूर्ववर्तिन एव कार्यसम्भवे तद्भिन्नमन्यथासिद्धमित्यर्थः । अत एव प्रत्यक्षे महत्त्वं कारणम्, अनेकद्रव्यवत्त्वमन्यथासिद्धम् । तत्र हि महत्त्वमवश्यक्लृप्तं, तेनाऽनेकद्रव्यवत्त्वमन्यथासिद्धम् । न च वैपरीत्ये किं विनिगमकमिति वाच्यम् । महत्त्वत्वजातेः कारणतावच्छेदकत्वे लाघवात् ॥ २०-२१ ॥

रासभादिरिति—यद्यपि यत्किञ्चिद्घटव्यक्तिं प्रति रासभस्य नियतपूर्ववृत्तित्वमस्ति, तथाऽपि घटजातीयं प्रति सिद्धकारणभावैर्दण्डादिभिरेव तद्व्यक्तेरपि सम्भवे रासभोऽन्यथासिद्ध इति भावः । एतेषुपञ्चस्वन्यथासिद्धेषु मध्ये पञ्चमोऽन्यथासिद्ध आवश्यकः, तेनैव परेषां चरितार्थत्वात् तथा हि दण्डादिभिरवश्यक्लृप्तनियतपूर्ववर्तिभिरेव कार्यसंभवे दण्डत्वादिकमन्यथासिद्धम् । न च वैपरीत्ये किं विनिगमकमिति वाच्यम् । दण्डत्वस्य कारणत्वे दण्डघटितायाः परम्परायाः सम्बन्धत्वकल्पने गौरवात् । एवमन्येषामप्यनेनैव चरितार्थत्वं सम्भवति ॥२२॥

॥ इति पञ्चविधान्यथासिद्धनिरूपणम् ॥

अथान्यथासिद्धत्वमाह-येन......इत्यादि ।—જે કાર્યની પ્રત્યે કારણની પૂર્વવૃત્તિતા જે રૂપે અર્થાત્ જે ધર્માવચ્છેદેન જણાય છે. તે કાર્યની પ્રત્યે તે રૂપ [તે ધર્મ] અન્યથા સિદ્ધ છે. દા. ત. ઘટાત્મક કાર્યની પ્રત્યે દંડની પૂર્વવૃત્તિતા દંડત્વધર્માવચ્છેદેન જણાય છે તેથી દંડત્વ ધર્મ અન્યથા સિદ્ધ છે. જેનો જે કાર્યની સાથે અન્વયવ્યતિરેક સ્વાતન્ત્ર્યથી ન હોય પરંતુ કારણને લઈ ને જ અન્વયવ્યતિરેક હોય તે તે કાર્યની પ્રત્યે અન્યથા સિદ્ધ છે. દા. ત. ઘટાત્મક કાર્યની સાથે 'યત્ર ઘટસ્તત્ર સ્વાશ્રયાશ્રયત્વ સંબંધેન દંડરૂપમ્'; 'યત્ર સ્વાશ્રયા-

શ્રયત્વ સંબંધેન દંડરૂપાભાવ સ્તત્ર ઘટાભાવઃ' આ રીતે જ દંડના રૂપનો અન્વય–વ્યતિરેક છે. જે સ્વાશ્રયાશ્રયત્વ ઘટક સ્વાશ્રય દંડના કારણે છે. પરંતુ દંડની જેમ સ્વતંત્રપણે નથી, તેથી દંડનું રૂપ ઘટની પ્રત્યે અન્યથા સિદ્ધ છે. બીજાની પ્રત્યે પૂર્વવૃત્તિત્વના જાણ્યા પછી જ જે કાર્યની પ્રત્યે જેની પૂર્વવૃત્તિતા જણાય છે તે કાર્યની પ્રત્યે તે અન્યથા સિદ્ધ છે. દા. ત. ઘટાત્મક કાર્યની પ્રત્યે આકાશમાં કારણતા માનવી હોય તો તે આકાશત્વેન માનવી જોઈએ. અને આકાશત્વ શબ્દ સમવાયિકારણત્વ સ્વરૂપ છે. તેથી શબ્દાત્મક અન્ય કાર્યની પ્રત્યે આકાશની પૂર્વવૃત્તિતાના જાણ્યા પછી જ ઘટાદિ કાર્યની પ્રત્યે આકાશની પૂર્વવૃત્તિતા જણાય છે. માટે 'આકાશ' ઘટાદિની પ્રત્યે અન્યથાસિદ્ધ છે. યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ શબ્દ-સમવાયિકારણત્વ સ્વરૂપ આકાશત્વને માનીએ તો આકાશમાં અન્યથા સિદ્ધત્વ યોગ્ય છે. પરંતુ આકાશત્વને શબ્દાશ્રયત્વ સ્વરૂપ માનવાથી આકાશની પૂર્વવૃત્તિતાના જ્ઞાન માટે અન્યની પ્રત્યે પૂર્વવૃત્તિતાના જ્ઞાનની આવશ્યકતા નથી. તેથી આકાશમાં અન્યથાસિદ્ધત્વ યોગ્ય નથી; પણ આ રીતે તૃતીય અન્યથા સિદ્ધત્વ આકાશમાં ન હોય તો પણ પાંચમી અન્યથાસિદ્ધિ તો છે જ. અર્થાદ્ તૃતીય અન્યથા સિદ્ધ-ત્વનું નિરૂપણ આકાશત્વને શબ્દસમવાયિકારણત્વ સ્વરૂપ માનીને જ કરવામાં આવ્યુ છે. યદ્યપિ આકાશત્વને શબ્દસમવાયિકારણત્વસ્વરૂપ માનીએ તો શબ્દ નિરૂપિત આકાશમાં રહેલી સમવાયિકારણતાનો અવચ્છેદક આકાશત્વ નહીં થઇ શકે કારણ કે સ્વનો સ્વ અવચ્છેદક થતો નથી. તેથી આકાશમાં રહેલી તે કારણતાનો અવચ્છેદક ધર્મ જ અપ્રસિદ્ધ થશે. પરંતુ આકાશનિષ્ઠ તાદૃશકારણતાનો અવચ્છેદક કવત્ત્વ ખવત્ત્વાદિ સ્વરૂપ ધર્મને માની શકાય છે. અથવા કવત્ત્વને કારણતાવચ્છેદક માનીએ તો ખવત્ત્વને કેમ નહીં ? આ રીતે વિનિ-ગમનના અભાવે અનન્ત વર્ણોમાં કારણતાવચ્છેદકત્વ માનવામાં ગૌરવ થતો હોવાથી આકાશમાં રહેલો વિશેષ પદાર્થ જ આકાશ-નિષ્ઠ સમવાયિકારણતાનો અવચ્છેદક છે. જે કાર્યના જનકની

પ્રત્યે પૂર્વવૃત્તિતાના જ્ઞાન પછી જ જેની જે કાર્યની પ્રત્યે પૂર્વવૃત્તિતા ગ્રાહ્ય થાય છે, તે કાર્યની પ્રત્યે તે અન્યથાસિદ્ધ છે. દા. ત. ઘટાત્મક કાર્યના જનક કુલાલની પ્રત્યે કુલાલપિતાની પૂર્વવૃત્તિતાને જાણ્યા પછી જ કુલાલપિતાની પૂર્વવૃત્તિતા ઘટાત્મક કાર્યની પ્રત્યે ગ્રહણ કરાય છે. તેથી ઘટાત્મકકાર્યની પ્રત્યે **કુલાલનો પિતા** અન્યથા સિદ્ધ છે. યદ્યપિ કુલાલનો પિતા પણ કુલાલ હોવાથી કુલાલત્વેન ઘટની પ્રત્યે તે જનક હોવાથી તેને અન્યથાસિદ્ધ નહીં માનવો જોઈએ કારણ કે ઘટ સામાન્યની પ્રત્યે કુલાલ-સામાન્ય કારણ છે. પરંતુ ઘટની પ્રત્યે કુલાલત્વેન કુલાલપિતા કારણ હોવા છતાં કુલાલ-પિતૃત્વેન રૂપેણ અન્યથા સિદ્ધ છે. અહીં એ યાદ રાખવું કે પ્રથમ અને દ્વિતીય તથા તૃતીય અને ચતુર્થ અન્યથા સિદ્ધમાં દ્વિતીય અને તૃતીયલક્ષણના અભિપ્રાયથી ભિન્નતા નથી. પરંતુ શિષ્યોની બુદ્ધિના વૈશદ્ય માટે આ રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે. અન્યથા તો વક્ષ્યમાણ પંચમ અન્યથાસિદ્ધમાં જ બધાનો સમાવેશ શકય હોવાથી ઉપર જણાવેલા ચારે અન્યથાસિદ્ધનું નિરૂપણ કરવાની આવશ્યકતા ન હતી. અવશ્યકૢપ્ત નિયત પૂર્વવર્ત્તિ અર્થાદ્ કાર્યની પ્રત્યે જેની નિયત પૂર્વવૃત્તિતા અવશ્ય મનાય છે. તે પદાર્થોથી જ કાર્ય-સંભવ હોય તો તે અવશ્યકૢપ્તનિયત પૂર્વવૃત્તિ પદાર્થોથી ભિન્ન પદાર્થો અન્યથા સિદ્ધ છે. ઘટાદિ કાર્યની પ્રત્યે અવશ્યકૢપ્ત નિયત પૂર્વવૃત્તિ દંડ-ચક્ર-ચીવરાદિથી જ ઘટાદિનો સંભવ હોવાથી તદ્-ભિન્ન **રાસભ** અન્યથાસિદ્ધ છે. આથી જ પ્રત્યક્ષાત્મક કાર્યની પ્રત્યે મહત્ત્વ [મહત્પરિમાણ]ની અવશ્યકૢપ્ત નિયત પૂર્વવૃત્તિતા હોવાથી તેની સાથે રહેનારૂં અનેક દ્રવ્યવત્ત્વ અર્થાદ્ અણુ પરિમાણાશ્રયભિન્ન [પરમાણુ-દ્વયણુકભિન્ન] દ્રવ્યત્વ અન્યથા સિદ્ધ છે. કારણ કે પ્રત્યક્ષાત્મક કાર્યની પ્રત્યે વિષયતાસંબંધથી તેના અધિકરણ અણુભિન્ન દ્રવ્યમાં અણુભિન્નદ્રવ્યત્વ સ્વરૂપ અનેક દ્રવ્યવત્ત્વ નિયત પૂર્વવૃત્તિ હોવા છતાં મહત્ત્વની જેમ તેની પૂર્વવૃત્તિતા અવશ્યકૢપ્ત નથી. મહત્ત્વની પૂર્વવૃત્તિતાને અવશ્યકૢપ્ત ન માનતા તાદૃશ અનેક દ્રવ્ય-

વત્ત્વની જ નિયત પૂર્વવૃત્તિતાને અવશ્યકલૃપ્ત માનીને પ્રત્યક્ષાત્મક કાર્યની પ્રત્યે તાદૃશ અનેક દ્રવ્યવત્ત્વને જ કારણુ માનવું જોઇએ અને મહત્ત્વને અન્યથા સિદ્ધ માનવું જોઇએ આ પ્રમાણે પણુ યદ્યપિ કહી શકાય છે. પરંતુ પ્રત્યક્ષની પ્રત્યે તાદૃશાનેકદ્રવ્યવત્ત્વને કારણુ માનીએ તો કારણુતાવચ્છેદક અનેક દ્રવ્યને માનવું પડે છે. જ્યારે તેની અપેક્ષાએ મહત્ત્વને કારણુ માનવાથી કારણુતાવચ્છેદક મહત્ત્વત્વ જાતિને માનવામાં લાઘવ થાય છે. તેથી સ્પષ્ટ છે કે અવશ્યકલૃપ્ત નિયત પૂર્વવૃત્તિતા મહત્ત્વમાં જ મનાય છે. અને તત્સહભૂત અનેક દ્રવ્યવત્ત્વમાં અન્યથાસિદ્ધત્વ છે. [અહીં એ યાદ રાખવું જોઇએ કે અણુભિન્નદ્રવ્યત્વ તો યદ્યપિ કાલાદિમાં હોવા છતાં ત્યાં રૂપવત્ત્વ કે સ્પર્શવત્ત્વ ન હોવાથી તેનું ચાક્ષુષ કે ત્વાચ પ્રત્યક્ષ થવાનો પ્રસંગ નથી. તેમજ રાસન-ઘ્રાણુજ કે શ્રાવણુ પ્રત્યક્ષ દ્રવ્યનું થતું જ નથી, તેથી રાસનાદિ પ્રત્યક્ષત્વનો પણુ પ્રસંગ કાલાદિમાં નથી આવતો. અને માનસ-પ્રત્યક્ષ તો માત્ર જ્ઞાનાદિસંબદ્ધ આત્માનું તથા જ્ઞાનાદિનું જ થાય છે તેથી કાલાદિનું માનસ પ્રત્યક્ષ પણુ થતું નથી.] યદ્યપિ યત્કિંચિદ્ ઘટકાર્યની પ્રત્યે તો રાસભ પણુ અવશ્યકલૃપ્ત નિયત પૂર્વવૃત્તિ છે, તેથી તેને અન્યથાસિદ્ધ માની શકાશે નહિ. પરંતુ તદ્ઘટથી ભિન્ન ઘટજાતીય અન્યઘટની પ્રત્યે અવશ્યલૃપ્ત નિયત પૂર્વવૃત્તિ જે દંડાદિ છે તેનાથી જ તદ્ઘટની પણુ ઉત્પત્તિની સંભાવનાના કારણે રાસભ ઘટ સામાન્યની પ્રત્યે અન્યથા સિદ્ધ મનાય છે. આ પંચવિધ અન્યથા સિદ્ધોમાં વસ્તુતઃ પંચમ અન્યથાસિદ્ધ જ આવશ્યક છે. કારણુ કે ઘટાદિની પ્રત્યે અવશ્યકલૃપ્ત નિયત પૂર્વવર્ત્તિ દંડાદિથી જ કાર્યોત્પત્તિ સંભવિત હોવાથી દંડાદિની સાથે રહેનારા દંડત્વ-દંડનું રૂપ આકાશ–અને કુલાલપિતા અન્યથાસિદ્ધ છે. આ રીતે ઉક્ત ચારે પણુ અન્યથાસિદ્ધોનો સમાવેશ પંચમ અન્યથાસિદ્ધમાં શકય છે. ઘટની પ્રત્યે દંડાદિને અવશ્યકલૃપ્ત નિયત પૂર્વવૃત્તિ ન માનીએ અને દંડત્વાદિને અવશ્યકલૃપ્ત નિયત પૂર્વવર્ત્તિ માનીએ તો કારણુતાવચ્છેદક સંબંધ સ્વાશ્રયાશ્રયત્વરૂપ દંડાદિઘટિત પરંપરા સંબંધને માનવામાં ગૌરવ થાય છે.

॥ इति पञ्चविधान्यथासिद्धिनिरूपणम ॥

## कारिकावली

समवायिकारणत्वं द्रव्यस्यैवेति विज्ञेयम् ।
गुणकर्ममात्रवृत्ति ज्ञेयमथाऽप्यसमवायिहेतुत्वम् ॥२३॥
अन्यत्र नित्यद्रव्येभ्य आश्रितत्वमिहोच्यते ।
क्षित्यादीनां नवानां तु द्रव्यत्वं गुणयोगिता ॥२४॥
क्षितिर्जलं तथा तेजः पवनो मन एव च ।
परापरत्वमूर्त्तत्वक्रियावेगाश्रया अमी ॥२५॥
कालखात्मदिशां सर्वगतत्वं परमं महत् ।
क्षित्यादि पञ्च भूतानि चत्वारि स्पर्शवन्ति हि ॥२६॥

## मुक्तावली

समवायीति-स्पष्टम् ।

गुणेति । असमवायिकारणत्वं गुण कर्मभिन्नानां वैधर्म्यं न तु गुणकर्मणोः साधर्म्यमित्यत्र तात्पर्यम् । अथवाऽसमवायिकारणवृत्तिसत्ताभिन्नजातिमत्त्वं तदर्थः । तेन ज्ञानादीनामसमवायिकारणत्वविरहेऽपि नाऽव्याप्तिः ॥२३॥

अन्यत्रेति । नित्यद्रव्याणि—परमाण्वाकाशादीनि विहायाऽऽश्रितत्वं साधर्म्यमित्यर्थः । आश्रितत्वं तु समवायादि सम्बन्धेन वृत्तिमत्त्वं, विशेषणतया नित्यानामपि कालादौ वृत्तेः । इदानीं द्रव्यस्यैव विशिष्य साधर्म्यं वक्तुमारभते—क्षित्यादीनामिति । स्पष्टम् ॥२४॥

क्षितिरिति । पृथिव्यप्तेजोवायुमनसां परत्वा-परत्ववत्त्वम्, मूर्त्तत्वम्, वेगवत्त्वम्, कर्मवत्त्वं च साधर्म्यम् । न च यत्र घटादौ परत्वमपरत्वं वा नोत्पन्नं, तत्राऽव्याप्तिरिति वाच्यम् । परत्वादिसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् । मूर्तत्वम्—अपकृष्टपरिमाणवत्त्वम्, तच्चैषामेव, गगनादिपरिमाणस्य कुतोऽप्यपकृष्टत्वाभावात् । कर्मवत्त्वं कर्मसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वं वेगवत्त्वं वेगवद्वृत्ति-द्रव्यत्वव्याप्य जातिमत्त्वं, च बोध्यम् ॥२५॥

कालेति । कालाकाशात्मदिशां सर्वगतत्वम् । सर्वगतत्वम्-सर्वमूर्त्तसंयोगित्वम् परममहत्त्वं च । परममहत्त्वत्वं जातिविशेषः । अपकर्षानाश्रयपरिमाणवत्त्वं वा ।

क्षित्यादीति । पृथिव्यप्तेजोवाय्वाकाशानां भूतत्वम् । तच्च बहिरिन्द्रिय ग्राह्यविशेषगुणवत्त्वम् । अत्र ग्राह्यत्वं लौकिकप्रत्यक्षस्वरूपयोग्यत्वं बोध्यम् । तेन ज्ञातो घट इति प्रत्यक्षे ज्ञानस्याऽप्युपनीतभानविषयत्वात् तद्वत्यात्मनि नाऽतिप्रसङ्गः । न वा लौकिकप्रत्यक्षाविषयरूपादिमति परमाण्वादावव्याप्तिः तस्याऽपि स्वरूपयोग्यत्वात्, महत्त्वलक्षणकारणान्तरासन्निधानाच्च न प्रत्यक्षत्वम् । अथवाऽऽत्मावृत्तिविशेषगुणवत्त्वं तत्त्वम् । चत्वारीति-पृथिव्यप्तेजोवायूनां स्पर्शवत्त्वम् ॥२६॥

પૃથ્વી વગેરે નવ દ્રવ્યોનું સાધર્મ્ય સમવાયિકારણત્વ છે. 'ગુણ અને કર્મ આ બે પદાર્થોનું સાધર્મ્ય અસમવાયિકારણત્વ છે' આ અર્થને જણાવનારા 'गुणकर्ममात्रवृत्ति...' ઇત્યાદિ મૂલ ગ્રંથનું તાત્પર્ય, ગુણ અને કર્મભિન્ન પાંચ પદાર્થોનું વૈધર્મ્ય (વિરૂદ્ધ ધર્મ) અસમવાયિકારણત્વ છે.' આ છે. તેથી જ્ઞાનાદિ આત્મવિશેષ ગુણોમાં તાદૃશ સાધર્મ્ય અસમવાયિકારણત્વ ન હોવા છતાં અવ્યાપ્તિ નહીં આવે. અથવા સાધર્મ્ય પ્રકરણના અવસરે તેની સમાપ્તિ પૂર્વે વચ્ચે વૈધર્મ્યનું નિરૂપણ અયોગ્ય હોવાથી જ્ઞાનાદિ આત્મ વિશેષ ગુણોમાં અસમવાયિકારણત્વરૂપ સાધર્મ્યની અવ્યાપ્તિના નિવારણ માટે 'गुणकर्ममात्रवृत्ति......' ઇત્યાદિ મૂલગ્રંથનું તાત્પર્ય, 'અસમવાયિકારણવૃત્તિ સત્તા ભિન્ન-જે જાતિ તદ્વત્ત્વ ગુણ અને કર્મનું સાધર્મ્ય છે' આ પ્રમાણે છે. આત્માના વિશેષ ગુણો જ્ઞાનાદિ કોઇનું પણ અસમવાયિકારણ ન હોવા છતાં તે જ્ઞાનાદિમાં અસમવાયિકારણ રૂપાદિ ગુણોમાં રહેનારી જે સત્તાભિન્ન ગુણત્વ જાતિ તદ્વત્ત્વ (અર્થાદ્ ગુણત્વવત્ત્વ) હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'सत्ताभिन्न जातिमत्त्व' પદનું જ ઉપાદાન કરીએ તો સત્તાભિન્નદ્રવ્યત્વજાતિમત્ત્વ દ્રવ્ય-

માં પણ હોવાથી દ્રવ્યમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'असमवायिकारणवृत्ति' આ પદનું ઉપાદાન કર્યું છે. દ્રવ્યત્વ જાતિ અસમવાયિકારણ ગુણાદિવૃત્તિ ન હોવાથી દ્રવ્યત્વ જાતિને લઈને દ્રવ્યમાં અતિવ્યાપ્તિ નહિ આવે. માત્ર 'असमवायिकारणवृत्तिजातिमत्त्व'નું ઉપાદાન કરીએ તો અસમવાયિકારણભૂત રૂપાદિ વૃત્તિ સત્તા જાતિમત્ત્વ દ્રવ્યમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે 'सत्ताभिन्न' આ પદનું પણ ઉપાદાન કર્યું છે. અસમવાયિકારણ રૂપાદિવૃત્તિ સત્તા જાતિ સત્તાભિન્ન ન હોવાથી તેને લઈને દ્રવ્યમાં અતિવ્યાપ્તિ નહીં આવે.' અસમવાયિ કારણવૃત્તિ સત્તાભિન્ન ધર્મવત્ત્વ' આ પ્રમાણે જ ગુણ–કર્મના સાધર્મ્યને માનીએ અર્થાદ્ 'જાતિ' પદનું ઉપાદાન ન કરીએ તો અસમવાયિકારણ રૂપાદિ ગુણ વૃત્તિ સત્તાભિન્ન• ધર્મ 'द्रव्यगुणान्यतरत्व' પણ છે. અને તદ્ધર્મવત્ત્વ તો દ્રવ્યમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'જાતિ' પદનું ઉપાદાન કર્યું છે. અસમવાયિકારણ ગુણવૃત્તિ સત્તાભિન્ન 'દ્રવ્યગુણાન્યતરત્વ' ધર્મ જાતિ ન હોવાથી તેને લઇને દ્રવ્યમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ અસમવાયિકારણવૃત્તિ સત્તાભિન્ન ગુણત્વ જાતિ કાલિક સંબંધથી જન્ય દ્રવ્યમાં હોવાથી તેમજ અસમવાયિકારણમાં (અનિત્ય ગુણાદિમાં) કાલિક સંબંધથી વૃત્તિ સત્તાભિન્ન દ્રવ્યત્વ જાતિમત્ત્વ દ્રવ્યમાં હોવાથી અતિવ્યાપ્તિ આવે છે જ. પરંતુ તેના નિવારણ માટે ઉભયત્ર વૃત્તિમત્ત્વ અર્થાદ્ અસમવાયિકારણ વૃત્તિત્વ અને તાદૃશ જાતિમત્ત્વ સમવાય સંબંધથી વિવક્ષિત હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. અસમવાયિકારણમાં સમવાય–સંબંધથી વર્તમાન સત્તાભિન્ન ગુણત્વાદિ જાતિ સમવાય સંબંધથી ગુણ અને કર્મમાત્રમાં જ છે. દ્રવ્યાદિમાં નથી. એ સમજી શકાય છે. આજ રીતિથી વક્ષ્યમાણ સાધર્મ્ય સ્થળે પદોનું પ્રયોજન સ્વયં સમજી લેવું.

પરમાણુ આકાશ વગેરે નિત્ય દ્રવ્યોથી ભિન્ન પદાર્થોનું સાધર્મ્ય 'આશ્રિતત્વ' અર્થાદ્ વૃત્તિમત્ત્વ છે. યદ્યપિ કાલિક સંબંધથી ગગનાદિ

નિત્ય દ્રવ્યો પણ કાલાદિમાં વૃત્તિ હોવાથી ગગનાદિમાં 'આશ્રિતત્વ' સાધર્મ્યની અતિવ્યાપ્તિ આવશે, પરંતુ અહીં આશ્રિતત્વ સમવાયાદિ સંબંધથી વૃત્તિમત્ત્વ (કાલિક સંબંધાતિરિક્ત સંબંધથી વૃત્તિમત્ત્વ–(વૃત્તિત્વ) સ્વરૂપ જ વિવક્ષિત હોવાથી કાલિક સંબંધથી વૃત્તિમત્ત્વ વિશિષ્ટ ગગનાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ ભૂતલાદિમાં સંયોગ સંબંધથી પરમાણુવૃત્તિ હોવાથી પરમાણુ સ્વરૂપ નિત્ય દ્રવ્યમાં અતિવ્યાપ્તિ અનિવાર્ય છે, પરંતુ 'પરમાણુનો સંયોગ' એ વૃત્તિતા નિયામક (અર્થાત્ આધારાધેયભાવની પ્રતીતિનો નિયામક) ન હોવાથી તે સંયોગ સંબંધને લઈને પરમાણુમાં અતિવ્યાપ્તિ નહીં આવે. આથી સ્પષ્ટ છે કે કાલિક સંબંધથી ભિન્ન એવા વૃત્તિતા નિયામક સંબંધથી વૃત્તિમત્ત્વ સ્વરૂપ આશ્રિતત્વ નિત્ય દ્રવ્ય ભિન્નોનું સાધર્મ્ય છે.

इदानीं द्रव्यस्यैव विशिष्य साधर्म्यं वक्तुमारभते—क्षित्यादीनाम्... ઇત્યાદિ—'દ્રવ્યત્વ' અને 'ગુણવત્ત્વ' નવે દ્રવ્યોનું સાધર્મ્ય છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, અને મન આ પાંચ દ્રવ્યોનું પરત્વવત્ત્વ, અપરત્વવત્ત્વ, મૂર્તત્વ, વેગવત્ત્વ, અને કર્મવત્ત્વ સાધર્મ્ય છે. યદ્યપિ જે ઘટાદિમાં પરત્વ અથવા અપરત્વ ઉત્પન્ન થયું ન હોય એ ઘટાદિમાં પરત્વવત્ત્વ કે અપરત્વવત્ત્વ ન હોવાથી અવ્યાપ્તિ આવશે. પરંતુ તેના નિવારણ માટે પરત્વ સમાનાધિકરણ દ્રવ્યત્વ વ્યાપ્ય જાતિમત્ત્વ અને અપરત્વસમાનાધિકરણ દ્રવ્યત્વ વ્યાપ્ય જાતિમત્ત્વ સ્વરૂપ પરત્વવત્ત્વ અને અપરત્વવત્ત્વની વિવક્ષા હોવાથી ઘટાદિમાં અવ્યાપ્તિ નહિ આવે કારણ કે યત્કિંચિદ્ પરત્વ અને અપરત્વના અધિકરણ ઘટાદિમાં રહેનારી દ્રવ્યત્વવ્યાપ્ય જે પૃથ્વીત્વાદિ જાતિ, તદ્વત્ત્વ સકલ ઘટાદિમાં છે જ. 'મૂર્તત્વ' અપકૃષ્ટ પરિમાણવત્ત્વ સ્વરૂપ છે. ગગનાદિ દ્રવ્યોનું પરમમહત્પરિમાણ કોઈની પણ અપેક્ષાએ અપકૃષ્ટ (નાનું.) ન હોવાથી અપકૃષ્ટ પરિમાણવત્ત્વ ઉપર જણાવેલા પૃથ્વી વગેરે પાંચ દ્રવ્યોમાં જ છે. ઉપર જણાવ્યા મુજબ જ વેગ અને કર્મરહિત એવા યત્કિંચિદ્ ઘટાદિમાં અવ્યાપ્તિનું નિવારણ કરવા કર્મસમાનાધિકરણ દ્રવ્યત્વ વ્યાપ્ય જાતિમત્ત્વ સ્વરૂપ કર્મવત્ત્વની અને

વેગવદ્વૃતિ દ્રવ્યત્વ વ્યાપ્ય જાતિમત્ત્વ સ્વરૂપ વેગવત્ત્વની વિવક્ષામાં ગ્રંથકારનું તાત્પર્ય સમજી લેવું. પ્રકૃતસ્થલે માત્ર 'જાતિમત્ત્વ'નો જ સાધર્મ્યતયા ઉલ્લેખ કરીએ તો ગુણત્વાદિ જાતિમાન્ ગુણાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'દ્રવ્યત્વ વ્યાપ્ય' પદનું ઉપાદાન કર્યું છે. તેથી દ્રવ્યત્વ વ્યાપ્ય પૃથ્વીત્વાદિ જાતિમત્ત્વ ગુણાદિમાં ન હોવાથી તેમાં તો અતિવ્યાપ્તિ નહીં આવે. પરંતુ તાદૃશ દ્રવ્યત્વ વ્યાપ્ય આત્મત્વ જાતિમાન્ આત્મામાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે પરત્વાદિ (અપરત્વ-કર્મ-વેગ) સમાનાધિકરણ પદનું ઉપાદાન કર્યું છે. તેથી આત્મામાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે પરત્વાદિના અધિકરણમાં રહેનારી દ્રવ્યત્વ વ્યાપ્ય જાતિ પૃથ્વીત્વાદિ છે. તદ્વત્ત્વ આત્મામાં નથી. પરત્વાદિ સમાનાધિકણ જાતિમત્ત્વનું જ ઉપાદાન કરીએ તો પરત્વાદિના અધિકરણ પૃથ્વી વગેરે પાંચ દ્રવ્યોમાં રહેનારી જે સત્તા જાતિ તદ્વત્ત્વ તો આત્માદિમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'દ્રવ્યત્વ વ્યાપ્ય' પદનું ઉપાદાન કર્યું છે. સત્તા જાતિ દ્રવ્યત્વની વ્યાપ્ય ન હોવાથી તેને લઈને આત્મામાં અતિવ્યાપ્તિ નહી આવે. પરત્વાદિ સમાનાધિકરણ દ્રવ્યત્વ-વ્યાપ્ય જાતિમત્ત્વ અહીં પૂર્વે જણાવ્યા મુજબ પરત્વાદિનું વૃત્તિત્વ અને જાતિમત્ત્વ સમવાય સંબંધથી જ લેવું કાલિકાદિ સંબંધથી તાદૃશ વૃત્તિત્વાદિને લઈને આત્માદિમાં અતિવ્યાપ્તિ આવશે; ઈત્યાદિ સ્વયં સમજી લેવું.

કાલ આત્મા આકાશ અને દિશા આ ચાર દ્રવ્યોનું સાધર્મ્ય, સર્વમૂર્તસંયોગિત્વ (સર્વમૂર્ત દ્રવ્ય સંયોગાશ્રયત્વસ્વરૂપ) સ્વરૂપ સર્વગતત્ત્વ અને પરમમહત્પરિમાણ છે. પરમમહત્પરિમાણમાં રહેનારી જાતિ વિશેષ પરમમહત્ત્વત્ત્વ છે, અથવા કેટલાક લોકો આત્માના પરમમહત્ પરિમાણને યોગ્ય માનતા ન હોવાથી તત્પરિમાણ વૃતિ પરમમહત્ત્વત્વ જાતિ વિશેષનું પ્રત્યક્ષ થઈ શકે એમ ન હોવાથી પરમમહત્ત્વત્વ જાતિની સિદ્ધિ પ્રત્યક્ષ પ્રમાણથી શક્ય નથી અને પરમમહત્પરિમાણ કોઈનું કારણ ન હોવાથી કારણતાવચ્છેદકતયા

અનુમાન પ્રમાણથી પણ પરમમહત્ત્વત્વ જાતિની સિદ્ધિ થઇ શકે એમ ન હોવાથી પરમમહત્ત્વ (પરમમહત્પરિમાણ) અપકર્ષાનાશ્રયપરિમાણ-વત્ત્વ સ્વરૂપ છે. અર્થાદ્ કોઈની પણ અપેક્ષાએ જેનું પરિમાણ અપકૃષ્ટ નથી તે અપકર્ષાનાશ્રયપરિમાણવત્ કહેવાય છે અને તત્ત્વ (અપકર્ષાનાશ્રયપરિમાણવત્ત્વ) પરમમહત્ત્વ છે. અહીં પરમમહત્ત્વ સ્થળે 'પરમમહત્' પદ પરમમહત્પરિમાણાશ્રયદ્રવ્યવાચક હોવાથી પરમ-મહત્ત્વનો અર્થ 'પરમમહત્પરિમાણ' થાય છે. અને તેમાં રહેલી જાતિ પરમમહત્ત્વત્વ છે. એ સમજી શકાય છે.

પૃથ્વી જલ તેજ વાયુ અને આકાશ આ પાંચ દ્રવ્યોનું સાધર્મ્ય 'ભૂતત્વ' છે. જે 'बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्व' અર્થાદ્ બહિરિન્દ્રિયથી ગ્રાહ્ય જે વિશેષ ગુણો તદ્વત્ત્વ સ્વરૂપ છે. પૃથ્વી જલ તેજ વાયુ અને આકાશમાં રૂપ-રસ-ગંધ-સ્પર્શ-સાંસિદ્ધિક દ્રવત્વ અને શબ્દ આજ યથાસંભવ વિશેષ ગુણો છે. તે બધા ચક્ષુ વગેરે બહિરિન્દ્રિયથી ગ્રાહ્ય પણ છે. અને તાદૃશ બહિરિન્દ્રિય ગ્રાહ્ય વિશેષ ગુણવત્ત્વ પૃથ્વી વગેરે ઉપર જણાવેલા પાંચે દ્રવ્યોમાં હોવાથી ત્યાં 'ભૂતત્વ' સ્પષ્ટ છે. યદ્યપિ 'ज्ञातो घटः' ઈત્યાકારક ઘટના ચાક્ષુષાદિ પ્રત્યક્ષમાં જ્ઞાનનું પણ ચક્ષુઇન્દ્રિયથી વક્ષ્યમાણ જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિથી અલૌકિક ભાન થાય છે. તેથી જ્ઞાનાત્મકવિશેષગુણ પણ બહિરિન્દ્રિયગ્રાહ્ય હોવાથી તદ્વાન્ આત્મામાં ભૂતત્વસાધર્મ્યની અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ 'બહિરિન્દ્રિગ્રાહ્ય' અહીં ગ્રાહ્યત્વ 'લૌકિક પ્રત્યક્ષયોગ્યત્વ' સ્વરૂપ જ વિવક્ષિત હોવાથી જ્ઞાનને લઈને આત્મામાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે જ્ઞાન બહિરિન્દ્રિયજન્ય અલૌકિકપ્રત્યક્ષનો વિષય હોવા છતાં બહિરિન્દ્રિય-જન્યલૌકિક પ્રત્યક્ષ યોગ્ય નથી. ભૂતત્વના સ્વરૂપમાં યોગ્યત્વનો નિવેશ કરેલો હોવાથી પરમાણુમાં અવ્યાપ્તિ નથી આવતી કારણ કે, પૃથ્વી વગેરેના પરમાણુઓના રૂપાદિ વિશેષગુણો બહિરિન્દ્રિયજન્યલૌકિક પ્રત્યક્ષના વિષય બનતા ન હોવા છતાં તે પ્રત્યક્ષ યોગ્ય તો છે જ તેથી બહિરિન્દ્રિયજન્યલૌકિક પ્રત્યક્ષ યોગ્ય વિશેષ ગુણવત્ત્વ સ્વરૂપ ભૂતત્વ

પૃથ્વી વગેરેના પરમાણુમાં પણ છે. અન્યથા બહિરિન્દ્રિયજન્યલૌકિક પ્રત્યક્ષ વિષયભૂત વિશેષગુણવત્ત્વ સ્વરૂપ ભૂતત્વની વિવક્ષા કરીએ તો બહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષના વિષય નહીં થનારા પરમાણુના રૂપાદિ ગુણો હોવાથી તેનું ગ્રહણ ન થવાના કારણે પરમાણુમાં અવ્યાપ્તિ આવત. જે ઉપર જણાવ્યા મુજબ યોગ્યત્વના નિવેશથી નથી આવતી. પરમાણુના રૂપાદિ બહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષ યોગ્ય હોવા છતાં પરમાણુમાં મહત્ત્વરૂપ કારણાન્તર ન હોવાથી પરમાણુના રૂપાદિનું પ્રત્યક્ષ થતું નથી. માત્ર 'લૌકિક પ્રત્યક્ષ યોગ્ય વિશેષગુણવત્ત્વ' સ્વરૂપ ભૂતત્વની વિવક્ષા કરીએ તો મન ઈન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષ યોગ્ય જ્ઞાનાદિ સ્વરૂપવિશેષગુણવત્ત્વ આત્મામાં હોવાથી આત્મામાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે 'બહિરિન્દ્રિય' પદનું ઉપાદાન કર્યું છે. જ્ઞાનાદિ વિશેષગુણો ચક્ષુ વગેરે બહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષ યોગ્ય ન હોવાથી તદ્વાન્ આત્મામાં અવ્યાપ્તિ નહીં આવે. 'બહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષ યોગ્ય ગુણવત્ત્વ' સ્વરૂપ ભૂતત્વની વિવક્ષા કરીએ તો તાદૃશ બહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષ યોગ્ય સંયોગાદિ સામાન્ય ગુણવત્ત્વ કાલાદિમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'વિશેષ' પદનું ઉપાદાન કર્યું છે. કાલાદિમાં વિશેષગુણવત્ત્વ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ કાલાદિમાં ઉદ્ભૂતરૂપવત્ત્વ ન હોવાથી કાલાદિવૃત્તિ સંયોગાદિ સામાન્યગુણો ચક્ષુરાદિબહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષના યોગ્ય ન હોવાથી તે સામાન્ય ગુણોને લઈ ને વિશેષ' ગુણ'નો નિવેશ ન હોય તો પણ કાલાદિમાં અતિવ્યાપ્તિ નથી આવતી, તેથી વિશેષપદ નિરર્થક જણાય છે. પરંતુ 'બહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષ યોગ્ય વિશેષગુણવત્ત્વ' સ્વરૂપ ભૂતત્વની યથાશ્રુત વિવક્ષામાં પણ ચક્ષુરાદિ ઇન્દ્રિયોમાં ઉદ્ભૂતરૂપવત્ત્વ ન હોવાથી ચક્ષુરાદિમાં બહિરિન્દ્રિયજન્ય લૌકિક પ્રત્યક્ષ યોગ્ય વિશેષગુણવત્ત્વ નથી તેથી ચક્ષુરાદિમાં અવ્યાપ્તિ આવે છે. તે અવ્યાપ્તિના નિવારણ માટે 'પ્રત્યક્ષ યોગ્યત્વ'નાં સ્થાને પ્રત્યક્ષ વિષયભૂતગુણત્વવ્યાપ્યજાતિમદ્નો નિવેશ કરવો પડશે અર્થાદ્

બહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષ વિષયભૂત ગુણત્વ વ્યાપ્ય જે જાતિ; તજ્જાતિમદ્ વિશેષગુણવત્ત્વની વિવક્ષા કરી હોવાથી; તાદૃશ બહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષની વિષયભૂત ગુણત્વવ્યાપ્ય રૂપત્વાદિ જે જાતિ, તદ્વદ્વિશેષગુણરૂપાદિમત્ત્વ પૃથ્વ્યાદિના પરમાણુમાં અને ચક્ષુરાદિ ઇન્દ્રિયોમાં પણ હોવાથી તેમાં અવ્યાપ્તિ નહીં આવે. હવે જો એતાદૃશતાત્પર્યમાં 'વિશેષ' પદનું ઉપાદાન ન કરીએ તો બહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષ વિષયભૂત ગુણત્વવ્યાપ્ય જે સંયોગત્વાદિ જાતિ, તદ્જાતિમદ્ સંયોગાદિ ગુણવત્ત્વ તો કાલાદિમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવે છે. વિશેષ પદના નિવેશથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે એ સ્પષ્ટ છે. અહીં પણ જાતિમત્ત્વ અને વિશેષગુણવત્ત્વ સમવાય સંબંધથી જ વિવક્ષિત છે. અન્યથા કાલિકાદિ સંબંધથી તાદશવિવક્ષામાં અતિવ્યાપ્તિ આવશે એ ખૂબ જ સ્પષ્ટ છે. અથવા 'બહિરિન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષવિષયગુણત્વવ્યાપ્યજાતિમદ્ વિશેષગુણવત્ત્વ'ની અપેક્ષાએ લઘુભૂત "આત્માઽવૃત્તિવિશેષગુણવત્ત્વ" સ્વરૂપ જ ભૂતત્વ જાણવું. અહીં વિશેષ પદનું ઉપાદાન ન કરીએ તો આત્મા વિભુ હોવાથી તેમાં નહીં રહેનાર દૈશિક (દિક્કૃત) પરત્વ અને અપરત્વ સ્વરૂપ સામાન્ય ગુણવત્ત્વ તો મનમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે વિશેષ પદનું ઉપાદાન કર્યું છે. મનમાં વિશેષ ગુણવત્ત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. શેષ પદોનું પ્રયોજન તો ઉપર જણાવેલી દિશાએ સ્વયં સમજી શકાશે. પૃથ્વી જલ તેજ અને વાયુ આ ચાર દ્રવ્યોનું સાધર્મ્ય સ્પર્શવત્ત્વ છે. જેનું તાત્પર્ય "समवायेन स्पर्शसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्व" છે. અન્યથા કાલિકાદિ સંબંધથી સ્પર્શના આશ્રયકાલાદિમાં અતિવ્યાપ્તિ આવશે અને પ્રથમ ક્ષણમાં સ્પર્શરહિત એવા પૃથ્વ્યાદિમાં અવ્યાપ્તિ આવશે.

## कारिकावली.

**द्रव्यारम्भश्चतुर्षु स्यादथाऽऽकाशशरीरिणाम् ।**
**अव्याप्यवृत्तिक्षणिको विशेषगुण इष्यते ॥२७॥**
**रूप-द्रवत्व-प्रत्यक्षयोगिनः प्रथमास्त्रयः ।**
**गुरुणी द्वे रसवती द्वयो र्नैमित्तिको द्रवः ॥२८॥**
**आत्मानो भूतवर्गाश्च विशेषगुणयोगिनः**
**यदुक्तं यस्य साधर्म्यं वैधर्म्यमितरस्य तत् ॥२९॥**

### मुक्तावली ।

द्रव्यारम्भ इति । पृथिव्यप्तेजोवायुषु चतुर्षु द्रव्यारम्भकत्वम् । न च द्रव्यानारम्भके घटादावव्याप्तिः । द्रव्यसमवायिकारणवृत्तिद्रव्यत्व-व्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् । अथाऽऽकाशेति । आकाशात्मनाम-व्याप्यवृत्ति-क्षणिकविशेषगुणवत्त्वं साधर्म्यमित्यर्थः । आकाशस्य विशेष-गुणः शब्दः, स चाऽव्याप्यवृत्तिः, यदा किञ्चिदवच्छेदेन शब्द उत्पद्यते, तदाऽन्यावच्छेदेन तदभावस्याऽपि सत्त्वात् । क्षणिकत्वञ्च तृतीयक्षणवृत्ति-ध्वंसप्रतियोगित्वम् । योग्यविभुविशेषगुणानां स्वोत्तरवृत्तिविशेषगुण-नाश्यत्वात् प्रथमशब्दस्य द्वितीयशब्देन नाशः । एवं ज्ञानादीनामपि । ज्ञानादिकं यदाऽऽत्मनि विभौ शरीरावच्छेदेनोत्पद्यते, तदा घटाद्यवच्छेदेन तदभावोऽस्त्येव । एवं ज्ञानादिकमपि क्षणद्वयावस्थायि । इत्थञ्चाऽव्याप्य-वृत्तिविशेषगुणवत्त्वं, क्षणिकविशेषगुणवत्त्वं चार्थः । पृथिव्यादौ रूपादि-विशेषगुणाऽस्तीत्यतोऽव्याप्यवृत्तीत्युक्तम् । पृथिव्यादावव्याप्यवृत्तिः संयो-गादिरस्तीति विशेषगुणेत्युक्तम् । न च रूपादीनामपि कदाचित् तृतीयक्षणे नाशसम्भवात् क्षणिकविशेषगुणवत्त्वं क्षित्यादावतिव्याप्तमिति वाच्यम् । चतुःक्षणवृत्तिजन्यावृत्तिजातिमद्विशेषगुणवत्त्वस्य तदर्थत्वात् । अपेक्षा-बुद्धिः क्षणत्रयं तिष्ठति क्षणचतुष्टयं तु न किमपि जन्यज्ञानादिकं तिष्ठति, रूपत्वादिकं तु क्षणचतुष्टयस्थायिन्यपि रूपादौ वर्त्तते, इति तद्व्युदासः । ईश्वरज्ञानस्य चतुःक्षणवृत्तित्वात्, ज्ञानत्वस्य तद्वृत्तित्वाद्

जन्येत्युक्तम् । यद्याकाशजीवात्मनोः साधर्म्यं, तदा जन्येति न देयं, द्वेषत्वादिकमादायाऽऽत्मनि लक्षणसमन्वयात् । परममहत्त्वस्य तादृश गुणत्वात्, चतुर्थक्षणे द्वित्वादीनां नाशाभ्युपगमाद् द्वित्वादीनामपि तथात्वात् तद्वारणाय विशेषेति । त्रिक्षणवृत्तित्वं वा वक्तव्यम् । इच्छात्वादिकमादायाऽऽत्मनि लक्षणसमन्वयात् ॥ इत्याकाशात्मनोः साधर्म्यकथनम् ॥ २६-२७ ॥

रूपद्रवत्वेति । पृथिव्यप्तेजसां रूपवत्त्वं, द्रवत्ववत्त्वं प्रत्यक्षविषयत्वं चेत्यर्थः । न च चक्षुरादीनां भर्जनकपालस्थवह्नेः, ऊष्मणश्च रूपवत्त्वे किं मानमिति वाच्यम् । तत्रा ऽपि तेजस्त्वेन रूपानुमानात् । एवं वाय्वानीतपृथिवीजलतेजोभागानामपि पृथ्वीत्वादिना रूपानुमानं बोध्यम् ॥ न च घटादौ द्रुतसुवर्णादिभिन्ने तेजसि च द्रवत्ववत्त्वमव्याप्तमिति वाच्यम् । द्रवत्ववद्वृत्ति-द्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् । घृतजतुप्रभृतिषु पृथिवीषु जलेषु द्रुतसुवर्णादौ तेजसि च द्रवत्वसत्त्वात्तत्र च पृथ्वीत्वादिसत्त्वात्तदादाय सर्वत्र लक्षणसमन्वयः । न च प्रत्यक्ष विषयत्वं परमाण्वादावव्याप्तम्, अतिव्याप्तञ्च रूपादाविति वाच्यम् । चाक्षुषलौकिकप्रत्यक्षविषयवृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् । आत्मन्यतिव्याप्तिवारणाय चाक्षुषेति ।

गुरुणी इति । गुरुत्ववत्त्वं रसवत्त्वं च पृथिवीजलयोरित्यर्थः । न च घ्राणेन्द्रियादीनां वाय्वानीतपृथिव्यादिभागानां च रसादिमत्त्वे किं मानमिति वाच्यम् । तत्राऽपि पृथिवीत्वादिना तदनुमानात् ।

द्वयोरिति । पृथिवीतेजसोरित्यर्थः । न च नैमित्तिकं द्रवत्वं घटादौ वह्न्यादौ चाऽव्याप्तमिति वाच्यम् । नैमित्तिकद्रवत्वसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् ॥२८॥

आत्मन इति । पृथिव्यप्तेजोवाय्वाकाशात्मनां विशेषगुणवत्त्वमित्यर्थः । यदुक्तमिति । ज्ञेयत्वादिकं विहायेति बोध्यम् । तत्तु न कस्याऽपि वैधर्म्यं केवलान्वयित्वात् ॥२९॥

॥ इति साधर्म्य-वैधर्म्य निरूपणम् ॥

પૃથ્વી જલ તેજ અને વાયુ આ ચાર દ્રવ્યોનું સાધર્મ્ય દ્રવ્યારંભકત્વ પણ છે. યદ્યપિ દ્રવ્યના અનારંભક ઘટાદિ દ્રવ્યમાં દ્રવ્યસમવાયિકારણત્વસ્વરૂપ દ્રવ્યારંભકત્વ ન હોવાથી ઘટાદિમાં અવ્યાપ્તિ આવે છે; પરંતુ દ્રવ્યારંભકત્વનું તાત્પર્ય; 'દ્રવ્યસમવાયિકારણવૃત્તિ–દ્રવ્યત્વવ્યાપ્ય જાતિમત્ત્વ' હોવાથી તાદૃશ દ્રવ્યસમવાયિ કારણ વૃત્તિ દ્રવ્યત્વવ્યાપ્ય પૃથ્વીત્વાદિ જાતિમત્ત્વ ઘટાદિમાં હોવાથી તેમાં અવ્યાપ્તિ નહીં આવે. કેવલદ્રવ્યત્વવ્યાપ્યજાતિમત્ત્વ આત્માદિમાં હોવાથી તેમજ કેવલસમવાયિકારણ [ગુણાદિસમવાયિકારણ] વૃત્તિ-દ્રવ્યત્વવ્યાપ્ય જાતિમત્ત્વ પણ આત્માદિમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે 'દ્રવ્યસમવાયિકારણવૃત્તિ' પદનું ઉપાદાન કર્યું છે. આત્મત્વાદિ જાતિ દ્રવ્યના સમવાયિકારણમાં વૃત્તિ ન હોવાથી આત્માદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. 'દ્રવ્યત્વવ્યાપ્ય' પદનું ઉપાદાન ન કરીએ તો દ્રવ્યના સમવાયિકારણ કપાલાદિમાં રહેનારી જે દ્રવ્યત્વાદિજાતિ તદ્વત્ત્વ તો કાલાદિમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે દ્રવ્યત્વવ્યાપ્યપદનું ઉપાદાન કર્યું છે. દ્રવ્યત્વાદિ જાતિ દ્રવ્યત્વની વ્યાપ્ય ન હોવાથી તેને લઇને કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ દ્રવ્યત્વની વ્યાપ્ય દ્રવ્યત્વ જાતિ પણ છે કારણ કે સ્વનું વ્યાપ્યત્વ સ્વમાં પણ મનાય છે. તેથી તાદૃશદ્રવ્યત્વવ્યાપ્ય દ્રવ્યત્વજાતિને લઇને કાલાદિમાં અતિવ્યાપ્તિ દુરૂદ્ધર જ છે. પરંતુ પ્રકૃત સ્થળે દ્રવ્યત્વવ્યાપ્યત્વ દ્રવ્યત્વન્યૂનવૃત્તિત્વ સ્વરૂપ સમજવું અથવા દ્રવ્યત્વભિન્નત્વ વિશિષ્ટદ્રવ્યત્વવ્યાપ્યત્વ સમજવું. તેથી દ્રવ્યત્વજાતિ દ્રવ્યત્વની વ્યાપ્ય હોવા છતાં દ્રવ્યત્વન્યૂનવૃત્તિ નથી તેમજ દ્રવ્યત્વભિન્ન પણ નથી તેથી તેને લઇને કાલાદિમાં અતિ-વ્યાપ્તિ નહીં આવે. આવી જ રીતે પૂર્વે પણ અને આગળ પણ જ્યાં જ્યાં તદ્વ્યાપ્યત્વનો નિવેશ છે ત્યાં ત્યાં એતાદૃશજ વ્યાપ્યત્વ આવશ્યકતાનુસાર સમજી લેવું.

અવ્યાપ્યવૃત્તિ–ક્ષણિકવિશેષગુણવત્ત્વ, આત્મા અને આકાશનું સાધર્મ્ય છે. વિભુસ્વરૂપ આત્મામાં પણ શરીરાવચ્છેદેન જ જ્ઞાનાદિ-

વિશેષગુણો છે. આકાશમાં પણ યત્કિંચિદ્ મૃદંગાદિવચ્છેદેન જ શબ્દ-વિશેષગુણ છે. અને એ જ્ઞાનાદિ તથા શબ્દ વિશેષ ગુણો ક્ષણિક પણ છે. તાદૃશ અવ્યાપ્યવૃત્તિ–ક્ષણિક વિશેષગુણવત્ત્વ આત્મામાં તથા આકાશમાં જ છે. એ સ્પષ્ટ છે. વિભુદ્રવ્યોના પ્રત્યક્ષયોગ્ય જે વિશેષ ગુણો છે તે સ્વોત્તરક્ષણમાં રહેનારા વિશેષગુણથી નાશ પામે છે. પ્રથમક્ષણવૃત્તિ શબ્દનો દ્વિતીયક્ષણવૃત્તિશબ્દના કારણે તૃતીયક્ષણમાં નાશ થાય છે, આવી જ રીતે આત્માના યોગ્ય વિશેષગુણજ્ઞાનાદિનો પણ સ્વોત્પત્તિના તૃતીયક્ષણે નાશ થાય છે, તેથી સમજી શકાશે કે તૃતીય-ક્ષણમાં [સ્વોત્પત્તિતૃતીયક્ષણમાં] વૃત્તિ જે સ્વધ્વંસ તત્પ્રતિયોગિત્વ સ્વરૂપ જ શબ્દ અને જ્ઞાનાદિનું ક્ષણિકત્વ છે. પરંતુ સુપ્રસિદ્ધ એકક્ષણવૃત્તિત્વ સ્વરૂપ અર્થાદ્ સ્વાવ્યવહિતોત્તર ક્ષણવૃત્તિ ધ્વંસપ્રતિ-યોગિત્વસ્વરૂપ ક્ષણિકત્વ અહીં વિવક્ષિત નથી. યદ્યપિ આત્મા અને આકાશનું સાધર્મ્ય 'અવ્યાપ્ય વૃત્તિ વિશેષ ગુણવત્ત્વ' માત્ર કહીએ તો પણ કોઈ દોષ નથી. તેથી ક્ષણિક પદ નિરર્થક છે. પરંતુ આકાશ અને આત્માનું 'અવ્યાપ્યવૃત્તિ વિશેષગુણવત્ત્વ' તથા 'ક્ષણિક વિશેષગુણવત્ત્વ' આ બે સાધર્મ્ય જણાવવાના આશયથી મૂલમાં ક્ષણિક પદનું ગ્રહણ છે. કેવલ વિશેષગુણવત્ત્વ માત્રનું જ ઉપાદાન કરીએ તો રૂપાદિ વિશેષગુણવત્ પૃથ્વ્યાદિમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે અવ્યાપ્ય વૃત્તિ પદનું ઉપાદાન કર્યું છે. રૂપાદિ ગુણો અવ્યાપ્ય વૃત્તિ ન હોવાથી તદ્વત્ પૃથ્વી વગેરે દ્રવ્યોમાં અતિવ્યાપ્તિ નહીં આવે. 'વિશેષ' પદનું ઉપાદાન ન કરીએ તો અવ્યાપ્યવૃત્તિ સંયોગાદિસ્વરૂપ સામાન્ય ગુણવત્ પૃથ્વી વગેરે દ્રવ્યોમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'વિશેષ' પદનું ઉપાદાન આવશ્યક છે. પૃથ્વ્યાદિમાં અવ્યાપ્યવૃત્તિ વિશેષ ગુણ જ્ઞાનાદિમત્ત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. પૂર્વે ઘણીવાર જણાવ્યું હોવાથી અહીં વિશેષગુણવત્ત્વ સમવાય સંબંધથી વિવક્ષિત છે એ કહેવાની આવશ્ય-કતા નથી. અન્યથા કાલિકાદિ સંબંધથી તાદૃશ જ્ઞાનાદિમત્ત્વ પૃથ્વ્યા-દિમાં હોવાથી અતિવ્યાપ્તિ દુરૂદ્ધર જ છે. યદ્યપિ કદાચિત્ રૂપાદિ

વિશેષ ગુણોનો પાકાદિના કારણે સ્વોત્પત્તિના તૃતીયક્ષણમાં નાશ થતો હોવાથી તાદૃશ તૃતીયક્ષણવૃત્તિધ્વંસ પ્રતિયોગી સ્વરૂપ ક્ષણિક વિશેષ ગુણ રૂપાદિ પણ છે. અને તાદૃશ રૂપાદિમત્ત્વ સમવાય સંબંધથી પૃથ્વ્યાદિમાં હોવાથી ત્યાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ પ્રકૃત સ્થળે ક્ષણિક વિશેષ ગુણવત્ત્વનો અર્થ, 'ચારક્ષણવૃત્તિ એવા જન્યપદાર્થમાં નહિ રહેનારી જે જાતિ તજ્જાતિમદ્ વિશેષગુણવત્ત્વ' છે. તેથી રૂપાદિ ગુણને લઈને પૃથ્વ્યાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે રૂપત્વ-જાતિ જેમ કદાચિત્ બે ક્ષણ વૃત્તિ જન્ય રૂપમાં રહે છે તેવી રીતે કવચિદ્ ચારક્ષણવૃત્તિ જન્ય રૂપમાં પણ રહે છે. તેથી ચતુઃક્ષણવૃત્તિ જન્યાડવૃત્તિ જાતિ રૂપત્વાદિ ન હોવાથી તજ્જાતિમદ્ વિશેષગુણ રૂપવત્પૃથ્વ્યાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. જ્યારે જન્યજ્ઞાનાદિ અને આકાશનો વિશેષ ગુણ શબ્દ તો, ક્યારે પણ ચાર ક્ષણ રહેતો નથી. તેથી ચતુઃક્ષણવૃત્તિ જન્ય રૂપાદિ પદાર્થમાં અવૃત્તિ જાતિ જ્ઞાનત્વાદિ અને શબ્દત્વ છે તજ્જાતિમદ્ વિશેષ ગુણવત્ત્વ આત્મા અને આકાશમાં જ છે. તેથી કોઈ દોષ નથી. અહીં યાદ રાખવું કે પૂર્વે જણાવ્યા મુજબ જ્ઞાનાદિ વિશેષ ગુણો અને શબ્દ બે જ ક્ષણ વૃત્તિ હોવાથી 'ત્રિક્ષણવૃત્તિ જન્યાડવૃત્તિ' કહ્યું હોત તો પણ ચાલત પરંતુ અપેક્ષાબુદ્ધિ સ્વરૂપ જ્ઞાન ત્રણ ક્ષણ સુધી રહે છે. તેથી જ્ઞાનત્વ જાતિ ત્રિક્ષણવૃત્તિ જન્ય જ્ઞાનમાં [અપેક્ષાબુદ્ધિમાં] વૃત્તિ જ હોવાથી તેનું ગ્રહણ ન થાત. માટે તેનો સંગ્રહ કરવા 'ચતુઃક્ષણ'નું ઉપાદાન કર્યું છે. અપેક્ષા બુદ્ધિ ત્રણ જ ક્ષણ વૃત્તિ હોવાથી જ્ઞાનત્વ જાતિ ચતુઃક્ષણવૃત્તિ જન્ય પદાર્થમાં અવૃત્તિ હોવાથી હવે તેનો સંગ્રહ થઈ શકે છે. જ્ઞાનને બે ક્ષણ વૃત્તિ માન્યા પછી અપેક્ષાબુદ્ધિને ત્રણ ક્ષણ વૃત્તિ શા માટે માનવી જોઈએ? એ કહેવું યોગ્ય નથી કારણ કે, "**પ્રથમક્ષણે** અપેક્ષાબુદ્ધિની ઉત્પત્તિ, **દ્વિતીય ક્ષણે** દ્વિત્વાદિ સંખ્યાની ઉત્પત્તિ, **તૃતીયક્ષણે** દ્વિત્વનું નિર્વિકલ્પક જ્ઞાન અને **ચતુર્થક્ષણે** દ્વિત્વાદિ સંખ્યાનું સવિકલ્પક પ્રત્યક્ષ થાય છે." આ અવસ્થામાં અપેક્ષાબુદ્ધિ સ્વરૂપ જ્ઞાનને બે ક્ષણ જ વૃત્તિ માનીએ તો તૃતીયક્ષણે અપેક્ષા-

બુદ્ધિના નાશથી ચતુર્થક્ષણે દ્વિત્વાદિનો નાશ થવાથી દ્વિત્વાદિ સંખ્યાનું પ્રત્યક્ષ જ નહીં થાય. યદ્યપિ તૃતીયક્ષણે દ્વિત્વ હોય અને ચતુર્થક્ષણે એનો નાશ થાય તો પણ કાર્યાવ્યવહિત પૂર્વક્ષણમાં દ્વિત્વાદિ હોવાથી ચતુર્થક્ષણમાં દ્વિત્વાદિનું પ્રત્યક્ષ થવામાં કોઈ બાધક નથી. પરંતુ પ્રત્યક્ષની પ્રત્યે વિષયની કારણતા સ્વાવ્યવહિત પૂર્વવૃત્તિત્વેન નથી મનાતી પણ સ્વ–કાર્યસમાનકાલીનત્વેન મનાય છે. તેથી ચતુર્થક્ષણમાં દ્વિત્વાદિ સંખ્યાનું હોવું જરૂરી હોવાથી અપેક્ષાબુદ્ધિને દ્વિત્વાદિ પ્રત્યક્ષની અનુપપત્તિ ન થાય માટે ત્રણક્ષણવૃત્તિ મનાય છે. માત્ર 'જન્યાવૃત્તિ જાતિમદ્ વિશેષ ગુણવત્ત્વ'નું જ ઉપાદાન કરીએ તો જ્ઞાનત્વાદિ કે શબ્દત્વ જાતિ પણ જન્યમાં વૃત્તિ હોવાથી જ્ઞાનત્વાદિ કે શબ્દત્વ જાતિનો પણ સંગ્રહ નહીં થાય. તેથી અસંભવ આવશે તેના નિવારણ માટે 'ચતુઃક્ષણવૃત્તિ' પદનું ઉપાદાન કર્યું છે. જ્ઞાનત્વાદિ કે શબ્દત્વ જાતિ પણ જન્યમાં વૃત્તિ હોવા છતાં જ્ઞાનત્વાદિ કે શબ્દત્વ જાતિ ચતુઃક્ષણવૃત્તિજન્ય ઘટાદિમાં અવૃત્તિ હોવાથી તેને લઈને આકાશ અને આત્મામાં સાધર્મ્યનો સમન્વય થતો હોવાથી અસંભવ નહીં આવે. માત્ર 'ચતુઃક્ષણવૃત્તિ પદાર્થાઽવૃત્તિ જાતિમદ્ વિશેષગુણવત્ત્વનો' નિવેશ કરીએ અને જન્યપદનું ઉપાદાન ન કરીએ તો ચતુઃક્ષણવૃત્તિ નિત્યજ્ઞાનમાં રહેનારી જ્ઞાનત્વાદિ જાતિનું ગ્રહણ ન થવાથી તજ્જાતિમદ્ વિશેષગુણ નિત્યજ્ઞાનવાન્ પરમાત્મામાં અવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે જન્યપદનો નિવેશ કર્યો છે. ચતુઃક્ષણવૃત્તિ નિત્યજ્ઞાનમાં જ્ઞાનત્વજાતિવૃત્તિ હોવા છતાં ચતુઃક્ષણવૃત્તિજન્ય ઘટાદિમાં તે અવૃત્તિ હોવાથી તે જાતિમદ્ વિશેષગુણ નિત્યજ્ઞાનને લઇને પરમાત્મામાં પણ સાધર્મ્યનો સમન્વય થવાથી અવ્યાપ્તિ નહીં આવે. અથવા 'अथाकाशशरीरिणाम्' આ મૂલના અનુસારે અશરીરી પરમાત્માનું સાધર્મ્ય જણાવવાનો આશય નથી પરંતુ શરીરી જીવાત્માનું જ સાધર્મ્ય જણાવવાનો આશય છે એમ માનીએ તો જન્ય પદનો નિવેશ ન કરીએ તો પણ ચાલે. કારણ કે ચતુઃક્ષણવૃત્તિ પદાર્થમાં નહી રહેનારી જ્ઞાનત્વ જાતિ ન

હોવા છતાં તાદૃશ જાતિ દ્વેષત્વ તો છે જ તજ્જાતિમદ્ વિશેષગુણુ દ્વેષવત્ત્વ તો જીવાત્મામાં છે જ એટલે અવ્યાપ્તિ નહીં આવે. 'ચતુઃ ક્ષણુવૃત્તિજન્યાવૃત્તિજાતિમદ્ ગુણુવત્ત્વ' માત્રનું ઉપાદાન કરીએ અર્થાદ્ 'વિશેષ' પદનું ઉપાદાન ન કરીએ તો ચતુઃક્ષણુવૃત્તિ જન્યઘટાદિમાં અવૃત્તિ જે પરમમહત્ત્વત્વ જાતિ તદ્જાતિમદ્ મહત્ત્વગુણુવત્ત્વ કાલાદિમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. અથવા પૂર્વે જણુાવ્યા મુજબ પરમમહત્ત્વત્વ જાતિ નથી પરંતુ અપકૃષ્ટ પરિમાણુવત્ત્વ સ્વરૂપ છે એમ માનીએ [ જુઓ પૃ. નં. ૬૪-૬૫ ]; તો પૂર્વે જણાવ્યા મુજબ [ જુઓ પૃ. નં. ૭૨ ] દ્વિત્વાદિ સંખ્યાનો અપેક્ષાબુદ્ધિના પાંચમા ક્ષણે અને સ્વોત્પત્તિના ચતુર્થક્ષણે નાશ થતો હોવાથી ચતુઃ ક્ષણુવૃત્તિં જન્યઘટાદિમાં અવૃત્તિ જાતિ દ્વિત્વત્વાદિ પણ છે અને તજ્જાતિમદ્ દ્વિત્વાદિ સંખ્યા સ્વરૂપ સામાન્ય ગુણુવત્ત્વ તો ઘટાદિમાં પણુ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણુ માટે 'વિશેષ' પદનો નિવેશ કર્યો છે. સંખ્યા વિશેષ ગુણુ ન હોવાથી તેને લઈને ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. અથવા ચતુઃક્ષણુવૃત્તિ જન્યાડવૃત્તિ જાતિમદ્ વિશેષ ગુણુવત્ત્વની અપેક્ષાએ લઘુભૂત 'ત્રિક્ષણુ જન્યાવૃત્તિ જાતિમદ્ વિશેષ ગુણુવત્ત્વ'ની વિવક્ષા કરવાથી પણુ કોઇ દોષ નથી કારણુ કે ત્રિક્ષણુવૃત્તિ જન્ય પદાર્થમાં અવૃત્તિ જાતિ જ્ઞાનત્વ ન હોવા છતાં તાદૃશ ઇચ્છાત્વ-દ્વેષત્વાદિ જાતિને લઇને તજ્જાતિમદ્ વિશેષગુણુ ઇચ્છાદિમત્ત્વ જીવાત્મામાં હોવાથી ત્યાં સાધર્મ્યનો સમન્વય થઇ જાય છે. પરમાત્મામાં તો ઉપર જણાવ્યા મુજબ સાધર્મ્ય જણાવવાનો આશય ન હોવાથી 'જ્ઞાનત્વ' જાતિનો સંગ્રહ ન થવા છતાં કોઇ દોષ નથી.

પૃથ્વી જલ અને તેજનું સાધર્મ્ય રૂપવત્ત્વ, દ્રવત્વવત્ત્વ, અને પ્રત્યક્ષવિષયત્વ છે. પૃથ્વીમાં સપ્તવિધ રૂપવત્ત્વ અને જલ તેજમાં શુકલ-રૂપવત્ત્વ છે. પૃથ્વી અને તેજમાં નૈમિત્તિકદ્રવત્વવત્ત્વ છે. જ્યારે જલમાં સાંસિદ્ધિકદ્રવત્વવત્ત્વ છે. અને પૃથ્વી જલ તેજનું ચાક્ષુષ અને ત્વાચ પ્રત્યક્ષ થતું હોવાથી તે ત્રણેમાં પ્રત્યક્ષ વિષયત્વ છે જ. ચક્ષુરાદિ

ઇન્દ્રિય સ્વરૂપ તેજ આદિમાં; ચણા મમરા શેકવાના સાધનભૂત માટીના ભાજન વિશેષમાં રહેલા વહ્નિમાં અને ગરમીમાં રૂપવત્ત્વ છે એમાં કોઈ પ્રમાણુ નથી એવું નહિ કહેવું કારણુ કે "ચક્ષુરાદયો (ભર્જન કપાલસ્થવહ્નિ ઉષ્મા વગેરે) રૂપવન્તસ્તેજસ્ત્વાદ્ મહાન-સાદિવૃત્તિવહ્નિવદ્" આ અનુમાનથી ચક્ષુરાદિ સ્વરૂપ તેજમાં તેજસ્ત્વ હેતુથી રૂપવત્ત્વનું અનુમાન થઈ શકે છે તેમજ પૃથ્વીત્વ અને જલત્વ હેતુથી પાર્થિવ અને જલીય ઇન્દ્રિય સ્વરૂપ પૃથ્વી અને જલમાં તથા વાયુ દ્વારા લવાએલા પાર્થિવ અથવા જલીય ભાગમાં પણુ રૂપવત્ત્વ સિદ્ધ થઈ શકે છે. યદ્યપિ પૃથ્વી વગેરેમાં ઉત્પત્તિના પ્રથમ ક્ષણે રૂપવત્ત્વ ન હોવાથી ત્યાં અવ્યાપ્તિ આવે છે પરંતુ તેના નિવારણુ માટે રૂપવદ્ વૃત્તિ દ્રવ્યત્વ વ્યાપ્ય જાતિમત્ત્વની વિવક્ષા કરવાથી રૂપવદ્ વૃત્તિ દ્રવ્યત્વ વ્યાપ્ય પૃથ્વીત્વાદિ જાતિમત્ત્વ સકલ પૃથ્વ્યાદિમાં હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. આવી જ રીતે 'દ્રવત્વવત્ત્વ'નું પણુ તાત્પર્ય દ્રવત્વવદ્વૃત્તિદ્રવ્યત્વ વ્યાપ્ય જાતિમત્ત્વ હોવાથી ઘટમાં તેમજ દ્રુતસુવર્ણાદિભિન્ન વહ્નિ વગેરે તેજમાં દ્રવત્વવત્ત્વ ન હોવા છતાં અવ્યાપ્તિ નહીં આવે કારણુ કે દ્રવત્વવદ્ વૃત્તિ દ્રવ્યત્વ વ્યાપ્ય પૃથ્વીત્વ તેમજ તેજસ્ત્વ જાતિમત્ત્વ ઘટાદિમાં તેમજ દ્રુતસુવર્ણાદિભિન્ન તેજમાં અનુક્રમે છે જ. યદ્યપિ પૃથ્વી જલ અને તેજના પરમાણુનું પ્રત્યક્ષ થતું ન હોવાથી પરમાણુમાં પ્રત્યક્ષ વિષયત્વ નથી અને રૂપાદિ ગુણોનું પ્રત્યક્ષ થતું હોવાથી રૂપાદિમાં પ્રત્યક્ષ વિષયત્વ છે. તેથી અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ તેના નિવારણુ માટે 'પ્રત્યક્ષવિષયત્વ'નો અર્થ 'चाक्षुषप्रत्यक्षविषयवृत्ति द्रव्यत्वव्याप्यजाति-मत्त्व' કરવાથી અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિ નહીં આવે કારણુ કે ચક્ષુ-ઇન્દ્રિય જન્ય લૌકિક પ્રત્યક્ષના વિષય ઘટાદિમાં રહેનારી જે દ્રવ્યત્વ વ્યાપ્ય પૃથ્વીત્વ–જલત્વ અને તેજસ્ત્વ જાતિ, તદ્વત્ત્વ પૃથ્વ્યાદિના પરમાણુમાં છે જ અને રૂપાદિ ગુણોમાં તદ્વત્ત્વ નથી. માત્ર પ્રત્યક્ષ-વિષયવૃત્તિ દ્રવ્યત્વ વ્યાપ્ય જાતિમત્ત્વની વિવક્ષા કરીએ તો માનસ-પ્રત્યક્ષના વિષયભૂત આત્મામાં રહેનારી દ્રવ્યત્વ વ્યાપ્ય આત્મત્વ-

જાતિને લઈને આત્મામાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'ચાક્ષુષ' પદનો નિવેશ કર્યો છે. આત્મત્વ જાતિ ચાક્ષુષપ્રત્યક્ષના વિષયભૂત ઘટાદિમાં વૃત્તિ ન હોવાથી તેને લઈને આત્મામાં અતિવ્યાપ્તિ નહીં આવે. શેષ પદકૃત્ય સ્પષ્ટ છે. પૂર્વોક્ત રીતે સ્વયં સમજી લેવું.

ગુરૂત્વવત્ત્વ અને રસવત્ત્વ પૃથ્વી તથા જલનું સાધર્મ્ય છે. પૃથ્વીમાં ષડ્વિધ રસવત્ત્વ અને જલમાં મધુરસવત્ત્વ છે. ઘ્રાણેન્દ્રિય-રસનેન્દ્રિય અને પવન દ્વારા લવાએલા પૃથ્વી તથા જલ ભાગોમાં રસાદિમત્ત્વ (ગુરૂત્વવત્ત્વ) છે એમાં કોઈ પ્રમાણ નથી એ કહેવું યોગ્ય નથી. કારણ કે घ्राणेन्द्रियादयो रसादिमन्तः पृथ्वीत्वाद् घटादिवद्, रसनेन्द्रियादयो रसादिमन्तो जलत्वाद् जलादिवद् આ અનુમાનથી ઘ્રાણેન્દ્રિયાદિમાં રસાદિમત્ત્વ સિદ્ધ છે.

પૃથ્વી અને તેજનું સાધર્મ્ય 'નૈમિત્તિક દ્રવત્વવત્ત્વ' છે. યદ્યપિ ઘટાદિ સ્વરૂપ પૃથ્વીમાં અને વહ્ન્યાદિ સ્વરૂપ તેજમાં નૈમિત્તિક દ્રવત્વવત્ત્વ નથી તેથી અવ્યાપ્તિ આવે છે. પરંતુ તેના નિવારણ માટે નૈમિત્તિક દ્રવત્વવત્ત્વનો અર્થ 'नैमित्तिकद्रवत्वसमानाधिकरण-द्रव्यत्वव्याप्यजातिमत्त्व' કરવાથી અવ્યાપ્તિ નહીં આવે કારણ કે નૈમિત્તિક દ્રવત્વના અધિકરણ ઘૃતાદિ અને સુવર્ણાદિમાં રહેનારી દ્રવ્યત્વવ્યાપ્ય જે પૃથ્વીત્વ અને તૈજસ્ત્વ જાતિ તદ્વત્ત્વ ઘટાદિ પૃથ્વીમાં અને વહ્ન્યાદિ તેજમાં અનુક્રમે છે જ.

પૃથ્વી જલ તેજ વાયુ આકાશ અને આત્મા આ છ દ્રવ્યોનું સાધર્મ્ય વિશેષ ગુણવત્ત્વ છે.

જે જેનું સાધર્મ્ય કહ્યુ છે તે તેનાથી અતિરિક્તનું વૈધર્મ્ય છે. માત્ર સાતપદાર્થનું જે સાધર્મ્ય જ્ઞેયત્વાદિ છે તે કોઈનું પણ વૈધર્મ્ય નથી. કારણ કે જ્ઞેયત્વાદિ કેવલાન્વયિ છે. સાતે સાત પદાર્થમાં વૃત્તિ છે. સાત પદાર્થથી કોઈ અતિરિક્ત પદાર્થ પણ નથી.

॥ इति साधर्म्य वैधर्म्यनिरूपणम् ॥

## कारिकावली

स्पर्शादयोऽष्टौ वेगाख्यः संस्कारो मरुतो गुणाः ।
स्पर्शाद्यष्टौ रूपवेगौ द्रवत्वं तेजसो गुणाः ॥३०॥
स्पर्शादयोऽष्टौ वेगश्च गुरुत्वं च द्रवत्वकम् ।
रूपं रसस्तथा स्नेहो वारिण्येते चतुर्दश ॥३१॥
स्नेहहीना गन्धयुताः क्षितावेते चतुर्दश ।
बुद्ध्यादिषट्कं सङ्ख्यादिपञ्चकं भावना तथा ॥३२॥
धर्माऽधर्मौ गुणा एते आत्मनः स्युश्चतुर्दश ।
सङ्ख्यादिपञ्चकं कालदिशोः शब्दश्च ते च खे ॥३३॥
सङ्ख्यादिपञ्चकं बुद्धिरिच्छा यत्नोऽपि चेश्वरे ।
पराऽपरत्वे सङ्ख्याद्याः पञ्च वेगश्च मानसे ॥३४॥

## मुक्तावली

स्पर्शादय इति । ते च पञ्चसङ्ख्याद्याः । खे–आकाशे ॥ ३०–३१–३२–३३–३४ ॥ इति सामान्यतो द्रव्यगुणकथनम् ॥

સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ પરત્વ, અપરત્વ અને વેગ સ્વરૂપ સંસ્કાર આ નવ ગુણો વાયુના છે.

સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, રૂપ, વેગ, અને દ્રવત્વ આ અગ્યાર ગુણો તેજના છે,

સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, રૂપ, વેગ, દ્રવત્વ, ગુરૂત્વ, રસ, અને સ્નેહ, આ ચૌદ ગુણો જલના છે.

સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, રૂપ, વેગ, દ્રવત્વ, ગુરૂત્વ, રસ, અને ગંધ આ ચૌદ ગુણો પૃથ્વીના છે.

બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, સંખ્યા, પરિમાણ પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, ધર્મ, અધર્મ, અને ભાવના આ ચૌદ ગુણો આત્માના છે.

સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, અને વિભાગ આ પાંચ ગુણો કાલ તથા દિશાના છે.

સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, અને શબ્દ, આ છ ગુણો આકાશના છે.

સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, બુદ્ધિ, ઇચ્છા, અને પ્રયત્ન આ આઠ ગુણો પરમાત્માના છે.

સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, અને વેગ આ આઠ ગુણો મનના છે. આ રીતે દ્રવ્યોના મૂલભૂત ગુણોની સંખ્યાને યાદ રાખવા પ્રાચીન પુસ્તકોમાં જે પ્રસિદ્ધ શ્લોક છે તે નીચે જણાવ્યા મુજબ છે.

वायोर्नवैकादश तेजसो गुणाः, जलक्षितिप्राणभृतां चतुर्दश ।
दिक्कालयोः पञ्च षडेव चाम्बरे, महेश्वरेऽष्टौ मनसस्तथैव च ॥

॥ इति सामान्यतो द्रव्यगुणकथनम् ॥

## कारिकावली ।

## तत्र क्षिति र्गन्धहेतु र्नाना रूपवती मता ।

मुक्तावली

साधर्म्यवैधर्म्ये निरूप्य सम्प्रति प्रत्येकं पृथिव्यादिकं निरूपयति–तत्रेति । गन्धहेतुरिति । गन्धसमवायिकारणमित्यर्थः । यद्यपि गन्धवत्त्वमात्रं पृथिव्या लक्षणमुचितं, तथाऽपि पृथिवीत्वजातौ प्रमाणोपन्यासाय कारणत्वमुपन्यस्तम् । तथा हि पृथिवीत्वं हि गन्धसमवायिकारणतावच्छेदकतया सिद्ध्यति, अन्यथा गन्धत्वावच्छिन्नस्याऽऽकस्मिकत्वापत्तेः । न च पाषाणादौ गन्धाभावाद् गन्धवत्त्वमव्याप्तमिति वाच्यम् । तत्राऽपि गन्धसत्त्वात् । अनुपलब्धिस्त्वनुत्कटत्वेनाऽप्युपपद्यते, कथमन्यथा तद्-

भस्मनि गन्ध उपलभ्यते ? भस्मनो हि पाषाणध्वंसजन्यत्वात् पाषाणोपादानोपादेयत्वं सिद्ध्यति, यद् द्रव्यं यद्द्रव्यध्वंसजन्यं तत् तदुपादानोपादेयमिति व्याप्तेः, दृष्टञ्चैतत् खण्डपटे महापटध्वंसजन्ये । इत्थञ्च पाषाणपरमाणोः पृथिवीत्वात् तज्जन्यपाषाणस्याऽपि पृथिवीत्वं, तथा च तस्याऽपि गन्धवत्त्वे बाधकाभावः । नानेति । शुक्लनीलादिभेदेन नानाजातीयं रूपं पृथिव्यामेव वर्तते, न तु जलादौ, तत्र शुक्लस्यैव सत्त्वात् । पृथिव्यां त्वेकस्मिन्नपि धर्मिणि पाकवशेन नानारूपसम्भवात् । नच यत्र नानारूपं नोत्पन्नं, तत्राऽव्याप्तिरिति वाच्यम् । रूपद्वयवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात्, रूपनाशवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य वा वाच्यत्वात् । वैशेषिकनये पृथिवीपरमाणौ रूपनाशस्य रूपान्तरस्य च सत्त्वात्, न्यायनये घटादावपि तत्सत्त्वाल्लक्षणसमन्वयः ।

अथ प्रत्येकं पृथिव्यादिकं निरूपयति—तत्र क्षितिर्गन्धहेतु....।—

'ગંધસમવાયિકારણત્વ' પૃથ્વીનું લક્ષણ છે. યદ્યપિ 'સમવાય સંબંધથી ગન્ધવત્ત્વ' પૃથ્વીનું લક્ષણ કરીએ તો પણ કોઈ દોષ નથી, પરંતુ પૃથ્વીત્વ જાતિની સિદ્ધિ માટે અનુમાન પ્રમાણને જણાવવા મૂલમાં ગન્ધહેતુત્વેન ક્ષિતિનો ઉપન્યાસ છે. 'इयं पृथिवी इयं पृथिवी' ઈત્યાકારક એકાકારક પ્રતીતિનો અભાવ હોવાથી સકલપૃથિવીમાં પ્રત્યક્ષપ્રમાણથી પૃથ્વીત્વ જાતિની સિદ્ધિ થતી નથી. પૃથ્વીત્વજાતિ ગન્ધનિષ્ઠકાર્યતા નિરૂપિત સમવાયિકારણતાના અવચ્છેદક ધર્મરૂપે અનુમાન પ્રમાણથી સિદ્ધ થાય છે. "गन्धत्वावच्छिन्नसमवायसम्बन्धावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकारणता यत्किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वाद् घटत्वावच्छिन्नतादृशकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकपालत्वावच्छिन्नकारणतावद्" આ અનુમાનથી ગન્ધનિષ્ઠકાર્યતા નિરૂપિત તાદૃશ પૃથ્વી નિષ્ઠ સમવાયિકારણતાનો અવચ્છેદક ધર્મ જેને મનાય છે તેને પૃથ્વીત્વ જાતિ કહેવાય છે. ગન્ધસામાન્યની પ્રત્યે પૃથ્વી સામાન્યને કારણ ન માનીએ અને તત્તદ્-

ગન્ધની પ્રત્યે તત્તત્‌પૃથ્વીને જ કારણ માનીએ તો ગન્ધસામાન્યની પ્રત્યે કોઈ પણ કારણ નહીં માનવાથી ગન્ધસામાન્યની ઉત્પત્તિ આકસ્મિક અર્થાત્ કારણવિશેષથી અનિયમ્ય માનવાની આપત્તિ આવશે. તેથી ગન્ધસામાન્યની પ્રત્યે પૃથ્વીત્વેન પૃથ્વી સામાન્યને સમવાયિ કારણ માનવું આવશ્યક હોવાથી ગન્ધસમવાયિકારણતાવચ્છેદકતયા પૃથ્વીત્વ જાતિની સિદ્ધિ થાય છે.

પાષાણાદિમાં ગન્ધ ન હોવાથી પૃથ્વીના લક્ષણ ગન્ધવત્ત્વમાં અવ્યાપ્તિ આવે છે એ કહેવું યોગ્ય નથી. કારણ કે પાષાણમાં ગન્ધ તો છે જ. પરંતુ અનુત્કટ હોવાથી તેના ગન્ધનું પ્રત્યક્ષ થતું નથી. આથી જ અનુત્કટગન્ધ પાષાણમાં હોવાના કારણે પાષાણ ધ્વંસ જન્ય ભસ્મમાં ગન્ધની ઉપલબ્ધિ થાય છે. અન્યથા પાષાણમાં ગન્ધ ન હોય તો પાષાણના ધ્વંસથી જન્ય ભસ્મમાં ગન્ધની ઉપ-લબ્ધિ નહી થાય. કારણ કે જે દ્રવ્ય જે દ્રવ્યના ધ્વંસથી જન્ય છે. તે દ્રવ્ય તે દ્રવ્યના ઉપાદાન કારણથી [અવયવથી] ઉપાદેય છે. આ નિયમ છે. આથી સ્પષ્ટ છે કે પાષાણના ઉપાદાન કારણો [સાક્ષાત્ પરંપરયા] અને ભસ્મના ઉપાદાન કારણો બન્ને એક જ છે-અભિન્ન છે. તેથી સમાન ઉપાદાનથી ઉપાદેય હોવા છતાં ભસ્મમાં ગંધ છે અને પાષાણમાં તે નથી એ કહેવું યોગ્ય નથી. મહાપટના ધ્વંસથી જન્ય ખંડપટમાં એક જ તન્ત્વાદિ ઉપાદાનનું ઉપાદેયત્વ પ્રત્યક્ષ સિદ્ધ છે. પાષાણના પરમાણુ પૃથ્વી હોવાથી તજ્જન્ય પાષાણ પૃથ્વી છે. તેથી 'पाषाणादिकं गन्धवत् पृथ्वीत्वाद् घटादिवद्' આ અનુમાન પણ પાષાણમાં ગન્ધવત્ત્વનું સાધક હોવાથી પાષાણમાં ગન્ધનું અસ્તિત્વ માનવામાં કોઇ બાધક નથી.

પૃથ્વીમાં જ નાના રૂપવત્ત્વ છે. શુકલ નીલાદિભેદથી ભિન્ન ભિન્ન રૂપવત્ત્વ પૃથ્વીમાં જ ઉપલબ્ધ છે. જલાદિમાં એક શુકલરૂપવત્ત્વ છે. ઘટાદિ સ્વરૂપ પૃથ્વીમાં અર્થાત્ ઘટાદિ સ્વરૂપ એક જ ધર્મીમાં વિજાતીય તેજ સંયોગના કારણે રક્ત-શ્યામાદિ અનેક રૂપવત્ત્વ પ્રતીત

છે, જ્યારે જલાદિ સ્વરૂપ અનેક ધર્મીમાં પણ એક શુકલરૂપવત્ત્વ જ હોવાથી નાના રૂપવત્ત્વ પૃથ્વીમાં જ છે. યદ્યપિ જે પૃથ્વીમાં અનેક રૂપો ઉત્પન્ન ન થયા હોય એવી પૃથ્વીમાં નાના રૂપવત્ત્વ ન હોવાથી અવ્યાપ્તિ આવે છે. પરંતુ નાના રૂપવત્ત્વ પ્રકૃત સ્થળે રૂપદ્વયવદ્વૃત્તિ દ્રવ્યત્વવ્યાપ્ય જાતિમત્ત્વ સ્વરૂપ હોવાથી નાનારૂપની ઉત્પત્તિથી રહિત પૃથ્વીમાં અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે તે પૃથ્વીમાં પણ રૂપદ્વયવદ્ ઘટાદિવૃત્તિ દ્રવ્યત્વવ્યાપ્ય પૃથ્વીત્વ જાતિમત્ત્વ તો છે જ. રૂપદ્વયવદ્ ઘટાદિવૃત્તિ દ્રવ્યત્વજાતિને લઈને જલાદિમાં આવતી અતિવ્યાપ્તિનું નિવારણ કરવા 'દ્રવ્યત્વવ્યાપ્ય' પદનું ઉપાદાન કર્યું છે. દ્રવ્યત્વજાતિ દ્રવ્યત્વવ્યાપ્ય ન હોવાથી તેને લઈને જલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર દ્રવ્યત્વવ્યાપ્ય જાતિમત્ત્વની વિવક્ષાથી તાદૃશ દ્રવ્યત્વવ્યાપ્ય જાતિમદ્ જલાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે રૂપદ્વયવદ્વૃત્તિ પદનો નિવેશ છે. દ્રવ્યત્વવ્યાપ્ય જલત્વાદિ જાતિ રૂપદ્વયવદ્ ઘટાદિમાં વૃત્તિ ન હોવાથી તેને લઈને જલાદિમાં અતિ-વ્યાપ્તિ નહીં આવે. ઈત્યાદિ પદકૃત્ય સુગમ છે. અથવા "अयमेकोऽयमेक इमौ द्वौ" ઇત્યાકારક અપેક્ષાબુદ્ધિ વિષયત્વસ્વરૂપ દ્વિત્વ ઘટિત 'રૂપદ્વયવદ્વૃત્તિદ્રવ્યત્વવ્યાપ્યજાતિમત્ત્વ'ની વિવક્ષામાં ગૌરવ હોવાથી પ્રકૃત સ્થળે નાના રૂપવત્ત્વ 'રૂપનાશવદ્ વૃત્તિદ્રવ્યત્વ વ્યાપ્યજાતિમત્ત્વ' સ્વરૂપ સમજવું. જલાદિના રૂપનો નાશ સ્વાશ્રય (જલાદિ)ના નાશથી જ થાય છે. તેથી રૂપનાશવદ્ જલાદિ નથી. ઘટાદિમાં તો વિજાતીય તેજ સંયોગરૂપ પાકના કારણે પૂર્વતન રક્તરૂપાદિનો નાશ થાય છે તેથી રૂપનાશવદ્ ઘટાદિ સ્વરૂપ પૃથ્વી જ છે. ત્યાં રહેનારી દ્રવ્યત્વ-વ્યાપ્યજાતિ પૃથ્વીત્વ છે. અને તજ્જાતિમત્ત્વ સકલ પૃથ્વીમાં હોવાથી લક્ષણ સમન્વય થાય છે. રૂપનાશવદ્વૃત્તિદ્રવ્યત્વવ્યાપ્યધર્મવત્ત્વની વિવક્ષા કરીએ અને જાતિ પદનું ઉપાદાન ન કરીએ તો રૂપનાશવદ્ ઘટાદિ દ્રવ્યવૃત્તિ દ્રવ્યત્વવ્યાપ્યધર્મ તો જલ પૃથ્વ્યન્યતરત્વ પણ છે. અને તદ્ધર્મવત્ત્વ જલમાં હોવાથી અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે 'જાતિ' પદનું ઉપાદાન કર્યું છે. 'પૃથ્વીજલાન્યતરત્વ' જાતિ ન

હોવાથી તેને લઈને જલમાં અતિવ્યાપ્તિ નહીં આવે. ઇત્યાદિ પદકૃત્ય સ્પષ્ટ છે. વૈશેષિકદર્શનમાં પૃથ્વીપરમાણુમાં જ પાક મનાય છે તેથી રૂપનાશવદ્ પરમાણુ છે. જ્યારે ન્યાયદર્શનમાં અવયવી ઘટાદિમાં પણ પાક મનાતો હોવાથી રૂપનાશવદ્ ઘટાદિ છે. એ યાદ રાખવું.

## कारिकावली

**षड्विधस्तु रसस्तत्र गन्धस्तु द्विविधो मतः ॥३५॥**
**स्पर्शस्तस्यास्तु विज्ञेयो ह्यनुष्णाशीतपाकजः ।**

## मुक्तावली ।

षड्विध इति । मधुरादिभेदेन यः षड्विधो रसः स पृथिव्यामेव, जले मधुर एव रसः । अत्राऽपि पूर्ववद्रसद्वयवद्वृत्ति–द्रव्यत्वव्याप्यजातिमत्त्वं लक्षणार्थोऽवसेयः । 'द्विविध' इति वस्तुस्थितिमात्रं न तु द्विविधगन्धवत्त्वं लक्षणम्, द्विविधत्वस्य व्यर्थत्वात् । द्वैविध्यञ्च सौरभासौरभभेदेन बोध्यम् ॥३५॥

स्पर्श इति । तस्याः– पृथिव्याः । अनुष्णाशीतस्पर्शवत्त्वं वायावपि वर्त्तत इत्युक्तं 'पाकज' इति । इत्थञ्च पृथिव्याः स्पर्शोऽनुष्णाशीत इति ज्ञापनार्थं तदुक्तं पाकजस्पर्शवत्त्वमात्रं तु लक्षणम्; अधिकस्य वैयर्थ्यात् । यद्यपि पाकजस्पर्शः पटादौ नास्ति तथाऽपि पाकजस्पर्शवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वमर्थो बोध्यः ।

॥ इति पृथिवीलक्षणकथनम् ॥

મધુરાદિભેદથી છ પ્રકારનો રસ પણ પૃથ્વીમાં છે. જલમાં તો માત્ર મધુર જ રસ છે. અહીં પણ નાનારૂપવત્ત્વના તાત્પર્યની જેમ 'रसद्वयवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्व' અથવા 'रसनाशवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्व' સ્વરૂપ જ 'ષડ્વિધરસવત્ત્વ'ની વિવક્ષા હોવાથી જે પૃથ્વીમાં નાના રસની ઉત્પત્તિ થઇ નથી. તે પૃથ્વીમાં અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે રસદ્વયવદ્ અથવા રસનાશવદ્ આમ્રાદિવૃત્તિ દ્રવ્યત્વવ્યાપ્યપૃથ્વીત્વજાતિ સકલ પૃથ્વીમાં છે.

પૃથ્વીમાં દ્વિવિધ ગન્ધવત્ત્વ છે. 'દ્વિવિધ ગન્ધવત્ત્વ' પૃથ્વીનું લક્ષણ નથી. પરંતુ 'દ્વિવિધગન્ધ પૃથ્વીમાં હોય છે.' એ વસ્તુસ્થિતિનું નિરૂપણ માત્ર છે. પૃથ્વીનું લક્ષણ તો ગંધવત્ત્વ માત્ર જ છે. સુરભિ અને અસુરભિ ભેદથી ગન્ધ બે પ્રકારનો છે.

## कारिकावली ।

**नित्याऽनित्या च सा द्वेधा नित्या स्यादणुलक्षणा ॥३६॥**
**अनित्या तु तदन्या स्यात् सैवाऽवयवयोगिनी ।**
**सा च त्रिधा भवेद्देहमिन्द्रियं विषयस्तथा ॥३७॥**

### मुक्तावली

नित्येति । सा–पृथिवी द्विविधा, नित्याऽनित्या चेत्यर्थः । अणु–लक्षणा–परमाणुरूपा पृथिवी नित्या ॥३६॥

तदन्या–परमाणुभिन्ना पृथिवी द्वयणुकादिरूपा सर्वाऽप्यनित्येत्यर्थः । सैवानित्या पृथिव्येवावयववतीत्यर्थः ।

नन्ववयविनि किं मानम् ? परमाणुपुञ्जैरेवोपपत्तेः । न च परमाणूनामतीन्द्रियत्वाद् घटादीनां प्रत्यक्षं न स्यादिति वाच्यम् । एकस्य परमाणोरप्रत्यक्षत्वेऽपि तत्समूहस्य प्रत्यक्षत्वसम्भवात् । यथैकस्य केशस्य दूरेऽप्रत्यक्षत्वेऽपि तत्समूहस्य प्रत्यक्षत्वम् । न ह्येको घटः स्थूल इति बुद्धेरनुपपत्तिरिति वाच्यम् । एको महान् धान्यराशिरितिवदुपपत्तेः । मैवम् । परमाणोरतीन्द्रियत्वेन तत्समूहस्यापि प्रत्यक्षत्वायोगात्, दूरस्थकेशस्तु नातीन्द्रियः, सन्निधाने तस्यैव प्रत्यक्षत्वात् । न च तदानीं दृश्यपरमाणुपुञ्जस्योत्पन्नत्वान्न प्रत्यक्षत्वेऽपि विरोध इति वाच्यम् । अदृश्यस्य दृश्यानुपादानत्वात्, अन्यथा चक्षुरूष्मादिसन्ततेः कदाचिद् दृश्यत्वप्रसङ्गात् । न चातितप्ततैलादौ कथमदृश्यदहनसन्तते दृश्यदहनोत्पत्तिरिति वाच्यम् । तत्र तदन्तःपातिभिर्दृश्यदहनावयवैः स्थूलदहनोत्पत्तेरुपगमात् । न चादृश्येन द्व्यणुकेन कथं दृश्यत्रसरेणोरुत्पत्तिरिति वाच्यम् । यतो न दृश्यत्वमदृश्यत्वं वा कस्यचित्

स्वभावादाचक्ष्महे किन्तु महत्वोद्भूतरूपादिकारणसमुदायवतो दृश्यत्वं तदभावे चादृश्यत्वम् । तथा च त्रसरेणो महत्त्वात् प्रत्यक्षत्वम्, न तु द्व्यणुकादेः, तदभावात्, न हि त्वन्मते सम्भवतीदं, परमाणौ महत्त्वाभावात् । इत्थञ्चावयविसिद्धौ तेषामुत्पादविनाशयोः प्रत्यक्षसिद्धत्वादनित्यत्वम् । तेषाञ्चावयवधाराया अनन्तत्वे मेरूसर्षपयोरपि साम्यप्रसङ्गः, अतः क्वचिद्विश्रामो वाच्यः, यत्र तु विश्रामस्तस्याऽनित्यत्वेऽसमवेतभावकार्योत्पत्तिप्रसङ्गात् तस्य नित्यत्वम् । महत्परिमाण तारतम्यस्य गगनादौ विश्रान्तत्वमिवाऽणुपरिमाणतारतम्यस्याऽपि क्वचिद्विश्रान्तत्वमस्तीति तस्य परमाणुत्वसिद्धिः । न च त्रसरेणावेव विश्रामोऽस्त्विति वाच्यम् । त्रसरेणुः सावयवः चाक्षुषद्रव्यत्वात् घटवदित्यनुमानेन तदवयवसिद्धौ, त्रसरेणोरवयवाः सावयवाः महदारम्भकत्वात् कपालवदित्यनुमानेन तदवयवसिद्धेः । न चेदमप्रयोजकम् अपकृष्टमहत्त्वं प्रत्यनेकद्रव्यवत्त्वस्य प्रयोजकत्वात् । न चैवं क्रमेण तदवयवधाराऽपि सिद्ध्येदिति वाच्यम् । अनवस्थाभयेन तदसिद्धेरिति ।

॥ इति परमाणुसाधनम् ॥

પૃથ્વીમાં અનુષ્ણાશીતપાકજસ્પર્શ છે. અહીં પાકજ પદનું ઉપાદાન ન કરીએ તો અનુષ્ણાશીત [સમસ્પર્શ] સ્પર્શવત્ત્વ વાયુમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે 'પાકજ' પદનું ઉપાદાન કર્યું છે. વાયુમાં પાકજ સ્પર્શવત્ત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. આથી સ્પષ્ટ છે કે 'સમવાયસંબંધથી પાકજ સ્પર્શવત્ત્વ' આ પૃથ્વીનું લક્ષણ છે. પૃથ્વીનો પાકજ સ્પર્શ અનુષ્ણાશીત છે એ જણાવવા માટે જ અનુષ્ણાશીત પદનું ઉપાદાન કર્યું છે. યદ્યપિ પટાદિ સ્વરૂપ પૃથ્વીમાં પાકજ સ્પર્શવત્ત્વ ન હોવાથી પટાદિમાં અવ્યાપ્તિ આવશે પરંતુ તેના નિવારણ માટે પૂર્વે જણાવ્યા મુજબ 'पाकजस्पर्शवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्व' આ જાતિઘટિત લક્ષણની વિવક્ષા સમજી લેવાથી અવ્યાપ્તિ નહીં આવે, એ સ્પષ્ટ છે.

નિત્ય અને અનિત્યભેદથી પૃથ્વી બે પ્રકારની છે. પરમાણુ સ્વરૂપ પૃથ્વી નિત્ય છે. દ્વયણુકાદિ સ્વરૂપ પૃથ્વી અનિત્ય છે. જે અવયવવતી અર્થાદ્ અવયવી સ્વરૂપ છે. અવયવીના અસ્તિત્વમાં કોઈ પ્રમાણ નથી. યદ્યપિ 'अयं घटः' ઇત્યાદ્યાકારક પ્રત્યક્ષાત્મક પ્રતીતિ જ, અવયવીના અસ્તિત્વમાં પ્રમાણ છે એમ કહી શકાય છે. પરંતુ 'अयं घटः' ઇત્યાદ્યાકારક પ્રતીતિના વિષય તરીકે સ્વતંત્ર અવયવીને માનવાની આવશ્યકતા નથી. કારણ કે તાદૃશ પ્રતીતિના વિષય તરીકે પરમાણુના પુંજ–સમુદાયને માનવાથી તાદૃશ પ્રતીતિ ઉપપન્ન થાય છે. 'એકપરમાણુંનું પ્રત્યક્ષ થતું ન હોવાથી પરમાણુના સમુદાયનું પણ પ્રત્યક્ષ નહીં થાય અને તેથી 'अयं घटः' ઈત્યાદ્યાકારક પ્રતીતિના વિષયભૂત ઘટાદિને પરમાણુ પુંજ સ્વરૂપ નહીં માની શકાય તાદૃશ-પ્રતીતિના અનુસારે ઘટાદિને પરમાણુ પુંજથી અતિરિકત અવયવી જ માનવા જોઇએ.' આ કહેવું યોગ્ય નથી. કારણ કે દૂરમાં રહેલો એક વાળ પ્રત્યક્ષનો વિષય થતો નથી પરંતુ તેના સમુદાયનું પ્રત્યક્ષ થાય છે. એવી રીતે એક પરમાણુ અપ્રત્યક્ષ હોવા છતાં પરમાણુનો સમુદાય પ્રત્યક્ષનો વિષય બની શકે છે. તેથી 'अयं घटः'ઇત્યાદ્યાકારક પ્રતીતિના અનુરોધથી પરમાણુપુંજથી અતિરિક્ત અવયવી સ્વરૂપ ઘટાદિને માનવાની આવશ્યકતા નથી. યદ્યપિ 'एकोऽयं घटः स्थूलः' ઇત્યાકારક પ્રતીતિ ઘટાદિમાં એકત્વ અને સ્થૂલત્વનું પણ અવગાહન કરે છે. ઘટાદિને જો પરમાણુના સમુદાયસ્વરૂપ જ માનીએ તો ઘટાદિમાં એકત્વ અને સ્થૂલત્વનું ભાન નહીં થાય. તેથી ઉક્તપ્રતીતિના નિર્વાહ માટે ઘટાદિને પરમાણુ પુંજથી અતિરિક્ત સ્વતંત્ર અવયવી સ્વરૂપ માનવા જોઇએ, પરંતુ 'एकोऽयं महान् धान्यराशिः' ઇત્યાકારક પ્રતીતિ જેવી રીતે અનાજના સમુદાયમાં એકત્વનું અને મહત્ત્વ–સ્થૂલત્વનું અવગાહન કરે છે. તેવી રીતે પરમાણુ સમુદાયમાં પણ એકત્વ અને સ્થૂલત્વનું અવગાહન થઈ શકે છે. તેથી પરમાણુ પુંજથી અતિરિક્ત કોઈ ઘટાદિ અવયવી ન હોવાથી અવયવીમાં કોઈ પ્રમાણ નથી. એ આક્ષેપ બૌદ્ધોનો છે. તેનું નિરાકરણ કરે છે—मैवं...

ઇત્યાદિ ગ્રંથથી—આશય એ છે કે પરમાણુ અતીન્દ્રિય હોવાથી પરમાણુનો સમુદાય પણ અતીન્દ્રિય જ રહેશે અર્થાદ્ તેનું પ્રત્યક્ષ નહીં થાય. દૂરવર્તિકેશ અતીન્દ્રિય નથી. નજીકમાં જ તેનું પ્રત્યક્ષ થાય છે. તેથી દૂરવર્તિકેશના દૃષ્ટાન્તથી પરમાણુના પુંજનું પ્રત્યક્ષત્વ સિદ્ધ નહીં થાય. કારણ કે દૃષ્ટાન્તનું વૈષમ્ય છે. 'અદૃશ્ય પરમાણુઓથી દૃશ્યપરમાણુપુંજની ઉત્પત્તિ થાય છે. તેથી 'अयं घटः' ઇત્યાદ્યાકારક પ્રતીતિ વખતે ઘટાદિસ્વરૂપ પરમાણુપુંજ પ્રત્યક્ષનો વિષય બની શકે છે.' એ કહેવું યોગ્ય નથી. કારણ કે અદૃશ્યથી દૃશ્યની ઉત્પત્તિ થતી નથી. અન્યથા અદૃશ્યથી પણ દૃશ્યની ઉત્પત્તિ માનીએ તો કોઈ વખત અદૃશ્ય (અપ્રત્યક્ષ) ચક્ષુસ્વરૂપઉષ્ણસ્પર્શાશ્રયદ્રવ્યોની સંતતિમાં દૃશ્યત્વની ઉત્પત્તિ માનવી પડશે. (આશય એ છે કે બૌદ્ધમતે બધી જ વસ્તુ ક્ષણિક હોવાથી પૂર્વપૂર્વક્ષણવૃત્તિ પદાર્થનું કારણ મનાય છે. તેથી પૂર્વપૂર્વચક્ષુ ઉત્તરોત્તરચક્ષુનું કારણ હોવાથી અદૃશ્યથી દૃશ્યોત્પત્તિ માને તો અદૃશ્યચક્ષુની ઉષ્માદિસંતતિમાં પણ કોઈ વખત દૃશ્યત્વ માનવાનો પ્રસંગ આવશે.) અતિશય તપ્તતૈલાદિમાં દૃશ્યદહનસન્તતિની ઉત્પત્તિ થતી હોવાથી અદૃશ્યથી પણ દૃશ્યની ઉત્પત્તિ માની શકાય છે. એ કહેવું યોગ્ય નથી કારણ કે અતિશય તપેલા તેલમાં પણ સૂક્ષ્મ એવા દૃશ્યદહનના અવયવોથી જ દૃશ્ય સ્થૂલ દહનની (અગ્નિની) ઉત્પત્તિ મનાય છે. 'જો અદૃશ્યથી દૃશ્યની ઉત્પત્તિ થતી જ નથી. તો અદૃશ્ય દ્વયણુકથી દૃશ્યત્રસરેણુની ઉત્પત્તિ પણ થઈ શકશે નહી.' આ કહેવું પણ યોગ્ય નથી. કારણ કે પરમાણુ અથવા દ્વયણુકમાં સ્વભાવથી જ અદૃશ્યત્વ છે. અને ત્રસરેણ્વાદિમાં સ્વભાવથી જ દૃશ્યત્વ છે એવું અમે માનતા નથી. પરંતુ જ્યાં પ્રત્યક્ષના કારણભૂત મહત્ત્વ અને ઉદ્ભૂતરૂપવત્ત્વનું સન્નિધાન છે. ત્યાં પ્રત્યક્ષ થાય છે અર્થાદ્ તાદૃશકારણ સમુદાયવત્ પદાર્થોનું દૃશ્યત્વ છે. અને તાદૃશપ્રત્યક્ષકારણસમુદાયનો અભાવ હોય તો તે પદાર્થનું અદૃશ્યત્વ છે. ત્રસરેણુમાં મહત્ત્વાદિમત્ત્વ હોવાથી ત્રસરેણુ દૃશ્ય છે. અને દ્વયણુકાદિમાં મહત્ત્વાદિમત્ત્વ ન હોવાથી

તે અદૃશ્ય છે. તમારા મતે તો પરમાણુથી અતિરિક્ત કોઈ અવયવી નથી. અને પરમાણુમાં મહત્ત્વ નથી. તેથી તાદૃશ પરમાણુથી નિષ્પન્ન-પુંજમાં દૃશ્યત્વ અસંભવિત છે. માટે 'अयं घटः' ઈત્યાદ્યાકારક પ્રતીતિના નિર્વાહ માટે પરમાણુના પુંજથી ભિન્ન એવા સ્વતંત્ર અવયવીને માન્યા વિના ગત્યન્તર નથી. આ રીતે અવયવી સિદ્ધ થયા બાદ તે અવયવીના ઉત્પત્તિ અને વિનાશ પ્રત્યક્ષ સિદ્ધ હોવાથી અવયવી માત્ર અનિત્ય છે એ પણ સિદ્ધ થાય છે. આ રીતે સિદ્ધ થયેલા અવયવી દ્રવ્યોના અવયવોની ધારા અનંત હોય તો મેરૂ પર્વત અને સરસવના દાણાનું સામ્ય થશે, કારણ કે અન્ત્ય અવયવિદ્રવ્ય તરીકે મેરૂ અને સરસવને માનીને એના અવયવ, એ અવયવના અવયવ, એ અવયવાવયવના અવયવ આ રીતે અવયવ ધારાને અનંત માનીએ તો મેરૂ અને સરસવમાં અનન્તાવયવવત્ત્વ સમાન જ થશે. તેથી આ, મેરૂ–સર્ષપના સામ્ય પ્રસંગનું નિવારણ કરવા અવયવોની ધારાનો કોઇ પણ સ્થાને વિરામ માનવો જોઈએ એ અવયવોની ધારા જ્યાં અટકે છે તેને પરમાણુ કહેવાય છે, આ રીતે પરિમિત સંખ્યાક અવયવવત્વ સર્ષપમાં હોવાથી અને મેરૂમાં અનન્તાવયવવત્ત્વ હોવાથી બન્નેમાં સામ્ય પ્રસંગ નહીં આવે. આ રીતે સિદ્ધ થયેલા અન્ત્યાવયવ સ્વરૂપ પરમાણુને અનિત્ય માનીએ તો એનો કોઈ અવયવ ન હોવાથી એની ઉત્પત્તિ કોઇ પણ સ્થાને સમવાય સંબંધથી થઈ શકશે નહીં. તેથી અસમવેત (સમવાય સંબંધથી અસંબદ્ધ) ભાવભૂત કાર્યની ઉત્પત્તિ માનવાનો પ્રસંગ આવશે જે ઇષ્ટ નથી. કારણ કે ભાવભૂત દ્રવ્ય–ગુણ–કર્મ સ્વરૂપ કાર્ય સમવાય સંબંધથી દ્રવ્યમાં ઉત્પન્ન થાય છે. અને પરમાણુને અનિત્ય માનીએ તો તત્ સ્વરૂપ ભાવભૂત કાર્ય સમવાય સંબંધથી ઉત્પન્ન થઈ શકશે નહિ. તેથી પરમાણુને નિત્ય મનાય છે. આ રીતે પરમાણુમાં નિત્યત્વ સિદ્ધ થાય છે. ત્રસરેણુથી આરંભીને આકાશાદિ સ્વરૂપ વિભુદ્રવ્યોમાં મહત્પરિમાણ મનાય છે. ત્રસરેણુમાં અપકૃષ્ટ મહત્ પરિમાણ મનાય છે. ઘટાદિમાં દ્રવ્યોમાં તરતમતાએ મધ્યમ

મહત્પરિમાણ મનાય છે. અને ગગનાદિ દ્રવ્યોમાં પરમમહત્પરિમાણ મનાય છે. આ રીતે મહત્પરિમાણની તરતમતાનો આકાશાદિ વિભુદ્રવ્યોમાં વિરામ મનાય છે. તેવી રીતે અણુ પરિમાણની તરતમતાનો પણ કોઈ સ્થાને વિશ્રામ માનવો જોઈએ. જ્યાં એ અણુપરિમાણની વિશ્રાંતિ છે તે પરમાણુમાં પરમઅણુપરિમાણ મનાય છે. અણુપરિમાણની તરતમતાનો વિશ્રામ ત્રસરેણુમાં જ માનવો જોઇએ એ કહેવું યોગ્ય નથી. કારણ કે "त्रसरेणुः सावयवः चाक्षुषद्रव्यत्वाद् घटादिवद्" આ અનુમાનથી ત્રસરેણુના અવયવની સિદ્ધિ થાય છે. તેમજ "त्रसरेणोरवयवाः सावयवा महदारम्भकत्वाद् (મહત્પરિમાણાશ્રયદ્રવ્યારંભકત્વાદ્) कपालादिवद्" આ અનુમાનથી ત્રસરેણુના અવયવોમાં (દ્વયણુકમાં) સાવયવત્વની સિદ્ધિ થાય છે. તેથી અણુપરિમાણના તારતમ્યની વિશ્રાંતિ ત્રસરેણુમાં માનીએ તો ઉપર જણાવ્યા મુજબ સિદ્ધ થયેલા ત્રસરેણુના અવયવ અને તે અવયવના અવયવમાં અન્ય કોઇ જ પરિમાણ નહીં માની શકાય. તેથી અણુ પરિમાણની તરતમતાની વિશ્રાંતિ પરમાણુમાં જ મનાય છે. 'ત્રસરેણુમાં ચાક્ષુષદ્રવ્યત્વ માનીએ છીએ પરંતુ સાવયવત્વ નથી માનતા' આ રીતે ઉક્ત અનુમાનમાં વ્યભિચાર શંકા કરી શકાય છે. અને એ વ્યભિચાર શંકા નિવર્તક કોઈ અનુકૂલ તર્ક ન હોવાથી ઉક્ત અનુમાન અપ્રયોજક છે એમ નહીં કહેવું જોઈએ. કારણ કે ત્રસરેણુમાં ચાક્ષુષદ્રવ્યત્વને માનો તો ચાક્ષુષપ્રત્યક્ષના કારણભૂત અપકૃષ્ટમહત્પરિમાણવત્ત્વ પણ ત્રસરેણુમાં અવશ્ય માનવું જોઈએ. અને એ અપકૃષ્ટ મહત્ત્વની પ્રત્યે સ્વસમવેતસમવેતત્વ સંબંધથી અનેકદ્રવ્યવત્ત્વ કારણ હોવાથી ત્રસરેણુમાં સાવયવત્વ અને તે અવયવમાં પણ સાવયવત્વ માનવું આવશ્યક છે. આશય એ છે કે અપકૃષ્ટમહત્વ સમવાય સંબંધથી ત્રસરેણુમાં ઉત્પન્ન થાય છે. ત્યાં નાનાદ્રવ્યવત્ત્વ સ્વ (નાનાદ્રવ્ય) સમવેત (દ્વયણુક) સમવેતત્વ (ત્ર્યણુકવૃત્તિ) સંબંધથી છે. આ રીતે ત્ર્યણુકમાં અપકૃષ્ટ મહત્ત્વની ઉત્પત્તિ માટે અનેકદ્રવ્યવત્ત્વ માનવું આવશ્યક હોવાથી તાદૃશ સ્વસમવેત સમવેતત્વ

સંબંધઘટક પરમાણુ અને દ્વયણુકસ્વરૂપ ત્રસરેણુના અવયવાવયવ અને અવયવ પણ માનવા જોઇએ. આથી સ્પષ્ટ છે કે ત્રસરેણુમાં ચાક્ષુષદ્રવ્યત્વનો સ્વીકાર કર્યા પછી તત્કારણીભૂત અપકૃષ્ટમહત્ત્વ-પરિમાણના પ્રયોજક અનેકદ્રવ્યવત્ત્વનો પણ સ્વીકાર કરવો પડશે. અન્યથા ત્ર્યણુકમાં ચાક્ષુષદ્રવ્યત્વ પણ નહીં માની શકાય. આ અનુકૂલ તર્ક (त्रसरेणौ यदि सावयवत्वं न स्यात्तर्हि अपकृष्टमहत्त्वं प्रति अनेकद्रव्यवत्वं प्रयोजकं न स्यात्) ઉક્ત અનુમાનમાં પ્રયોજક હોવાથી ઉક્તાનુમાન અપ્રયોજક નથી. આ રીતે ત્રસરેણુના અવયવોમાં સાવયવત્વની સિદ્ધિ થયા પછી તે અવયવોમાં (દ્વયણુકાવયવ પરમાણુમાં) પણ સાવયવત્વ સિદ્ધ થશે એ કહેવું યોગ્ય નથી કારણ કે પરમાણુમાં સાવયવત્વ માનીએ તો, એના અવયવોમાં અવયવવત્ત્વની સિદ્ધિ કરવી પડશે. અને તેથી એ રીતે અનવસ્થા આવશે. તેથી પરમાણુના અવયવોની ધારા સિદ્ધ થતી નથી.

सा चेति । सा—कार्यरूपा पृथिवी त्रिविधा, शरीरेन्द्रियविषयभेदादित्यर्थः ॥३७॥

## कारिकावली ।

**योनिजादिर्भवेद् देह इन्द्रियं घ्राणलक्षणम् ।**
**विषयो द्व्यणुकादिश्च ब्रह्माण्डान्त उदाहृतः ॥३८॥**

## मुक्तावली ।

तत्र देहमुदाहरति—योनिजादिरिति । योनिजमयोनिजं चेत्यर्थः । योनिजमपि द्विविधं, जरायुजमण्डजं चेति । जरायुजं मानुषादीनाम् । अण्डजं—सर्पादीनाम् । अयोनिजं स्वेदजोद्भिज्जादिकम् । स्वेदजाः कृमिदंशाद्याः । उद्भिज्जाः—तरुगुल्माद्याः । नारकिणां शरीरमप्ययोनिजम् ।

न च मानुषादिशरीराणां पार्थिवत्वे किं मानमिति वाच्यम् । गन्धादिमत्त्वस्यैव प्रमाणत्वात् । न च क्लेदोष्मादेरुपलम्भादाप्यत्वादिकमपि स्यादिति वाच्यम् । तथा सति जलत्वपृथ्वीत्वादिना सङ्करप्रसङ्गात् । न च तर्हि जलीयत्वादिकमेवाऽस्तु न तु पार्थिवत्वमिति वाच्यम् ।

क्लेदादीनां विनाशेऽपि शरीरत्वेन प्रत्यभिज्ञानात् । गन्धाद्युपलब्धेश्च पृथिवीत्वसिद्धेः, तेन पार्थिवादि शरीरे जलादीनां निमित्तत्वमात्रं बोध्यम् । शरीरत्वं न जातिः, पृथिवीत्वादिना साङ्कर्यात् । किन्तु चेष्टाश्रयत्वं वृक्षादीनामपि चेष्टाश्रयत्वान्नाऽव्याप्तिः । न च वृक्षादेः शरीरत्वे किं मानमिति वाच्यम् । आध्यात्मिकवायुसम्बन्धस्य प्रमाणत्वात् । तत्रैव किं मानमिति चेत् ? भग्नक्षतसंरोहणादिना तदुन्नयनात् । यदि हस्तादौ शरीरव्यवहारो न भवति, तदाऽन्त्यावयवित्वेन विशेषणीयम् । न च यत्र शरीरे चेष्टा न जाता तत्राव्याप्तिरिति वाच्यम् । तादृशे प्रमाणाभावात् । अथवा चेष्टावदन्त्यावयविवृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्, अन्त्यावयविमात्रवृत्ति-चेष्टावद्वृत्तिजातिमत्त्वं वा तत्, मानुषत्वचैत्रत्वादिजातिमादाय लक्षणसमन्वयः । न च नृसिंहशरीरे कथं लक्षणसमन्वयः ? तत्र नृसिंहत्वस्यैकव्यक्तिवृत्तितया जातित्वाभावात् । जलीयतैजसशरीरवृत्तितया देवत्वस्यापि जातित्वाभावादिति वाच्यम् । कल्पभेदेन नृसिंहशरीरस्य नानात्वेन नृसिंहत्वजात्या लक्षणसमन्वयात् । इन्द्रियमिति । घ्राणेन्द्रियं पार्थिवमित्यर्थः । पार्थिवत्वं कथमिति चेदित्थम् घ्राणेन्द्रियं पार्थिवं रूपादिषु मध्ये गन्धस्यैवाभिव्यञ्जकत्वात् । कुङ्कुमगन्धाभिव्यञ्जकघृतवत् । न च दृष्टान्ते स्वीयरूपादिव्यञ्जकत्वादसिद्धिरिति वाच्यम् । परकीयरूपाद्यव्यञ्जकत्वस्य तदर्थत्वात् । न च नवशरावगन्धव्यञ्जकजलेऽनैकान्तिकत्वमिति वाच्यम् । तस्य सक्तुरसाभिव्यञ्जकत्वात् । यद्वा परकीयेति न देयम् वायूपनीतसुरभिभागानां दृष्टान्तत्वसम्भवात् । न च घ्राणेन्द्रियसन्निकर्षस्य गन्धमात्राभिव्यञ्जकत्वात् तत्र व्यभिचार इति वाच्यम् । द्रव्यत्वे सतीति विशेषणात् । विषयमाह-विषय इति । उपभोग साधनं विषयः । सर्वमेव कार्यजातमदृष्टाधीनं यत् कार्यं यददृष्टाधीनं तत् तदुपभोगं साक्षात् परम्परया वा जनयत्येव न हि बीज-प्रयोजनाभ्यां विना कस्यचिदुत्पत्तिरस्ति, तेन द्व्यणुकादि-ब्रह्माण्डान्तं सर्वमेव विषयो भवति । शरीरेन्द्रिययोर्विषयत्वेऽपि प्रकारान्तरेणोपन्यासः शिष्यबुद्धिवैशद्यार्थः ॥३८॥

॥ इति पृथिवी निरूपणम् ॥

પરમાણુ સ્વરૂપ નિત્ય પૃથ્વીથી ભિન્ન અનિત્ય–કાર્ય સ્વરૂપ પૃથ્વી શરીર–ઇન્દ્રિય–અને વિષય ભેદથી ત્રણ પ્રકારની છે. એમાં પૃથ્વી શરીર સંબંધી 'યોનિજ' અને 'અયોનિજ' ભેદથી બે પ્રકારનું છે, યોનિજ શરીર પણ 'જરાયુજ' અને 'અંડજ' ભેદથી બે પ્રકારનું છે. મનુષ્યાદિનું પાર્થિવ શરીર જરાયુજ છે. જયારે સર્પાદિનું પાર્થિવ શરીર અંડજ છે. અયોનિજ શરીર; કૃમિ, ડાંસ, વગેરેનું સ્વેદજ [પરસેવો વગેરે અશુચિથી નિષ્પન્ન] છે. અને તરૂ, લતા, ગુચ્છ વગેરેનું ઉદ્‌ભિજ્જ [કોઈ પણ વસ્તુને ભેદીને ઉત્પન્ન] અયોનિજ શરીર છે. અહીં આદિ પદથી દેવાદિના શરીર પણ અયોનિજ છે. એમ જાણવું. મનુષ્યાદિના શરીરમાં પૃથ્વીત્વ છે એમાં કોઈ પ્રમાણ નથી એમ નહીં કહેવું જોઈએ. કારણ કે મનુષ્યાદિના શરીર ગન્ધવદ્‌ તથા શુકલેતર શ્યામાદિ રૂપવદ્‌ હોવાથી તે હેતુથી મનુષ્યાદિના શરીરમાં પૃથ્વીત્વને સિદ્ધ કરવા અનુમાન પ્રમાણ છે. યદ્યપિ મનુષ્યાદિના શરીરમાં ગન્ધાદિમત્ત્વના કારણે જો પૃથ્વીત્વ મનાય છે. તો તેમાં કલેદ [ભીનાશ] ઉષ્મા (ઉષ્ણસ્પર્શ) દિમત્ત્વ હોવાના કારણે જલત્વાદિ પણ માનવું જોઇએ. પરંતુ મનુષ્યાદિના શરીરમાં જલત્ત્વ વગેરે માનવાથી પૃથ્વીત્વ અને જલત્વાદિ જાતિને સાંકર્યનો પ્રસંગ આવશે કારણ કે પૃથ્વીત્વ અને જલત્વ એક બીજાને છોડીને ક્રમશઃ ઘટ અને જલમાં છે. અને પૃથ્વીત્વ અને જલત્વ બન્ને મનુષ્યાદિના શરીરમાં રહેશે. યદ્યપિ આ સાંકર્ય પ્રસંગના નિવારણ માટે મનુષ્યાદિના શરીરમાં પૃથ્વીત્વને માનીને જલત્વાદિને નહીં માનવું જોઈએ એવું નથી. કારણ કે જલત્વાદિને માનીને પૃથ્વીત્વને ન માનીએ તો પણ સાંકર્યનું નિવારણ થઈ શકે છે. પરંતુ શરીરના કલેદ અને ઉષ્માનો જયારે નાશ થાય છે. ત્યારે પણ તેમાં શરીરત્વની પ્રતીતિ સાથે ગન્ધાદિમત્ત્વનું જ્ઞાન થતું હોવાથી મનુષ્યાદિ શરીરમાં પૃથ્વીત્વ સિદ્ધ થાય છે. તે મનુષ્યાદિના પાર્થિવ શરીરની ઉત્પત્તિમાં જલાદિ તો નિમિત્તમાત્ર છે, ઉપાદાન કારણ નથી.

શરીરત્વ જાતિ સ્વરૂપ નથી, પરંતુ ચેષ્ટાશ્રયત્વ સ્વરૂપ છે. શરીરત્વને જાતિ માનીએ તો પૃથ્વીત્વની સાથે સાંકર્ય આવશે કારણ કે શરીરત્વ અને પૃથ્વીત્વ એક બીજાને છોડીને ક્રમશઃ જલીયશરીર અને ઘટમાં છે. તથા બન્ને પાર્થિવ શરીરમાં છે. તેથી શરીરત્વને જાતિ સ્વરૂપ માનતા નથી. હિતાહિત પ્રાપ્તિ પરિહારનુકૂલ ક્રિયાને ચેષ્ટા કહેવાય છે. 'चेष्टते' ઇત્યાકારક પ્રતીતિથી સિદ્ધ જાતિ ચેષ્ટાત્વ છે. વૃક્ષાદિના શરીરમાં પણ ચેષ્ટાશ્રયત્વ છે. વૃક્ષાદિમાં શરીરત્વ છે એમાં કોઈ પ્રમાણ નથી એ કહેવું યોગ્ય નથી. કારણ કે આધ્યાત્મિકવાયુ-પ્રાણવાયુનો સંબંધ વૃક્ષાદિમાં હોવાથી આપણા શરીરની જેમ જ વૃક્ષાદિમાં પણ શરીરત્વ છે. વૃક્ષાદિમાં પ્રાણવાયુનો સંબંધ છે. એમાં શું પ્રમાણ છે? એ પ્રશ્ન પણ યોગ્ય નથી. કારણ કે વૃક્ષાદિ ભગ્ન થયા પછી અથવા તેની છાલ વિગેરે દૂર થયા પછી પણ ફરી પાછા તેના ઘા રૂઝાઈ જતા હોવાથી આપણા શરીરની જેમ જ ભગ્ન અને ક્ષતના સંરોહણના કારણે વૃક્ષાદિમાં પણ પ્રાણવાયુના સંબંધનું અનુમાન કરી શકાય છે.

યદ્યપિ ચેષ્ટાશ્રયત્વ તો શરીરના અવયવ હાથ વગેરેમાં પણ છે અને ત્યાં શરીરત્વનો વ્યવહાર થતો ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ તેના નિવારણ માટે શરીરના લક્ષણમાં અન્ત્યાવયવિત્વનો નિવેશ કરી લેવો. હસ્તાદિથી શરીરનો આરંભ થતો હોવાથી તે અન્ત્યાવયવી નથી. તેથી તેમાં ચેષ્ટાશ્રયત્વ હોવા છતાં અતિવ્યાપ્તિ નહીં આવે. જે શરીરમાં ચેષ્ટા ઉત્પન્ન ન થઈ હોય તે શરીરમાં અવ્યાપ્તિ આવશે એ કહેવું ઉચિત નથી. કારણ કે એવા ચેષ્ટારહિત શરીરના અસ્તિત્વમાં કોઈ જ પ્રમાણ નથી. અથવા ચેષ્ટારહિત મૃત શરીરમાં અન્ત્યાવયવિત્વ વિશિષ્ટ ચેષ્ટાશ્રયત્વ ન હોવાથી અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે "चेष्टावदन्त्यावयविवृत्तिद्रव्यत्वव्याप्य-जातिमत्त्वम्" અર્થાદ્ ચેષ્ટાના આશ્રયભૂત અન્ત્યાવયવીમાં રહેનારી જે દ્રવ્યત્વ વ્યાપ્ય જાતિ તદ્વત્ત્વ શરીરનું લક્ષણ સમજવું. ચેષ્ટાના આશ્રયભૂત અન્ત્યાવયવી જીવતાં શરીરમાં રહેનારી દ્રવ્યત્વવ્યાપ્ય-

જે પૃથ્વીત્વ જાતિ તદ્વત્ત્વ મૃત શરીરમાં પણ હોવાથી અવ્યાપ્તિ નહીં આવે. અથવા એતાદૃશ ચેષ્ટાવદન્ત્યાવયવિવૃત્તિ દ્રવ્યત્વવ્યાપ્ય પૃથ્વીત્વ જાતિમત્ત્વ ઘટાદિમાં પણ હોવાથી તેમાં આવતી અતિવ્યાપ્તિના નિવારણ માટે "अन्त्यावयविमात्रवृत्ति–चेष्टावद्वृत्तिजातिमत्त्वम्" અર્થાદ્ અન્ત્યાવયવી માત્રમાં રહેનારી તથા ચેષ્ટાવદ્‌માં રહેનારી જે જાતિ તદ્વત્ત્વ શરીરનું લક્ષણ સમજવું. અન્ત્યઅવયવી માત્રમાં રહેનારી અને ચેષ્ટાવદ્‌માં રહેનારી જે મનુષ્યત્વાદિ જાતિ તદ્વત્ત્વ મનુષ્યાદિના મૃત–અમૃત શરીરમાં હોવાથી લક્ષણ સમન્વય થાય છે. 'अन्त्यावयविमात्र वृत्तिजातिमत्त्वं शरीरत्वम्' આટલું જ લક્ષણ કરીએ તો અન્ત્યાવયવી ઘટાદિ માત્ર વૃત્તિ ઘટત્વાદિ જાતિમત્ત્વ ઘટાદિમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'चेष्टावद्वृत्ति' પદનો નિવેશ કર્યો છે જેથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઘટત્વાદિ જાતિ અન્ત્યાવયવી માત્ર વૃત્તિ હોવા છતાં ચેષ્ટાવદ્‌માં વૃત્તિ ન હોવાથી તેને લઈને ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. માત્ર 'चेष्टावद्वृत्तिजातिमत्त्वं शरीरत्वम्' આટલું જ લક્ષણ કરીએ તો તાદૃશ હસ્તત્વાદિ જાતિમદ્ હસ્તાદિમાં અતિવ્યાપ્તિ આવશે, તેના નિવારણ માટે 'अन्त्यावयविवृत्ति' પદનો નિવેશ કર્યો છે. હસ્તત્વાદિ જાતિ ચેષ્ટાવદ્ વૃત્તિ હોવા છતાં અન્ત્યાવયવી વૃત્તિ ન હોવાથી તેને લઇને હસ્તાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં માત્ર પદનો નિવેશ ન કરીએ અર્થાદ્ 'अन्त्यावयविवृत्ति-चेष्टावद्वृत्तिजातिमत्त्वं शरीरत्वम्' આટલું જ લક્ષણ કરીએ તો અન્ત્યાવયવીમાં અને ચેષ્ટાવદ્‌માં રહેનારી જે પૃથ્વીત્વ જાતિ છે, તદ્વત્ત્વ તો ઘટાદિમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'अन्त्यावयविमात्र' અહીં 'માત્ર' પદનો નિવેશ કર્યો છે. પૃથ્વીત્વાદિ જાતિ અન્ત્યાવયવી અને તદ્‌ભિન્ન (ઘટ–કપાલાદિ)માં પણ વૃત્તિ હોવાથી અન્ત્યાવયવી માત્ર વૃત્તિ નથી. તેથી તેને લઈને ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. એ સ્પષ્ટ છે. યદ્યપિ અન્ત્યાવયવી માત્ર અને ચેષ્ટાવદ્ ઉભયમાં રહેનારી તાદૃશ મનુષ્યત્વ અથવા ચૈત્રત્વાદિ જે જાતિ છે.

તદ્‌વત્ત્વ નૃસિંહના શરીરમાં નથી. તેમજ નૃસિંહ એક જ હોવાથી નૃસિંહવૃત્તિ 'નૃસિંહત્વ' જાતિ નથી. અને જલત્વ અને તેજસ્ત્વાદિ જાતિની સાથે દેવત્વને સાંકર્ય આવે છે (એક બીજાને છોડીને જલત્વાદિ અનુક્રમે જલાદિ અને તૈજસાદિદેવમાં છે. અને ઉભયનું સામાનાધિકરણ્ય જલીયદેવમાં છે.) તેથી દેવત્વ પણ જાતિ નથી. આ રીતે નૃસિંહના શરીરમાં રહેનારી એક પણ જાતિ અન્ત્યાવયવીમાત્ર વૃત્તિ અને ચેષ્ટાવદ્‌વૃત્તિ ન હોવાથી નૃસિંહના શરીરમાં અવ્યાપ્તિ આવે છે. પરંતુ નૃસિંહ વ્યક્તિ એક હોવા છતાં કલ્પભેદથી તેમના શરીર અનેક હોવાથી તેમાં નૃસિંહત્વ જાતિ મનાય છે. આથી તે નૃસિંહત્વ જાતિને લઈને નૃસિંહના શરીરમાં લક્ષણ સમન્વય થવાથી અવ્યાપ્તિ નહીં આવે.

ગન્ધને ગ્રહણ કરનારી ઘ્રાણેન્દ્રિય પૃથ્વી સ્વરૂપ ઇન્દ્રિય છે. ઘ્રાણેન્દ્રિયમાં પાર્થિવત્વ નીચેના અનુમાનથી સિદ્ધ થાય છે. 'घ्राणेन्द्रियं पार्थिवं रूपादिषु मध्ये गन्धस्यैवाभिव्यञ्जकत्वात् कुङ्कुमगन्धाभिव्यञ्जकगोघृतवत्' આ અનુમાનથી ઘ્રાણેન્દ્રિયમાં પાર્થિવત્વ સિદ્ધ થાય છે. આશય એ છે કે જે જે, રૂપાદિચતુષ્ટયમાંથી ગન્ધનું જ અભિવ્યંજક હોય છે અને રૂપ, રસ, કે સ્પર્શનું અભિવ્યંજક હોતું નથી તે તે પૃથ્વી સ્વરૂપ જ હોય છે. દા. ત. કંકુના રૂપ-રસ-સ્પર્શ-ગંધમાંથી માત્રગંધનું અભિવ્યંજક ગાયનું ઘી પૃથ્વી સ્વરૂપ છે. એ સ્પષ્ટ છે. યદ્યપિ ગોઘૃત પોતાના રૂપાદિનું પણ અભિવ્યંજક હોવાથી 'रूपादिषु मध्ये गन्धस्यैवाभिव्यंजकत्व' સ્વરૂપ હેતુ દૃષ્ટાન્તભૂત ગોઘૃતમાં ન હોવાથી દૃષ્ટાંતાસિદ્ધિ દોષ આવે છે. પરંતુ હેતુ ઘટક રૂપાદ્યવ્યંજકત્વ વિશિષ્ટ ગંધાભિવ્યંજકત્વનો અર્થ પરકીય રૂપાદ્યવ્યંજકત્વવિશિષ્ટ ગન્ધાભિવ્યંજકત્વ હોવાથી દૃષ્ટાંતાસિદ્ધિ નહીં આવે. કારણ કે ગોઘૃતમાં પોતાના રૂપાદિનું વ્યંજકત્વ હોવા છતાં પરકીયરૂપાદિનું વ્યંજકત્વ ન હોવાથી પરકીયરૂપાદ્યવ્યંજકત્વવિશિષ્ટ ગન્ધાભિવ્યંજકત્વ છે જ. 'માટીના નવા કોડીયાના ગંધમાત્રનું અભિવ્યંજક જલ પણ છે. અને તે જલમાં પૃથ્વીત્વરૂપ સાધ્ય ન હોવાથી વ્યભિચાર

આવે છે.' એ કહેવું ઉચિત નથી. કારણ કે જલ, નવા કોડીયાના ગંધની જેમ સકતુ [શેકેલા ચણાનો લોટ] રસનું પણ અભિવ્યંજક છે. અર્થાત્ જલમાં પરકીયરૂપાદ્યવ્યંજકત્વ વિશિષ્ટ ગન્ધવ્યંજકત્વ રૂપ હેતુ નથી. તેથી ત્યાં પૃથ્વીત્વરૂપ સાધ્ય ન હોવા છતાં વ્યભિચાર નહીં આવે. અથવા 'घ्राणेन्द्रियं पार्थिवं परकीयरूपाद्यव्यञ्जकत्वविशिष्ट-गन्धाभिव्यञ्जकत्वाद्' આ અનુમાનમાં હેત્વંશમાં પરકીય પદના નિવેશમાં ગૌરવ હોવાથી પરકીય પદનું ઉપાદાન કરવું નહી. કુંકુમગન્ધાભિવ્યંજક ગોઘૃતને દૃષ્ટાંત ન માનતા વાયૂપનીત સુરભિ ભાગોને દૃષ્ટાંત માનવા. તેથી પૂર્વે જણાવ્યા મુજબ દૃષ્ટાંતાસિદ્ધિ નહીં આવે. કારણ કે વાયુ દ્વારા ઘ્રાણેન્દ્રિયપ્રદેશ સુધી લવાતા સુરભિગન્ધવિશિષ્ટ પૃથ્વીના ત્રસરેણ્વાદિ સ્વરૂપ ભાગોમાં સ્વીય કે પરકીય રૂપાદિનું અવ્યંજકત્વ છે. અને સ્વગન્ધનું અભિવ્યંજકત્વ પણ છે. યદ્યપિ ઘ્રાણેન્દ્રિયનો અને ગન્ધનો જે સ્વસંયુક્ત સમવાય સન્નિકર્ષ છે. તેમાં 'રૂપાદ્યવ્યંજકત્વવિશિષ્ટ ગન્ધાભિવ્યંજકત્વ' રૂપ હેતુ હોવા છતાં 'પૃથ્વીત્વ' સ્વરૂપ સાધ્ય ન હોવાથી વ્યભિચાર આવે છે. પરંતુ તેના નિવારણ માટે પ્રકૃત હેત્વંશમાં 'દ્રવ્યત્વ વિશિષ્ટત્વ'નું પણ ઉપાદાન કરી લેવું. તાદૃશ સ્વસંયુક્ત સમવાય સન્નિકર્ષમાં રૂપાદ્યવ્યંજકત્વ વિશિષ્ટ ગંધાભિવ્યંજકત્વ હોવા છતાં દ્રવ્યત્વ નથી તેથી ત્યાં હેતુ અને સાધ્ય ઉભયનો અભાવ હોવાથી વ્યભિચાર નહીં આવે.

विषयमाह—विषय इति—ઉપભોગના સાધનને વિષય કહેવાય છે. જગતના બધા જ કાર્ય; ભોક્તાના અદૃષ્ટ [ધર્મ–અધર્મ]ને આધીન છે. જે કાર્યની ઉત્પત્તિ જે ભોક્તાના અદૃષ્ટથી થઇ છે. તે કાર્ય તે ભોક્તાના ઉપભોગનું સાધન, સાક્ષાત્ અથવા પરંપરાએ બને જ છે. કારણ કે બીજ–કારણ અને પ્રયોજન વિના કોઈની પણ ઉત્પત્તિ થતી નથી. એ પ્રતીત છે. તેથી દ્વયણુકથી આરંભીને બ્રહ્માંડ સુધીના બધાં જ ઉપભોગના સાધન વિષય છે. યદ્યપિ શરીર અને ઈન્દ્રિયો પણ ઉપભોગના સાધન હોવાથી એનો સમાવેશ વિષયમાં થઈ જાય છે.

તેથી વિષયથી ભિન્ન રીતે એનું નિરૂપણ કરવાની આવશ્યકતા નથી. પરંતુ શિષ્યોની બુદ્ધિ વિષદ બને એ આશયથી શરીર અને ઇન્દ્રિયનું શરીરત્વેન તથા ઇન્દ્રિયત્વેન નિરૂપણ કર્યું છે.

॥ इति पृथिवी ग्रन्थः ॥

कारिकावली ।

**वर्णः शुक्लो रस-स्पर्शौ जले मधुर शीतलौ ।**
**स्नेहस्तत्र द्रव्यत्वं तु सांसिद्धिकमुदाहृतम् ॥३९॥**
**नित्यतादिप्रथमवत्, किन्तु देहमयोनिजम् ।**
**इन्द्रियं रसनं सिन्धुर्हिमादिर्विषयो मतः ॥४०॥**

मुक्तावली ।

जलं निरूपयति–वर्णः शुक्ल इति । स्नेहसमवायिकारणतावच्छेदकतया जलत्वजातिसिद्धिः । यद्यपि स्नेहत्वं नित्यानित्यवृत्तितया न कार्यतावच्छेदकं तथाऽपि जन्यस्नेहत्वं तथा बोध्यम् । अथ परमाणौ जलत्वं न स्यात् तत्र जन्यस्नेहाभावात् तस्य च नित्यस्य स्वरूपयोग्यत्वे फलावश्यम्भावनियमादिति चेन्न । जन्यस्नेहजनकतावच्छेदिकाया जन्यजलत्वजातेः सिद्धौ तदवच्छिन्नजनकतावच्छेदकतया जलत्वजातिसिद्धिः । शुक्लरूपमेव जलस्येति दर्शयितुमुक्तम्–वर्णः शुक्ल इति । न तु शुक्लरूपवत्त्वं लक्षणम् । अथ वा नैमित्तिकद्रवत्ववद्वृत्ति–रूपवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वं, अभास्वरशुक्लेतररूपासमानाधिकरणरूपवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वं वा तदर्थः, तेन स्फटिकादौ नातिव्याप्तिः । रसस्पर्शाविति—जलस्य मधुर एव रसः । शीत एव स्पर्शः । तिक्तरसवद्वृत्तिमधुरवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वं तदर्थः तेन शर्करादौ नातिव्याप्तिः । शीतेतरस्पर्शवदवृत्ति–स्पर्शवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वं तदर्थः । ननु शुक्लरूपमेवेति कुतः ? कालिन्दीजलादौ नीलिमोपलब्धेरिति चेन्न । नीलजनकतावच्छेदिकायाः पृथिवीत्वजातेरभावाज्जले नीलरूपासम्भवात् । कालिन्दीजले नीलत्वप्रतीतिस्त्वा-

श्रयौपाधिकी, अत एव वियति विक्षेपे धवलिमोपलब्धिः ।

अथ जले माधुर्ये किं मानम् ? न हि प्रत्यक्षेण कोऽपि रसस्तत्राऽनुभूयते, नच नारिकेलजलादौ माधुर्यमुपलभ्यत एवेति वाच्यम् । तस्याऽऽश्रयौपाधिकत्वात्, अन्यथा जम्बीरजलादावम्लादिरसोपलब्धेरम्लादिमत्त्वमपि स्यादिति चेन्न । हरीतक्यादिभक्षणस्य जलरसाभिव्यञ्जकत्वात्। न च हरीतक्यामेव जलोष्मसंयोगाद्रसान्तरोत्पत्तिरिति वाच्यम्। कल्पनागौरवात्, पृथिवीत्वस्याऽम्लादिजनकतावच्छेदकत्वाच्च जले नाम्लादिकम्। जम्बीररसादौ त्वाश्रयौपाधिकी तथा प्रतीतिः । एवं जन्यशीतस्पर्शजनकतावच्छेदकं जन्यजलत्वं, तदवच्छिन्नजनकतावच्छेदकं जलत्वं बोध्यम् । घृष्टचन्दनादौ तु शैत्योपलब्धिश्चन्दनान्तर्वर्त्तिशीततरसलिलस्यैव । तेजःसंयोगाज्जले उष्णप्रतीतिरौपाधिकी स्फुटैव, तत्र पाकाऽसम्भवात् । स्नेहस्तत्रेति । घृतादावपि तदन्तर्वर्त्तिजलस्यैव स्नेहः । जलस्य स्नेहसमवायिकारणत्वात्। तेन जल एव स्नेह इति मन्तव्यम् । द्रवत्वमिति । सांसिद्धिकद्रवत्वत्वं जातिविशेषः प्रत्यक्षसिद्धः । तदवच्छिन्नजनकतावच्छेदकमपि तदेवेति भावः । तैलादावपि जलस्यैव द्रवत्वम् । स्नेहप्रकर्षेण च दहनानुकूल्यमिति वक्ष्यति ॥३९॥

प्रथमवदिति । पृथिव्या इव इत्यर्थः । तथा हि—जलं द्विविधं नित्यमनित्यञ्च, परमाणुरूपं नित्यं, द्वयणुकादिसर्वमनित्यमवयवसमवेतञ्च । अनित्यमपि त्रिविधं शरीरेन्द्रियविषयभेदात् । पृथिवीतो यो विशेषस्तमाह—किन्त्विति । देहमयोनिजं—अयोनिजमेवेत्यर्थः । जलीयशरीरमयोनिजं वरुणलोके प्रसिद्धम् । इन्द्रियमिति—जलीयमित्यर्थः । तथा हि—रसनं जलीयं, गन्धाद्यव्यञ्जकत्वे सति रसव्यञ्जकत्वात् सक्तुरसाभिव्यञ्जकोदकवत् । रसनेन्द्रियसन्निकर्षे व्यभिचारवारणाय द्रव्यत्वं देयम् । विषयं दर्शयति—सिन्धुरिति । सिन्धुः—समुद्रः, हिमं-तुषारः, आदिपदात्सरित्कासारकरकादिः सर्वोऽपि ग्राह्यः । न च हिमकरकयोः कठिनत्वात् पार्थिवत्वमिति वाच्यम् । ऊष्मणा विलीनस्य तस्य जलत्वस्य प्रत्यक्षसिद्धत्वात् । यद् द्रव्यं यद्द्रव्यध्वंसजन्यमिति व्याप्तेर्जलोपादानोपादेयत्वसिद्धेः । अदृष्टविशेषेण द्रवत्वप्रतिरोधात् करकायां काठिन्यप्रत्ययस्य भ्रान्तित्वात् ॥४०॥ इति जलग्रन्थः ॥

जलं निरूपयति—वर्णः शुक्ल इति—સ્નેહસમવાયિકારણતાવચ્છેદક રૂપે જલત્વ જાતિની સિદ્ધિ થાય છે. "स्नेहत्वावच्छिन्नसमवायसम्बन्धावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकारणता; यत्किञ्चिद् धर्मावच्छिन्ना कारणतात्वाद् घटत्वावच्छिन्नतादृशकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकपालत्वावच्छिन्नकारणतावद्" આ અનુમાનથી સ્નેહનિષ્ઠ તાદૃશકાર્યતાનિરૂપિત સમવાયિકારણતાના અવચ્છેદક ધર્મરૂપે જે સિદ્ધ થાય છે. તે જ 'જલત્વ' જાતિ છે. યદ્યપિ સ્નેહનિષ્ઠકાર્યતા અનિત્યસ્નેહમાત્રમાં હોવાથી નિત્ય અને અનિત્ય સ્નેહસામાન્યમાં વૃત્તિ સ્નેહત્વ ધર્મ તાદૃશ સ્નેહ નિષ્ઠ કાર્યતાનો અવચ્છેદક નહીં મનાય. પરંતુ ઉક્ત અનુમાનઘટક સ્નેહત્વ 'જન્યસ્નેહત્વ' પરક હોવાથી તાદૃશ સ્નેહત્વાવચ્છિન્નકાર્યતાની અપ્રસિદ્ધિ નહીં થાય. યદ્યપિ; આ રીતે જન્યસ્નેહત્વાવચ્છિન્નકાર્યતાનિરૂપિત સમવાયિકારણતાવચ્છેદકતયા સિદ્ધ જલત્વ જાતિ જલીય પરમાણુમાં નહીં માની શકાય. કારણ કે ત્યાં જન્યસ્નેહની સમવાય સંબંધથી ઉત્પત્તિ થતી નથી. "ઘટત્વાદ્યવચ્છિન્નકાર્યતાનિરૂપિત દંડત્વાદ્યવચ્છિન્નકારણતાનો અવચ્છેદક દંડત્વાદિ ધર્મ જેવી રીતે ઘટની પ્રત્યે કારણ નહીં થનારા અરણ્યસ્થ દંડાદિમાં પણ મનાય છે. તેવી રીતે જન્ય સ્નેહ સમવાયિકારણતાવચ્છેદકતયા સિદ્ધ જલત્વજાતિ જન્યસ્નેહની પ્રત્યે કારણ નહીં બનનારા સ્નેહોત્પત્તિ માટે સ્વરૂપ યોગ્ય એવા જલીય પરમાણુમાં પણ માની શકાય છે." એ કહેવું યોગ્ય નથી. કારણ કે ઘટાદિકારણતાવચ્છેદક દંડત્વાદિમત્ત્વ અરણ્યસ્થ દંડાદિમાં માની શકાય છે. તાદૃશકારણતાવચ્છેદક ધર્મ સ્વરૂપ અરણ્યસ્થદંડાદિમાં સ્વરૂપ યોગ્યતા તેઓ અનિત્ય હોવાથી માની શકાય છે. જ્યારે જન્યસ્નેહસમવાયિકારણતાવચ્છેદકતયા સિદ્ધ જલત્વ જાતિ; જલીય પરમાણુ નિત્ય હોવાથી તેમાં માની શકાશે નહિ; અન્યથા તાદૃશ જલત્વ જાતિમત્ત્વ સ્વરૂપ સ્નેહોત્પત્તિ પ્રયોજક સ્વરૂપયોગ્યતા નિત્ય જલીય પરમાણુમાં માનીએ તો પરમાણુમાં ગમે ત્યારે પણ ફલોત્પત્તિ [સ્નેહોત્પત્તિ]નો પ્રસંગ આવશે. આથી સ્પષ્ટ છે કે નિત્યવસ્તુને સ્વરૂપયોગ્યરૂપે

સ્વીકારવાથી કાર્યની અવશ્ય ઉત્પત્તિનો પ્રસંગ આવશે માટે સ્નેહ-સમવાયિકારણતાવચ્છેદકતયા સિદ્ધ જલત્વ જાતિને જલીય પરમાણુમાં માની શકાશે નહીં. પરંતુ ઉક્ત અનુમાનથી સિદ્ધ જલત્વ જન્ય જલમાં વૃત્તિ માનીએ તો પણ જન્યજલનિષ્ઠતાદૃશકાર્યતા નિરૂપિત સમવાયિકારણતાવચ્છેદક તરીકે નિત્ય અને અનિત્ય ઉભયજલમાં વૃત્તિ જલત્વ જાતિ સિદ્ધ થાય છે. આશય એ છે કે જન્ય જલની પ્રત્યે તેના અવયવભૂત જલ [નિત્ય–અનિત્ય બંને] સમવાયિકારણ છે. તેથી "समवायसम्बन्धावच्छिन्नजन्यजलत्वावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकारणता; यत्किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वाद् घटत्वावच्छिन्नतादृशकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकपालत्वावच्छिन्नकारणतावद्," આ અનુમાનથી સિદ્ધ જલત્વજાતિ જલીય પરમાણુમાં પણ છે. કારણ કે તે દ્વયણુકનું સમવાયિ કારણ છે. આ રીતે જલ-સમવાયિકારણતાવચ્છેદક તરીકે સિદ્ધ જલત્વ જાતિ, જલીય પરમાણુમાં માની શકાય એવી હોવા છતાં જે જલ અન્ય જલનું સમવાયિકારણ બનતું નથી એવા અન્ત્યાવયવીભૂત જલમાં નહીં માની શકાય ત્યાં સ્નેહસમવાયિકારણતાવચ્છેદકતયા સિદ્ધ જન્ય જલત્વ છે પરંતુ તાદૃશ જલત્વ જલીય પરમાણુમાં નથી. આથી નિત્ય–અનિત્ય ઉભય સાધારણ જલત્વ જાતિની સિદ્ધિ આટલું કરવા છતાં પણ થતી નથી. તેમજ જન્યજલત્વ અને જલત્વને સાંકર્ય પણ આવશે. ઈત્યાદિ શંકા થાય તો અધ્યાપક પાસેથી સમાધાન મેળવી લેવું. વિસ્તારભયથી અહીં એ બધું જણાવ્યું નથી. સુગમ પણ છે.

'वर्णः शुक्ल इति'—મૂલમાં 'વર્ણઃ શુકલો' આ ગ્રંથ 'શુકલ જ રૂપ જલમાં છે.' એ જણાવવા માટે છે. 'શુકલરૂપવત્ત્વ' એ જલનું લક્ષણ નથી. જેથી પૃથ્વ્યાદિમાં પણ શુકલરૂપવત્ત્વ હોવા છતાં ત્યાં અતિવ્યાપ્તિ નહીં આવે. અથવા શુકલરૂપવત્ત્વ જલનું લક્ષણ માનીએ તો પણ વાંધો નથી. પરંતુ તેનું તાત્પર્ય "नैमित्तिकद्रवत्ववदवृत्ति–रूपवद्वृत्ति–द्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्व" આ પ્રમાણે સમજવું તેથી પૃથ્વ્યાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

કારણ કે નૈમિત્તિક દ્રવત્વવદ્ (પૃથ્વી અને તેજ)માં નહીં રહેનારી અને રૂપવદ્‌માં રહેનારી એવી દ્રવ્યત્વ સાક્ષાદ્ વ્યાપ્ય જાતિ જલત્વ છે, તજ્જાતિમત્ત્વ સમવાય સંબંધથી માત્ર જલમાં જ છે. પૃથ્વ્યાદિ-માં નહીં. લક્ષણમાં 'રૂપવદ્‌વૃત્તિ' આ પદનું ઉપાદાન ન કરીએ તો નૈમિત્તિક દ્રવત્વવદ્ પૃથ્વી અને તેજમાં નહીં રહેનારી દ્રવ્યત્વ સાક્ષાદ્ વ્યાપ્ય વાયુત્વ જાતિને લઈને વાયુમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'રૂપવદ્ વૃત્તિ' આ પદનું ઉપાદાન કર્યું છે. વાયુત્વ જાતિ રૂપવદ્‌માં વૃત્તિ ન હોવાથી તેને લઈને વાયુમાં અતિ-વ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'નૈમિત્તિકદ્રવત્વવદવૃત્તિ' આ પદનું ઉપાદાન ન કરીએ તો રૂપવદ્‌માં વૃત્તિ એવી દ્રવ્યત્વ સાક્ષાદ્-વ્યાપ્ય પૃથ્વીત્વ અને તૈજસત્વ જાતિને લઈને પૃથ્વી અને તેજમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'નૈમિત્તિક દ્રવ્યત્વવદવૃત્તિ' આ પદનું ઉપાદાન કર્યું છે. પૃથ્વીત્વ અને તૈજસત્વ જાતિ નૈમિ-ત્તિક દ્રવત્વવદ્‌માં અવૃત્તિ ન હોવાથી તેને લઈને પૃથ્વી અને તેજમાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં 'સાક્ષાદ્' આ પદનું ઉપાદાન ન કરીએ તો નૈમિત્તિક દ્રવત્વવદ્ ઘૃતાદિ સ્વરૂપ પૃથ્વીમાં તથા સુવર્ણાદિ સ્વરૂપ તેજમાં નહીં રહેનારી અને રૂપવદ્‌માં રહેનારી એવી દ્રવ્યત્વની વ્યાપ્ય જે પટત્વાદિ જાતિ છે તેને લઈને પટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'સાક્ષાદ્' આ પદનું ઉપાદાન કર્યું છે. પટત્વાદિ જાતિ દ્રવ્યત્વવ્યાપ્ય પૃથ્વીત્વાદિ-વ્યાપ્ય હોવાથી દ્રવ્યત્વની સાક્ષાદ્‌વ્યાપ્ય નથી. તેથી તેને લઈને પટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. દ્રવ્યત્વની સાક્ષાદ્ વ્યાપ્ય જાતિ પ્રકૃત સ્થળે તેને કહેવાય છે, કે જે દ્રવ્યત્વની વ્યાપ્ય એવી પૃથ્વી-ત્વાદિની અવ્યાપ્ય જાતિ છે. લક્ષણમાં 'જાતિ' આ પદનું ઉપાદાન ન કરીએ તો નૈમિત્તિકદ્રવત્વવદ્ ઘૃતાદિમાં અવૃત્તિ અને રૂપવદ્‌માં વૃત્તિ એવો દ્રવ્યત્વનો સાક્ષાદ્ વ્યાપ્ય જે 'જલઘટાન્યતરત્વ' ધર્મ છે. તેને લઈને ઘટમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે 'જાતિ' આ પદનું ઉપાદામ કર્યું છે. 'જલઘટાન્યતરત્વ' ધર્મ જાતિ

સ્વરૂપ ન હોવાથી તેને લઈને ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. અથવા "नैमित्तिकद्रवत्ववद्वृत्ति......" ઇત્યાદિ જલલક્ષણ શુક્લપદ ઘટિત ન હોવાથી 'वर्णः शुक्लो......' ઇત્યાદિ મૂલ ગ્રંથને અનુરૂપ જલનું લક્ષણ 'अभास्वरशुक्लेतररूपासमानाधिकरण–रूपवद्वृत्ति–द्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वम्' આ પ્રમાણે જાણવું જોઈએ. જલમાં અભાસ્વર શુક્લેતર રૂપ ન હોવાથી જલત્વ જાતિ અભાસ્વર શુક્લેતર રૂપના અધિકરણમાં નહીં રહેનારી છે તેમ જ તે જલત્વ જાતિ રૂપવદ્‌માં વૃત્તિ અને દ્રવ્યત્વની સાક્ષાદ્‌વ્યાપ્ય પણ છે. તેથી જલત્વ જાતિને લઈને જલમાં લક્ષણસમન્વય થાય છે. લક્ષણમાં 'સાક્ષાદ્' પદનું ઉપાદાન કર્યું હોવાથી સ્ફટિકમાં અતિવ્યાપ્તિ નહીં આવે. અન્યથા 'સાક્ષાદ્' પદનું ઉપાદાન ન કરીએ તો સ્ફટિકમાં અભાસ્વર શુક્લરૂપને છોડીને અન્ય રૂપ ન હોવાથી સ્ફટિકત્વ જાતિ અભાસ્વર શુક્લેતર રૂપના અધિકરણમાં રહેનારી નથી. તેમજ રૂપવદ્‌માં વૃત્તિ અને દ્રવ્યત્વની વ્યાપ્ય છે તેથી તેને લઈને સ્ફટિકમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ સાક્ષાદ્ પદના ઉપાદાનથી સ્ફટિકમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સ્ફટિકત્વ જાતિ દ્રવ્યત્વવ્યાપ્ય પૃથ્વીત્વની વ્યાપ્ય હોવાથી; દ્રવ્યત્વની વ્યાપ્ય જાતિની અવ્યાપ્ય જાતિ સ્વરૂપ દ્રવ્યત્વસાક્ષાદ્‌વ્યાપ્ય જાતિ નથી. શેષ પદકૃત્ય સ્પષ્ટ છે. પૂર્વોક્ત રીતે સમજી શકાય છે.

रस–स्पर्शाविति—જલમાં મધુર જ રસ છે. અને સ્પર્શ શીત જ છે. તિક્તરસવદ્‌માં અવૃત્તિ અને મધુર રસવદ્‌માં વૃત્તિ જે દ્રવ્યત્વ સાક્ષાદ્‌વ્યાપ્ય જાતિ તજ્જાતિમત્ત્વ જલનું લક્ષણ છે. લક્ષણમાં સાક્ષાત્ પદનું ઉપાદાન ન કરીએ તો તિક્તરસવદ્‌માં અવૃત્તિ અને મધુરવદ્‌માં વૃત્તિ એવી દ્રવ્યત્વવ્યાપ્ય જે શર્કરાત્વ જાતિ તેને લઈને શર્કરામાં અતિવ્યાપ્તિ આવશે, તેના નિવારણ માટે 'સાક્ષાત્' પદનું ઉપાદાન કર્યું છે. શર્કરાત્વ જાતિ દ્રવ્યત્વની સાક્ષાદ્ વ્યાપ્ય ન હોવાથી તેને લઈને શર્કરામાં અતિવ્યાપ્તિ નહીં આવે. લક્ષણમાં જાતિ પદનું ઉપાદાન ન કરીએ તો તિક્તરસવદ્‌માં અવૃત્તિ અને મધુરરસવદ્‌માં વૃતિ જે દ્રવ્યત્વ–સાક્ષાદ્‌વ્યાપ્ય જલશર્કરોભયત્વ ધર્મ, તેને લઈને શર્કરામાં

અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે જાતિ પદનું ઉપાદાન કર્યું છે. તાદશ ઉભયત્વધર્મ જાતિ ન હોવાથી તેને લઈને શર્કરામાં અતિવ્યાપ્તિ નહીં આવે શેષ પદકૃત્ય સ્પષ્ટ છે. આવી જ રીતે શીતેતર–સ્પર્શવદ્‌માં અવૃત્તિ અને સ્પર્શવદ્‌માં વૃત્તિ જે દ્રવ્યત્વ સાક્ષાદ્‌વ્યાપ્ય જાતિ તદ્‌વત્ત્વ સ્વરૂપ જલ લક્ષણમાં પદકૃત્ય સમજી લેવું.

કાલિન્દી જલમાં નીલરૂપની પ્રતીતિ થતી હોવાથી જલમાં શુકલ જ રૂપ શા માટે માનવું. નીલરૂપ પણ માનવું જોઈએ. એ કહેવું યોગ્ય નથી, કારણ કે નીલરૂપનિષ્ઠજન્યતાનિરૂપિતજનકતાની અવચ્છેદક પૃથ્વીત્વ જાતિનો જલમાં અભાવ હોવાથી નીલરૂપનો જલમાં સંભવ નથી. કાલિન્દી જલમાં નીલરૂપની જે પ્રતીતિ થાય છે, તે આશ્રય [જલાશ્રય–પટ] સ્વરૂપ ઉપાધિના કારણે જ થાય છે. તેથી જ આકાશમાં ઊંચે ઉછાળેલા તે પાણીમાં શુકલરૂપની જ પ્રતીતિ થાય છે.

'જલમાં મધુર રસ છે; એમાં કોઈ પ્રમાણ નથી. કારણ કે પ્રત્યક્ષપણે તો ત્યાં કોઈપણ રસનો અનુભવ થતો નથી. નારીયળના પાણીમાં મધુર રસની પ્રતીતિ થાય છે તેથી તેને લઈને પાણીમાં મધુર રસ છે એ માનવું યુક્ત નથી કારણ કે એ નારીયળ સ્વરૂપ ઉપાધિને લીધે છે. અન્યથા લીંબુના રસમાં (જલમાં) અમ્લરસની પ્રતીતિ થતી હોવાથી જલમાં અમ્લરસ પણ માનવાનો પ્રસંગ આવશે. આ કહેવું યુક્ત નથી. કારણ કે હરડે વગેરેના ભક્ષણથી જલનો મધુર રસ અભિવ્યક્ત થાય છે. 'હરડે વગેરેમાં જ એ વખતે જલ અને મોઢાની ઉષ્ણતાના સંબંધના કારણે મધુરરસ ઉત્પન્ન થાય છે. પરંતુ જલમાં કોઈ જ રસ નથી.' આવું પણ યદ્યપિ માની શકાય છે, પણ એ માન્યતા કલ્પનાના ગૌરવના કારણે યોગ્ય નથી. અમ્લાદિ રસનિષ્ઠ જન્યતા નિરૂપિત જનકતાની અવચ્છેદક પૃથ્વીત્વ જાતિનો જલમાં અભાવ હોવાથી તેમાં અમ્લાદિરસોનું અસ્તિત્વ નથી. લીંબુના જલાદિમાં પ્રતીયમાન તાદશ રસો આશ્રયસ્વરૂપ ઉપાધિકૃત છે. એ સ્પષ્ટ છે.

एवं जन्यशीत......ઇત્યાદિ—પૂર્વે જણાવ્યા મુજબ જન્યસ્નેહ સમવાયિકારણતાવચ્છેદકાદિ રૂપે સિદ્ધ જન્યજલત્વાદિની સિદ્ધિ; જન્યશીતસ્પર્શનિષ્ઠ જન્યતા નિરૂપિત જનકતાવચ્છેદક રૂપે તથા જન્યજલત્વાવચ્છિન્ન જન્યતા નિરૂપિત જનકતાવચ્છેદક રૂપે પણ સ્વયં સમજી શકાય છે. પૂર્વોક્ત અનુમાનમાં સ્નેહના સ્થાને શીતસ્પર્શ' નો પાઠ સમજીને અનુમાન પ્રકાર પણ ખૂબજ સ્પષ્ટ છે. યદ્યપિ ઘસાતા ચંદનાદિ સ્વરૂપ પૃથ્વીમાં પણ શીતસ્પર્શવત્ત્વની પ્રતીતિ થતી હોવાથી શીતસ્પર્શનિષ્ઠ જન્યતા નિરૂપિત જનકતાવચ્છેદક રૂપે 'જન્યજલત્વ' જાતિની સિદ્ધિ અશક્ય છે. પરંતુ ઘસાતા ચંદનમાં પ્રતીયમાન શીતસ્પર્શ વસ્તુતઃ ઘૃષ્ટચંદનાન્તર્ગત શીતતર જલનો જ હોવાથી કોઈ દોષ નથી. અગ્નિસંયોગના કારણે જલમાં પ્રતીયમાન ઉષ્ણ સ્પર્શ તદન્તર્ગત તેજો દ્રવ્યાત્મક ઉપાધિના કારણે છે એ સ્પષ્ટ છે. કારણ કે જલમાં પાકજ સ્પર્શાદિનો સંભવ નથી. પિંડીભાવને અનુકૂળ સ્નેહની જે પ્રતીતિ ઘૃતાદિમાં થાય છે. તે સ્નેહ વિષયક પ્રતીતિ પણ વસ્તુતઃ ઘૃતાદિમાં રહેલા જલના જ સ્નેહનું અવગાહન કરે છે. કારણ કે જલ સ્નેહની પ્રત્યે સમવાયિકારણ હોવાથી જલમાં જ સ્નેહ છે એમ માનવું જોઈએ. સાંસિદ્ધિકદ્રવત્વત્વ જાતિ વિશેષ છે. તે પ્રત્યક્ષ સિદ્ધ છે. સાંસિદ્ધિકદ્રવત્વત્વાવચ્છિન્ન કાર્યતાનિરૂપિત કારણતાવચ્છેદક [સમવાયિકારણતા વચ્છેદક] પણ જન્યજલત્વ જ છે. તૈલાદિદ્રવ્યોમાં પ્રતીયમાન દ્રવત્વ પણ જલનું જ છે. પરંતુ સ્નેહની પ્રકર્ષતાના કારણે તૈલાદિ દ્રવ્યો જલની જેમ દહનની પ્રત્યે પ્રતિકૂલ નથી. પણ અનુકૂલ છે. એ વાત સ્નેહ નિરૂપણ વખતે કહેવાશે.

નિત્ય અને અનિત્ય ભેદથી જલ બે પ્રકારનું છે. પરમાણુ સ્વરૂપ જલ નિત્ય છે. દ્વયણુકાદિ સ્વરૂપ જલ અનિત્ય છે. અનિત્ય જલ પણ શરીર ઇન્દ્રિય અને વિષયભેદથી ત્રણ પ્રકારનું છે. જલીય શરીર અયોનિજ છે, અને તે વરૂણલોકમાં પ્રસિદ્ધ છે. જલીય ઈન્દ્રિય રસનેન્દ્રિય સ્વરૂપ છે. રસનેન્દ્રિયના જલીયત્વમાં "रसनेन्द्रियं जलीयं गन्धाव्यञ्जकत्वे सति रसव्यञ्जकत्वाद्" सक्तुरसाभिव्यञ्जकोदकवत् આ અનુમાન

પ્રમાણ છે. હેત્વંશમાં માત્ર રસવ્યંજકત્વ પદનું જ ઉપાદાન કરીએ તો મનમાં રસવ્યંજકત્વ છે અને જલીયત્વ સ્વરૂપ સાધ્ય નથી. તેથી વ્યભિચાર આવશે તેના નિવારણ માટે ગન્ધાદ્યવ્યંજકત્વ પદનું પણ હેત્વંશમાં ઉપાદાન છે. મનમાં રસવ્યઞ્જકત્વની જેમ 'ગન્ધાદિનું' પણ વ્યગ-જકત્વ છે. તેથી હેતુ અને સાધ્ય મનમાં ન હોવાથી વ્યભિચાર નહીં આવે. માત્ર ગન્ધાદ્યવ્યગ-જકત્વનું હેત્વંશમાં ઉપાદાન કરીએ તો ચક્ષુ વગેરે ઇન્દ્રિયમાં વ્યભિચાર સ્પષ્ટ છે. તેથી તેના નિવારણ માટે રસવ્યગ-જકત્વ પદનું ઉપાદાન કર્યું છે. ચક્ષુ વગેરે ઈન્દ્રિયોમાં રસવ્યંજકત્વ ન હોવાથી હેતુ અને સાધ્યના અભાવના કારણે વ્યભિચાર નહીં આવે. યદ્યપિ ગન્ધાદ્યવ્યઞ્જકત્વ વિશિષ્ટ રસવ્યગ-જકત્વ, રસનેન્દ્રિયના સ્વસંયુક્તસમવાય સન્નિકર્ષમાં છે અને ત્યાં [સન્નિકર્ષમાં] જલીયત્વ સાધ્ય ન હોવાથી વ્યભિચાર આવે છે. પરંતુ તેના નિવારણ માટે હેત્વંશમાં દ્રવ્યત્વ પદનું પણ ઉપાદાન સમજી લેવું જેથી તાદૃશસન્નિકર્ષમાં દ્રવ્યત્વ ન હોવાથી સાધ્ય ન હોવા છતાં પણ વ્યભિચાર નહીં આવે. સમુદ્ર–તુષાર–સરોવર અને કાસારાદિ જલીય વિષય છે. હિમ અને કરામાં કઠિનત્વ હોવાથી પાર્થિવત્વ [પૃથ્વીત્વ] છે એ કહેવું યોગ્ય નથી. કારણ કે ગરમીના કારણે ઓગળી ગયેલા હિમ અને કરામાં જલત્વ પ્રત્યક્ષથી સિદ્ધ છે. 'ગરમીના કારણે વિલીન થયેલા હિમ અને કરાના નાશ પછી જે દ્રવ્ય ઉત્પન્ન થાય છે તેમાં જ જલત્વાદિ માનવા જોઈએ પરંતુ હિમ અને કરામાં નહીં'. આ કહેવું પણ યોગ્ય નથી કારણ કે "જે દ્રવ્ય જે દ્રવ્યના ધ્વંસથી ઉત્પન્ન થાય છે તે દ્રવ્ય તે દ્રવ્યના ઉપાદાનથી ઉપાદેય છે" આ નિયમના અનુરોધથી હિમાદિના નાશથી ઉત્પન્ન થયેલા દ્રવ્યાન્તરમાં જલત્વાદિની સિદ્ધિ માટે હિમાદિના ઉપાદાનમાં જલત્વ માનવું આવશ્યક છે. અને તેથી તાદૃશોપાદાનથી ઉપાદેય હિમાદિમાં જલત્વ સ્પષ્ટ છે. હિમાદિમાં જો પાર્થિવત્વ નથી અને જલત્વ છે. તો તેમાં કઠિનત્વની પ્રતીતિ કેમ થાય છે? એ પ્રશ્ન પણ અસ્થાને છે કારણ કે ભોક્તાના અદૃષ્ટવિશેષના કારણે હિમાદિ સ્વરૂપ જલના

દ્રવત્વનો પ્રતિરોધ થાય છે. તેથી તેમાં થતી કઠિનત્વની પ્રતીતિ ભ્રમાત્મક છે.

—इति जलनिरूपणम्—

## कारिकावली

**उष्णः स्पर्शस्तेजस्तु स्याद्रूपं शुक्लभास्वरम् ।**
**नैमित्तिकं द्रवत्वन्तु नित्यतादि च पूर्ववत् ॥४१॥**

तेजो निरूपयति–उष्ण इति । उष्णत्वं स्पर्शनिष्ठो जातिविशेषः प्रत्यक्षसिद्धः । इत्थञ्च जन्योष्णस्पर्शसमवायिकारणतावच्छेदकं तेजस्त्वं जातिविशेषः, तस्य परमाणुवृत्तित्वं जलत्वस्येवानुसन्धेयम् । न चोष्णस्पर्शवत्त्वं चन्द्रकिरणादावव्याप्तमिति वाच्यम् । तत्राप्युष्णस्पर्शस्य सत्त्वात् । किन्तु तदन्तःपातिजलस्पर्शेनाऽभिभवादग्रहः । एवं रत्नकिरणादौ च पार्थिवस्पर्शेनाभिभवात्, चक्षुरादौ चाऽनुद्भूतत्वादग्रहः । रूपमित्यादि–वैश्वानरे मरकतकिरणादौ च पार्थिवरूपेणाभिभवात् शुक्लरूपाग्रहः । अथ तद्रूपाग्रहे धर्मिणोऽपि चाक्षुषत्वं न स्यादिति चेन्न । अन्यदीयरूपेणैव धर्मिणो ग्रहसम्भवात्, शङ्खस्येव पित्तपीतिम्ना । वह्नेस्तु शुक्लं रूपं नाभिभूतम्, किन्तु तदीयं शुक्लत्वमभिभूतमित्यन्ये । नैमित्तिकमिति–सुवर्णादिरूपे तेजसि तत्सत्त्वात् । न च नैमित्तिकद्रवत्ववत्त्वं दहनादावव्याप्तं घृतादावतिव्याप्तञ्चेति वाच्यम् । पृथिव्यवृत्ति–नैमित्तिकद्रवत्ववद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् । पूर्ववदिति जलस्येवेत्यर्थः । तथाहि–तद् द्विविधं नित्यमनित्यञ्च, नित्यं परमाणुरूपं, तदन्यदनित्यमवयवि च । तच्च त्रिधा शरीरेन्द्रियविषयभेदात् । शरीरमयोनिजमेव, तच्च सूर्यलोकादौ प्रसिद्धम् ॥४१॥

## कारिकावली

**इन्द्रियं नयनं वह्निः स्वर्णादिर्विषयो मतः ।**

### मुक्तावली

अत्र यो विशेषस्तमाह–इन्द्रियमिति । ननु चक्षुषस्तैजसत्वे किं मानमिति चेत्, चक्षुस्तैजसं परकीयस्पर्शाद्यव्यञ्जकत्वे सति परकीयरूप-

व्यञ्जकत्वात् प्रदीपवत्, प्रदीपस्य स्वीयस्पर्शव्यञ्जकत्वादत्र दृष्टान्तेऽव्याप्ति-वारणाय प्रथमं परकीयेति । घटादेः स्वीयरूपव्यञ्जकत्वाद्व्यभिचारवारणाय द्वितीयं परकीयेति । अथवा प्रभाया दृष्टान्तत्वसम्भवात् आद्यं परकीयेति न देयम् । चक्षुःसन्निकर्षे व्यभिचारवारणाय द्रव्यत्वं देयम् । विषयं दर्शयति–वह्निरिति । ननु सुवर्णस्य तैजसत्वे किं मानमिति चेन्न । सुवर्णं तैजसमसति प्रतिबन्धकेऽत्यन्तानलसंयोगेऽप्यनुच्छिद्यमानद्रवत्वात्, यन्नैवं तन्नैवं, यथा पृथिवीति । न चाऽप्रयोजकं पृथिवीद्रवत्वस्य जन्यजलद्रवत्वस्य चात्यन्ताग्निसंयोगनाश्यत्वात् । ननु पीतिमगुरुत्वाश्रयस्याऽपि तदानीं द्रुतत्वात्तेन व्यभिचार इति चेन्न । जलमध्यस्थमसीक्षोदवत् तस्याऽद्रुतत्वात् । अपरे तु पीतिमाश्रयस्यात्यन्ताग्निसंयोगेऽपि पूर्वरूपापरावृत्तिदर्शनात् तत्प्रतिबन्धकं विजातीयद्रवद्रव्यं कल्प्यते । तथा हि–अत्यन्ताग्निसंयोगे पीतिमगुरुत्वाश्रयः, विजातीयरूपप्रतिबन्धकद्रवद्रव्यसंयुक्तः, अत्यन्ताग्निसंयोगे सत्यपि पूर्वरूपविजातीयरूपानधिकरणपार्थिवत्वात् । जलमध्यस्थपीतपटवत् । तस्य च पृथिवीजलभिन्नस्य तेजस्त्वनियमात् ॥ इति तेजो निरूपणम् ॥

तेजो निरूपयति—उष्ण......ઈત્યાદિ—'ઉષ્ણત્વ' સ્પર્શ વૃત્તિ જાતિ વિશેષ છે. જે સ્પર્શેન્દ્રિય જન્ય પ્રત્યક્ષથી સિદ્ધ છે. જન્યઉષ્ણ સ્પર્શનિષ્ઠજન્યતાનિરૂપિત સમવાયિકારણતાવચ્છેદક તરીકે જન્યતેજોવૃત્તિ તેજસ્ત્વ જાતિ વિશેષ સિદ્ધ થાય છે. અને તદવચ્છિન્નજન્યતા નિરૂપિત જનકતા [સમવાયિકારણતા] વચ્છેદક તરીકે તેજસ્ત્વ જાતિ તેજઃ પરમાણુમાં પણ સિદ્ધ થાય છે. અનુમાનાદિનું સ્વરૂપ જલ નિરૂપણમાં જણાવ્યા મુજબ સમજી લેવું. ચંદ્રકિરણાદિમાં ઉષ્ણસ્પર્શવત્ત્વ ન હોવાથી તેજના 'ઉષ્ણસ્પર્શવત્ત્વ, લક્ષણમાં અવ્યાપ્તિ આવે છે. એ કહેવું યોગ્ય નથી. કારણ કે ચંદ્રકિરણાન્તઃપાતિ જલના સ્પર્શના કારણે ચંદ્રકિરણાદિનો સ્પર્શ અભિભૂત હોવાથી તેનો ગ્રહ થતો નથી. તેમજ પૃથ્વીસ્પર્શના કારણે અભિભૂત રત્નકિરણાદિના પણ ઉષ્ણસ્પર્શનો ગ્રહ થતો નથી. તેજઃસ્વરૂપ ચક્ષુઇન્દ્રિયાદિમાં પણ ઉષ્ણસ્પર્શ છે. પરંતુ તે ઉદ્ભૂત ન હોવાથી તેનો પણ ગ્રહ થતો નથી. તેજ માત્રમાં

ભાસ્વર શુકલરૂપ છે. અગ્નિ તથા મરકતમણિ સ્વરૂપ તેજના ભાસ્વર-શુકલરૂપનો પાર્થિવરૂપથી અભિભવ થતો હોવાથી તેનો ગ્રહ થતો નથી 'અગ્નિ તથા મરકતમણિના ભાસ્વરશુકલરૂપનો ગ્રહ ન થાય તો અગ્નિ અને મરકતમણિનો પણ ચક્ષુ ઈન્દ્રિયથી ગ્રહ નહીં થાય કારણ કે જેના રૂપનો ગ્રહ થતો નથી, તે દ્રવ્યનો પણ ગ્રહ થતો નથી.' એ કહેવું યોગ્ય નથી. કારણ કે પોતાના રૂપનો ગ્રહ ન થવા છતાં અન્યદીય રૂપને લઈને ધર્મિનો [રૂપવદ્ દ્રવ્યનો] ગ્રહ શક્ય છે. પિત્તની પીળાશને લઈને જેવી રીતે શંખનો ગ્રહ થાય છે. અને તેના શ્વેત રૂપનો ગ્રહ થતો નથી. તેવી રીતે અગ્નિ વગેરેના રૂપનો અગ્રહ થવા છતાં પાર્થિવ રૂપને લઇને અગ્નિ વગેરેનો ગ્રહ થવામાં કોઈ દોષ નથી. વહ્નિ વગેરેનું શુકલરૂપ અભિભૂત નથી પરંતુ શુકલત્વ જાતિ અભિભૂત છે એવું કેટલાક લોકો કહે છે. તેજમાં નૈમિત્તિક દ્રવત્વ છે. સુવર્ણાદિસ્વરૂપ તેજમાં નૈમિત્તિક દ્રવત્વ પ્રત્યક્ષ સિદ્ધ છે. યદ્યપિ નૈમિત્તિક દ્રવત્વ, અગ્નિસ્વરૂપ તેજમાં નથી, તેમજ ઘૃતાદિસ્વરૂપ પૃથ્વીમાં છે તેથી ક્રમશઃ અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ 'नैमित्तिकद्रवत्ववत्त्व' આ લક્ષણનું તાત્પર્ય 'પૃથ્વીમાં નહીં રહેનારી, નૈમિત્તિકદ્રવત્વવદ્‌માં રહેનારી જે દ્રવ્યત્વસાક્ષાદ્ વ્યાપ્ય જાતિ તદ્‌વત્ત્વ છે" આ પ્રમાણે હોવાથી કોઇ દોષ નહીં આવે. કારણ કે પૃથ્વીમાં નહીં રહેનારી અને નૈમિત્તિકદ્રવત્વવદ્‌માં રહેનારી દ્રવ્યત્વ-સાક્ષાદ્‌વ્યાપ્ય જાતિ તેજસ્ત્વ છે. તજ્જાતિમત્ત્વ સકલતેજમાં છે, અને ઘૃતાદિસ્વરૂપ પૃથ્વીમાં નથી, તેથી અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ નહીં આવે લક્ષણમાં જાતિ પદનો નિવેશ ન કરીએ તો પૃથ્વીમાં નહીં રહેનાર અને નૈમિત્તિક દ્રવત્વવદ્‌માં રહેનાર દ્રવ્યત્વસાક્ષાદ્‌વ્યાપ્ય જે વાયુતેજોન્યતરત્વ ધર્મ, તદ્‌વત્ત્વ વાયુમાં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે, તેના નિવારણ માટે લક્ષણમાં જાતિ પદનું ઉપાદાન કર્યું છે. વાયુતેજોન્ય-તરત્વ ધર્મ જાતિ ન હોવાથી તેને લઇને વાયુમાં અતિવ્યાપ્તિ નહીં આવે. શેષ પદકૃત્ય સ્પષ્ટ છે. પૂર્વોક્ત રીતે સ્વયં સમજી શકાય છે.

**પૂર્વવૃત્તિ**—જલની જેમ તેજ પણ નિત્ય અને અનિત્ય ભેદથી બે

પ્રકારનું છે. પરમાણુ સ્વરૂપ તેજ નિત્ય છે. એનાથી ભિન્ન અવયવિ સ્વરૂપ તેજ અનિત્ય છે. એ અનિત્ય તેજ પણ શરીર ઇન્દ્રિય અને વિષયભેદથી ત્રણ પ્રકારનું છે. તૈજસ શરીર અયોનિજ જ છે. તે સૂર્યલોકમાં પ્રસિદ્ધ છે. તૈજસ ઇન્દ્રિય ચક્ષુ સ્વરૂપ છે. ચક્ષુ ઇન્દ્રિયમાં તૈજસત્ત્વ [તેજસ્ત્વ] છે એમાં શું પ્રમાણ છે? એ કહેવું યોગ્ય નથી કારણ કે "चक्षुस्तैजसं परकीयस्पर्शाद्यव्यञ्जकत्वे सति परकीयरूपव्यञ्जकत्वात् प्रदीपवत्" આ અનુમાન જ ચક્ષુના તૈજસત્વમાં પ્રમાણ છે. હેત્વંશમાં પ્રથમ પરકીય પદનું ઉપાદાન ન કરીએ તો પ્રદીપમાં પરકીય રૂપનું વ્યંજકત્વ હોવા છતાં પોતાના સ્પર્શનું વ્યંજકત્વ હોવાથી સ્પર્શાદ્યવ્યંજકત્વ વિશિષ્ટ પરકીયરૂપ વ્યંજકત્વ સ્વરૂપ હેતુ ન હોવાથી દૃષ્ટાન્તાસિદ્ધિ આવશે. તેથી તેના નિવારણ માટે પ્રથમ પરકીય પદનું ઉપાદાન કર્યું છે. જેથી પ્રદીપમાં દૃષ્ટાન્તાસિદ્ધિ નહીં આવે કારણ કે પ્રદીપમાં સ્વીયસ્પર્શનું વ્યંજકત્વ હોવા છતાં પરકીયસ્પર્શાદિનું વ્યંજકત્વ નથી. હેત્વંશમાં દ્વિતીય પરકીય પદનું ઉપાદાન ન કરીએ તો ઘટાદિમાં પરકીય સ્પર્શાદ્યવ્યંજકત્વ વિશિષ્ટ રૂપ [સ્વીયરૂપ] વ્યંજકત્વ છે અને તૈજસત્વરૂપ સાધ્ય નથી તેથી વ્યભિચાર આવશે. તેથી તેના નિવારણ માટે દ્વિતીય પરકીય પદનું ઉપાદાન કર્યું છે. ઘટાદિમાં પરકીયરૂપનું વ્યંજકત્વ ન હોવાથી વ્યભિચાર નહીં આવે. હેત્વંશમાં બે વાર પરકીય પદના નિવેશમાં ગૌરવ જાણીને આદ્ય પરકીય પદના નિવેશ વિના પણ હેતુની વિવક્ષામાં દોષ નથી એ જણાવતા કહે છે–अथवा...ઇત્યાદિ આશય એ છે કે, 'स्पर्शाद्यव्यंजकत्वविशिष्टपरकीयरूपव्यंजकत्व' સ્વરૂપ હેતુ, સ્વીયસ્પર્શવ્યંજક પ્રદીપમાં ન હોવા છતાં પ્રભામાં હોવાથી પ્રદીપને દૃષ્ટાન્ત માન્યા વિના પ્રભાને દૃષ્ટાન્ત માની શકાય છે. તેથી પ્રભાને દૃષ્ટાન્ત માનીને દૃષ્ટાન્તાસિદ્ધિનું નિવારણ શક્ય છે. યદ્યપિ ચક્ષુ અને રૂપના સંયુક્ત સમવાય સન્નિકર્ષમાં સ્પર્શાદ્યવ્યંજકત્વ વિશિષ્ટપરકીયરૂપવ્યંજકત્વ સ્વરૂપ હેતુ છે અને તૈજસત્વસ્વરૂપ સાધ્ય નથી તેથી તાદૃશ સન્નિકર્ષમાં વ્યભિચાર આવે છે.

પરંતુ તેના નિવારણ માટે હેત્વંશમાં દ્રવ્યત્વનો પણ નિવેશ સમજી લેવો. જેથી તાદૃશ સન્નિકર્ષમાં દ્રવ્યત્વ ન હોવાથી વ્યભિચાર નહીં આવે.

विषयं दर्शयति वह्निनरिति--સુવર્ણાદિ સ્વરૂપ તૈજમાં તેજસ્વ છે. એમાં શું પ્રમાણ છે ? એ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે, "सुवर्णं तैजसमसति प्रतिबन्धकेऽत्यन्तानलसंयोगेऽप्यनुच्छिद्यमानद्रवत्वाद् यन्नैवं तन्नैवम्" આ અનુમાન સુવર્ણાદિમાં તૈજસત્વને સિદ્ધ કરે છે. આશય એ છે કે જ્યાં તેજસ્ત્વ નથી એવા પૃથ્વી આદિ દ્રવ્યોનું દ્રવત્વ; જો કોઈ પ્રતિબંધક ન હોય તો અત્યન્તાગ્નિસંયોગની વિદ્યમાનતામાં ઉચ્છિદ્યમાન છે. જ્યારે તાદૃશ અવસ્થામાં સુવર્ણાદિનું દ્રવત્વ ઉચ્છિદ્યમાન નથી. તેથી તાદૃશ અનુચ્છિદ્યમાનદ્રવત્વાત્મક હેતુથી સુવર્ણાદિ દ્રવ્યોમાં તૈજસત્વ સિદ્ધ થાય છે. સુવર્ણાદિમાં તાદૃશ અનુચ્છિદ્યમાન દ્રવત્ત્વ ભલે રહ્યું. પરન્તુ ત્યાં તૈજસત્વ નહીં માનવું જોઈએ આ પ્રમાણે વ્યભિચારશંકા નહીં કરવી જોઈએ. કારણ કે પાર્થિવ નૈમિત્તિકદ્રવત્ત્વ અને જલીય જન્ય દ્રવત્ત્વ ઉપર જણાવ્યા મુજબ પ્રતિબંધકની અવિદ્યમાનતામાં અત્યન્તાગ્નિસંયોગથી નાશ્ય હોવાથી સુવર્ણાદિ દ્રવ્યોમાં, તાદૃશાનુચ્છિદ્યમાન દ્રવત્વના કારણે તૈજસત્વ માન્યા વિના ચાલે એવું નથી. યદ્યપિ સુવર્ણાદિમાં પીતરૂપાશ્રયપાર્થિવભાગ પણ અગ્નિના અત્યન્તસંયોગથી દ્રુત થતો હોવાથી તાદૃશ અનુચ્છિદ્યમાનદ્રવત્વ પૃથ્વીમાં છે અને તૈજસત્વરૂપ સાધ્ય નથી. તેથી વ્યભિચાર સ્પષ્ટ છે. પરંતુ જલમધ્યસ્થ મસીક્ષોદ [શાહીનું ચૂર્ણ] જેવી રીતે પાણીમાં દ્રુત થતું નથી. માત્ર દ્રુત જલમાં ફેલાઇ જાય છે. [જેની પ્રતીતિ પાણી સુકાઇ ગયા પછી થાય છે.] તેવી રીતે દ્રુત સુવર્ણમાં પીતિમગુરૂત્વાશ્રય પાર્થિવ ભાગ પણ ફેલાઈ જાય છે. તે દ્રુત થતો નથી. જેથી ઉપર્યુક્ત રીતે વ્યભિચાર નહીં આવે. અહીં પ્રકૃતાનુમાનના હેત્વંશમાં 'અસતિ પ્રતિબંધકે' આ પદનું ઉપાદાન ન કરીએ તો; જલમાં રહેલા ઘીમાં પણ અત્યન્યતાગ્નિસંયોગથી અનુચ્છિદ્યમાન દ્રવત્વ છે અને સાધ્ય

ન હોવાથી વ્યભિચાર આવે છે. તેથી તેના નિવારણ માટે 'અસતિ પ્રતિબંધકે' પદનું ઉપાદાન કર્યું' છે. જલમધ્યસ્થઘીમાં અનુચ્છિદ્યમાન દ્રવત્વ હોવા છતાં જલાત્મક પ્રતિબંધક વિદ્યમાન હોવાથી વિવક્ષિત તાદૃશાનુચ્છિદ્યમાનદ્રવત્વ ન હોવાથી વ્યભિચાર નહીં આવે. હેત્વંશમાં 'અગ્નિસંયોગે' આ પદનું ઉપાદાન ન કરીએ તો અગ્નિસંયોગાભાવકાલીન ઘૃતાદિમાં અનુચ્છિદ્યમાન દ્રવત્વ હોવાથી અને તૈજસત્વાત્મક સાધ્ય ન હોવાથી વ્યભિચાર સ્પષ્ટ છે. તેના નિવારણ માટે હેત્વંશમાં 'અત્યન્તાગ્નિ સંયોગે' આ પદનું ઉપાદાન આવશ્યક છે. અગ્નિસંયોગની વિદ્યમાનતામાં અને પ્રતિબંધકની અવિદ્યમાનતામાં ઘૃતાદિ દ્રવ્યોમાં અનુચ્છિદ્યમાન દ્રવત્વ ન હોવાથી તૈજસત્વનો અભાવ હોવા છતાં વ્યભિચાર નહીં આવે. 'असति प्रतिबन्धकेऽत्यन्तानलसंयोगेऽनुच्छिद्यमानद्रवत्वाद्' અહીં 'અનુચ્છિદ્યમાન દ્રવત્વાદ્' આ પદનો અર્થ 'અનુચ્છિદ્યમાનદ્રવત્વાધિકરણત્વાદ્' આ અર્થ છે. પરંતુ ઉચ્છિદ્યમાનદ્રવત્વાનધિકરણત્વાદ્ આ અર્થ નથી અન્યથા ઉચ્છિદ્યમાન દ્રવત્વાનધિકરણ ગગનાદિમાં વ્યભિચારનું વારણ અશક્ય બનશે.

अपरे तु......ઈત્યાદિ–આશય એ છે કે સુવર્ણાન્તર્ગત પીતરૂપાશ્રય દ્રવ્યના પૂર્વરૂપની પરાવૃત્તિ અત્યન્તાગ્નિ સંયોગની વિદ્યમાનતામાં પણ થતી નથી. તેથી તાદૃશ રૂપાપરાવૃત્તિની પ્રત્યે વિજાતીય દ્રવદ્રવ્યનો સંયોગ પ્રતિબંધક રૂપે અનુમેય છે. ત્યાં જે વિજાતીય દ્રવદ્રવ્યનો સંયોગ છે. તે વિજાતીય દ્રવદ્રવ્ય સુવર્ણાદિ સ્વરૂપ તેજોદ્રવ્ય છે. એવું કેટલાક કહે છે. અનુમાન પ્રકાર નીચે મુજબ છે. अत्यन्ताग्निसंयोगे पीतिमगुरुत्वाश्रयो, विजातीयरूपप्रतिबन्धकद्रवद्रव्यसंयुक्तोऽत्यन्ताग्निसंयोगे सत्यपि पूर्वरूपविजातीयरूपानधिकरणपार्थिवत्वाद्; यत्र यत्राऽत्यन्ताग्निसंयोगविशिष्टपूर्वरूपविजातीयरूपानधिकरणपार्थिवत्वम् तत्र तत्र विजातीयरूपप्रतिबन्धकद्रवद्रव्य संयुक्तत्वम् यथा जलमध्यस्थपीतपटः । અહીં હેત્વંશમાં પાર્થિવ પદનું ઉપાદાન ન

કરીએ તો અત્યન્તાગ્નિસંયોગવિશિષ્ટપૂર્વરૂપવિજાતીય રૂપાનધિકરણત્વ જલપરમાણુમાં પણ છે અને ત્યાં વિજાતીયરૂપપ્રતિબંધક દ્રવદ્રવ્યનો સંયોગ ન હોવાથી વ્યભિચાર આવે છે. પાર્થિવ પદના નિવેશથી તેનું નિવારણ સ્પષ્ટ છે. તેમજ અન્ય પદનું પ્રયોજન પણ પૂર્વોક્ત રીતે સમજી શકાય એવું છે.

॥ इति तेजो निरूपणम् ॥

## कारिकावली

**अपाकजोऽनुष्णाशीतस्पर्शस्तु पवने मतः ॥४२॥**
**तिर्यग्गमनवानेष ज्ञेयः स्पर्शादिलिङ्गकः ।**
**पूर्ववन्नित्यताद्युक्तं देहव्यापि त्वगिन्द्रियम् ॥४३॥**
**प्राणादिस्तु महावायुपर्यन्तो विषयो मतः ।**

## मुक्तावली ।

वायुं निरूपयति–अपाकज इति । अनुष्णाशीतस्पर्शस्य पृथिव्यामपि सत्त्वादुक्तमपाकज इति । अपाकजस्पर्शस्य जलादावपि सत्त्वादुक्तमनुष्णाशीतेति । एतेन वायवीयो विजातीयः स्पर्शो दर्शितः । तज्जनकतावच्छेदकं वायुत्वमिति भावः । एषः– वायुः, स्पर्शादिलिङ्गकः– वायु र्हि स्पर्श–शब्दधृति–कम्पैर–नुमीयते, विजातीयस्पर्शेन, विलक्षणशब्देन, तृणादीनां धृत्या, शाखादीनां कम्पनेन च वायोरनुमानात् । यथा च वायु र्न प्रत्यक्षस्तथाग्रे वक्ष्यते । पूर्ववदिति–वायु–र्द्विविधः– नित्योऽनित्यश्च । परमाणुरूपो नित्यः, तदन्योऽनित्याऽवयवसमवेतश्च । सोऽपि त्रिविधः– शरीरेन्द्रियविषयभेदात् । तत्र शरीरमयोनिजं पिशाचादीनाम् परन्तु जलीय-तैजस–वायवीय शरीराणां पार्थिवभागोपष्टम्भादुपभोगक्षमत्वं, जलादीनां प्राधान्याज्जलीयत्वादिकमिति । अत्र यो विशेषस्तमाह–देहव्यापीति । शरीरव्यापकं स्पर्शग्राहकमिन्द्रियं त्वक्, तच्च वायवीयं रूपादिषु मध्ये स्पर्शस्यैवाभिव्यञ्जकत्वात्; अङ्गसङ्गिसलिलशैत्याभिव्यञ्जकव्यजनपवनवत् ॥ ४३॥ विषयं दर्शयति–प्राणादिरिति । यद्यप्यनित्यो वायुश्चतुर्विधः, तस्य

चतुर्थी विधा प्राणादिरित्युक्तमाकरे, तथाऽपि सङ्क्षेपादेव त्रैविध्यमुक्तम् । प्राणस्त्वेक एक हृदादिनामास्थानवशान्मुखनिर्गमादिनानाक्रियाभेदाच्च नाना-सञ्ज्ञां लभत इति पर्यवसितो वायुः ॥ इति वायुनिरूपणम् ॥

वायुं निरूपयति-अपाकजो......ઈત્યાદિ-અપાકજ અનુષ્ણાશીત સ્પર્શવદ્દ્રવ્યને વાયુ કહેવાય છે. અનુષ્ણાશીતસ્પર્શ પૃથ્વીમાં પણ છે અને અપાકજ સ્પર્શ જલાદિમાં પણ છે. તેથી લક્ષણમાંના ક્રમશઃ અપાકજ અને અનુષ્ણાશીત પદના સન્નિવેશથી ઉભયત્ર અતિવ્યાપ્તિ નહીં આવે. આથી સ્પષ્ટ છે કે પૃથ્વ્યાદિદ્રવ્યોના સ્પર્શની અપેક્ષાએ વાયુનો અપાકજ અનુષ્ણાશીત સ્પર્શ વિજાતીય છે. તાદૃશ વિજાતીય સ્પર્શનિષ્ઠ જન્યતાનિરૂપિત જનકતાવચ્છેદક તરીકે જન્યવાયુત્વ [અનિત્ય વાયુમાત્રવૃત્તિ] સિદ્ધ થાય છે અને તદવચ્છિન્ન જન્યતા નિરૂપિત જનકતાવચ્છેદક રૂપે 'વાયુત્વ' જાતિ; જલત્વજાતિની જેમ જ પૂર્વોક્ત રીતે સિદ્ધ થાય છે. અનુમાન પ્રકારાદિ પૂર્વોક્તરીતિથી સ્પષ્ટ છે. વાયુની ગતિ તિર્યક્ છે. એ વાયુ સ્પર્શ-શબ્દ-ધૃતિ અને કંપ દ્વારા અનુમેય છે. વિજાતીય સ્પર્શથી, વિલક્ષણશબ્દથી, તૃણાદિની ધૃતિથી અને શાખાદિના કંપથી વાયનું અનુમાન કરાય છે. વાયુનું જે રીતે પ્રત્યક્ષ થતું નથી. તે રીતે આત્મનિરૂપણના અવસરે કહેવાશે. નિત્ય અને અનિત્યભેદથી વાયુ બે પ્રકારનો છે. પરમાણુ સ્વરૂપ વાયુ નિત્ય છે. શરીર ઇન્દ્રિય અને વિષયભેદથી અનિત્ય વાયુ ત્રણ પ્રકારનો છે. પિશાચાદિનું શરીર વાયવીય છે. જે અયોનિજ જ હોય છે. યદ્યપિ જલીય તૈજસીય કે વાયવીય શરીરમાં પાર્થિવભાગ પણ હોવાથી તે તે શરીરો ઉપભોગના સાધન બને છે. તેથી જલીયાદિ શરીરોને જલીયાદિ જ કહેવા નહિ જોઇએ પરન્તુ જલીયાદિ શરીરોમાં જલાદિનું પ્રાધાન્ય હોવાથી તે તે શરીરોને જલીયાદિ કહેવાય છે. સમગ્ર શરીરમાં વ્યાપીને રહેનારી સ્પર્શને ગ્રહણ કરનારી ત્વગ્ ઇન્દ્રિય વાયવીય છે. જે નીચે જણાવેલા અનુમાનથી સ્પષ્ટ થાય છે. "त्वगिन्द्रियं वायवीयम् रूपादिषु मध्ये स्पर्शस्यैवाभिव्यञ्जकत्वाद् अङ्गसङ्गिसलिलशैत्याभिव्यञ्जकपवनवत् ।"

અહીં હેત્વંશમાં માત્ર 'स्पर्शस्यैवाभिव्यञ्जकत्व' પદનું જ ઉપાદાન કરીએ તો ત્વગિન્દ્રિયમાં સ્પર્શાભિવ્યંજકત્વની જેમ સ્પર્શત્વનું પણ અભિવ્યંજકત્વ હોવાથી 'स्पर्शाभिव्यञ्जकत्वविशिष्टस्पर्शेतराव्यञ्जकत्व' સ્વરૂપ स्पर्शस्यैवाभिव्यञ्जकत्व ન હોવાથી સ્વરૂપાસિદ્ધિ આવશે, તેના નિવારણ માટે હેત્વંશમાં 'रूपादिषु मध्ये' આ પદનું ઉપાદાન કર્યું છે. જેથી સ્વરૂપાસિદ્ધિ નહીં આવે કારણ કે ત્વગિન્દ્રિયમાં રૂપ–રસ–ગન્ધા–ભિવ્યંજકત્વાભાવવિશિષ્ટસ્પર્શાભિવ્યંજકત્વ હોવાથી વિવક્ષિત હેતુ છે જ. હેત્વંશમાં 'एव' કારનો નિવેશ ન કરીએ તો રૂપાદિમાંથી સ્પર્શનું વ્યંજકત્વ તો મનમાં પણ છે અને ત્યાં 'વાયવીયત્વ' સ્વરૂપ સાધ્ય ન હોવાથી વ્યભિચાર આવે છે. તેના નિવારણ માટે હેત્વંશમાં एव કાર નિર્દિષ્ટ છે. મનમાં સ્પર્શાભિવ્યંજકત્વની જેમ રૂપાદ્યભિવ્યંજકત્વ પણ હોવાથી વિવક્ષિત રૂપાદ્ય–ભિવ્યંજકત્વાભાવવિશિષ્ટ સ્પર્શાભિવ્યંજકત્વ ન હોવાથી સાધ્ય ન હોવા છતાં વ્યભિચાર નહીં આવે. યદ્યપિ ત્વગિન્દ્રિય અને સ્પર્શાદિના સન્નિકર્ષમાં પણ રૂપાદ્યભિવ્યંજકત્વાભાવવિશિષ્ટ સ્પર્શવ્યંજકત્વ છે અને સાધ્ય નથી. તેથી તાદૃશસન્નિકર્ષમાં વ્યભિચાર આવે છે. પરંતુ સન્નિકર્ષમાં વ્યભિચારનું નિવારણ કરવા હેત્વંશમાં 'દ્રવ્યત્વ' પદનો પણ નિવેશ સમજી લેવો. સન્નિકર્ષમાં દ્રવ્યત્વ ન હોવાથી વ્યભિચાર નહીં આવે. પ્રાણવાયુથી આરંભીને મહાવાયુ સુધીનો વાયુ વાયવીય વિષય છે. યદ્યપિ પ્રશસ્તપાદભાષ્યમાં 'શરીર–ઇન્દ્રિય-વિષય અને પ્રાણવાયુ' આ ચાર ભેદથી અનિત્યવાયુને ચતુર્વિધ વર્ણવ્યો છે. પરંતુ લાઘવથી અહીં વિષયસ્વરૂપવાયુમાં જ પ્રાણ–વાયુનો સમાવેશ કર્યો છે. એ વાયુ પણ હૃદયાદિ ભિન્ન ભિન્ન સ્થાનમાં રહેવાના કારણે અને મુખમાંથી નીકળવાદિ ભિન્ન ભિન્ન ક્રિયાઓના કારણે પ્રાણાપાનાદિ ભિન્ન ભિન્ન સંજ્ઞાઓને પ્રાપ્ત કરે છે.

॥ इति वायुनिरूपणम् ॥

कारिकावली ।

**आकाशस्य तु विज्ञेयः शब्दो वैशेषिको गुणः ॥४४॥**
**इन्द्रियन्तु भवेच्छोत्रमेकः सन्नप्युपाधितः ।**

मुक्तावली

आकाशं निरूपयति—आकाशस्येति । आकाशकालदिशामेकैकव्यक्तित्वादाकाशत्वादिकं न जातिः किन्तु, आकाशत्वं शब्दाश्रयत्वम् । 'वैशेषिक' इति कथनं तु विशेषगुणान्तरव्यवच्छेदाय । एतेन प्रमाणमपि दर्शितं, तथाहि—शब्दो गुणश्चक्षुर्ग्रहणायोग्य-बाहिरिन्द्रियग्राह्यजातिमत्त्वात् स्पर्शवत् । शब्दो द्रव्यसमवेतो गुणत्वात् संयोगवदित्यनुमानेन शब्दस्य द्रव्यसमवेतत्वे सिद्धे, शब्दो न स्पर्शवद्विशेषगुणोऽग्निसंयोगाऽसमवायिकारणकत्वाभावे सति अकारणगुणपूर्वकप्रत्यक्षत्वात् सुखवत् । पाकजरूपादौ व्यभिचारवारणाय सत्यन्तम् । पटरूपादौ व्यभिचारवारणायाकारणगुणपूर्वकेति । जलपरमाणुरूपादौ व्यभिचारवारणाय प्रत्यक्षेति । शब्दो न दिक्कालमनसां गुणो विशेषगुणत्वाद् रूपवत् । नात्मविशेषगुणो बहिरिन्द्रिययोग्यत्वाद् रूपवद् । इत्थञ्च शब्दाधिकरणं नवमं द्रव्यं गगनात्मकं सिध्यति । न च वाय्ववयवेषु सूक्ष्मशब्दक्रमेण वायौ कारणगुणपूर्वकः शब्द उत्पद्यतामिति वाच्यम् । अयावद् द्रव्यभावित्वेन वायो र्विशेषगुणत्वाभावात् ॥४४॥ तत्र च शरीरस्य विषयस्य चाऽभावादिन्द्रियं दर्शयति—इन्द्रियमिति । नन्वाकाशं लाघवादेकं सिद्धम्, श्रोत्रं पुनः पुरुषभेदाद् भिन्नं कथमाकाशं स्यादिति चेत्तत्राह—एक इति । आकाश एकः सन्नपि उपाधेः-कर्णशष्कुल्या भेदाद् भिन्नं श्रोत्रात्मकं भवतीत्यर्थः ॥ इत्याकाशग्रन्थः ॥

आकाशं निरूपयति—आकाशस्येति । આકાશ, કાલ, અને દિશા એક વ્યક્તિ હોવાથી આકાશત્વ, કાલત્વ અને દિક્ત્વ જાતિ સ્વરૂપ નથી. પરન્તુ આકાશત્વ શબ્દાશ્રયત્વ સ્વરૂપ છે. મૂલમાં 'વૈશેષિક' પદ આકાશમાં શબ્દભિન્ન વિશેષગુણ નથી, એ જણાવવા માટે છે. આકાશમાં શબ્દ વિશેષગુણવત્ત્વનું કથન કરવાથી આકાશ દ્રવ્યના અસ્તિત્વમાં અનુમાન પ્રમાણ સૂચિત થાય છે. આશય એ છે કે,

'शब्दो गुणश्चक्षुर्ग्रहणायोग्यबहिरिन्द्रियग्राह्यजातिमत्त्वात् स्पर्शवत्' આ અનુમાનથી શબ્દનું ગુણત્વ સિદ્ધ થાય છે. બહિરિન્દ્રિય ગ્રાહ્ય ઘટત્વાદિ જાતિમત્ત્વ ઘટાદિમાં પણ હોવાથી ઘટાદિમાં વ્યભિચારનું નિવારણ કરવા હેત્વંશમાં ચક્ષુર્ગ્રહણાયોગ્ય પદનું ઉપાદાન કર્યું છે. ઘટાદિ ચક્ષુઇન્દ્રિયથી ગ્રાહ્ય હોવાથી તેમાં ચક્ષુર્ગ્રહણાયોગ્યત્વ વિશિષ્ટ બહિરિન્દ્રિય ગ્રાહ્યજાતિમત્ત્વ સ્વરૂપ હેતુ ન હોવાથી વ્યભિચાર નહીં આવે. હેત્વંશમાં બહિરિન્દ્રિય ગ્રાહ્યજાતિમત્ત્વ પદનું ઉપાદાન ન કરીએ અને માત્ર 'ચક્ષુર્ગ્રહણાયોગ્યત્વ'નું જ ઉપાદાન કરીએ તો ચક્ષુઇન્દ્રિયથી ગ્રહણ માટે અયોગ્ય એવા આત્મામાં ગુણત્વાત્મક સાધ્ય ન હોવાથી વ્યભિચાર આવશે. તેના નિવારણ માટે હેત્વંશમાં બહિરિન્દ્રિયગ્રાહ્યજાતિમત્ત્વનું ઉપાદાન કર્યું છે. આત્મા ચક્ષુઇન્દ્રિયની જેમ જ અન્યબહિરિન્દ્રિયગ્રાહ્યજાતિમાન્ ન હોવાથી તેમાં વ્યભિચાર નહીં આવે. હેત્વંશમાં જાતિમત્ત્વનું ઉપાદાન ન કરીએ અને 'ચક્ષુર્ગ્રહણાયોગ્યત્વવિશિષ્ટ બહિરિન્દ્રિયગ્રાહ્યત્વ' નું જ ઉપાદાન કરીએ તો ચક્ષુઇન્દ્રિયથી ગ્રહણ માટે અયોગ્ય અને બહિરિન્દ્રિયથી ગ્રાહ્ય એવી રસત્વાદિ' જાતિમાં ગુણત્વ ન હોવાથી વ્યભિચાર આવે છે. તેના નિવારણ માટે હેત્વંશમાં જાતિમત્ત્વ પદનું ઉપાદાન કર્યું છે. રસત્વાદિજાતિમાં જાતિમત્ત્વ ન હોવાથી વ્યભિચાર નહીં આવે. એ સ્પષ્ટ છે. આ રીતે શબ્દમાં ગુણત્વ સિદ્ધ થવાથી "शब्दो द्रव्यसमवेतो गुणत्वाद् संयोगवद्" આ અનુમાનથી શબ્દમાં દ્રવ્યસમવેતત્વ સિદ્ધ થાય છે. આ રીતે શબ્દમાં દ્રવ્યસમવેતત્વસિદ્ધ થયે છતે શબ્દમાં અષ્ટદ્રવ્ય [આકાશાતિરિક્ત પૃથ્વ્યાદ્યષ્ટદ્રવ્ય] સમવેતત્વાભાવની સિદ્ધિ કરીને માત્ર આકાશસમવેતત્વને સિદ્ધ કરવાની ઇચ્છાથી કહે છે. शब्दो न स्पर्शवद्विशेषगुणः—ઇત્યાદિ આશય એ છે કે, જે ગુણોનું અસમવાયિકારણ અગ્નિસંયોગ નથી [અર્થાદ્ જે ગુણો પાકજ નથી.] તેમજ અવયવના ગુણોથી જે ગુણ જન્ય નથી અને પ્રત્યક્ષના વિષય છે. એ ગુણો સ્પર્શવદ્ દ્રવ્યોમાં સમવેત નથી. દા. ત. આત્મસમવેત સુખાદિ ગુણો અપાકજ છે, આત્માના કોઈ

અવયવ ન હોવાથી સુખાદિ ગુણો કારણગુણપૂર્વક નથી. તેમજ પ્રત્યક્ષના વિષય છે અને સ્પર્શવત્ પૃથ્વ્યાદિ ચાર દ્રવ્યોમાં સમવેત નથી. તેવી જ રીતે શબ્દ ગુણ પણ અપાકજ, અકારણગુણપૂર્વક અને પ્રત્યક્ષ છે. તેથી શબ્દ, દ્રવ્યસમવેત હોવા છતા સ્પર્શવત્ પૃથ્વ્યાદિ ચારમાં સમવેત નથી. "शब्दो न स्पर्शवद्विशेषगुणाऽग्निसंयोगाऽसमवायिकारणकत्वाभावे सति अकारणगुणपूर्वकप्रत्यक्षत्वात्" આ અનુમાનના હેત્વંશમાં 'અગ્નિસંયોગાઽસમવાયિકારણકત્વાભાવે સતિ' આ પદનું ઉપાદાન ન કરીએ તો પૃથ્વીના પાકજરૂપાદિ ગુણમાં વ્યભિચાર આવશે, કારણ કે પૃથ્વીના પાકજ રૂપાદિનું અસમવાયિકારણ અગ્નિ સંયોગ હોવાથી તે રૂપાદિ અકારણગુણપૂર્વક (न विद्यते कारणस्य गुणः पूर्वं यस्य स तथा) પ્રત્યક્ષના વિષય છે. અને ત્યાં સ્પર્શવદ્દ્રવ્યના વિશેષ ગુણત્વાભાવાત્મક સાધ્ય નથી. હેત્વંશમાં 'અગ્નિસંયોગાઽસમવાયિકારણકત્વાભાવે સતિ' આ પદના ઉપાદાનથી પૃથ્વીના પાકજરૂપાદિમાં વ્યભિચાર નહીં આવે; કારણ કે પૃથ્વીના પાકજ રૂપમાં અગ્નિસંયોગાઽસમવાયિકારણકત્વાભાવ નથી. તેથી ત્યાં સાધ્ય ન હોવા છતાં કોઈ દોષ નથી. હેત્વંશમાં પ્રત્યક્ષપદનું ઉપાદાન ન કરીએ તો જલપરમાણુના રૂપમાં વ્યભિચાર આવશે. કારણ કે જલપરમાણુનું રૂપ નિત્ય હોવાથી તેમાં અગ્નિસંયોગાઽસમવાયિકારણકત્વાભાવવિશિષ્ટ અકારણગુણપૂર્વકત્વ છે અને સ્પર્શવદ્વિશેષગુણત્વાભાવાત્મક સાધ્ય નથી. પ્રત્યક્ષ પદના ઉપાદાનથી અપ્રત્યક્ષ એવા જલપરમાણુના રૂપમાં વ્યભિચાર નહીં આવે. "शब्दो न दिक्कालमनसां गुणो विशेषगुणत्वाद् रूपवद्" આ અનુમાનથી શબ્દમાં દિક્કાલમનોગુણત્વાભાવની સિદ્ધિ થાય છે. તેમજ "शब्दो नात्मगुणो बहिरिन्द्रिययोग्यत्वाद् रूपवद्" આ અનુમાનથી શબ્દમાં આત્મગુણત્વાભાવ સિદ્ધ થાય છે. આ રીતે શબ્દ, પૃથ્વ્યાદિ અષ્ટદ્રવ્યમાં સમવેત નથી; અને દ્રવ્યસમવેત છે એ સિદ્ધ થવાથી, શબ્દ જે દ્રવ્યમાં સમવેત છે એ દ્રવ્ય આકાશ છે. એ સિદ્ધ થાય છે. યદ્યપિ ઉપર્યુક્તરીતે આકાશસાધક અનુમાનો ત્યારે જ સંગત

થશે કે, જ્યારે શબ્દમાં વિશેષગુણત્વ સિદ્ધ થશે. શબ્દમાં વિશેષગુણત્વને સિદ્ધ કરનાર કોઈ હેતુ નથી. તેથી ઉક્ત અનુમાનાદિ પ્રકાર સુસંગત નથી. પરન્તુ "शब्दो विशेषगुणो लौकिकप्रत्यासत्त्यैन्द्रियग्राह्यत्वे सति लौकिकप्रत्यासत्त्या द्वीन्द्रियग्रहणयोग्यताराहित्ये च सति गुणत्वव्याप्यजातिमत्त्वाद्" આ અનુમાનથી જ શબ્દમાં વિશેષગુણત્વ સિદ્ધ થાય છે. અનુમાન ઘટક હેત્વંશમાં ઉપાત્તતત્ વિશેષણોનું પ્રયોજન દિનકરીથી અથવા અધ્યાપક પાસેથી સ્વયં સમજી લેવું. न च वाय्ववयवेषु......ઇત્યાદિ—આશય એ છે કે વાયુના અવયવમાં સૂક્ષ્મશબ્દોની ઉત્પત્તિ થાય છે અને તત્તત્સૂક્ષ્મશબ્દવદ્ વાયુના અવયવોથી આરબ્ધ મહાવાયુમાં સ્થૂલ શબ્દની ઉત્પત્તિ થાય છે. આ રીતે માનીએ તો કારણગુણપૂર્વકપ્રત્યક્ષત્વ જ શબ્દમાં રહેવાથી અકારણગુણપૂર્વકપ્રત્યક્ષત્વના અભાવના કારણે સ્વરૂપાસિદ્ધિ આવે છે. તેમજ વાયુમાં સમવાય સંબંધથી શબ્દની ઉત્પત્તિ માનવાથી 'शब्दो न स्पर्शवद्विशेषगुणः......' આ અનુમાનમાં બાધ પણ આવે છે. આથી સ્પષ્ટ છે કે તાદૃશદુષ્ટહેતુના કારણે તાદૃશાનુમાન ઉક્ત રીતે પ્રકૃતોપયોગી [આકાશસિદ્ધિને અનુકૂલ] નથી. આ શંકાકારનો આશય છે, એનું સમાધાન કરતા કહે છે–अयावद्द्रव्यभावित्वेन ઇત્યાદિ—'शब्दो न वायो र्विशेषगुणोऽयावद्द्रव्यभावित्वात्' આ અનુમાન; શબ્દને વાયુના વિશેષ ગુણ તરીકે સ્વીકારવામાં બાધક છે. જે ગુણો સ્વાશ્રયનાશથી જન્ય નાશના પ્રતિયોગી છે તે ગુણોને યાવદ્દ્રવ્યભાવી કહેવાય છે અને એનાથી ભિન્ન ગુણને અયાવદ્–દ્રવ્યભાવી કહેવાય છે. વાયુમાં સ્પર્શ એ એક વિશેષગુણ છે એનો નાશ પોતાના આશ્રયભૂત વાયુના નાશથી થાય છે. તેથી વાયુનો સ્પર્શગુણ સ્વાશ્રયનાશજન્યનાશનો પ્રતિયોગી હોવાથી યાવદ્દ્રવ્યભાવી છે. શબ્દ માત્ર દ્વિક્ષણાવસ્થાયી હોવાથી વાયુમાં એનું અસ્તિત્વ સ્વીકારીએ તો એનો (શબ્દનો) નાશ, વાયુના નાશથી જન્ય માનવો પડશે. પરંતુ એ શક્ય નથી. તેથી સ્પષ્ટ છે કે શબ્દ અયાવદ્દ્રવ્યભાવી વિશેષગુણ હોવાથી; યાવદ્દ્રવ્યભાવી વિશેષગુણના આશ્રયભૂત વાયુનો

એ ગુણ નથી, આકાશમાં શરીર અને વિષયનો અભાવ હોવાથી ઇન્દ્રિયનું નિરૂપણ કરે છે—इन्द्रियन्तु......ઇત્યાદિ. આકાશ લાઘવથી એક જ સિદ્ધ થાય છે. તેથી પુરૂષભેદથી શ્રવણેન્દ્રિયનો યદ્યપિ ભેદ સિદ્ધ નહીં થાય. પરન્તુ પ્રત્યેક પુરુષની કર્ણશષ્કુલી (કર્ણવિવર) ભિન્ન ભિન્ન હોવાથી તાદૃશ ઉપાધિભેદથી શ્રવણેન્દ્રિય પણ ભિન્ન ભિન્ન મનાય છે.

॥ इत्याकाशनिरूपणम् ॥

## कारिकावली

**जन्यानां जनकः कालो जगतामाश्रयो मतः ॥४५॥**
**परापरत्वधीहेतुः क्षणादिः स्यादुपाधितः ।**

## मुक्तावली ।

कालं निरूपयति—जन्यानामिति । तत्र प्रमाणं दर्शयितुमाह—जगतामाश्रय इति । तथाहि–इदानीं घट इत्यादप्रतीतिः सूर्यपरिस्पन्दादिकं यदा विषयीकरोति तदा सूर्यपरिस्पन्दादिना घटादेः सम्बन्धो वाच्यः । स च सम्बन्धः संयोगादि र्न सम्भवतीति काल एव सम्बन्धघटकः कल्प्यते । इत्थञ्च तस्याश्रयत्वमेव सम्यक् ॥४५॥

प्रमाणान्तरं दर्शयति-परापरत्वेति । परापरत्वादिबुद्धेरसाधारणं निमित्तं काल एव, परत्वापरत्वयोरसमवायिकारणसंयोगाश्रयो लाघवादतिरिक्तः कालः कल्प्यत इति भावः । नन्वेकस्य कालस्य सिद्धौ क्षण–दिन–मास–वर्षादिसमयभेदो न स्यादित्यत आह–क्षणादिः स्यादुपाधित इति ।

कालस्त्वेकोऽप्युपाधिभेदात् क्षणादि–व्यवहारविषयः । उपाधिस्तु, स्वजन्यविभागप्रागभावावच्छिन्नं कर्म, पूर्वसंयोगावच्छिन्नविभागो वा, पूर्वसंयोगनाशावच्छिन्नोत्तरसंयोगप्रागभावो वा, उत्तर संयोगावच्छिन्नं कर्म वा । न चोत्तरसंयोगानन्तरं क्षणव्यवहारो न स्यादिति वाच्यम् । कर्मान्तरस्यापि सत्त्वादिति । महाप्रलये क्षणादिव्यवहारो यद्यस्ति, तदा ध्वंसेनैवोपपादनीय इति । दिनादिव्यवहारस्तु तत्तत्क्षणकूटैरिति ॥ इति कालग्रन्थः ॥

कालं निरूपयति—जन्यानामिति ।—જન્યમાત્રની પ્રત્યે કાલ; કાલિકસંબન્ધાવચ્છિન્નાધેયતાનિરૂપિતાધિકરણવિધયા નિમિત્ત કારણ છે. 'કાલિકસંબન્ધાવચ્છિન્ન કાર્યત્વાવચ્છિન્નકાર્યતાનિરૂપિતમધિકરણ-વિધયા નિમિત્તત્વમ્' આ કાલનું લક્ષણ છે. કાલિકસંબંધથી સર્વ નિત્યાનિત્ય પદાર્થો કાલમાં વૃત્તિ છે. તેથી જન્યમાત્રની પ્રત્યે કાલ, આધાર વિધયા નિમિત્ત કારણ છે. મૂલમાં 'जगतामाश्रयो मतः' આ ચતુર્થપાદ કાલમાં પ્રમાણ જણાવવા માટે છે. આશય એ છે કે 'इदानीं घटः' ઈત્યાદિ પ્રતીતિ સૂર્યની પરિસ્પન્દાદિ ક્રિયાને જ્યારે વિષય બનાવે છે ત્યારે સૂર્યપરિસ્પન્દાદિની સાથે ઘટાદિનો સંબન્ધ જણાય છે. પરન્તુ એ સંબન્ધ સંયોગાદિસ્વરૂપ નથી. તેથી 'स्वाश्रयतपनसंयोगिसंयोग' સ્વરૂપ મનાય છે. આ સંબન્ધ ઘટક જે સ્વાશ્રય (પરિસ્પન્દાશ્રય) તપનસંયોગિ દ્રવ્ય છે. તેને કાલ કહેવાય છે. તદનુયોગિક સંયોગ ઘટાદિનો છે. યદ્યપિ તાદૃશ સંબંધઘટક દ્રવ્ય તરીકે આકાશને માનીએ તો કાલને માનવાની આવશ્યકતા નથી. પરન્તુ તાદૃશસંબંધઘટક દ્રવ્ય આકાશને માનીએ તો દિશાદિને કેમ નહીં ? આ રીતે વિનિગમનાવિરહ પ્રયુક્ત આકાશાદિદ્રવ્યને સંબંધઘટક માનવામાં ગૌરવ હોવાથી અતિરિક્ત કાલદ્રવ્યની તાદૃશ સ્વાશ્રયતપન સંયોગિસંયોગાત્મકસંબન્ધઘટકતયા કલ્પના કરાય છે. આ રીતે અતિરિક્ત કાલદ્રવ્યની સિદ્ધિ થયા બાદ 'कालः सर्ववान्' આ પ્રતીતિના અનુરોધથી કાલને સર્વાધાર માનવામાં જ ઔચિત્ય છે.

કાલના અસ્તિત્વમાં પ્રમાણાન્તર જણાવે છે.—परापरत्वधीहेतुः ...ઈત્યાદિ—જયેષ્ઠમાં પરત્વની પ્રતીતિ અને કનિષ્ઠમાં અપરત્વની પ્રતીતિ થાય છે. એ પ્રતીતિ ક્રમશઃ પરત્વ અપરત્વગુણ વિષયક છે. એ સ્પષ્ટ છે. "परत्वापरत्वे सासमवायिकारणके भावकार्यत्वाद्" આ અનુમાનથી પરત્વાપરત્વમાં સાસમવાયિકારણકત્વ સિદ્ધ થાય છે. પરત્વાપરત્વનું અસમવાયિકારણ પરત્વાપરત્વના આશ્રયભૂત દ્રવ્યનો સંયોગ છે અને એ સંયોગનો જે અનુયોગિ છે. તે કાલ છે. અહીં પણ પરત્વાપરત્વના કારણીભૂત સંયોગના અનુયોગિ તરીકે દિગાદિ

દ્રવ્યને માનવામાં પૂર્વોક્ત રીતે ગૌરવ સ્પષ્ટ છે. તેથી અતિરિક્ત કાલદ્રવ્યની તાદૃશસંયોગના અનુયોગિ રૂપે કલ્પના કરાય છે. આ રીતે એક કાલ સિદ્ધ થયે છતે ક્ષણ–દિન–માસ અને વર્ષાદિભેદથી સમયનો ભેદ નહીં થાય; આ પ્રમાણે કહેવું એ યોગ્ય નથી. કારણ કે તત્તદ્ધર્મ સ્વરૂપ ઉપાધિના ભેદથી એક જ કાલમાં પણ ક્ષણાદિ વ્યવહાર થાય છે. જે ઉપાધિના કારણે ક્ષણાદિ વ્યવહાર થાય છે; એ ઉપાધિનું નિર્વચન કરે છે. उपाधिस्तु...આશય એ છે કે ઘટાદિગત પ્રથમક્ષણોત્પન્ન ક્રિયાથી દ્વિતીયક્ષણમાં વિભાગ થાય છે. તૃતીયક્ષણમાં વિભાગથી પૂર્વસંયોગનો નાશ થાય છે. ચતુર્થક્ષણમાં ઉત્તરદેશની સાથે સંયોગ થાય છે. પ્રથમક્ષણે વિભાગનો પ્રાગભાવ છે. વિભાગપ્રાગભાવાવચ્છિન્ન કર્મ માત્ર પ્રથમક્ષણમાં જ છે. દ્વિતીયક્ષણમાં કર્મ છે પરન્તુ વિભાગપ્રાગભાવ નથી. વિવક્ષિત પ્રથમક્ષણની પૂર્વે વિભાગનો પ્રાગભાવ હોવા છતાં નિષ્ક્રિયઘટાદિમાં કર્મ નથી. તેથી સ્વજન્યવિભાગપ્રાગભાવાવચ્છિન્નકર્મ ઘટાદિમાં પ્રથમક્ષણે જ છે. એ સ્પષ્ટ છે. આવી જ રીતે પૂર્વસંયોગાવચ્છિન્ન વિભાગ દ્વિતીયક્ષણે જ છે. કારણ કે પ્રથમક્ષણે પૂર્વસંયોગ હોવા છતાં વિભાગ નથી. અને તૃતીયાદિક્ષણે વિભાગ હોવા છતાં પૂર્વસંયોગનો નાશ હોવાથી પૂર્વસંયોગ નથી. આથી સ્પષ્ટ છે કે પૂર્વસંયોગાવચ્છિન્નવિભાગસ્વરૂપ ઉપાધિના કારણે દ્વિતીયક્ષણનો વ્યવહાર થાય છે. પૂર્વસંયોગનાશાવચ્છિન્નોત્તરસંયોગપ્રાગભાવ તૃતીયક્ષણમાં જ છે. કારણ કે પૂર્વસંયોગનો નાશ તૃતીયક્ષણમાં થયો છે. ત્યાર પછી ચતુર્થાદિક્ષણમાં તે વિદ્યમાન હોવા છતાં ત્યાં ઉત્તરસંયોગની ઉત્પત્તિના કારણે ઉત્તરસંયોગનો પ્રાગભાવ નથી. આવી જ રીતે ઉત્તરસંયોગાવચ્છિન કર્મ ચતુર્થક્ષણે જ છે. એ સમજી શકાય છે. યદ્યપિ આ રીતે તત્તત્ કર્મને લઈને ચાર ક્ષણનો વ્યવહાર સંગત થવા છતાં પંચમાદિ ક્ષણનો વ્યવહાર અશક્ય છે. પરન્તુ ઘટાદિમાં અન્ય કર્મ પણ હોવાથી તેને લઈને પંચમાદિક્ષણનો વ્યવહાર ઉક્ત રીતે સંગત થાય છે. યદ્યપિ મહાપ્રલયકાલમાં કર્મમાત્રનો નાશ થવાથી;

કર્મના કારણે થતો ક્ષણાદિવ્યવહાર નહી થાય, પરન્તુ મહાપ્રલયકાલમાં જો તાદૃશ ક્ષણાદિ વ્યવહાર ઇષ્ટ હોય તો મહાપ્રલયવૃત્તિયાવદ્ધ્વંસને લઈને મહાપ્રલયમાં ક્ષણાદિ વ્યવહાર ઉપપન્ન થશે. દિનાદિનો વ્યવહાર તત્તત્ક્ષણોના સમુદાયથી થાય છે. આથી વિશેષાર્થ જિજ્ઞાસુએ દિનકરી–રામરુદ્રીથી જાણવો.

—इति कालनिरूपणम्—

## कारिकावली

**दूरान्तिकादिधीहेतुरेका नित्या दिगुच्यते ॥४६॥**
**उपाधिभेदादेकाऽपि प्राच्यादि व्यपदेशभाक् ।**

मुक्तावली ।

दिशं निरूपयति—दूरान्तिकेति । दूरत्वमन्तिकत्वञ्च दैशिकपरत्वमपरत्वं बोध्यम् । तद्बुद्धेरसाधारणं बीजं दिगेव । दैशिकपरत्वापरत्वयोरसमवायिकारणसंयोगाश्रयतया लाघवादेका दिक् सिध्यतीति भावः ॥४६॥ ननु यद्येकैव दिक् तदा प्राची प्रतीच्यादिव्यवहारः कथमुपपद्यत इत्यत आह—उपाधिभेदादिति । यत्पुरुषस्योदयगिरिसन्निहिता या दिक् सा तत्पुरुषस्य प्राची । एवमुदयगिरिव्यवहिता या दिक् सा प्रतीची । एवं यत्पुरुषस्य सुमेरुसन्निहिता या दिक् सोदीची तद्व्यवहिता त्ववाची । 'सर्वेषामेव वर्षाणां मेरुरुत्तरतः स्थितः' इति नियमात् ।

॥ इति दिग्ग्रन्थः ॥

दिशं निरूपयति–दूरान्तिकादि...ઇત્યાદિ–દૈશિકપરત્વ સ્વરૂપ દૂરત્વ અને દૈશિક અપરત્વ સ્વરૂપ અન્તિકત્વ વિષયક બુદ્ધિનું અસાધારણકારણ દિશા છે. કાલની જેમ જ "दैशिकपरत्वापरत्वे सासमवायिकारणके भावकार्यत्वाद् घटादिवत्" આ અનુમાનથી દૈશિક પરત્વાપરત્વાત્મકગુણના અસમવાયિકારણ તરીકે સિદ્ધ દિક્–પિણ્ડસંયોગના આધારભૂત દિગ્દ્રવ્યની કલ્પના કરાય છે. ઉક્ત અનુમાનથી સિદ્ધ દિશા યદ્યપિ એક જ છે. પરન્તુ ઉપાધિના ભેદથી તે દિશા પૂર્વ–પશ્ચિમાદિવ્યવહારનો

વિષય બને છે. જે પુરૂષને ઉદયાચલની અપેક્ષાએ જે દિશા સન્નિહિત [નજીક] છે; તે પુરૂષને તે દિશા પૂર્વ છે. એની સામેની દિશા એ પુરૂષને પશ્ચિમ છે. જે પુરૂષને મેરૂપર્વતની અપેક્ષાએ જે દિશા સન્નિહિત છે; એ પુરૂષને એ દિશા ઉત્તર છે. અને એની સામેની દિશા એ પુરુષને દક્ષિણ છે. કારણ કે મેરૂપર્વત સર્વ પ્રદેશના લોકો માટે ઉત્તરમાં જ છે. એ નિયમ છે.

—[ इति दिग् निरूपणम् । ]—

## कारिकावली

### आत्मेन्द्रियाद्यधिष्ठाता करणं हि सकर्त्तृकम् ॥४७॥

#### मुक्तावली ।

आत्मानं निरूपयति--आत्मेन्द्रियाद्यधिष्ठातेति । आत्मत्वजातिस्तु सुखदुःखादिसमवायिकारणतावच्छेदकतया सिध्यति । ईश्वरेऽपि सा जातिरस्त्येव, अदृष्टादिरूपकारणाभावान्न सुखदुःखाद्युत्पत्तिः, नित्यत्य स्वरूपयोग्यस्य फलावश्यम्भावनियम इत्यस्याऽप्रयोजकत्वात् । परे तु ईश्वरे सा जातिर्नास्त्येव प्रमाणाभावात् । न च दशमद्रव्यत्वापत्तिः, ज्ञानवत्त्वेन विभजनादित्याहुः । इन्द्रियाद्यधिष्ठाता-इन्द्रियाणां शरीरस्य च परम्परया चैतन्यसम्पादकः । यद्यप्यात्मनि अहं सुखी अहं दुःखीत्यादिप्रत्यक्षविषयत्वमस्त्येव तथाऽपि विप्रतिपन्नं प्रति प्रथमत एव शरीरादिभिन्नस्तत्प्रतीतिगोचर इति प्रतिपादयितुं न शक्यते इत्यतः प्रमाणमन्तरं दर्शयति-करणमिति । वास्यादीनां च्छिदादिकरणानां कर्त्तारमन्तरेण फलानुपधानं दृष्टम्, एवं चक्षुरादीनां ज्ञानकरणानामपि फलोपधानं कर्त्तारमन्तरेण नोपपद्यत इत्यतिरिक्तः कर्त्ता कल्प्यते ॥४७॥

आत्मानं निरूपयति-आत्मेन्द्रियाद्यधिष्ठाता...ઈત્યાદિ-" सुखदुःखत्वाद्यवच्छिन्नसमवायसम्बन्धावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकारणता यत्किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वाद् घटत्वाद्यवच्छिन्नसमवायसम्बन्धावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकपालत्वावच्छिन्नकारणतावद् !" આ અનુમાનથી સુખદુઃખાદિના સમવાયિ-

કારણતાવચ્છેદક તરીકે આત્મત્વ જાતિની સિદ્ધિ થાય છે. યદ્યપિ સ્વાત્મા अहं सुखी–अहं दुःखी...ઇત્યાદિ પ્રતીતિનો વિષય હોવાથી માનસપ્રત્યક્ષનો વિષય છે તેથી તદ્‌વૃત્તિ આત્મત્વ જાતિનું પણ પ્રત્યક્ષ થઈ શકે છે. પરંતુ અનેકસમવેતજાતિના પ્રત્યક્ષની પ્રત્યે અનેક સ્વાશ્રયનું પ્રત્યક્ષ કારણ હોવાથી આત્મત્વજાતિના પ્રત્યક્ષ માટે સ્વભિન્ન પરાત્માનું પણ પ્રત્યક્ષ અપેક્ષિત છે. પણ પરાત્માનું પ્રત્યક્ષ થતું ન હોવાથી આત્મત્વ જાતિ પ્રત્યક્ષ સિદ્ધ નથી. તેથી તેની સિદ્ધિ માટે ઉક્ત રીતે અનુમાનનો પ્રયોગ કર્યો છે. યદ્યપિ સુખદુઃખાદિના સમવાયિકારણતાવચ્છેદક રૂપે સિદ્ધ આત્મત્વ જાતિ સુખદુઃખાદિના સમવાયિકારણ જીવાત્મા જ માની શકાશે. ઈશ્વરમાં સુખાદિની ઉત્પત્તિ થતી ન હોવાથી ત્યાં આત્મત્વ જાતિ માની શકાશે નહી; પરંતુ અદૃષ્ટાદિ કારણનો અભાવ હોવાથી સુખાદિની ઉત્પત્તિ ઇશ્વરમાં ન થવા છતાં ત્યાં આત્મત્વ જાતિ તો છે જ. અન્ય કારણ કલાપના સમવધાનના અભાવમાં અરણ્યસ્થદંડ ઘટની પ્રત્યે કારણ બનતો ન હોવા છતાં દંડત્વાત્મક કારણતાવચ્છેદકધર્મવત્ત્વ સ્વરૂપ ઘટનિરૂપિત સ્વરૂપ યોગ્યતા અરણ્યસ્થદંડમાં જેમ મનાય છે; એવી રીતે ઇશ્વરમાં સુખ દુઃખાદિની ઉત્પત્તિ ન થવા છતાં સુખદુઃખાદિ નિષ્ઠ કાર્યતા નિરૂપિત તાદૃશકારણતાવચ્છેદક આત્મત્વવત્ત્વ સ્વરૂપ સ્વરૂપયોગ્યતા ઇશ્વરમાં પણ મનાય છે. યદ્યપિ નિત્ય વસ્તુમાં સ્વરૂપ યોગ્યતાને માનીએ તો ગમે ત્યારે નિત્ય વસ્તુમાં ફલોત્પાદકત્વ અવશ્ય આવશે તેથી ઇશ્વરમાં સુખ દુઃખાદિની સ્વરૂપ યોગ્યતાને માનીએ તો ત્યાં ગમે ત્યારે સુખાદિની અવશ્ય ઉત્પત્તિનો પ્રસંગ આવશે; તેથી ઇશ્વરમાં આત્મત્વ જાતિ માનવાનું યોગ્ય નથી પરંતુ "नित्यस्य स्वरूपयोग्यस्य फलावश्यम्भावः" આ નિયમ અપ્રયોજક હોવાથી ઈશ્વરમાં આત્મત્વ જાતિ માનવામાં કોઈ દોષ નથી. અન્યથા સ્નેહ સમવાયિકારણતાવચ્છેદકતયા સિદ્ધ જલત્વ જાતિ જલીયપરમાણુમાં પણ નહી માની શકાય, કારણ કે નિત્ય એવા જલ પરમાણુમાં પણ જલત્વના સ્વીકારથી અનિત્ય સ્નેહની ઉત્પત્તિનો પ્રસંગ દુર્નિવાર જ છે. [યદ્યપિ સ્નેહસમવાયિકારણતાવચ્છેદકતયાસિદ્ધ જલત્વ જલપરમાણુમાં ન માનીએ તો પણ

તાદૃશ જન્યજલત્વાવચ્છિન્નજન્યતાનિરૂપિત જનકતાવચ્છેદકતયા સિદ્ધ જલત્વ જલપરમાણુમાં માની શકાય છે. એ જલનિરૂપણ વખતે સ્પષ્ટ કર્યું જ છે. એ અહીં યાદ રાખવું.]

परे तु...ઇત્યાદિ—કેટલાક લોકો એમ કહે છે કે સુખદુઃખાદિ સમવાયિકારણતાવચ્છેદકતયા સિદ્ધ આત્મત્વ જાતિ ઇશ્વરમાં માનવાની જરૂર નથી કારણ કે એ આત્મત્વ જાતિના અસ્તિત્વમાં સુખદુઃખાદિની સ્વાશ્રયમાં ઉત્પત્તિ પ્રમાણ હોવાથી સુખદુઃખાદિના અનાશ્રય ઈશ્વરમાં આત્મત્વ જાતિને માનવામાં કોઈ પ્રમાણ નથી. યદ્યપિ આ રીતે ઈશ્વરને છોડીને અન્ય આત્માઓમાં જ આત્મત્વ જાતિને માનવાથી વિભાજક વાકય દ્વારા આત્મત્વેન વિભાગ થવાથી આત્મત્વાવચ્છિન્નાન્તઃપાતી; ઇશ્વર નહીં થાય અને તેથી નવદ્રવ્યાતિરિક્ત દશમદ્રવ્ય તરીકે ઈશ્વરનું નિરૂપણ કરવું પડશે પરન્તુ વિભાજન વાકય દ્વારા જ્ઞાનવત્ત્વેન વિભાગ હોવાથી જ્ઞાનવત્ત્વાવચ્છિન્નાન્તઃપાતી, ઇશ્વર પણ હોવાથી ઇશ્વરમાં દશમદ્રવ્યત્વનો પ્રસઙ્ગ નહીં આવે. કારિકાવલીમાં "आत्मेन्द्रिया...ઇત્યાદિ ગ્રન્થ આત્મામાં પ્રમાણનું પ્રદર્શન કરવા માટે છે. આત્મા ઇન્દ્રિય અને શરીરનો અધિષ્ઠાતા અર્થાદ્ પરંપરાએ ચૈતન્ય [જ્ઞાનવત્ત્વ] નો સમ્પાદક છે. આત્મામાં સમવાય સંબંધથી જ્ઞાનવત્ત્વ છે. એ જ જ્ઞાન અવચ્છેદકતા સંબંધથી ઇન્દ્રિય અને શરીરમાં છે. અવચ્છેદકતા સંબંધથી જ્ઞાનના આશ્રય ઈન્દ્રિય અને શરીરને જોઈને તાદૃશજ્ઞાનના સમવાય સંબંધથી આશ્રયભૂત આત્મદ્રવ્યનું અનુમાન થાય છે. આત્મદ્રવ્યના જ્ઞાનવત્ત્વ વિના ઇન્દ્રિય અને શરીરાદિ અચેતન પદાર્થોનું જ્ઞાનવત્ત્વ અનુપપન્ન છે. કારણ કે "જે જે અચેતન છે તે તે ચેતનાધિષ્ઠિત થઇને જ કામ કરે છે." એ વ્યાપ્તિ છે. એ વ્યાપ્તિના અનુરોધથી ઇન્દ્રિયો અને શરીરને વિષય ગ્રહણમાં પ્રવર્ત્તાવનાર ચેતન–આત્મદ્રવ્યની કલ્પના કરાય છે. યદ્યપિ "अहं सुखी अहं दुःखी" ઇત્યાકારક પ્રતીતિના અનુરોધથી માનસ પ્રત્યક્ષના વિષયભૂત આત્માની સિદ્ધિ તો પ્રત્યક્ષ પ્રમાણથી જ થઈ જાય છે. તેથી તેની સિદ્ધિ માટે અનુમાન પ્રમાણની

આવશ્યકતા નથી. પરન્તુ શરીરાદિથી આત્માને ભિન્ન નહીં માનનારા લોકોની પ્રત્યે અથવા આત્માને નહીં માનનારા લોકોની પ્રત્યે શરૂઆતમાં માત્ર પ્રત્યક્ષ પ્રમાણથી જ 'શરીરાદિથી ભિન્ન આત્મા છે' એ જણાવવું શકય નથી, તેથી આત્માના અસ્તિત્વમાં પ્રમાણાન્તરનું પ્રદર્શન કરતા કહે છે.—करणंहि...ઈત્યાદિ – આશય એ છે કે છેદનાદિક્રિયાના કરણભૂત કુઠારાદિ કર્ત્તાના અભાવે છેદનાદિ ક્રિયા સ્વરૂપ ફલને ઉત્પન્ન કરવા જેવી રીતે અસમર્થ છે. તેવી જ રીતે જ્ઞાનાદિની કરણભૂત ઈન્દ્રિયો પણ કર્ત્તા વિના જ્ઞાનાદિ ફલને ઉત્પન્ન કરવા અસમર્થ છે. કારણ કે "જે જે કરણ છે તે તે કર્ત્તાથી ઉપહિત થઈને જ કાર્ય કરે છે; એ વ્યાપ્તિ છે. આથી એ સ્પષ્ટ છે કે જે કર્ત્તાથી ઉપહિત થઈને ઇન્દ્રિયો જ્ઞાનાદિની પ્રત્યે કરણ બને છે, તે કર્ત્તા 'આત્મા છે.

## कारिकावली

**शरीरस्य न चैतन्यं मृतेषु व्यभिचारतः ।**
**तथात्वं चेदिन्द्रियाणामुपघाते कथं स्मृतिः ॥४८॥**

## मुक्तावली ।

ननु शरीरस्य कर्तृत्वमस्त्वत आह—शरीरस्येति । ननु चैतन्यं ज्ञानादिकमेव मुक्तात्मनां त्वन्मत इव मृतशरीराणामपि तदभावे का क्षतिः ? प्राणाभावेन ज्ञानाभावस्य सिद्धेरिति चेन्न । शरीरस्य चैतन्ये बाल्ये विलोकितस्य स्थाविरे स्मरणानुपपत्तेः, शरीराणामवयवोपचयापचयैरुत्पादविनाशशालित्वात् । न च पूर्वशरीरोत्पन्नसंस्कारेण द्वितीयशरीरे संस्कार उत्पाद्यत इति वाच्यम् । अनन्तसंस्कारकल्पने गौरवात् । एवं शरीरस्य चैतन्ये बालकस्य स्तन्यपाने प्रवृत्ति र्न स्यात्, इष्टसाधनताज्ञानस्य तद्धेतुत्वात् । तदानीमिष्टसाधनतास्मारकाभावाद् । मन्मते तु जन्मान्तरानुभूतेष्टसाधनत्वस्य तदानीं स्मरणादेव प्रवृत्तिः । न च जन्मान्तरानुभूतमन्यदपि स्मर्यतामिति वाच्यम् । उद्बोधकाभावात्, अत्र त्वनायत्या जीवनादृष्ट-

मेवोद्बोधकं कल्प्यते। इत्थञ्च संसारस्याऽनादितया आत्मनोऽनादित्वसिद्धावनादिभावस्य नाशाऽसम्भवान्नित्यत्वं सिध्यतीति बोध्यम् ॥

ननु चक्षुरादीनामेव ज्ञानादिकं प्रति करणत्वं कर्तृत्वञ्चास्तु विरोधे साधकाभावादत आह-तथात्वमिति। तथात्वं-चैतन्यम्। उपघाते-नाशे सति, अर्थाच्चक्षुरादीनामेव। कथं स्मृतिः? पूर्वं चक्षुषाऽनुभूतानां चक्षुरभावे स्मरणं न स्यात्, अनुभवितुरभावात्, अन्येनाऽनुभूतस्याऽन्येन स्मरणासम्भवात्, अनुभवस्मरणयोः सामानाधिकरण्येन कार्यकारणभावादिति भावः ॥४८॥

જ્ઞાનાદિની પ્રત્યે ઇન્દ્રિયોના કરણત્વના નિર્વાહ માટે શરીરમાં જ કર્તૃત્વની કલ્પના કરીએ તો જે દોષ આવે છે તેને જણાવતા કહે છે— शरीरस्य न चैतन्यमित्यादि-જ્ઞાનાદિની કરણભૂત ઇન્દ્રિયોને પ્રવર્ત્તાવનાર શરીરને જો કર્ત્તા માનીએ તો મૃતશરીરમાં ચૈતન્ય ન હોવાથી વ્યભિચાર આવે છે. તેથી જ્ઞાનાદિનો કર્ત્તા શરીરને માની શકાશે નહીં. યદ્યપિ નૈયાયિકો જેવી રીતે મુક્ત આત્મામાં જ્ઞાનાદિવત્ત્વ સ્વરૂપ ચૈતન્ય નથી માનતા તેવી રીતે મૃતશરીરમાં ચૈતન્ય ન હોય તો પણ શરીરાત્મવાદીના મતમાં કોઇ દોષ નથી. તત્ત્વજ્ઞાનથી જેમ આત્માના જ્ઞાનાદિનો નાશ થાય છે. તેમ પ્રાણવાયુના અભાવથી મૃત શરીરમાં ચૈતન્યનો અભાવ થાય છે. તેથી મૃતશરીરમાં ચૈતન્યનો અભાવ કયા કારણે છે? એ પણ શંકા નહીં રહે. પરંતુ શરીરને જ આત્મા માનવાથી બાલ્યાવસ્થામાં ચક્ષુ આદિ દ્વારા અનુભવેલી વસ્તુઓનું સ્મરણ સ્થવિરાદિ અવસ્થામાં નહીં થાય. કારણ કે, શરીર પ્રત્યેક ક્ષણે સ્વાવયવના ઉપચયાપચયથી ઉત્પાદ-વિનાશશાલી હોવાથી બાલ્યાદિ અવસ્થાનું શરીર સ્થવિરાદિ અવસ્થાના શરીરથી ભિન્ન છે. તેથી સ્પષ્ટ છે કે જે અનુભવનો કર્ત્તા છે તેને જ સ્મરણ થાય છે એ નિયમ હોવાથી બાલ્યાવસ્થામાં અનુભવેલા પદાર્થોનું વૃદ્ધાવસ્થામાં સ્મરણ અનુપપન્ન થવાના કારણે શરીરને આત્મા નહીં માની શકાય. યદ્યપિ ઉત્તરોત્તર ક્ષણોત્પન્ન શરીરની પ્રત્યે પૂર્વ પૂર્વક્ષણના શરીર કારણ હોવાથી તત્ તત શરીર દ્વારા

સ્વોત્તરક્ષણોત્પન્ન શરીરમાં સ્વાનુભૂત પદાર્થના સ્મરણને અનુકૂલ એવા સંસ્કારની ઉત્પત્તિ થાય છે. તેથી સ્વ પ્રયોજય [બાલ્યાવસ્થાના અનુભવથી પ્રયોજ્ય] સંસ્કારવત્ત્વ સંબંધથી બાલ્યાવસ્થાનો અનુભવ વૃદ્ધાવસ્થાના શરીરમાં હોવાથી પૂર્વોક્ત રીતે સ્મરણની અનુપપત્તિ નહીં થાય; પરંતુ આ રીતે અનંત સંસ્કારોની કલ્પનામાં ગૌરવ હોવાથી શરીરમાં ચૈતન્ય નહીં માની શકાય. અહીં એ યાદ રાખવું જોઈએ કે શરીરાતિરિક્ત આત્માને માનનારાઓને પણ દ્વિક્ષણાવસ્થાયી અનુભવથી કાલાન્તરે સ્મરણની ઉપપત્તિ માટે સંસ્કાર તો માનવા પડે છે. પણ આત્મા નિત્ય હોવાથી અનુભવથી ઉત્પન્ન થયેલો સંસ્કાર; સ્મરણ ન થાય ત્યાં સુધી તે આત્મામાં રહી શકે છે. જ્યારે શરીરાત્મવાદિઓના મતે શરીરમાં ઉત્પન્ન સંસ્કાર; પ્રત્યેકક્ષણે શરીરના નાશથી નષ્ટ થાય છે. અને ઉત્તર ઉત્તર શરીરમાં નવા નવા સંસ્કારો ઉત્પન્ન થાય છે. તેથી એક જ સ્મરણની પ્રત્યે પણ અનંત સંસ્કારોની કલ્પના કરવી પડે છે. જેમાં ગૌરવ સ્પષ્ટ છે. 'શરીરને આત્મા માનવો કે શરીરાતિરિક્ત આત્મા માનવો' આ વિવાદમાં શરીરને આત્મા માન્યા પછી તાદૃશ સ્મરણની અનુપપત્તિના પરિહાર માટે અનંત સંસ્કારની કલ્પના કરવી પડે છે. તેથી સ્પષ્ટ છે કે તાદૃશ કલ્પના ગૌરવ; શરીરને આત્મા માનવા સ્વરૂપ ફલોત્તર હોવાથી ફલમુખ છે; અને એ ફલમુખ ગૌરવ દોષાધાયક નથી.' આ આશયથી શરીરાત્મવાદિના મતમાં દોષાન્તરને જણાવે છે–एवमित्यादि–આશય એ છે કે શરીરને આત્મા માનીએ તો બાલકની સ્તનપાનની પ્રવૃત્તિ ઉપપન્ન નહીં થાય કારણ કે પ્રવૃત્તિની પ્રત્યે ઇષ્ટ સાધનતાનું જ્ઞાન કારણ છે. બાલકની સ્તનપાનની પ્રવૃત્તિની પૂર્વે એ બાલકના શરીર સ્વરૂપ આત્મામાં ઇષ્ટ સાધનતાના જ્ઞાનનો અભાવ હોવાથી કારણના અભાવના કારણે તાદૃશ સ્તનપાનની પ્રવૃત્તિ સંગત નહીં થાય પૂર્વજન્મનું ઇષ્ટ સાધનતાનું સ્મરણાત્મક જ્ઞાન બાલકને છે. એમ શરીરાત્મવાદી નહીં કહી શકે. કારણ કે એક તો પૂર્વજન્મનું શરીર નષ્ટ થવાથી પૂર્વ જન્મ જ એમના મતે કાલ્પનિક છે, અને બીજુ સ્તનપાનની પ્રવૃત્તિકાલમાં તાદૃશ ઇષ્ટ

સાધનતાના સ્મરણાત્મક જ્ઞાનાનુકૂલ સંસ્કારોનું કોઈ ઉદ્‌બોધક પણ નથી: 'શરીરાતિરિક્ત આત્મવાદી સિદ્ધાન્તિને પણ તાદૃશસ્તનપાનની પ્રવૃત્તિની અનુપપત્તિ અપરિહાર્ય જ છે.' એ કહેવું યોગ્ય નથી કારણ કે જન્માંતરમાં અન્યશરીરાવચ્છિન્ન આત્મા દ્વારા અનુભૂત ઇષ્ટ સાધનત્વનું બાલ્યકાળમાં સ્મરણ થવાથી તાદૃશ સ્મરણાત્મક જ્ઞાનથી બાલકની સ્તનપાનપ્રવૃત્તિ ઉપપન્ન છે. બાલકને 'स्तनपानं मदिष्टसाधनम्' ઇત્યાકારક જ સ્મરણ કેમ થાય છે? પૂર્વજન્મમાં અનુભવેલી બીજી વસ્તુઓનું સ્મરણ કેમ થતું નથી? આ શંકા યોગ્ય નથી કારણ કે બાલ્યાવસ્થામાં તાદૃશસ્મરણને છોડીને અન્યવિષયક સ્મરણાનુકૂલ સંસ્કારનું કોઈ ઉદ્‌બોધક ન હોવાથી બીજી કોઈ વસ્તુઓનું સ્મરણ થતું નથી. જ્યારે સ્તનપાનની પ્રવૃત્તિના કારણભૂત ઇષ્ટ સાધનત્વના સ્મરણાનુકૂલ સંસ્કારના ઉદ્‌બોધક તરીકે અનાયત્યા [બીજા ઉપાયના અભાવના કારણે] જીવનાદૃષ્ટ [જીવનોપયોગી ધર્માધર્મ]ની કલ્પના કરાય છે. આ રીતે બાલકની સ્તનપાનની પ્રવૃત્તિના અનુસારે પૂર્વ પૂર્વ જન્મના ઇષ્ટ સાધનત્વના સ્મરણાનુસારે સંસાર અનાદિ હોવાથી આત્મા પણ અનાદિ છે એ સિદ્ધ થાય છે. અને અનાદિભાવભૂત પદાર્થનો નાશ થતો ન હોવાથી આત્મા અનંત છે એ સિદ્ધ થાય છે. આથી સ્પષ્ટ છે કે અનાદિ અનંત આત્મા નિત્ય છે.

ननु चक्षुरादीनामेव.........ઇત્યાદિ-પૂર્વોક્ત રીતે જ્ઞાનાદિની પ્રત્યે કરણભૂત ચક્ષુ વગેરે ઇન્દ્રિયોને પ્રવર્ત્તાવનાર આત્માને અતિરિક્ત માનવાની આવશ્યકતા નથી. વ્યાપારવદ્ અસાધારણ કારણત્વ સ્વરૂપ કરણત્વ અને જ્ઞાનાદ્યનુકૂલ કૃતિમત્ત્વ સ્વરૂપ કર્તૃત્વ બન્ને ધર્મો ચક્ષુ વગેરે ઇન્દ્રિયોમાં જ માનવા જોઈએ. ચક્ષુ વગેરે ઇન્દ્રિય સ્વરૂપ એક અધિકરણમાં કર્તૃત્વ અને કરણત્વ આ બન્ને ધર્મોનો સમાવેશ થઇ શકે છે. કારણ કે તે બન્નેનો વિરોધ છે એમાં કોઈ પ્રમાણ નથી. આથી ચક્ષુ વગેરે ઇન્દ્રિયોમાં ચૈતન્ય માનવામાં કોઈ દોષ ન હોવાથી ચક્ષુ વગેરે ઇન્દ્રિયોને જ આત્મા માનવો જોઈએ. એ શંકાકારનો આશય છે. એનું નિરાકરણ કરતાં કહે છે-तथात्वं चेदिन्द्रियाणामित्यादि-આશય

એ છે કે ઇન્દ્રિયોમાં ચૈતન્ય માનીએ અર્થાત્ ઇન્દ્રિયોને જ આત્મા માનીએ તો ચક્ષુ વગેરે ઇન્દ્રિયોના ઉપઘાતથી, [અર્થાત્ વિનાશથી]; પૂર્વે અનુભવેલા પદાર્થોનું સ્મરણ થઇ શકશે નહીં કારણ કે અનુભવ કરનાર ઇન્દ્રિયનો વિનાશ થયો છે. યદ્યપિ ચક્ષુ ઇન્દ્રિયે અનુભવેલા રૂપાદિનું ચક્ષુ ઇન્દ્રિયનો ઉપઘાત થવા છતાં અન્ય શ્રવણેન્દ્રિયાદિ દ્વારા સ્મરણ થઈ શકશે, પરંતુ ચક્ષુ ઇન્દ્રિયે અનુભવેલી વસ્તુનું સ્મરણ તેનાથી ભિન્ન એવી શ્રવણેન્દ્રિયાદિ દ્વારા થઈ શકશે નહીં કારણ કે એકે અનુભવેલી વસ્તુનું સ્મરણ બીજાને થતું નથી. અન્યથા દેવદત્તે અનુભવેલી વસ્તુનું સ્મરણ ભવદત્તને પણ થવાનો પ્રસંગ આવશે આથી સ્પષ્ટ છે કે "समवायसम्बन्धावच्छिन्नस्मृतित्वावच्छिन्नकार्यतानिरूपितसमवायसम्बन्धावच्छिन्नानुभवत्वावच्छिन्नकारणताश्रयोऽनुभवः" આ સામાન્યતઃ કાર્યકારણભાવના અનુરોધથી એક ઇન્દ્રિયે અનુભવેલી વસ્તુનું સ્મરણ એ ઇન્દ્રિયનો ઉપઘાત થયે છતે અન્યઈન્દ્રિયોથી થઈ શકશે નહીં. તેથી તે ઇન્દ્રિયોમાં 'ચૈતન્ય' માની શકાશે નહીં.

## कारिकावली

**मनोऽपि न तथा ज्ञानाद्यनध्यक्षं तदा भवेत् ।**

मुक्तावली ।

ननु चक्षुरादीनां चैतन्यं माऽस्तु, मनसस्तु नित्यस्य चैतन्यं स्यादत आह–मनोऽपीति । न तथा–न चेतनम् । ज्ञानाद्यनध्यक्षं तदा भवेत्–मनसोऽणुत्वात्प्रत्यक्षे महत्वस्य हेतुत्वात् मनसि ज्ञानसुखादिसत्त्वे तत्प्रत्यक्षानुपपत्तिरित्यर्थः । यथा च मनसोऽणुत्वं तथाऽग्रे वक्ष्यते ।

ननु चक्षुरादीनां चैत्यन्यं माऽस्तु...ઇત્યાદિ—આશય એ છે કે ચક્ષુરાદિ ઇન્દ્રિયોમાં સાક્ષાત્ચૈતન્ય માનીએ તો ચક્ષુરાદિના ઉપઘાતથી પૂર્વે જણાવ્યા મુજબ તે તે ઈન્દ્રિયોથી સ્મરણની અનુપપત્તિ થશે. પરન્તુ મનને ચેતન માનવાથી મન નિત્ય હોવાના કારણે તેના ઉપઘાતનો સંભવ ન હોવાથી સ્મરણની અનુપપત્તિ નહીં થાય. પરન્તુ મનમાં ચૈતન્ય માનવાથી જ્ઞાનાદિની જેમ જ સુખાદિ ગુણો પણ મનમાં જ

માનવા પડશે. અને મન અણુ હોવાથી મનમાં રહેલા જ્ઞાનાદિનું પ્રત્યક્ષ નહીં થાય. કારણ કે પ્રત્યક્ષની પ્રત્યે મહત્પરિમાણ કારણ છે. મહત્પરિમાણના અભાવના કારણે મનમાં માનેલા જ્ઞાનાદિનું પ્રત્યક્ષ થઈ શકશે નહીં એ સ્પષ્ટ છે. આથી મનમાં પણ ચૈતન્ય માનવાનું યુક્ત નથી. મનમાં અણુત્વની સિદ્ધિ મનોનિરૂપણ વખતે કરાશે.

—o×o—

नन्वस्तु विज्ञानमेवात्मा, तस्य स्वतः प्रकाशरूपत्वाच्चेतनत्वम् । ज्ञानसुखादिकन्तु तस्यैवाऽऽकार विशेषः । तस्याऽपि भावत्वादेव क्षणिकत्वं, पूर्वपूर्वविज्ञानस्योत्तरोत्तरविज्ञाने हेतुत्वात् सुषुप्त्यवस्थायामप्यालयविज्ञानधारा निराबाधैव मृगमदवासनावासितवसन इव पूर्वपूर्वविज्ञानजनितसंस्काराणा-मुत्तरोत्तरविज्ञाने हेतुत्वान्नानुपपत्तिः स्मरणादेरिति चेन्न । तस्य जगद्-विषयकत्वे सर्वज्ञत्वापत्तिः, यत्किञ्चिद् विषयकत्वे विनिगमनाविरहः, सुषुप्तावपि विषयावभासप्रसङ्गाच्च ज्ञानस्य सविषयत्वात् । तदानीं निराकारा चित्सन्ततिरनुवर्त्तत इति चेन्न । तस्याः प्रकाशत्वे प्रमाणा-भावात्, अन्यथा घटादीनामपि ज्ञानत्वापत्तिः । न चेष्टापत्तिः, विज्ञान-व्यतिरिक्तवस्तुनोऽभावादिति वाच्यम् । घटादेरनुभूयमानस्याऽपलपयितु-मशक्यत्वात् । आकारविशेष एवाऽयं विज्ञानस्येति चेन्न । किमयमा-कारोऽतिरिच्यते विज्ञानात्? तर्हि समायातं विज्ञानव्यतिरिक्तेन । नाऽतिरिच्यते चेत् तर्हि समूहालम्बने नीलाकारोऽपि पीताकारः स्यात् स्वरूपतो विज्ञानस्याऽविशेषात् । अपोहरूपो नीलत्वादि विज्ञानधर्म इति चेन्न । नीलत्वादीनां विरुद्धानामेकस्मिन्नसमावेशात् । इतरथा विरोधा-वधारणस्यैव दुरुपपादत्वात् । न वा वासनासङ्क्रमः सम्भवति । मातृपुत्रयोरपि वासनासङ्क्रम प्रसङ्गात् । न चोपादानोपादेयभावो नियामक इति वाच्यम् । वासनायाः सङ्क्रमाऽसम्भवात् । उत्तरस्मिन्नु-त्पत्तिरेव सङ्क्रम इति चेन्न । तदुत्पादकाभावात्, चितामेवोत्पादकत्वे संस्कारानन्त्यप्रसङ्गः । क्षणिकविज्ञानेष्वतिशयविशेषः कल्प्यत इति चेन्न । मानाभावात्, कल्पनागौरवात् । एतेन क्षणिकशरीरेष्वेव चैतन्यं प्रत्युक्तं,

गौरवात् अतिशये मानाभावाच्च। बीजादावपि सहकारिसमवधाना-समवधानाभ्यामेवोपपत्तेः कुर्वद्रूपत्वाकल्पनात्॥

नन्वस्तु विज्ञानमेवाऽऽत्मा—આશય એ છે કે બૌદ્ધદર્શનમાં સમસ્ત વસ્તુઓ 'વિજ્ઞાન' સ્વરૂપ છે. વિજ્ઞાનમાં પ્રતીયમાન બાહ્ય ઘટાદિ પદાર્થો પણ વિજ્ઞાનથી અતિરિકત નથી. 'પ્રવૃત્તિ વિજ્ઞાન' અને 'આલયવિજ્ઞાન' આ બે ભેદથી વિજ્ઞાન બે પ્રકારનું છે. 'अयं घटः' ઈત્યાદિ બાહ્યાવગાહી વિજ્ઞાનને પ્રવૃત્તિવિજ્ઞાન કહેવાય છે અને 'अहं' ઈત્યાકારક વિજ્ઞાનને આલય વિજ્ઞાન કહેવાય છે. એ આલય વિજ્ઞાન જ આત્મા છે. આત્મ સ્વરૂપ વિજ્ઞાન સ્વયં પ્રકાશ સ્વરૂપ હોવાથી વિજ્ઞાનને ચેતન કહેવાય છે. એ વિજ્ઞાનના આકાર વિશેષ જ જ્ઞાન-સુખ-અને દુઃખાદિ સ્વરૂપ છે. ભાવભૂત સકલ પદાર્થો અનિત્ય હોવાથી વિજ્ઞાન પણ ભાવ હોવાના કારણે જ ક્ષણિક છે. કારણ કે 'યત્સત્ તત્ક્ષણિકમ્' આ વ્યાપ્તિ છે. "સુષુપ્તિ અવસ્થામાં વિજ્ઞાનક્ષણિક હોવાથી પૂર્વોત્પન્ન વિજ્ઞાનનો નાશ થાય છે. અને ઉત્તર ક્ષણમાં વિજ્ઞાનનું ઉત્પાદક કોઈ ન હોવાથી સુષુપ્તિ અવસ્થામાં આત્માનું અસ્તિત્વ સિદ્ધ નહીં થાય." આ કથન સંગત નથી. કારણ કે પૂર્વ પૂર્વ વિજ્ઞાન ઉત્તર ઉત્તર વિજ્ઞાનમાં કારણ છે; તેથી સુષુપ્તિ અવસ્થામાં પણ આલય વિજ્ઞાનની ધારા નિરાબાધ જ છે. "વિજ્ઞાન ક્ષણિક હોવાથી પૂર્વાનુભવને કરનારા વિજ્ઞાનનો ક્ષય થવાથી કાલાન્તરે પૂર્વાનુભૂત પદાર્થની સ્મૃતિ અનુપપન્ન થશે." આ પ્રમાણે પણ કહેવું અસંગત છે. કારણ કે પૂર્વ પૂર્વ વિજ્ઞાનથી ઉત્પન્ન થયેલા સંસ્કાર ઉત્તરોત્તર વિજ્ઞાનમાં કારણ હોવાથી કસ્તુરીથી સુવાસિત એક વસ્ત્ર જેવી રીતે તેની ઉપરના બીજા વસ્ત્રને સુવાસિત કરે છે. તેવી રીતે તાદૃશ પૂર્વ પૂર્વ વિજ્ઞાન જનિત સંસ્કાર વિશિષ્ટ તત્ તદ્ ઉત્તર વિજ્ઞાન દ્વારા સ્મરણની અનુપપત્તિ થતી નથી. આ પ્રમાણે બૌદ્ધોનો આશય છે. તેમાં દોષ જણાવતા કહે છે.

न तस्येत्यादि—આશય એ છે કે વિજ્ઞાનને આત્મા માનીએ તો, **એ વિજ્ઞાન જગદ્‌વિષયક છે? કે યત્કિંચિદ્ ઘટાદિ વિષયક છે?**

બે વિકલ્પો થાય છે. જગદ્વિષયક વિજ્ઞાનને આત્મા માનવાથી બધા જ આત્માઓ સર્વજ્ઞ થશે. અને ઘટાદિ યત્કિંચિદ્વિષયક વિજ્ઞાનને આત્મા માનીએ તો પટાદિ યત્કિંચિદ્વિષયક વિજ્ઞાનને કેમ નહીં ? આ રીતે વિનિગમના વિરહના કારણે અનંત વિજ્ઞાનમાં આત્મત્વ માનવાનો પ્રસઙ્ગ આવશે. સુષુપ્તિ અવસ્થામાં આલયવિજ્ઞાન ધારાને માનવાથી તે અવસ્થામાં વિષયનો (ઘટાદિ પદાર્થનો) અવભાસ થવાનો પ્રસંગ આવશે. કારણ કે જ્ઞાનમાત્ર સવિષયક (વિષયાવભાસી) હોય છે. "સુષુપ્તિમાં નિરાકાર જ્ઞાનની ધારા હોય છે" એ કહેવું યોગ્ય નથી. કારણ કે 'એ નિરાકાર જ્ઞાનની ધારા પ્રકાશસ્વરૂપ છે" એમાં કોઈ પ્રમાણ નથી. અન્યથા વિષયનું અવગાહન કર્યા વિના પણ નિરાકાર જ્ઞાનને માનવાથી નિરાકાર (વિષયાનવભાસી) ઘટાદિને પણ જ્ઞાન માનવાનો પ્રસંગ આવશે. યદ્યપિ બૌદ્ધમતમાં સકલ વસ્તુઓ વિજ્ઞાન સ્વરૂપ હોવાથી ઘટાદિને જ્ઞાનસ્વરૂપ માનવાનો પ્રસંગ અનિષ્ટ નથી. પરન્તુ તાદૃશ પ્રસંગને ઇષ્ટ કહી શકાશે નહીં. કારણ કે જ્ઞાનથી અતિરિક્ત જ્ઞાનના વિષય રૂપે અનુભવાતા ઘટાદિનો અપલાપ શકય નથી. 'વિજ્ઞાનનો આકાર વિશેષ જ ઘટાદિ છે. તેથી ઘટાદિના અપલાપનો પ્રસંગ નહીં આવે.' એ કહેવું યોગ્ય નથી. કારણ કે એ વિજ્ઞાનનો આકાર [ઘટાદિ] વિજ્ઞાનથી અતિરિક્ત છે કે, અનતિરિક્ત છે ? આ બે વિકલ્પોમાંથી પ્રથમ વિકલ્પનો સ્વીકાર કરીએ તો વિજ્ઞાનથી અતિરિક્ત તેના આકારસ્વરૂપ-ઘટાદિને માનવાથી બૌદ્ધોને 'વસ્તુમાત્ર વિજ્ઞાન સ્વરૂપ છે, અને વિજ્ઞાનાતિરિક્ત વસ્તુ નથી' આ પ્રમાણેના સ્વસિદ્ધાન્તની હાનિનો પ્રસંગ આવશે. દ્વિતીય વિકલ્પનો સ્વીકાર કરીએ તો વિજ્ઞાનના આકાર માત્ર વિજ્ઞાનસ્વરૂપ જ હોવાથી નીલાદિ અનેકાકારક વિજ્ઞાન એક હોવાથી સમૂહાલંબનાત્મક વિજ્ઞાનનો નીલાકાર અને પીતાકાર વિજ્ઞાન સ્વરૂપ જ હોવાથી નીલાકાર અને પીતાકારનો ભેદ નહીં થાય. કારણ કે તદભિન્નાભિન્ન; તદભિન્ન હોય છે. તેથી નીલાભિન્ન વિજ્ઞાના-

ભિન્ન પીતાકારને નીલાકારથી અભિન્ન માનવો પડશે. યદ્યપિ તાદૃશ અનેકાકારક નીલાદિ વિજ્ઞાન સ્વરૂપ જ નીલાદિ આકાર હોવા છતાં વિજ્ઞાનમાં જે નીલત્વ પીતત્વાદિ સ્વરૂપ અપોહરૂપાત્મકધર્મ છે. તે અસદ્ભૂત હોવા છતાં નીલ અને પીતાદિ આકારના ભેદક હોવાથી નીલ અને પીતાદિ આકારનો ભેદ અનુપપન્ન નહીં થાય. પરંતુ નીલત્વાદિ વિરૂદ્ધ ધર્મોનો એક સમૂહાલંબનાત્મક વિજ્ઞાનમાં સમાવેશ અશકય હોવાથી નીલપીતાદિ આકારનો ભેદ અનુપપન્ન જ છે. નીલત્વાદિ વિરૂદ્ધધર્મોનો એકત્ર [એક વિજ્ઞાનમાં] સમાવેશ માનીએ તો એ ધર્મો નીલાદિ આકારના ભેદને જણાવવા સમર્થ નહીં બને. કારણ કે ભિન્નાધિકરણવૃત્તિ ધર્મો જ ભેદક મનાય છે. તેથી સ્પષ્ટ છે કે નીલપીતાદિ આકારના ભેદની પ્રતીતિ માટે નીલાદિ પદાર્થસ્વરૂપ વિજ્ઞાનના આકારને વિજ્ઞાનથી અતિરિક્ત માનવો જોઈએ. યદ્યપિ સમૂહાલંબનાત્મક વિજ્ઞાનનો આકાર નીલ કે પીત મનાતો જ નથી; ચિત્રાકાર એક જ આકાર મનાય છે. તેથી સમૂહાલંબનમાં 'નીલાકાર પીતાકારનો અભેદ થશે' એ કહેવું અયુક્ત છે. પરન્તુ આ આશયથી જ બૌદ્ધમતમાં મુખ્યદૂષણને જણાવતા કહે છે.

નન્વેતિ—આશય એ છે કે પૂર્વે પૂર્વ વિજ્ઞાનથી ઉત્પન્ન સંસ્કારનો ઉત્તર ઉત્તર વિજ્ઞાનમાં સંક્રમ થાય છે; એ જણાવીને સ્મરણની અનુપપત્તિને દૂર કરી હતી. પરંતુ એ વાસનાનો અર્થાદ્ સંસ્કારનો સઙ્ક્રમ સમ્ભવિત નથી. અન્યથા માતાના સંસ્કારોનો પણ પુત્રમાં સંક્રમ થવાનો પ્રસંગ આવશે. "વાસનાના સંક્રમમાં ઉપાદાન ઉપાદેયભાવ નિયામક છે અર્થાદ્ સમવાયિકારણના જ સંસ્કારો કાર્યમાં સંક્રમિત થાય છે. પૂર્વ વિજ્ઞાન ઉત્તર વિજ્ઞાનનું ઉપાદાન કારણ હોવાથી તજ્જનિત સંસ્કારનો સઙ્ક્રમ ઉત્તર વિજ્ઞાનમાં સંભવિત છે. પરન્તુ માતા તો પુત્રનું નિમિત્ત કારણ હોવાથી તજ્જનિત સંસ્કારનો સઙ્ક્રમ પુત્રમાં સંભવિત નથી." આ પ્રમાણે કહેવું ઉચિત નથી. કારણ કે વસ્તુતઃ વાસનાનો સંક્રમ જ સંભવિત નથી. "પૂર્વવિજ્ઞાનજનિત સંસ્કારની ઉત્તરોત્તર વિજ્ઞાનમાં ઉત્પત્તિ

જ વાસનાનો સંક્રમ છે. તેથી એતાદૃશવાસનાસઙ્ક્રમ અસંભવિત નથી.” આ વાત યુક્તિયુક્ત નથી. કારણ કે વાસનાનો કોઈ ઉત્પાદક નથી. ‘પૂર્વ પૂર્વ વિજ્ઞાન જ ઉત્તરોત્તર વિજ્ઞાનમાં સંસ્કારનું ઉત્પાદક છે.’ એવું માનીએ તો સંસ્કારના આનન્ત્યનો પ્રસંગ આવશે. યદ્યપિ અનુભવની ઉત્તરક્ષણમાં કાલાન્તરે જે ક્ષણે સ્મરણ થાય છે. એ ક્ષણની અવ્યવહિત પૂર્વક્ષણમાં જ એક અતિશય વિશેષ છે. જેના યોગે એ અતિશયાન્વિત ક્ષણ સ્વોત્તર ક્ષણમાં સ્મરણ કરે છે. આથી સ્પષ્ટ છે કે સ્મરણાત્મકક્ષણની પૂર્વમાં સકલ ક્ષણોમાં સંસ્કારની કલ્પના કરવાની આવશ્યકતા નથી, તેથી સંસ્કારાનન્ત્યનો પ્રસંગ નહીં આવે; પરન્તુ તાદૃશ અતિશય [શક્તિ]ની કલ્પનામાં કોઈ પ્રમાણ નથી. તેમજ બૌદ્ધમતમાં પદાર્થમાત્ર ક્ષણિક હોવાથી; જ્યારે જ્યારે સ્મરણ થાય છે ત્યારે ત્યારે તદવ્યવહિત પૂર્વ વિજ્ઞાનમાં શક્તિ માનવાનું આવશ્યક હોવાથી અનન્તશક્તિનું કલ્પનાગૌરવ સ્પષ્ટ જ છે. एतेन...ઇત્યાદિ આ રીતે ક્ષણિકવિજ્ઞાનમાં ચૈતન્ય માનવાનું જે રીતે અનુચિત છે, તે જ રીતે ક્ષણિક શરીરમાં પણ ચૈતન્ય માનવાનું યુક્તિ સંગત નથી. કારણ કે ઉક્ત રીતે પૂર્વાનુભૂત પદાર્થનું કાલાન્તરે સ્મરણ ઉપપન્ન નહીં થાય. યદ્યપિ ક્ષેત્રસ્થબીજ અંકુરની ઉત્પત્તિમાં કારણ છે, અને કુશુલસ્થબીજ (કોઠીમાં રહેલું બીજ) અંકુરનું ઉત્પાદક નથી. તેથી અંકુરનિષ્ઠ જન્યતાનિરૂપિત જનકતા બીજમાં બીજત્વેન ન માનતા કુર્વદ્રૂપત્વેન મનાય છે. તેથી કુર્વદ્રૂપત્વવદ્ ક્ષેત્રસ્થબીજથી અઙ્કુરની ઉત્પત્તિ થાય છે. આવી જ રીતે ક્ષણિકશરીરમાં સ્મરણ થાય છે, તદવ્યવહિત પૂર્વક્ષણવર્ત્તિ ક્ષણિકશરીરમાં કુર્વદ્રૂપવત્ત્વ મનાતું હોવાથી સ્મરણની અનુપપત્તિ નહીં થાય. પરંતુ કુર્વદ્રૂપવત્ત્વની કલ્પના જ વસ્તુતઃ અયુક્ત છે. કારણ કે “ક્ષેત્રસ્થ બીજમાં કુર્વદ્રૂપવત્ત્વ છે માટે એ અંકુરનું ઉત્પાદક છે અને કુશુલસ્થ બીજમાં કુર્વદ્રૂપવત્ત્વ નથી માટે એ અંકુરનુ અનુત્પાદક છે” એવું નથી. પરન્તુ ક્ષેત્રસ્થબીજને ધરણીસલિલા સંયોગાદિ સહકારીકારણનું સમવધાન હોવાથી તેમાં અઙ્કુરનું

ઉત્પાદકત્વ છે. અને તાદૃશ સહકારી કારણનું સમવધાન કુશુલસ્થ બીજને ન હોવાથી તેમાં અઙ્કુરોત્પાદકત્વ નથી. આથી સ્પષ્ટ છે કે કુર્વદ્રૂપવત્ત્વની કલ્પના જ અનાવશ્યક છે.

अस्तु तर्हि क्षणिकविज्ञाने गौरवाद् नित्यविज्ञानमेवाऽऽत्मा, अविनाशी वा अरेऽयमात्मा, सत्यं ज्ञानमनन्तं ब्रह्म' इत्यादिश्रुतेश्चेति चेन्न । तस्य सविषयकत्वाऽसम्भवस्य दर्शितत्वात्, निर्विषयस्य ज्ञानत्वे मानाभावात् सविषयकत्वस्याऽप्यननुभवात्, अतो विज्ञानादि भिन्नो नित्य आत्मेति सिद्धम् । "सत्यं ज्ञानं–" इति तु ब्रह्मपरं जीवे तु नोपयुज्यते, ज्ञानाज्ञानसुखित्वादिभिर्जीवानां भेदसिद्धौ सुतरामीश्वरभेदः सिध्यति । अन्यथा बन्धमोक्षव्यवस्थानुपपत्तेः । योऽपीश्वराभेदबोधको वेदः, सोऽपि तदभेदेन तदीयत्वं प्रतिपादयन् स्तौति । अभेदभावनयैव यतितव्यमिति वदति । अत एव "सर्वे आत्मानः समर्पिताः" इति श्रूयते । मोक्षदशायामज्ञाननिवृत्तावभेदो जायते, इत्यपि न, भेदस्य नित्यत्वेन नाशासम्भवात्, भेदनाशेऽपि व्यक्तिद्वयं स्थास्यत्येव । न च द्वित्वमपि नश्यतीति वाच्यम् । तव निर्धर्मके ब्रह्मणि सत्यत्वाभावेऽपि सत्यस्वरूपं तदितिवत् द्वित्वाभावेऽपि व्यक्तिद्वयात्मकौ ताविति सुवचत्वात् । मिथ्यात्वाभावोऽधिकरणात्मकस्तत्र सत्यत्वमिति चेत्, एकत्वाभावो व्यक्तिद्वयात्मको द्वित्वमित्युच्यताम् । प्रत्येकमेकत्वेऽपि पृथिवीजलयो नै गन्ध इतिवदुभयं नैकमित्यस्य सर्वजनसिद्धत्वात् । योऽपि तदानीमभेदप्रतिपादको वेदः सोऽपि निर्दुःखत्वादिना साम्यं प्रतिपादयति, 'सम्पदाधिक्ये पुरोहितोऽयं राजा संवृत्त' इतिवत् । अत एव "निरञ्जनः परमं साम्यमुपैति" इति श्रूयते । ईश्वरोऽपि न ज्ञान सुखात्मा, किन्तु ज्ञानाद्याश्रयः, "नित्यं विज्ञानमानन्दं ब्रह्म" इत्यादौ विज्ञानपदेन ज्ञानाश्रय एवोक्तः, यः सर्वज्ञः स सर्ववित्" इत्याद्यनुरोधात् । आनन्दमित्यस्याऽप्यानन्दवदित्यर्थः । अर्शआदित्वान्मत्वर्थीयोऽच्प्रत्ययः; अन्यथा पुल्लिङ्गत्वापत्तेः । आनन्दोऽपि दुःखाभावे उपचर्यते, भाराद्यपगमे सुखी संवृत्तो ऽहमितिवत् । अस्तु वा तस्मिन्नानन्दः, नत्वसावानन्दः, "असुखम्"

इति श्रुतेः । न विद्यते सुखं यस्येति कुतो नाऽर्थ इति चेन्न । क्लिष्टकल्पनापत्तेः, प्रकरणविरोधात, 'आनन्दम्' इत्यत्र मत्त्वर्थीयाच्प्रत्ययविरोधाच्चेति सङ्क्षेपः ॥

अस्तु तर्हि क्षणिकविज्ञाने......ઈત્યાદિ—આશય એ છે કે ક્ષણિક વિજ્ઞાનને આત્મા માનવામાં ઉપર જણાવ્યા મુજબ કલ્પનાગૌરવ થાય છે. તેથી નિત્યવિજ્ઞાનને જ આત્મા માનવો જોઈએ. એ વિજ્ઞાન નિત્ય હોવાથી પૂર્વાનુભૂત પદાર્થનું કાલાન્તરે સ્મરણ અનુપપન્ન નહીં થાય. જેથી પૂર્વે જણાવ્યા મુજબ કલ્પનાગૌરવનો પ્રસંગ નહીં આવે; આથી નિત્ય વિજ્ઞાનને જ આત્મા માનવો જોઈએ કારણ કે 'અવિનાશી આ આત્મા સત્ય જ્ઞાન અનન્ત બ્રહ્મ સ્વરૂપ છે.' ઇત્યાદિ અર્થને જણાવનારી "अविनाशी......" ઈત્યાદિ શ્રુતિથી નિત્ય વિજ્ઞાન સ્વરૂપ આત્મા જણાય છે. પરન્તુ આ વાત પણ યુક્તિ સંગત નથી. કારણ કે નિત્ય વિજ્ઞાન સ્વરૂપ આત્માને જો સર્વવિષયક વિજ્ઞાન સ્વરૂપ માનીએ તો સર્વમાં સર્વજ્ઞત્વનો પ્રસંગ આવશે તેના નિવારણ માટે યત્કિંચિદ્ઘટાદિ વિષયક નિત્ય વિજ્ઞાન સ્વરૂપ આત્માને માનીએ તો સર્વજ્ઞત્વનો પ્રસંગ નહીં આવે પરન્તુ ઘટાદિ વિષયક વિજ્ઞાનને આત્મા માનીએ તો પટાદિ વિષયક વિજ્ઞાનને કેમ નહી ? આ રીતે અનંતવિજ્ઞાનોમાં આત્મત્વ માનવાનો પ્રસંગ આવશે કારણ કે તાદૃશપ્રસંગના નિવારણ માટે નિયત એક ઘટાદિ વિષયક વિજ્ઞાનમાં આત્મત્વ માનવા માટે કોઈ જ વિનિગમક નથી. યદ્યપિ તે તે જીવોમાં જે જે ઘટાદિ વિષયક વિજ્ઞાન અનુભવ સિદ્ધ છે. તે તે જીવના તે તે વિજ્ઞાનમાં તત્તદાત્મત્વની કલ્પના કરાય છે. તેથી અનુભવના આધારે નિયત એક ઘટાદિ વિષયક વિજ્ઞાનને આત્મા માનવામાં વિનિગમના વિરહ નથી. પરંતુ આત્માને આ રીતે નિત્ય વિજ્ઞાન સ્વરૂપ માનીએ તો જ્ઞાનમાં જેવી રીતે સવિષયકત્વનો અનુભવ થવાથી ઘટાદિ વિષયક જ્ઞાન કહેવાય છે, તેવી રીતે ઘટાદિ વિષયક આત્મા આ રીતે આત્મામાં પણ સવિષયકત્વના અનુભવનો પ્રસંગ આવશે. પૂર્વે જ જણાવ્યું

છે કે 'સવિષયક [ઘટાદિ વિષયક] જ્ઞાનવાન્ અહમ્' ઇત્યાકારક અનુભવના રોધથી આત્મામાં સવિષયકત્વનો અસંભવ છે. તેથી વિજ્ઞાન સ્વરૂપ આત્માને માની શકાશે નહીં. યદ્યપિ નિર્વિષયક-વિજ્ઞાન સ્વરૂપ આત્માને માનવામાં કોઈ દોષ નથી. પરંતુ વિજ્ઞાનના નિર્વિષયકત્વમાં કોઈ પ્રમાણ નથી. જ્ઞાનમાત્ર સવિષયક જ હોય છે. તેથી અપ્રસિદ્ધ નિર્વિષયક વિજ્ઞાનમાં આત્મત્વની કલ્પના યુક્ત નથી. તેમજ ઉપર જણાવ્યા મુજબ તે તે જીવના તે તે નિયત એક વિષયક વિજ્ઞાનમાં પણ આત્મત્વની કલ્પના અયુક્ત છે કારણ કે આત્મામાં સવિષયકત્વનો અનુભવ થતો નથી, સવિષયક જ્ઞાનવત્ત્વનો જ અનુભવ થાય છે. તેથી નિત્ય કે અનિત્ય વિજ્ઞાનાદિથી ભિન્ન જ આત્મા છે એ સિદ્ધ થાય છે.

યદ્યપિ 'अविनाशी वा अरेऽयमात्मा सत्यं ज्ञानमनन्तं ब्रह्म' આ શ્રુતિથી જ્ઞાન સ્વરૂપ આત્મા સિદ્ધ થાય છે. જ્ઞાનાદિથી ભિન્ન આત્માને માનવામાં ઉક્ત શ્રુતિનો વિરોધ આવે છે પરંતુ ઉક્તશ્રુતિ પરમબ્રહ્મ પરક હોવાથી પરમબ્રહ્મને જ જ્ઞાનાદિ સ્વરૂપ મનાય છે. પરમબ્રહ્મ ભિન્ન જીવને જ્ઞાનસ્વરૂપથી ભિન્ન માનવામાં કોઇ દોષ નથી. કારણ કે ઉક્તશ્રુતિ પરમબ્રહ્મના જ્ઞાનસ્વરૂપને જણાવે છે. તેથી તેના વિરોધનો સંભવ નથી. યદ્યપિ જીવ અને પરમબ્રહ્મ અભિન્ન હોવાથી ઉક્ત શ્રુતિ પરમબ્રહ્મ પરક છે અને જીવ પરક નથી એ કહેવું યોગ્ય નથી અને તેથી જ્ઞાનાદિથી ભિન્ન આત્માની કલ્પનામાં ઉક્ત શ્રુતિનો વિરોધ દુરૂદ્ધર જ છે. પરંતુ જીવ અને પરમબ્રહ્મનો અભેદ અસઙ્ગત હોવાથી ઉક્તશ્રુતિનો વિરોધ નથી આવતો.

પરમબ્રહ્મ અને જીવના ભેદને સિદ્ધ કરે છે. ज्ञानाज्ञाने...त्यादि ગ્રંથથી—આશય એ છે કે કેટલાક જીવો જ્ઞાની છે કેટલાક અજ્ઞાની છે. કેટલાક સુખી છે અને કેટલાક દુઃખી છે. આ રીતે જ્ઞાનાદિના કારણે જીવોમાં પણ જો પરસ્પર ભેદ છે. તો આવા પરસ્પર ભિન્ન એવા જીવોનો અને પરમબ્રહ્મનો અભેદ કેવી રીતે માની શકાય? 'એક જ આકાશ દ્રવ્યમાં તત્તદ્ શરીરના કર્ણવિવરાવચ્છેદેન જેવી

રીતે ભિન્ન-ભિન્ન શબ્દોનો અનુભવ થાય છે. તેવી જ રીતે એક જ પરમબ્રહ્મમાં જીવ સ્વરૂપ અનંતોપાધિ હોવાથી તત્તદન્તઃકરણાવચ્છેદેન જ્ઞાનાજ્ઞાનાદિનો અનુભવ શકય હોવાથી જીવોને પરમબ્રહ્મથી ભિન્ન માનવાની આવશ્યકતા નથી.' આ કહેવું બરાબર નથી કારણ કે જીવ અને પરમબ્રહ્મનો ભેદ માનીએ નહીં તો બંધ અને મોક્ષની વ્યવસ્થા સંગત નહીં થાય. કારણ કે કોઈ બદ્ધ છે અને કોઈ મુક્ત છે. આ વ્યવહારના અનુરોધથી પરસ્પર જીવોમાં ભેદ સિદ્ધ હોવાથી જીવ અને પરમબ્રહ્મનો ભેદ પણ સિદ્ધ જ છે. અન્યથા ઉપર જણાવ્યા મુજબ બંધ અને મોક્ષની વ્યવસ્થા સંગત નહીં થાય. યદ્યપિ तत्त्वमसि......ઈત્યાદિ શ્રુતિથી તત્પદ પ્રતિપાદ્ય પરમબ્રહ્મ અને ત્વમ્ પદ પ્રતિપાદ્ય જીવનો અભેદ સ્પષ્ટ છે. તેથી જીવ અને પરમબ્રહ્મનો ભેદ માનીએ તો ઉક્ત શ્રુતિનો વિરોધ આવે છે. પરંતુ તે શ્રુતિ પરમબ્રહ્મના અભેદ દ્વારા જીવમાં તદીયત્વ અર્થાત્ પરમબ્રહ્મસ્વામિકત્વને સ્તવે છે. જેવું પરમબ્રહ્મનું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ તારું છે [જીવનું છે] તેથી તે સ્વરૂપને પ્રાપ્ત કરવા પરમાત્માની સાથે ઇલિકા-ભ્રમર ન્યાયે અભેદપણે ધ્યાનમાં પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રમાણેના આશયને જણાવનારી તે શ્રુતિ છે. પરંતુ પરમબ્રહ્મના અને જીવના અભેદને જણાવનારી એ શ્રુતિ નથી. જેથી પરમબ્રહ્મથી જીવને ભિન્ન માનવામાં એ શ્રુતિનો વિરોધ આવે. 'ઉક્ત આશયને જણાવનારી જ એ શ્રુતિ છે અને પરમબ્રહ્મની સાથે જીવનો અભેદ છે એ જણાવનારી એ શ્રુતિ નથી.' આ પ્રમાણે કહેવામાં શું પ્રમાણ છે? એ કહેવું યોગ્ય નથી. કારણ કે 'सर्वे आत्मानः समर्पिताः'...ઇત્યાદિ શ્રુતિથી જીવ અને પરમબ્રહ્મનો અભેદ બાધિત છે. કારણ કે સમર્પણ બે ભિન્ન વસ્તુઓમાં હોય છે. આથી સ્પષ્ટ છે કે પરમબ્રહ્મ અને જીવના ભેદને જણાવનારી 'सर्वे'...ઈત્યાદિ શ્રુતિઓનો વિરોધ ન આવે એ માટે 'तत्त्वमसि...'...ઇત્યાદિ શ્રુતિઓનો ઉપર જણાવેલો જ અર્થ કરવો જોઈએ.

"સંસારી અવસ્થામાં જીવ અને પરમબ્રહ્મનો ભેદ હોવા છતાં મુક્તાવસ્થામાં જીવ અને પરમબ્રહ્મના ભેદનો નાશ થવાથી અભેદ છે." આ પ્રમાણેના મતનું નિરાકરણ કરે છે...मोक्षदशायाम्...... ઇત્યાદિ ગ્રંથથી—આશય એ છે કે મોક્ષદશામાં જીવના અજ્ઞાનની નિવૃત્તિ થયા બાદ જીવ અને પરમબ્રહ્મનો અભેદ થાય છે. આ પણ વાત યુક્તિ સંગત નથી. કારણ કે સંસારી અવસ્થામાં જીવ અને પરમબ્રહ્મનો જે ભેદ હતો તે નિત્ય હોવાથી તેનો નાશ સંભવિત નથી તેથી મોક્ષ દશામાં પણ જીવ અને પરમબ્રહ્મનો ભેદ વિદ્યમાન જ છે. યદ્યપિ ભેદને અનિત્ય માનીએ તો જીવ અને પરમબ્રહ્મના ભેદના કારણભૂત અજ્ઞાનાદિના નાશથી ભેદનો નાશ સંભવી શકે છે. પરંતુ આ રીતે ભેદના નાશનો સ્વીકાર કરીએ તો પણ જીવ અને પરમબ્રહ્મ સ્વરૂપ બે વ્યક્તિનું અસ્તિત્વ તો રહેશે જ તેથી તત્તદ્વ્યક્તિત્વેન પરપસ્પર ભેદ છે જ 'મોક્ષદશામાં અજ્ઞાનાદિની નિવૃત્તિના કારણે ભેદના નાશની જેમ જ દ્વિત્વનો પણ નાશ થશે તેથી વ્યક્તિદ્વયનું અસ્તિત્વ નહીં રહે.' આ પ્રમાણે નહીં કહેવું જોઈએ કારણ કે કોઈ પણ ધર્મથી રહિત એવા પરમબ્રહ્મમાં જેવી રીતે તમે સત્યત્વ ન હોવા છતાં પરમબ્રહ્મને સત્ય માનો છો એવી જ રીતે દ્વિત્વનો નાશ થયા પછી પણ 'જીવ અને પરમબ્રહ્મ વ્યક્તિ દ્વયાત્મક છે.' એ કહી શકાય છે. યદ્યપિ કોઈ પણ ધર્મથી શૂન્ય એવા પરમબ્રહ્મમાં મિથ્યાત્વનો પણ અભાવ હોવાથી પરમ બ્રહ્માત્મક અધિકરણસ્વરૂપ એ મિથ્યાત્વાભાવસ્વરૂપ સત્યત્વ છે તેથી નિર્ધર્મબ્રહ્મમાં તાદૃશ સત્યત્વ માનવામાં દોષ નથી. જ્યારે દ્વિત્વનો નાશ થયા પછી જીવ અને પરમબ્રહ્મને વ્યક્તિ દ્વયાત્મક માનવાનું નિર્દોષ નથી. પરંતુ મિથ્યાત્વાભાવ સ્વરૂપ સત્યત્વની જેમ જ એકત્વાભાવ સ્વરૂપ વ્યક્તિદ્વયાત્મક દ્વિત્વ માનવામાં કોઇ દોષ નથી. એકત્વ યદ્યપિ સર્વદ્રવ્યવૃત્તિ હોવાથી તદધિકરણ જીવ અને પરમબ્રહ્મમાં એકત્વાભાવ ન હોવાથી તત્સ્વરૂપ દ્વિત્વનો પણ જીવ અને પરમબ્રહ્મમાં સંભવ નથી. પરંતુ પ્રત્યેકમાં એકત્વ હોવા છતાં

જીવ અને પરમબ્રહ્મોભયમાં એકત્વ નથી. પૃથ્વીમાં ગંધ હોવા છતાં પૃથ્વી-જલોભયમાં જેમ ગંધનો અભાવ છે. તેવી જ રીતે પ્રત્યેકમાં એકત્વ હોવા છતાં ઉભયમાં એકત્વાભાવાત્મક વ્યક્તિદ્વયાત્મક દ્વિત્વ સંભવી શકે છે.

આ રીતે મોક્ષદશામાં પણ જીવ અને પરમબ્રહ્મનો ભેદ માનીએ તો "ब्रह्मविद् ब्रह्मैव भवति" ઈત્યાદિ અભેદ બોધક શ્રુતિઓનો વિરોધ આવશે આ શંકાનું નિરાકરણ કરે છે...योऽपि तदानीमि...ત્યાદિ ગ્રંથથી-આશય એ છે કે સંપત્તિની વૃદ્ધિ થતા 'આ પુરોહિત રાજા થયો' આવો વ્યવહાર થાય છે ત્યાં જેવી રીતે પુરોહિત અને રાજામાં સંપત્તિમત્ત્વેન સામ્ય મનાય છે. પરંતુ અભેદ નથી મનાતો તેવી જ રીતે મોક્ષદશામાં અજ્ઞાનાદિની નિવૃત્તિથી પરમબ્રહ્મની જેમ જ જીવમાં નિર્દુ:ખત્વાદિ હોવાથી જીવમાં બ્રહ્મનું સામ્ય જણાવનારી એ શ્રુતિઓ છે. અભેદ જણાવનારી એ શ્રુતિઓ નથી તેથી જીવ અને પરમબ્રહ્મનો ભેદ માનવામાં ઉક્ત શ્રુતિઓનો વિરોધ નથી. આ રીતે જો ઉક્ત શ્રુતિઓને જીવમાં બ્રહ્મના સામ્યને જણાવનારી ન માનીએ અને અભેદની જ બોધક માનીએ તો 'निरञ्जनः परमं साम्यमुपैति' આ પ્રમાણેની મોક્ષદશામાં જીવ અને પરમબ્રહ્મના સામ્યને સ્પષ્ટપણે જણાવનારી શ્રુતિઓ અસંગત થશે. તેથી 'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ'......ઈત્યાદિ શ્રુતિઓ ઉપર જણાવ્યા મુજબ સામ્ય બોધક જ છે. એ સમજી શકાય છે.

આ રીતે પરમબ્રહ્માતિરિક્ત જીવને નિત્યવિજ્ઞાન સ્વરૂપ નહીં માની શકાય એ પ્રમાણે જણાવીને હવે પરમબ્રહ્મના પણ નિત્ય-જ્ઞાનસ્વરૂપત્વનું નિરાકરણ કરે છે-ईश्वरोपि न......ઈત્યાદિ ગ્રંથથી-આશય એ છે કે 'अविनाशी वा......'ઈત્યાદિ શ્રુતિ પરમબ્રહ્મને નિત્યજ્ઞાનસ્વરૂપ જણાવે છે એ કહેવું યોગ્ય નથી. કારણ કે જીવની જેમ જ પરમબ્રહ્મ પણ જ્ઞાનાદિનો આશ્રય છે પરંતુ જ્ઞાન સ્વરૂપ કે સુખાદિ સ્વરૂપ નથી. યદ્યપિ नित्यं विज्ञानमानन्दं ब्रह्म' ઈત્યાદિ શ્રુતિ પરમબ્રહ્મને વિજ્ઞાન અને આનંદ સ્વરૂપ જણાવે છે એવું લાગે

છે પરંતુ તે વાસ્તવિક નથી. 'यः सर्वज्ञः स सर्ववित्' ઈત્યાદિ શ્રુતિઓ સર્વવિષયકજ્ઞાનના આશ્રયરૂપે પરમબ્રહ્મને જણાવે છે. એના અનુરોધથી 'नित्यं विज्ञानम्' અહીં પણ વિજ્ઞાનનો આશ્રય જ વિજ્ઞાનપદનો અર્થ છે. 'वि + 'ज्ञा' ધાતુને અધિકરણાર્થમાં અનટ્ પ્રત્યય કરવાથી વિજ્ઞાનપદ વિજ્ઞાનાશ્રયાર્થમાં બાધિત નથી. એ સમજી શકાય છે. यद्यपि नित्यं विज्ञानमा......' ઈત્યાદિ શ્રુતિમાં ઉપર જણાવ્યા મુજબ 'વિજ્ઞાનપદ વિજ્ઞાનાશ્રયાર્થક હોવા છતાં 'आनंद' પદ આનંદવદર્થક નથી આ પ્રમાણે કહી શકાય છે પરંતુ એ યુક્ત નથી. કારણ કે આનંદ પદને અર્શઆદિ ગણપાઠમાં તે શબ્દ પઠિત હોવાથી મત્વર્થીય 'અચ્' (અ) પ્રત્યય થાય છે. અને તેથી ઉપરોક્ત શ્રુતિમાં આનંદ પદ આનંદવદ્ અર્થનું બોધક છે. યદ્યપિ આનંદ પદ અહીં મત્વર્થીય અચ્પ્રત્યયાન્ત છે એમાં કોઈ પ્રમાણ નથી. પરંતુ અહીં આનંદપદને મત્વર્થીય અચ્પ્રત્યયાન્ત ન માનીએ તો આનંદ શબ્દનો નપુંસકલિંગમાં કરાએલો પ્રયોગ યુક્ત નહીં ગણાય. યદ્યપિ नित्यं विज्ञानमानन्दं ब्रह्म' આ શ્રુતિમાના 'આનંદ' પદનો અર્થ ઉપર જણાવ્યા મુજબ 'આનંદવદ્' અર્થ નૈયાયિકો નહીં કરી શકે કારણ કે તેઓ પરમાત્મામાં આનંદ માનતા નથી. પરંતુ પ્રકૃતસ્થલે આનંદપદ દુઃખાભાવમાં ઉપચરિત–લાક્ષણિક છે. અન્યત્ર પણ માથે ઉપાડેલા ભારના દૂર થવાથી 'હું સુખી થયો' ઈત્યાદિ રીતે કરાતા પ્રયોગો સ્થલે ભારજન્ય દુઃખોના અભાવમાં સુખ પદ જેમ લાક્ષણિક છે. એવી જ રીતે સર્વ દુઃખોથી સર્વથારહિત બનેલા પરમાત્મામાં રહેલા દુઃખાભાવને જણાવનારૂં આનંદપદ પ્રકૃત સ્થલે લાક્ષણિક છે. જેમાં કોઈ દોષ નથી. અથવા લક્ષણા જન્ય ગૌરવના કારણે ક્ષણવાર માની લઈએ કે આનંદપદ દુઃખાભાવમાં ઔપચારિક નથી. પરંતુ આનંદવદર્થક જ છે તો પણ પરમાત્મામાં તાદૃશ શ્રુતિના અનુરોધથી ભલે આનંદ રહ્યો પરંતુ તમે [વેદાન્તી] માનો છો તેમ પરમાત્મા આનંદ સ્વરૂપ તો નથી જ. કારણ કે 'असुखम्' આ પદથી પરમબ્રહ્મની સુખભિન્નતા જણાવાઈ

છે. જે, પરમાત્માને સુખ સ્વરૂપ માનવામાં અનુપપન્ન થશે. યદ્યપિ 'असुखम्' આ પદનો 'न विद्यते सुखं यत्र' આ પ્રમાણે નઞ બહુ-વ્રીહિ સમાસની વિવક્ષામાં પરમબ્રહ્મ 'સુખવદ્ નથી પરંતુ સુખ-સ્વરૂપ છે.' આ પ્રમાણે અર્થ શા માટે ન કરવો એ પ્રશ્ન અસંભ-વિત નથી. પરંતુ આ રીતે બહુવ્રીહિ સમાસની વિવક્ષામાં અન્ય પદાર્થની કલ્પનામાં ક્લિષ્ટ કલ્પનાનો પ્રસંગ આવે છે. તેના નિવારણ માટે 'असुखम्' અહીં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસ ન કરતા 'न सुखमिति असुखम्' આ પ્રમાણે નઞતત્પુરુષ સમાસ જ કરવો જોઈએ. જે પરમાત્માની સુખભિન્નતાને જ જણાવે છે. યદ્યપિ નઞતત્પુરુષ સમાસ ઘટક નઞને પણ ભેદાશ્રયમાં લાક્ષણિક માનવાનું આવશ્યક હોવાથી ઉભયત્ર ક્લિષ્ટકલ્પનાપત્તિ તો સમાન જ છે. પરંતુ 'असुखम्', અહીં બહુવ્રીહિ સમાસ કરવાથી પ્રકરણવિરોધ પણ આવશે કારણ કે 'अस्थूलम्' अनणु', અને अदीर्घम्...ઈત્યાદિ પ્રયોગોમાં સર્વત્ર બહુવ્રીહિ સમાસ અનુપપન્ન હોવાથી જેમ નઞ-તત્પુરૂષ છે. તેવી રીતે એ પ્રયોગોની સાથે પ્રયુક્ત 'असुखम्' અહીં પણ નઞતત્પુરુષસમાસ જ વિવક્ષિત છે, બહુવ્રીહિ નહીં. આથી સ્પષ્ટ છે કે 'असुखम' આ પદથી પરમાત્માનું સુખભિન્નત્વ જ સમજાવવામાં આવે છે. અન્યથા બહુવ્રીહિ સમાસની વિવક્ષાથી જો પરમાત્મામાં સુખાભાવને સમજાવનારૂં એ પદ છે એ પ્રમાણે માનીએ તો 'आनन्दम्' અહીં પૂર્વે જણાવ્યા મુજબ મત્વર્થીય 'અચ્' પ્રત્યયનો વિરોધ આવશે. કારણ કે તાદૃશ અચ્ પ્રત્યયાન્ત 'આનંદ' પદ પરમાત્મામાં સુખવત્ત્વનું બોધક છે. માટે 'આનંદમ્' આ મત્વ-ર્થીય અચ્ પ્રત્યયાન્ત પદાનુસાર 'असुखम्' અહીં બહુવ્રીહિની વિવક્ષા અયુક્ત છે. એ સમજી શકાય છે. આ પ્રમાણે સંક્ષેપથી નિત્ય વિજ્ઞાન સ્વરૂપ આત્માને માનનારા વેદાન્તીઓના મતનું નિરાકરણ કરીને સાંખ્યમતનું નિરાકરણ કરવા માટે આરંભ કરે છે–एतेन प्रकृतिः......ઈત્યાદિ ગ્રંથથી.

एतेन प्रकृतिः कर्त्री, पुरुषस्तु पुष्करपलाशवन्निर्लेपः किन्तु चेतनः; कार्यकारणयोरभेदात् कार्यनाशे सति कार्यरूपतया तन्नाशोऽपि न स्यादित्यकारणत्वं तस्य, बुद्धिगतचैतन्याभिमानान्यथानुपपत्त्या तत्कल्पनम् । बुद्धिश्च प्रकृतेः परिणामः । सैव महत्तत्वमन्तःकरणमित्युच्यते, तत्सत्त्वासत्त्वाभ्यां पुरुषस्य संसारापवर्गौ तस्या एवेन्द्रियप्रणालिकया परिणतिर्ज्ञानरूपा घटादिना सम्बन्धः पुरुषे कर्तृत्वाभिमानो बुद्धौ चैतन्याभिमानश्च भेदाग्रहात्, ममेदं कर्त्तव्यमिति मदंशः पुरुषोपरागो बुद्धेः स्वच्छतया तत्प्रतिबिम्बादतात्त्विकः दर्पणस्येव मुखोपरागः, इदमिति विषयोपराग इन्द्रियप्रणालिकया परिणतिभेदस्तात्त्विकः, निःश्वासाभिहतदर्पणस्येव मलिनिमा, कर्त्तव्यमिति व्यापारांशः, तेनांशत्रयवती बुद्धिः, तत्परिणामेन ज्ञानेन पुरुषस्याऽतात्त्विकः सम्बन्धः, दर्पणस्य मलिनिम्नेव मुखस्योपलब्धिरुच्यते । ज्ञानवत् सुखदुःखेच्छाद्वेषधर्माधर्मा अपि बुद्धेरेव कृतिसामानाधिकरण्येन प्रतीतेः । न च बुद्धिश्चेतना परिणामित्वादिति मतमपास्तम् । कृत्यदृष्टभोगानामिव चैतन्यस्याऽपि सामानाधिकरण्यप्रतीतेः, तद्भिन्ने मानाभावाच्च । चेतनोहं करोमीति प्रतीतिश्चैतन्यांशे भ्रम इति चेत्, कृत्यंशेऽपि किं नेष्यते ? अन्यथा बुद्धेर्नित्यत्वे मोक्षाभावः, अनित्यत्वे तत्पूर्वमसंसारापत्तिः । नन्वचेतनाया प्रकृतेः कार्यत्वाद् बुद्धेरचेतनत्वम्, कार्यकारणयोस्तादात्म्यादिति चेन्न । असिद्धेः कर्तुर्जन्यत्वे मानाभावात् । वीतरागजन्मादर्शनादनादित्वम्, अनादेर्नाशासम्भवान्नित्यत्वम्, तत् किं प्रकृत्यादिकल्पनेन ? नच "प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः । अहङ्कारविमूढात्मा कर्त्ताहमिति मन्यते" ॥ (भगवद् गीता) ॥ इत्यनेन विरोध इति वाच्यम् । प्रकृतेः—अदृष्टस्य गुणैः-अदृष्टजन्यैरिच्छादिभिः कर्त्ताहमिति—कर्त्ताऽहमेवेत्यस्य तदर्थत्वात्, "तत्रैवं सति कर्त्तारमात्मानं केवलं तु यः" (भगवद्गीता) इत्यादि वदता भगवता प्रकटीकृतोऽयमुपरिष्टादाशय इति सङ्क्षेपः ॥

આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ આત્મા કે પરમાત્મા જ્ઞાનસ્વરૂપ નથી પરંતુ જ્ઞાનવાન્ છે તેથી અર્થાત્ આત્મામાં જ્ઞાનવત્ત્વ સિદ્ધ થવાથી તેમ જ આગળ જઈ ને કહેવામાં આવતી યુક્તિથી જે

લોકો આત્મામાં જ્ઞાન નથી માનતા એ સાંખ્યોના મતનું પણ નિરાકરણ થઈ જાય છે. સાંખ્યમતનું નિરાકરણ કરતા પૂર્વે તેનું નિરૂપણ કરે છે.—प्रकृतिः कर्त्री-ઇત્યાદિ ગ્રંથથી.

સાંખ્યદર્શનાભિમત મૂલતત્ત્વો બે છે (૧) પ્રકૃતિ અને (૨) પુરુષ. એમાં પ્રકૃતિ કાર્યમાત્રને કરનારી છે. પ્રકૃતિનો પરિણામ બુદ્ધિ છે. જેને મહત્તત્વ-અન્તઃકરણ કહેવાય છે. આ બુદ્ધિમાં સર્વકાર્યોનું કર્તૃત્વ હોવાથી વસ્તુતઃ બુદ્ધિ જ કર્ત્રી છે. પરંતુ બુદ્ધિ તત્ત્વનું પરિણામી કારણ પ્રકૃતિ હોવાથી તેને પણ 'कर्त्री' કહેવાય છે. જ્યારે 'પુરુષ' કમલપત્રની જેમ નિર્લેપ છે. કમલના પત્ર ઉપર જેમ પાણીના બિંદુઓ ટકી શકતા નથી. તેવી રીતે સત્ત્વ, રજ કે તમો ભાવના કોઈપણ વિકારોથી પુરુષ લિપ્ત ન હોવાથી 'પુરુષ' નિર્લેપ છે. પરંતુ અપ્રચ્યુત અનુત્પન્ન અને સ્થિર એક જ સ્વભાવાપન્ન એ પુરુષ ચેતન છે. [અહીં ચેતનત્વ પુરૂષમાં જ્ઞાનવત્ત્વ સ્વરૂપ નથી. પરંતુ વિજ્ઞાન સ્વરૂપ છે. એ યાદ રાખવું.] સાંખ્યદર્શનમાં કાર્ય અને કારણનો અભેદ હોવાથી કાર્યના નાશથી કાર્યરૂપે કારણનો પણ નાશ થાય છે. પુરુષને કોઈ પણ કાર્યનું કારણ માનવામાં આવે તો કાર્યરૂપે પુરુષનો નાશ થવાનો પ્રસંગ આવશે અને તેથી પુરુષના અપ્રચ્યુતાદિ સ્વરૂપનો વ્યાઘાત થશે. માટે પુરુષમાં કારણત્વ માનવામાં આવતું નથી. આવા અકારણ પુરુષની બીન જરૂરી કલ્પના કરવાનું શું પ્રયોજન છે ? આ શંકા યોગ્ય નથી. કારણ કે બુદ્ધિના ચૈતન્યાભિમાનને ઉપપન્ન કરવા ચેતન એવા પુરૂષની કલ્પના છે. આશય એ છે કે અન્યત્ર પ્રસિદ્ધ એવી વસ્તુનું જ એના અભાવવદ્ પદાર્થમાં એનું અભિમાન પ્રસિદ્ધ છે. સર્વથા અપ્રસિદ્ધ વસ્તુનું તેમજ પ્રસિદ્ધ વસ્તુનું તેની વિદ્યમાનતામાં અભિમાન પ્રસિદ્ધ નથી. 'चेतनोऽहं करोमि' આ પ્રમાણે બુદ્ધિને ચૈતન્યનું અભિમાન છે. એ અભિમાનના વિષયભૂત ચૈતન્યની પ્રસિદ્ધિ માટે ચૈતન્યના આશ્રય તરીકે પુરુષનું અનુમાન છે. 'આ રીતે પુરુષ કર્ત્તા ન હોવાથી પુરુષમાં ધર્મા-ધર્માધીન સુખદુઃખની

ઉત્પત્તિ પણ નહીં થાય અને તેથી દુઃખધ્વંસ સ્વરૂપ મોક્ષ પણ પુરુષનો નહીં થાય.' આ શંકાનું સમાધાન કરતા કહે છે.

तत्सत्त्वासत्त्वाभ्यामित्यादि—આશય એ છે કે, નિર્મલ સ્ફટિકની જેમ પુરુષનું સ્વરૂપ દર્પણ જેવું સ્વચ્છ–શુદ્ધ છે, બુદ્ધિ ઇન્દ્રિયસ્વરૂપ-નીક દ્વારા ઘટાદિવિષયની સાથે સમ્બદ્ધ બનીને ઘટાદિ વિષયાકાર પરિણામને પામે છે. એતાદૃશ બુદ્ધિ પરિણામ સ્વરૂપ ઘટાદિવિષયક જ્ઞાનની સાથે સમ્બદ્ધ ઘટાદિ વિષય, પોતાના આકારવાલા જ્ઞાનની પરિણામિની બુદ્ધિની સાથે પુરુષને દોષ વિશેષના કારણે ભેદ ગ્રહ ન હોવાથી અગૃહીતાસંસર્ગકત્વ સંબંધથી [અગૃહીતભેદકત્વ સબંધથી] પુરુષમાં પ્રતીત થાય છે. અને તે પુરુષના શુદ્ધસ્વરૂપનું તિરોધાન કરે છે. આ, પુરુષના સ્વરૂપતિરોધાનને સંસાર કહેવાય છે. અને બુદ્ધિના નાશ પછી અર્થાદ્ ભેદગ્રહ થયા પછી બુદ્ધિના પરિ-ણામ સ્વરૂપ જ્ઞાનના વિષયભૂત ઘટાદિનો અવચ્છેદ [સંબંધ] ન હોવાથી તે, પુરુષની અવસ્થાને મોક્ષ કહેવાય છે. દુઃખસંબંધ અને દુઃખધ્વંસસ્વરૂપ સંસાર અને મોક્ષ બુદ્ધિના છે. પુરુષના નહીં. આ રીતે પુરુષના સંસાર અને મોક્ષને જણાવીને સાંખ્યાભિમત બુદ્ધિથી જ્ઞાનની ભિન્નતા જણાવે છે–तस्या एव......ઇત્યાદિ ગ્રંથથી. જેનો આશય ઉપર જણાવ્યો છે. ચૈતન્યાશ્રય પુરુષની કલ્પના, પૂર્વે જણાવ્યા મુજબ બુદ્ધિગત ચૈતન્યાભિમાનની ઉપપત્તિ માટે છે. ત્યાં બુદ્ધિને ચૈતન્યાભિમાન થવાનું કારણ કહે છે—पुरुषे......ઇત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે બુદ્ધિ અને પુરુષને પરસ્પરના ભેદનો ગ્રહ ન હોવાથી પુરુષને કર્તૃત્વનું અભિમાન અને બુદ્ધિને ચૈતન્યનું અભિમાન થાય છે. હવે 'બુદ્ધિથી ઉપલબ્ધિ ભિન્ન છે.' એ વસ્તુને જણાવવા બુદ્ધિના ત્રણ અંશોનું નિરૂપણ કરે છે. ममेदं कर्त्तव्यम्......ઇત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે 'ममेदं कर्त्तव्यम्, ઇત્યાકારક અધ્યવસાયમાં મદંશ પુરુષસંબન્ધ છે. જે બુદ્ધિની સ્વચ્છતાના કારણે તેનું પ્રતિ-બિંબ પડવાથી દર્પણના મુખસંબંધની જેમ અતાત્ત્વિક છે. બુદ્ધિ અને પુરુષ નિર્મળ છે. ઇન્દ્રિયોસ્વરૂપ નીક દ્વારા બાહ્યઘટાદિ વિષયા-

કાર પરિણત બુદ્ધિનું પ્રતિબિંબ પુરુષોમાં પડે છે. તેથી બુદ્ધિના કર્તવ્ય વિષયો પણ બુદ્ધિના પ્રતિબિંબ સાથે પ્રતિબિંબિત થાય છે. આ પ્રતિબિંબના કારણે પુરુષનો બુદ્ધિ સાથેનો જે સંબંધ છે. તે દર્પણમાં પ્રતિબિંબિત મુખનો, દર્પણની સાથેનો જે સંબંધ છે. એના જેવો જ અતાત્ત્વિક છે. 'ममेदं कर्त्तव्यम्' અહીં ઈદમંશ વિષય સંબંધ છે. ઇન્દ્રિય પ્રણાલિકા દ્વારા [ઇન્દ્રિય દ્વારા] બુદ્ધિનો વિષયાકાર જે પરિણામ વિશેષ છે, તે મુખની આગળ ધરેલા દર્પણ ઉપર પડેલા નિઃશ્વાસના કારણે પ્રતીત થતી દર્પણની મલીનતાની જેમ જ તાત્ત્વિક [વાસ્તવિક] છે. આશય એ છે કે તલાવાદિનું પાણી, નીક દ્વારા ભિન્ન ભિન્ન આકારવાલા ક્ષેત્રમાં સંબદ્ધ થઈને તે તે ક્ષેત્રના આકારને જેમ ધારણ કરે છે. તેમ બુદ્ધિ ઇન્દ્રિયસ્વરૂપ નીક દ્વારા ઘટાદિ વિષયની સાથે સંબદ્ધ થઈને તે તે વિષયાકાર પરિણત બને છે. બુદ્ધિની તે તે પરિણતિને જ્ઞાન કહેવાય છે. એતાદૃશ જ્ઞાનાત્મક જ બુદ્ધિ અને વિષયનો સંબંધ છે. જે ઉપર જણાવ્યા મુજબ નિઃશ્વાસાભિહત દર્પણની મલીનતાની જેમ તાત્ત્વિક છે. 'ममेदं कर्तव्यम्, અહીં 'કર્ત્તવ્યમ્' આ વ્યાપારાંશ છે. 'કર્તવ્ય' આ પ્રમાણે બોલાતો શબ્દ સ્વરૂપ સંબંધ છે જેનો તે વ્યાપારાંશ [વ્યાપારઃ કર્તવ્ય ઇત્યાકારક અભિલપ્યમાનઃ અંશઃ=સંબન્ધો યસ્ય સ તથા] અધ્યવસાય સ્વરૂપ છે. આશય એ છે કે ममेदं कर्तव्यम्' ઈત્યાકારક બુદ્ધિને જણાવનારા શબ્દમાં [વાકયમાં] પુરુષ સંબંધ, વિષયસંબંધ અને અધ્યવસાયાત્મક વ્યાપાર સમ્બન્ધનું પ્રતિપાદન થાય છે. આ રીતે બુદ્ધિ ત્રણ અંશવાલી છે. બુદ્ધિનાં જ્ઞાનાત્મક પરિણામની સાથે પુરુષનો અતાત્ત્વિક સંબંધ છે. જેને ઉપલબ્ધિ કહેવાય છે. એતાદૃશ બુદ્ધિપરિણામાત્મક જ્ઞાનની સાથેનો પુરુષ સંબંધ દર્પણની મલીનતાની સાથેના મુખસંબંધની જેમ અતાત્ત્વિક છે. દર્પણની મલીનતાના કારણે, એમાં પ્રતિબિંબિત નિર્મલ મુખની મલીનતા પ્રતીત થાય છે, પરંતુ ત્યાં જેવી રીતે મુખની મલિનતા અતાત્ત્વિક છે તેવી રીતે પુરુષનો ઉપર જણાવ્યા મુજબનો જ્ઞાનાત્મક બુદ્ધિ પરિણામ સાથેનો સંબંધ પણ અતાત્ત્વિક છે.

આવી જ રીતે જ્ઞાનની જેમ જ સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, ધર્મ અને અધર્મ પરિણામો પણ બુદ્ધિના જ છે. કારણ કે, જ્યાં કૃતિ [કર્તૃત્વ] હોય છે ત્યાં જ જ્ઞાન અને સુખાદિ પણ પ્રતીત થાય છે. યદ્યપિ કૃત્યધિકરણમાં સુખાદિની પ્રતીતિ થતી હોવાથી બુદ્ધિના પરિણામ વિશેષ સ્વરૂપ જ સુખાદિને માનવું યુક્ત હોય તો પણ; ધર્માધર્મ અતીન્દ્રિય હોવાથી 'કૃત્યધિકરણમાં તેની પ્રતીતિ થાય છે માટે તે બુદ્ધિના પરિણામ વિશેષ છે.' એ કહેવું યુક્ત નથી. પરંતુ कृतिसामानाधिकरण्येन प्रतीतेः' અહીં 'धार्मिकोऽहं करोमि'...ઇત્યાદિ પ્રતીતિના અનુરોધથી ધર્માધર્મનું ઉપનીતભાન [જ્ઞાન લક્ષણ પ્રત્યાસત્તિથી અલૌકિક પ્રત્યક્ષ] મનાય છે. તેથી 'પ્રતીતિ' શબ્દ પ્રત્યક્ષસામાન્યાર્થક હોવાથી કોઇ દોષ નથી. 'चेतनोऽहं करोमि'...ઇત્યાકારક અનુભવના અનુરોધથી કૃત્યધિકરણ બુદ્ધિમાં જ ચૈતન્ય માનવું જોઇએ' આ પ્રમાણે નહીં કહેવું જોઇએ કારણ કે પરિણામિત્વ અર્થાદ્ અનિત્યધર્માશ્રયત્વ રૂપ હેતુથી બુદ્ધિમાં ચૈતન્યાભાવ સિદ્ધ થાય છે. અર્થાદ્ 'बुद्धिरचेतना परिणामित्वाद् घटादिवत् આ અનુમાન બુદ્ધિમાં ચૈતન્યાભાવનું સાધક છે. આ પ્રમાણેના સાંખ્યમતનું પૂર્વોક્ત યુક્તિથી અને વક્ષ્યમાણ યુક્તિથી નિરાકરણ થાય છે. [અહીં સામાન્યપણે મૂલગ્રંથને સ્પષ્ટ કરવાના આશયથી વિવરણ કર્યું છે. કેટલીક મૂલ પંક્તિઓના આશય સુધી પહોંચવા આથી વધારે વિવરણ આવશ્યક છે. પરંતુ વિવરણના વિસ્તરાદિના ભયથી તે અહીં કર્યું નથી. તે છતાં અભ્યાસી અધ્યાપકો પાસેથી અસ્પષ્ટ પંક્તિઓને સ્પષ્ટ કરાવવા માટે ઉપરનું વિવરણ પર્યાપ્ત છે.]

कृत्यदृष्टभोगानामिव......ઇત્યાદિ આશય એ છે કે, જે અધિકરણમાં કૃતિ છે ત્યાં જ ધર્માધર્મ સ્વરૂપ અદૃષ્ટ પણ છે. અને ત્યાં જ સુખદુઃખના સાક્ષાત્કાર સ્વરૂપ ભોગ પણ છે. તેથી કૃતિ અદૃષ્ટ અને ભોગનું જેમ સામાનાધિકરણ્ય પ્રતીત છે, તેમ જ 'चेतनोऽहं करोमि' આ પ્રતીતિથી કૃત્યધિકરણમાં જ ચેતન્ય પણ કૃતિસમાનાધિકરણ પ્રતીત હોવાથી તદ્‌ભિન્નમાં અર્થાદ્ કર્ત્તાથી ભિન્ન [કર્ત્રી=બુદ્ધિથી ભિન્ન]માં [પુરુષમાં] ચૈતન્ય માનવામાં કોઈ પ્રમાણ નથી.

"कर्तृत्वाश्रयो न चेतनो जन्यधर्माश्रयत्वाद् घटवद्" આ અનુમાનથી ઘટની જેમ જન્યધર્માશ્રયમાં ચૈતન્યાભાવ કર્તૃત્વાશ્રય બુદ્ધિમાં સિદ્ધ હોવાથી ઉક્ત અનુમાન; કૃતિસમાનાધિકરણ ચૈતન્યને માનવામાં બાધક છે. તેથી 'चेतनोऽहं करोमि' ઈત્યાકારક પ્રતીતિ ચૈતન્યાંશમાં બાધિતાર્થ વિષયક હોવાથી ભ્રમાત્મક હોવાથી કૃત્યધિકરણથી ભિન્નાધિકરણ [બુદ્ધિથી ભિન્ન પુરુષ]માં ચૈતન્ય માનવામાં કોઈ દોષ નથી." આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે 'बुद्धिः कर्तृत्वाभाववती जन्यधर्माश्रयत्वाद् घटवद्' આ અનુમાનથી બુદ્ધિમાં કર્તૃત્વાભાવની સિદ્ધિ શકય હોવાથી 'चेतनोऽहं करोमि' ઈત્યાકારક પ્રતીતિ કૃત્યંશમાં પણ ભ્રમાત્મક છે આ પ્રમાણે પણ કહી શકાય છે. આ પ્રમાણે હોવા છતાં કૃતિ અને ચૈતન્યના અધિકરણને ભિન્ન માનવામાં આવે તો બુદ્ધિને નિત્ય માનવાથી મોક્ષના અભાવનો પ્રસંગ આવશે. પૂર્વે જણાવ્યા મુજબ પુરુષમાં સુખદુઃખાદિને સાંખ્યો માનતા ન હોવાથી બુદ્ધિની વિદ્યમાનતામાં અને અવિદ્યમાનતામાં જ પુરુષની સંસાર અને મોક્ષ અવસ્થાને સાંખ્યો સ્વીકારે છે. તેથી બુદ્ધિની નિત્યતામાં તેના સદૈવ સંબંધના સત્ત્વથી પુરુષનો મોક્ષ કયારે પણ નહીં થાય. એ સ્પષ્ટ છે. બુદ્ધિને અનિત્ય માને તો બુદ્ધિની ઉત્પત્તિ પૂર્વે પુરુષની સંસારાભાવાવસ્થાને માનવી પડશે. તેથી અસંસારી પણ ગમે ત્યારે સંસારી થાય છે. એમ જાણીને સંસારી જીવો મોક્ષ પ્રાપ્ત કરવા પ્રયત્ન નહીં કરે.

नन्वचेतन...ઈત્યાદિ–આશય એ છે કે "પૂર્વે જણાવ્યા મુજબ અચેતન એવી મૂલપ્રકૃતિનું કાર્ય હોવાથી બુદ્ધિને અચેતન માનવી પડે છે કારણ કે કાર્ય અને કારણનો પરસ્પર અભેદ છે. તેથી 'चेतनोऽहं करोमि' અહીં ચૈતન્યાંશમાં ભ્રમ મનાય છે. કૃત્યંશમાં નહીં." આ પ્રમાણેનું શંકાકારનું કથન અયુક્ત છે. કારણ કે 'बुद्धिरचेतना प्रकृतिकार्यत्वाद्' આ અનુમાન બુદ્ધિમાં પ્રકૃતિકાર્યત્વ સિદ્ધ ન હોવાથી અસિદ્ધિ દોષથી દુષ્ટ છે. યદ્યપિ 'बुद्धिर्जन्या कर्तृ-

ત્વાદ્' આ અનુમાનથી બુદ્ધિમાં જન્યત્વ સિદ્ધ થાય છે. અને પ્રકૃતિભિન્ન અહંકારાદિતત્ત્વોનું જન્યત્વ બુદ્ધિમાં અસંભવિત હોવાથી બાકી રહેલી પ્રકૃતિનું જ જન્યત્વ [કાર્યત્વ] બુદ્ધિમાં સિદ્ધ થઇ શકે છે. પરંતુ 'કર્ત્તા જન્ય જ હોવો જોઇએ' એમાં કોઈ પ્રમાણ ન હોવાથી બુદ્ધિમાં કાર્યત્વની સિદ્ધિ ન થવાથી પ્રકૃતિકાર્યત્વ પણ અસિદ્ધ છે. કર્ત્તામાં ઉપર જણાવ્યા મુજબ જન્યત્વ તો સિદ્ધ થતું નથી. પણ બીજી રીતે એમાં અનાદિત્વ સિદ્ધ થાય છે. કારણ કે રાગ-રહિતનો જન્મ થતો નથી. અર્થાદ્ રાગસહિતનો જ જન્મ હોય છે. જન્મની પ્રથમક્ષણે થતી બાલકની સ્તનપાનની પ્રવૃત્તિ ઈષ્ટ સાધન-તાના જ્ઞાનપૂર્વકની છે. એ ઈષ્ટ સાધનતાનું જ્ઞાન અનુભવાત્મક નથી. પરંતુ સ્મરણાત્મક છે. અને એ સ્મરણાત્મક જ્ઞાન પૂર્વ જન્મના અનુભવથી જન્ય છે. આ રીતે પ્રત્યેક જન્મ પૂર્વજન્મ પૂર્વકનો હોવાથી ધર્માધર્માદિનો કર્ત્તા આત્મા અનાદિ સિદ્ધ થાય છે. અને અનાદિ ભાવભૂત કાર્યનો નાશ થતો ન હોવાથી આત્મા અવિનાશી હોવાથી આત્માનું નિત્યત્વ સિદ્ધ થાય છે. આ રીતે કર્તૃત્વ વિશિષ્ટ બુદ્ધિમાં પણ નિત્યત્વ સિદ્ધ થવાથી પ્રકૃત્યાદિ તત્ત્વોની કલ્પનાનું કોઇ પ્રયો-જન નથી. "બુદ્ધિ તત્ત્વમાં ઉપર જણાવ્યા મુજબ નિત્યત્વ માનવાથી આત્માથી; સંજ્ઞાના ભેદ સિવાય બીજો કોઈ તેમાં ભેદ નથી." એ સમજી શકાય છે. યદ્યપિ બુદ્ધિથી ભિન્ન પુરુષની કલ્પનામાં "प्रकृतेः क्रियमाणानि......" ઇત્યાદિ ભગવદ્ ગીતાના વચનોનો વિરોધ આવે છે. કારણ કે "પ્રકૃતિના સત્ત્વ, રજ, અને તમ ગુણોદ્વારા સર્વથા બધા કર્મો કરાય છે. ત્યારે અહંકારથી વિમૂઢ આત્મા [પુરુષ] હું પોતે જ કર્ત્તા છું. મારા સિવાય બીજો કોઇ કર્ત્તા નથી. એવું માને છે." આ પ્રમાણેના અર્થને જણાવનારા એ વચનો બુદ્ધિથી ભિન્ન એવા પુરુષના અસ્તિત્વને સ્પષ્ટ રીતે જણાવે છે. તેથી 'બુદ્ધિથી ભિન્ન એવા પુરુષની કલ્પનાનું કોઈ પ્રયોજન નથી.' એ કહેવું યુક્ત નથી. પરંતુ "प्रकृतेः क्रियमाणानि......ઇત્યાદિ ભગવદ્ગીતાના વાક્યોનો અર્થ "અદૃષ્ટના, તેનાથી જન્ય એવા ઈચ્છાદિ ધર્મોદ્વારા

કરાતા કાર્યો હોય છે. છતા અહંકારથી વિમૂઢ થયેલો આત્મા એ બધાનો હું જ કર્તા છું. મારા સિવાય તે ઈચ્છાદિ, કાર્યના કારણ નથી. એ પ્રમાણે માને છે." આ પ્રમાણે છે. એતાદૃશ અર્થને જણાવનારા એ ભગવદ્વચનો બુદ્ધિથી ભિન્ન પુરુષની કલ્પનાને સપ્રયોજન જણાવતાં ન હોવાથી 'બુદ્ધિથી ભિન્ન એવા પુરુષની કલ્પનાનું કોઈ પ્રયોજન નથી' આ કથન અયુક્ત નથી. એ સ્પષ્ટ છે. યદ્યપિ 'प्रकृतेः क्रियमाणानि......' ઇત્યાદિ ભગવદ્વાક્યોનો ઉપર જણાવ્યા મુજબ "પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમ ગુણો દ્વારા......" ઈત્યાદિ આશય નથી. પરંતુ "અદૃષ્ટના, તેનાથી જન્ય એવા ઈચ્છાદિ ગુણો દ્વારા......" ઇત્યાદિ જ આશય છે એમાં શું પ્રમાણ છે? એ શંકા થાય એ સ્વાભાવિક છે. પરંતુ આગળ જઇને ભગવાન્ શ્રી કૃષ્ણે સ્વયં ભગવદ્ગીતામાં "अधिष्ठानं तथा कर्त्ता, करणं पृथग्विधम् । विविधाश्च पृथक् चेष्टा दैवं चैवाऽत्र पञ्चमम्" આ શ્લોકથી કાર્યમાત્રની પ્રત્યે અધિકરણ, કર્ત્તા, કરણ, ચેષ્ટા અને ધર્માધર્મસ્વરૂપ દૈવ [અદૃષ્ટ] આ પાંચેમાં કારણતાનું પ્રતિપાદન કરીને "तत्रैवं सति कर्त्तारमात्मानं केवलं तु यः ।" આ વાકયથી પોતાના સિવાય બીજુ કોઈ કરનારું નથી હું પોતે જ કરનારો છુ" આ પ્રમાણે માનવું એ આત્માની મૂઢતા છે. એ વસ્તુને સ્પષ્ટ કરી છે. એનો વિચાર કરીએ તો 'प्रकृतेः क्रियमाणानि......" ઇત્યાદિ શ્લોકનો અર્થ ઉપર જણાવ્યા મુજબ "અદૃષ્ટના, તેનાથી જન્ય એવા ઇચ્છાદિ ગુણો દ્વારા......" ઇત્યાદિ જ છે. એ સમજી શકાશે. આ પ્રમાણે સંક્ષેપથી સાંખ્ય મતનું નિરાકરણ કર્યું છે. બાકી તો તેમની માન્યતા અનુસાર કાર્ય અને કારણનો અભેદ પણ અસિદ્ધ છે......ઈત્યાદિ વાતો જિજ્ઞાસુઓએ અન્ય ગ્રંથોથી જાણવી. વિસ્તારભયથી ગ્રંથકારે તેનું નિરૂપણ અહીં કર્યું નથી.

## कारिकावली ।

**धर्माधर्माश्रयाध्यक्षो विशेषगुणयोगतः ॥४९॥**
**प्रवृत्त्याद्यनुमेयोऽयं रथगत्येव सारथिः ।**
**अहङ्कारस्याऽऽश्रयोऽयं मनोमात्रस्य गोचरः ॥५०॥**
**विभुर्बुध्यादिगुणवान् ,**

## मुक्तावली ।

धर्माधर्मेति । आत्मेत्यनुषज्यते । शरीरस्य तदाश्रयत्वे देहान्तरकृत-कर्मणां देहान्तरेण भोगानुपपत्तेः । विशेषेति । योग्यविशेषगुणस्य ज्ञान-सुखादेः सम्बन्धेनाऽऽत्मनः प्रत्यक्षत्वं सम्भवति, न त्वन्यथा अहं जानेऽहं करोमीत्यादि प्रतीतेः ॥४९॥ प्रवृत्त्येति । अयमात्मा परदेहादौ प्रवृत्त्यादि-नाऽनुमीयते । प्रवृत्तिरत्र चेष्टा, ज्ञानेच्छाप्रयत्नादीनां देहेऽभावस्योक्त-प्रायत्वात् । चेष्टायाश्च प्रयत्नसाध्यत्वात , चेष्टया प्रयत्नवानात्माऽनुमीयत इति भावः । अत्रदृष्टान्तमाह—रथेति । यद्यपि रथकर्म चेष्टा न भवति, तथाऽपि तेन कर्मणा सारथिर्यथाऽनुमीयते तथा चेष्टात्मकेन कर्मणा परात्मा-नुमीयत इति भावः । अहङ्कारस्येति । अहङ्कारः— अहमिति प्रत्ययः— तस्याश्रयः— विषयः आत्मा न शरीरादिरिति । मन इति । मनोभिन्नेन्द्रि-यजन्यप्रत्यक्षाविषयः, मानसप्रत्यक्षविषयश्चेत्यर्थः । रूपाद्यभावेनेन्द्रियान्तरा-योग्यत्वात् ॥५०॥

विभुरिति—विभुत्वं परममहत्परिमाणवत्त्वं तच्च पूर्वमुक्तमपि स्पष्टा-र्थमुक्तम् । बुध्यादिगुणवानिति । बुद्धिसुखदुःखेच्छादयश्चतुर्दश गुणाः पूर्वमुक्ता वेदितव्याः ।

आत्मेत्यनुषज्यते...ઇત્યાદિ—આશય એ છે કે 'आत्मेन्द्रियाद्यधिष्ठाता...' ઇત્યાદિ ૪૭ મી કારિકાનું 'આત્મા' આ પદનું અનુ-સંધાન ૪૯ મી કારિકાના ઉત્તરાર્દ્ધમાં પણ કરવું તેથી તેનો અર્થ 'ધર્મ અને અધર્મનો આશ્રય એવો આત્મા તેના વિશેષગુણના યોગથી [સંબંધથી] પ્રત્યક્ષ થાય છે.' આ પ્રમાણે છે. ધર્માધર્મના

આશ્રય તરીકે જો શરીરને માનીએ તો પૂર્વજન્મોપાર્જિત ધર્માધર્મના ભોગની અનુપપત્તિ થશે. અન્ય ચૈત્રાદિ શરીર દ્વારા કરેલા કર્મોનો ભોગ અન્ય મૈત્રાદિ શરીર દ્વારા શક્ય નથી. આત્માના યોગ્ય વિશેષ ગુણના યોગથી આત્માનું પ્રત્યક્ષ થાય છે. 'अयं घटः' ઇત્યાદ્યાકારક કેવલ ઘટાદિના પ્રત્યક્ષની જેમ કેવલ 'अयमात्मा' ઈત્યાદ્યાકારક આત્માનું પ્રત્યક્ષ થતું નથી. પરંતુ 'अहं सुखी' 'अहं दुःखी' અથવા 'ज्ञानवानहम्' ઇત્યાદ્યાકારક યોગ્ય વિશેષ ગુણસંબદ્ધ જ આત્માનું પ્રત્યક્ષ થાય છે. જે 'अहं जाने' 'अहं करोमि' ઇત્યાદિ પ્રતીતિથી પણ સ્પષ્ટ સમજી શકાય છે. આ રીતે આત્માના અસ્તિત્વમાં પ્રત્યક્ષ પ્રમાણ સૂચિત થાય છે. યદ્યપિ સ્વશરીરવૃત્તિ આત્માનું જ પ્રત્યક્ષ થતું હોવાથી, પરશરીરમાં આત્માના અસ્તિત્વમાં કોઈ પ્રમાણ નથી. પરંતુ પરશરીરમાં આત્માનું પ્રવૃત્ત્યાદિથી અનુમાન થાય છે. એ વસ્તુને સ્પષ્ટ કરે છે. 'अयमात्मा... ઈત્યાદિ ગ્રંથથી.—આશય એ છે કે, હિતાહિત પ્રાપ્તિપરિહારાનુકૂલ ક્રિયાત્મક ચેષ્ટા સ્વરૂપ પરશરીરની પ્રવૃત્તિના કારણે તદનુકૂલ પ્રયત્નવાન્ આત્માનું પરશરીરમાં અનુમાન કરી શકાય છે. ચેષ્ટાના કારણભૂત જ્ઞાનેચ્છા પ્રયત્ન પણ ચેષ્ટાની જેમ શરીરમાં જ છે. તેથી પરશરીરમાં આત્મા માનવાનું આવશ્યક નથી. આ પ્રમાણે નહીં કહેવું જોઈએ કારણ કે 'શરીરમાં જ્ઞાનાદિ ગુણોનો અભાવ છે.' એ વાત લગભગ કહેવાઇ ગઇ છે. તેથી સ્પષ્ટ છે કે રથની ગતિ સ્વરૂપ ક્રિયાના કારણે તદનુકૂલ પ્રયત્નવાન્ સારથીનું જેમ અનુમાન થાય છે. તેમ પરશરીરના ચેષ્ટાત્મક કર્મના કારણે તદનુકૂલ પ્રયત્નવાન્ આત્માનું પરશરીરમાં અનુમાન થાય છે. આ રીતે 'परकीय शरीरं सात्मकं प्रयत्नजन्यचेष्टाश्रयत्वात्' ઈત્યાકારક અનુમાન પ્રમાણ જ પરશરીરમાં આત્માના અસ્તિત્વનું સૂચક છે. એ સ્પષ્ટ છે. આત્મા 'अहम्' ઈત્યાકારક પ્રતીતિનો વિષય છે. તાદૃશ પ્રતીતિનો વિષય શરીર નથી. આત્મા, મનોભિન્નચક્ષુરાદિઇન્દ્રિયજન્યપ્રત્યક્ષનો વિષય નથી. કારણ કે એમાં રૂપ કે સ્પર્શ નથી. પરંતુ પૂર્વે જણા-

વ્યા મુજબ તેના યોગ્ય [પ્રત્યક્ષના વિષયભૂત] વિશેષ ગુણના સંબંધથી તે, માનસપ્રત્યક્ષનો વિષય છે. આત્મા પરમમહત્પરિમાણનો આશ્રય હોવાથી વિભુ છે. આ વાત પૂર્વે [સાધર્મ્યપ્રકરણ વખતે] જણાવી છે. છતાં સ્પષ્ટતા કરવા જ અહીં ફરીથી કહી છે. વિસ્મરણશીલ શિષ્યોના અનુગ્રહ માટે સ્પષ્ટતા કરવા એક વાત ફરીથી કહેતા 'પુનરુક્તિ' દોષ નથી. સાધર્મ્ય પ્રકરણમાં 'बुद्ध्यादिषट्कं सङ्ख्यादिपञ्चकं भावना तथा । धर्माधर्मौ गुणा एते आत्मनः स्युश्चतुर्दश' આ ગ્રંથથી જણાવેલ ચૌદ ગુણોનો આશ્રય આત્મા છે.

इति मुक्तावलीविवरणे आत्मनिरूपणम् ।

## कारिकावली ।

**बुद्धिस्तु द्विविधा मता ।**
**अनुभूतिः स्मृतिश्च स्यात्, अनुभूतिश्चतुर्विधा ॥५१॥**

## मुक्तावली ।

अत्रैव प्रसङ्गात् कतिपयं बुद्धेः प्रपञ्चं दर्शयति–बुद्धिस्त्विति । द्वैविध्यं व्युत्पादयति–अनुभूतिरिति । एतासां चतसृणां करणानि चत्वारि "प्रत्यक्षानुमानोपमानशब्दाः प्रमाणानि" इति सूत्रोक्तानि वेदितव्यानि । इन्द्रियजन्यं ज्ञानं प्रत्यक्षं यद्यपि मनोरूपेन्द्रियजन्यं सर्वमेव ज्ञानं, तथाऽपीन्द्रियत्वेन रूपेणेन्द्रियाणां यत्र ज्ञाने करणत्वं तत्प्रत्यक्षमिति विवक्षितम् । ईश्वरप्रत्यक्षन्तु न लक्ष्यम्, "इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम्" इति सूत्रे तथैवोक्तत्वात् । अथवा ज्ञानाकरणकं ज्ञानं प्रत्यक्षम् । अनुमितौ व्याप्तिज्ञानस्य, उपमितौ सादृश्यज्ञानस्य. शाब्दबोधे पदज्ञानस्य, स्मृतावनुभवस्य करणत्वात् तत्र नातिऽव्याप्तिः । इदं लक्षणमीश्वरप्रत्यक्षसाधारणम् । परामर्शजन्यं ज्ञानमनुमितिः । यद्यपि परामर्शप्रत्यक्षादिकं परामर्शजन्यं, तथाऽपि परामर्शजन्यं हेत्वविषयकं यद् ज्ञानं तदेवाऽनुमितिः । न च कादाचित्कहेतु–विषयकानुमितावव्याप्तिरिति वाच्यम् । तादृशज्ञानवृत्त्यनुभवत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् ।

अथवा व्याप्तिज्ञानकरणकं ज्ञानमनुमितिः । एवं सादृश्यज्ञानकरणकं ज्ञानमुपमितिः । पदज्ञानकरणकं ज्ञानं शाब्दबोधः । वस्तुतो यां काञ्चिदनुमितिव्यक्तिमादाय तद्व्यक्तिवृत्तित्वे सति यां काञ्चित्प्रत्यक्षव्यक्तिमादाय तद्वृत्तिजातिमत्त्वमनुमितित्वम् । एवं यत्किञ्चित्प्रत्यक्षादिकमादाय तद्व्यक्तिवृत्त्यनुमित्यवृत्तिजातिमत्त्वं प्रत्यक्षत्वादिकं वाच्यमिति ॥५१॥

अथ प्रसङ्गाद् बुद्धि निरूप्यते ।

અનુભવ અને સ્મૃતિ ભેદથી બુદ્ધિ બે પ્રકારની છે. એમાં અનુભવ પ્રત્યક્ષાદિ ભેદથી ચાર પ્રકારનો છે. એ ચાર પ્રકારના અનુભવના ચાર કરણ 'प्रत्यक्षानुमानोपमानशब्दाः करणानि' આ સૂત્રમાં જણાવેલા પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ છે. અર્થાપત્તિનો સમાવેશ અનુમિતિમાં થાય છે. આનુપલબ્ધિકનો સમાવેશ અભાવમાં થાય છે. સાંભવિકાદિનો સમાવેશ શાબ્દબોધાદિમાં થાય છે. તેથી તેના કરણનો સ્વતંત્રપણે વિચાર કરવાની આવશ્યકતા નથી. ચાર પ્રકારના અનુભવમાં પ્રત્યક્ષાત્મક અનુભવનું લક્ષણ 'ઇન્દ્રિય જન્યજ્ઞાનત્વ' છે. યદ્યપિ જ્ઞાન માત્રની પ્રત્યે મન કારણ હોવાથી મનોરૂપ ઇન્દ્રિય જન્યત્વ વિશિષ્ટ જ્ઞાનત્વ તો અનુમિત્યાદિમાં પણ હોવાથી અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ ઇન્દ્રિયજન્ય જ્ઞાનત્વનો અર્થ "ઇન્દ્રિયત્વાવચ્છિન્ન જનકતા નિરૂપિત જન્યત્વ વિશિષ્ટ જ્ઞાનત્વ" આ પ્રમાણે હોવાથી જ્ઞાનમાત્ર નિષ્ઠ જન્યતા નિરૂપિત મન નિષ્ઠ જનકતા ઇન્દ્રિયત્વાવચ્છિન્ન મનાતી ન હોવાથી તાદૃશ ઇન્દ્રિય જન્યત્વ વિશિષ્ટ જ્ઞાનત્વ અનુમિત્યાદિમાં નથી. તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ ઉક્ત રીતે "इन्द्रियत्वावच्छिन्न करणतानिरूपितकार्यताविशिष्टज्ञानत्वं प्रत्यक्षत्वम्;" આ પ્રમાણે લક્ષણ કરવા છતાં ઈશ્વરીય નિત્ય પ્રત્યક્ષમાં તાદૃશ જ્ઞાનત્વ ન હોવાથી અવ્યાપ્તિ આવે છે. પરંતુ અહીં ઇશ્વર પ્રત્યક્ષને લક્ષ્ય માન્યું ન હોવાથી અવ્યાપ્તિ નથી આવતી. અહીં તો "इन्द्रियार्थ......" ઈત્યાદિ સૂત્રાનુસાર જન્યપ્રત્યક્ષ જ લક્ષ્ય છે. "ઇન્દ્રિય અને પદાર્થ સન્નિકર્ષથી જન્ય અવ્યભિચારી જ્ઞાનને પ્રમાત્મક

પ્રત્યક્ષ કહેવાય છે. તે અવ્યપદેશ્ય [નિર્વિકલ્પક] અને વ્યવસાય [સવિકલ્પક] ભેદથી બે પ્રકારનું છે.” આ પ્રમાણે સૂત્રાર્થ છે.

અથવા ઈશ્વરપ્રત્યક્ષસાધારણ, પ્રત્યક્ષ જ્ઞાનનું લક્ષણ 'જ્ઞાનાકરણકત્વ વિશિષ્ટ જ્ઞાનત્વ' આ પ્રમાણે છે. અનુમિતિનું 'વ્યાપ્તિજ્ઞાન' કરણ છે. ઉપમિતિનું 'સાદૃશ્યજ્ઞાન' કરણ છે. શાબ્દબોધનું 'પદજ્ઞાન' કરણ છે. અને સ્મૃતિમાં 'અનુભવ' કરણ છે. આથી સ્પષ્ટ છે કે પ્રત્યક્ષભિન્ન જ્ઞાનની પ્રત્યે 'જ્ઞાન' કરણ છે. પરંતુ જન્ય પ્રત્યક્ષાત્મક જ્ઞાનની પ્રત્યે તો ઇન્દ્રિયો કરણ હોવાથી અને નિત્ય ઈશ્વરીય પ્રત્યક્ષનું કોઈ જ કરણ ન હોવાથી પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર; જ્ઞાનાકરણક છે. આથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે 'જ્ઞાનાકરણકત્વવિશિષ્ટ જ્ઞાનત્વમ્' આ લક્ષણ ઈશ્વરીય પ્રત્યક્ષમાં છે જ.

પરામર્શજન્ય જ્ઞાનને અનુમિતિ કહેવાય છે. યદ્યપિ પરામર્શથી જન્ય એવું જ્ઞાન, પરામર્શનું માનસ પ્રત્યક્ષ પણ છે. તેથી પરામર્શના તે અનુવ્યવસાયમાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ અનુમિતિના લક્ષણમાં 'હેત્વવિષયકત્વ'નો પણ નિવેશ કરી લેવાથી પરામર્શના અનુવ્યવસાયમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે, પરામર્શાત્મક જ્ઞાન હેતુવિષયક હોવાથી તેનો અનુવ્યવસાય પણ હેતુવિષયક હોય છે. તેથી 'પરામર્શજન્યત્વવિશિષ્ટહેત્વવિષયક જ્ઞાનત્વ' પરામર્શના અનુવ્યવસાયમાં ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. યદ્યપિ 'धूमवान् पर्वतो वह्निमान्' ઈત્યાકારક અનુમિતિ વિશેષ પણ પક્ષતાવચ્છેદક વિધયા ધૂમ વિષયક (હેતુવિષયક) હોવાથી તાદૃશ હેત્વવિષયક, પરામર્શજન્યત્વ વિશિષ્ટજ્ઞાનત્વ, તાદૃશ અનુમિતિ વિશેષમાં ન હોવાથી તેમાં અવ્યાપ્તિ આવે છે. પરંતુ ઉક્તલક્ષણનું તાત્પર્ય, “परामर्शजन्यहेत्वविषयकज्ञानवृत्त्यनुभवत्वव्याप्यजातिमत्त्वम्” આ પ્રમાણે છે. 'पर्वतो वह्निमान्' ઈત્યાકારક જે, પરામર્શજન્ય હેત્વવિષયકજ્ઞાનવૃત્તિ અનુભવત્વની વ્યાપ્ય અનુમિતિત્વ જાતિ, તે જાતિ 'धूमवान्पर्वतो वह्निमान्' ઇત્યાકારક અનુમિતિમાં પણ છે. તેથી તેમાં અવ્યાપ્તિ નહીં આવે.

"परामर्शजन्यहेत्वविषयकज्ञानवृत्त्यनुभवत्वव्याप्यजातिमत्त्वम्" આ અનુમિતિનું લક્ષણ ઘટક 'હેત્વવિષયક' આ પદ હેતુવિષયક જ્ઞાન-ભિન્ન જ્ઞાનને જણાવે છે. તેથી આ લક્ષણ પક્ષધર્મતા ઘટિત છે. તેની અપેક્ષાએ લઘુભૂત લક્ષણ જણાવે છે-अथवेत्यादि ગ્રંથથી તેનો આશય સ્પષ્ટ છે. યદ્યપિ અનુમિતિ વગેરે જ્ઞાનની પ્રત્યે વ્યાપ્તિજ્ઞાન વગેરેને વ્યાપ્તિજ્ઞાનત્વ વગેરે રૂપે કરણતા નથી મનાતી પરંતુ જ્ઞાનત્વેન કરણતા મનાય છે. અથવા વ્યાપ્તિ જ્ઞાનાદિને અનુમિત્યાદિની પ્રત્યે કરણ માનતા નથી પરંતુ મનસ્ત્વેન મનને કરણ મનાય છે. તેથી "व्याप्तिज्ञानकरणकं ज्ञानमनुमिति......" ઈત્યાદિ લક્ષણો નિર્દોષ નથી. જોકે અનુમિત્યાદિની પ્રત્યે વ્યાપ્તિજ્ઞાનાદિ જ્ઞાનત્વેન અથવા મનસ્ત્વેન મનને કરણ માનીએ તો એક કરણજન્ય કાર્યમાં ભિન્નતા વગેરે અનુપપન્ન થાય છે. તેથી મનસ્ત્વ વગેરે રૂપથી કરણતા નહીં માની શકાય. આ પ્રમાણે કહી શકાય છે. પણ સામગ્રીની ભિન્નતાના કારણે એક કરણથી જન્ય એવા પણ કાર્યમાં ભિન્નતા વગેરે અસંભવિત નથી. તેથી "व्याप्तिज्ञानकरणकं ज्ञानमनुमिति......" ઇત્યાદિ લક્ષણો નિર્દોષ નથી. એ સમજી શકાય છે. પરંતુ આ આશયથી જ અનુમિત્યાદિના લક્ષણાંતરને જણાવવા वस्तुतो... ઈત્યાદિ ગ્રંથ છે. આશય એ છે કે 'पर्वतो वह्निमान्' ઈત્યાકારક કોઈ એક અનુમિતિ વિશેષમાં રહેનારી અને 'अयं घटः' ઇત્યાકારક કોઈ એક પ્રત્યક્ષ વિશેષમાં નહીં રહેનારી એવી જે જાતિ [અનુમિતિત્વ જાતિ] તજ્જાતિમત્ત્વ આ પ્રમાણે અનુમિતિનું લક્ષણ છે. આવી જ રીતે અનુમિતિના સ્થાને પ્રત્યક્ષાદિનો અને પ્રત્યક્ષના સ્થાને અનુમિતિ વગેરેનો નિવેશ કરી પ્રત્યક્ષાદિના લક્ષણોનું તાત્પર્ય સમજવાનું અશક્ય નથી. અનુમિતિ વગેરેના લક્ષણ ઘટક તત્તત્ પદોનું પ્રયોજન સ્પષ્ટ પ્રાયઃ હોવાથી અહીં જણાવ્યું નથી. જિજ્ઞાસુઓએ પૂર્વે જણાવેલા જાતિઘટિત લક્ષણોનું અનુસંધાન કરીને તે સ્વયં સમજી લેવું જોઇએ.

## कारिकावली

प्रत्यक्षमप्यनुमितिस्तथोपमिति शब्दजे ।
घ्राणजादिप्रभेदेन प्रत्यक्षं षड्विधं मतम् ॥५२॥
घ्राणस्य गोचरो गन्धो गन्धत्वादिरपि स्मृतः ।
तथा रसो रसज्ञाया स्तथा शब्दोऽपि च श्रुतेः ॥५३॥
उद्भूतरूपं नयनस्य गोचरो
द्रव्याणि तद्वन्ति पृथक्त्वसङ्ख्ये ।
विभागसंयोगपरापरत्वस्नेहद्रवत्वं परिमाणयुक्तम् ॥५४॥
क्रियां जातिं योग्यवृत्तिं समवायञ्च तादृशम् ।
गृह्णाति चक्षुः सम्बन्धादालोकोद्भूतरूपयोः ॥५५॥

## मुक्तावली ।

जन्यप्रत्यक्षं विभजते—घ्राणजादीति । घ्राणजं, रासनं, चाक्षुषं, स्पार्शनं, श्रौत्रं, मानसमिति षड्विधं प्रत्यक्षम् । न चेश्वरप्रत्यक्षस्याऽविभजनान्न्यूनत्वं, जन्यप्रत्यक्षस्यैव निरूपणीयत्वात् उक्तसूत्रानुसारात् ॥५२॥

गोचर इति । ग्राह्य इत्यर्थः । गन्धत्वादिरित्यादिपदात् सुरभित्वादिपरिग्रहः । गन्धस्य प्रत्यक्षत्वात् तद्वृत्तिजातिरपि प्रत्यक्षा । गन्धाश्रयग्रहणे तु घ्राणस्याऽसामर्थ्यमिति बोध्यम् । तथा रस इति । रसत्वादिसहित इत्यर्थः । तथा शब्दोऽपि – शब्दत्वादिसहितः । गन्धो रसश्चोद्भूतो बोध्यः ॥५३॥

उद्भूतरूपमिति । ग्रीष्मोष्मादावनुद्भूतं रूपमिति न तत्प्रत्यक्षम् । तद्वन्ति – उद्भूतरूपवन्ति । योग्येति । पृथक्त्वादिकमपि योग्यव्यक्तिवृत्तितया बोध्यम् । तादृशं–योग्यव्यक्तिवृत्तिम् । चक्षुर्योग्यत्वमेव कथं ? तदाह–गृह्णातीति । आलोकसंयोग उद्भूतरूपञ्च चाक्षुषप्रत्यक्षे कारणम् । तत्र द्रव्यचाक्षुषं प्रति तयोः समवायसम्बन्धेन कारणत्वम्, द्रव्यसमवेतरूपादिप्रत्यक्षे स्वाश्रयसमवायसम्बन्धेन, द्रव्यसमवेतसमवेतस्य रूपत्वादेः प्रत्यक्षे स्वाश्रयसमवेतसमवायसम्बन्धेनेति ॥५४–५५॥

## कारिकावली ।

उद्भूतस्पर्शवद्द्रव्यं गोचरः सोऽपि च त्वचः ।
रूपान्यच्चक्षुषो योग्यं रूपमत्राऽपि कारणम् ।५६॥

## मुक्तावली ।

उद्भूतेति । उद्भूतस्पर्शवद्द्रव्यं त्वचो गोचरः । सोऽपि–उद्भूतस्पर्शोऽपि स्पर्शत्वादिसहितः । रूपान्यदिति–रूपभिन्नं रूपत्वादिभिन्नं यच्चक्षुषो योग्यं, तत् त्वगिन्द्रियस्याऽपि ग्राह्यम् । तथा च पृथक्त्वसङ्ख्यादयो ये चक्षुर्ग्राह्या उक्ताः, एवं क्रियाजातिप्रभृतयो योग्यवृत्तयश्च त त्वचो ग्राह्या इत्यर्थः । अत्राऽपि–त्वगिन्द्रियजन्यद्रव्यप्रत्यक्षे रूपं कारणम् । तथा च बहिरिन्द्रियजन्यद्रव्यप्रत्यक्षे रूपं कारणम् ॥ नवीनास्तु बहिरिन्द्रियजन्यद्रव्यप्रत्यक्षमात्रे न रूपं कारणम्, प्रमाणाभावात्, किन्तु चाक्षुषप्रत्यक्षे रूपं, स्पार्शनप्रत्यक्षे स्पर्शः कारणम् । बहिरिन्द्रियजन्यद्रव्यप्रत्यक्षमात्रे किं कारणमिति चेत्, न किञ्चित्, आत्मावृत्तिशब्दभिन्नविशेषगुणवत्त्वं वा प्रयोजकमस्तु । रूपस्य कारणत्वे लाघवमिति चेन्न । वायोस्त्वगिन्द्रियेणाऽग्रहणप्रसङ्गात् । इष्टापत्तिरिति चेत्, उद्भूतस्पर्श एव लाघवात् कारणमस्तु । प्रभाया अप्रत्यक्षत्वे त्विष्टापत्तिरेव किं नेष्यते ? तस्मात् प्रभां पश्यामीतिवद् वायुं स्पृशामीति प्रत्ययस्य सत्त्वाद् वायोरपि प्रत्यक्षत्वं सम्भवत्येव । बहिरिन्द्रियजन्यद्रव्यप्रत्यक्षमात्रे न रूपस्य न वा स्पर्शस्य हेतुत्वम् । वायुप्रभयोरेकत्वं गृह्यत एव, क्वचिद् द्वित्वादिकमपि, क्वचित् सङ्ख्यापरिमाणाद्यग्रहो दोषादित्याहुः ॥५६॥

जन्यप्रत्यक्षं विभजते घ्राणजादिति...ઈત્યાદિ–ઘ્રાણજ, રાસન, ચાક્ષુષ, સ્પાર્શન, શ્રૌત, અને માનસ ભેદથી પ્રત્યક્ષ છ પ્રકારનું છે. યદ્યપિ મૂલમાં નિત્યપ્રત્યક્ષનું વર્ણન કર્યું ન હોવાથી પ્રત્યક્ષ વિભાગ ગ્રંથની ન્યૂનતા છે. પરંતુ "ઈન્દ્રિયાર્થસન્નિકર્ષોત્પન્નં...... ઈત્યાદિ સૂત્રાનુસાર પૂર્વે જણાવ્યા મુજબ જન્ય પ્રત્યક્ષ જ નિરૂપણનો વિષય હોવાથી નિત્યપ્રત્યક્ષનો વિભાગ ન કરવા છતાં, ગ્રંથથી ન્યૂનતા નથી.

'घ्राणस्य गोचरो......આ કારિકામાં વિષયાર્થક 'ગોચર' શબ્દનો પ્રયોગ અનુપપન્ન છે. કારણ કે ઘ્રાણેન્દ્રિય સવિષયક પદાર્થ નથી. તેથી 'ગોચર' શબ્દનો અર્થ કહે છે—ग्राह्य...ઇત્યાદિ—ગંધાદિ ઘ્રાણેન્દ્રિય જન્ય પ્રત્યક્ષના વિષય હોવાથી તાદૃશાર્થક 'ગોચર શબ્દ પ્રયોગ અસંગત નથી, ઘ્રાણેન્દ્રિય જન્ય પ્રત્યક્ષના વિષય ગન્ધ, ગન્ધત્વ, સુરભિત્વ વગેરે છે. ઘ્રાણેન્દ્રિયથી ગંધનું પ્રત્યક્ષ થતું હોવાથી તદ્ગત-ગન્ધત્વાદિ જાતિ પણ તે ઈન્દ્રિય જન્ય પ્રત્યક્ષનો વિષય બને છે. ગન્ધાશ્રય ઘટાદિના પ્રત્યક્ષ માટે ઘ્રાણેન્દ્રિય સમર્થ નથી. રસનેન્દ્રિયથી રસ, રસત્વાદિ જાતિ આદિનું પ્રત્યક્ષ થાય છે. ઘ્રાણેન્દ્રિયની જેમ જ રસના આશ્રય જલાદિના પ્રત્યક્ષ માટે રસનેન્દ્રિય પણ સમર્થ નથી. આવી જ રીતે શ્રવણેન્દ્રિય પણ દ્રવ્યના પ્રત્યક્ષ માટે અસમર્થ છે. શ્રવણેન્દ્રિયથી શબ્દ અને શબ્દત્વાદિ જાતિ વગેરેનું પ્રત્યક્ષ થાય છે. અહીં ઘ્રાણેન્દ્રિયાદિથી જે ગન્ધાદિનું પ્રત્યક્ષ થાય છે. તે ગન્ધાદિ ઉદ્ભૂત જાણવા. અનુદ્ભૂત ગન્ધાદિનું પ્રત્યક્ષ થતું નથી.

ઉદ્ભૂતરૂપ, ઉદ્ભૂતરૂપવાળા દ્રવ્યો, પૃથક્ત્વ, સંખ્યા, વિભાગ, સંયોગ પરત્વ, અપરત્વ, સ્નેહ, દ્રવત્વ, મધ્યમમહત્ અને મધ્યમ દીર્ઘ પરિમાણ, જેનું ચાક્ષુષ પ્રત્યક્ષ થાય છે તેવા પદાર્થવૃત્તિ ક્રિયા, જાતિ, અને સમવાય વગેરેને આલોક અને ઉદ્ભૂતરૂપના સંબંધથી ચક્ષુ ઇન્દ્રિય ગ્રહણ કરે છે. ગ્રીષ્માદિમાં [તાપ–માટી વગેરેમાં પ્રવિષ્ટ તેજ વગેરેમાં] અનુદ્ભૂતરૂપ હોવાથી તેનું પ્રત્યક્ષ થતું નથી. ચાક્ષુષ પ્રત્યક્ષની પ્રત્યે ઉદ્ભૂતરૂપ અને આલોક સંયોગ કારણ છે. દ્રવ્યચાક્ષુષ પ્રત્યક્ષની પ્રત્યે તે સમવાય સંબંધથી કારણ છે. "દ્રવ્યસમવેત રૂપાદિના પ્રત્યક્ષની પ્રત્યે તે સ્વાશ્રયસમવાય સંબંધથી કારણ છે. અને દ્રવ્યસમવેત સમવેત રૂપત્વાદિના પ્રત્યક્ષની પ્રત્યે તે સ્વાશ્રય સમવેત સમવાય સંબંધથી કારણ છે." આ વાત તર્કસંગ્રહના જ્ઞાતાઓ સારી રીતે સમજી શકે છે.

ત્વગિન્દ્રિયથી જન્ય પ્રત્યક્ષનો વિષય ઉદ્ભૂતસ્પર્શવદ્ દ્રવ્ય છે. તેમજ તે ઉદ્ભૂતસ્પર્શ અને સ્પર્શત્વ જાતિ વગેરે પણ ત્વગિન્દ્રિય-

જન્ય પ્રત્યક્ષના વિષય છે. રૂપ અને રૂપત્વ જાતિ વગેરેને છોડીને અન્ય રૂપવદ્દ્રવ્ય, પૃથક્ત્વાદિ જે ચક્ષુગ્રાહ્ય છે તે પણ ત્વગિન્દ્રિયગ્રાહ્ય છે. ત્વગિન્દ્રિય જન્ય દ્રવ્ય પ્રત્યક્ષની પ્રત્યે પણ રૂપ કારણ છે. તેથી સ્પષ્ટ છે કે 'બહિરિન્દ્રિય જન્ય દ્રવ્ય પ્રત્યક્ષની પ્રત્યે રૂપ કારણ છે.'

નવીનાસ્તુ......ઈત્યાદિ—આશય એ છે કે, બહિરિન્દ્રિય જન્ય દ્રવ્ય પ્રત્યક્ષની પ્રત્યે ન તો રૂપ કારણ છે અને ન તો સ્પર્શ કારણ છે. કારણ કે તાદૃશ દ્રવ્ય પ્રત્યક્ષની પ્રત્યે રૂપને કારણ માનીએ તો વાયુનું પણ પ્રત્યક્ષ થવાની આપત્તિ આવશે. અને ઉદ્ભૂત સ્પર્શને કારણ માનીએ તો તદ્દભાવવત્ પ્રભાનું ચાક્ષુષ પ્રત્યક્ષ પણ નહીં થાય. તેથી બહિરિન્દ્રિય જન્ય દ્રવ્ય પ્રત્યક્ષની પ્રત્યે રૂપ કે સ્પર્શ કારણ નથી. પરન્તુ ચાક્ષુષ પ્રત્યક્ષની પ્રત્યે રૂપ કારણ છે. અને સ્પાર્શન પ્રત્યક્ષની પ્રત્યે સ્પર્શ કારણ છે. કારણ કે તાદૃશ કાર્યકારણભાવમાં કાર્ય કારણનો અન્વય વ્યતિરેક ઉપલબ્ધ છે. બહિરિન્દ્રિય જન્ય દ્રવ્ય પ્રત્યક્ષમાં કારણ કોણ છે? એ પ્રશ્નના ઉત્તરમાં 'કોઈ જ કારણ નથી.' એ જાણવું. ગગનાદિ દ્રવ્યોનું બહિરિન્દ્રિય જન્ય પ્રત્યક્ષ થતું ન હોવાથી બહિરિન્દ્રિય જન્ય પ્રત્યક્ષાત્મક કાર્યના અભાવમાં કોઈ પણ પ્રયોજક માનવાનું આવશ્યક છે. ઉક્ત રીતે બહિરિન્દ્રિય જન્ય દ્રવ્ય પ્રત્યક્ષની પ્રત્યે કોઈને પણ કારણ ન માનીએ, અને ચાક્ષુષ તેમજ ત્વાચ પ્રત્યક્ષની પ્રત્યે રૂપ અને સ્પર્શને અનુક્રમે કારણ માનીએ તો, રૂપાભાવ અને સ્પર્શાભાવને; ગગનાદિ દ્રવ્યના પ્રત્યક્ષાભાવની પ્રત્યે પ્રયોજક માનવા પડશે. આ રીતે ઉભયમાં તાદૃશ પ્રત્યક્ષાભાવની પ્રયોજકતા માનવામાં ગૌરવ સ્પષ્ટ છે. તેથી બહિરિન્દ્રિય જન્ય પ્રત્યક્ષની પ્રત્યે; તાદૃશ પ્રત્યક્ષાભાવની પ્રયોજકતાના નિર્વાહ માટે [ લઘુભૂત પ્રયોજકતાના નિર્વાહ માટે ] કોઈને પણ કારણ માનવું જરૂરી છે. આ આશયથી બહિરિન્દ્રિય જન્ય દ્રવ્ય પ્રત્યક્ષની પ્રત્યે જે પ્રયોજક છે, તેને જણાવેછે — आत्माऽवृत्ति......ઈત્યાદિ ગ્રંથથી.

આશય એ છે કે બહિરિન્દ્રિય જન્યદ્રવ્ય પ્રત્યક્ષની પ્રત્યે, આત્મામાં નહીં રહેનારા શબ્દભિન્ન વિશેષગુણોનું પ્રયોજકત્વ છે. અને તાદૃશ આત્માऽવૃત્તિ શબ્દભિન્ન વિશેષગુણ વત્ત્વાભાવ, બહિરિન્દ્રિય જન્યદ્રવ્યપ્રત્યક્ષાભાવની પ્રત્યે પ્રયોજક છે. બહિરિન્દ્રિય જન્યદ્રવ્યપ્રત્યક્ષની પ્રત્યે માત્ર શબ્દભિન્ન વિશેષગુણવત્ત્વ, અથવા આત્માऽવૃત્તિ વિશેષગુણવત્ત્વ, કે આત્માऽવૃત્તિ શબ્દભિન્ન ગુણવત્ત્વને જ પ્રયોજક માનીએ તો ક્રમશઃ આત્માના, આકાશના, અને કાલાદિના બહિરિન્દ્રિય જન્ય પ્રત્યક્ષની આપત્તિ આવશે. વિવક્ષિત પ્રયોજકતાથી એ આપત્તિ નહીં આવે કારણ કે આત્માવૃતિ શબ્દભિન્ન વિશેષગુણ [રૂપાદિ] વત્ત્વ, આત્મામાં, આકાશમાં કે કાલાદિમાં નથી. એ અત્યન્ત સ્પષ્ટ છે. 'બહિરિન્દ્રિય જન્યદ્રવ્ય પ્રત્યક્ષની પ્રત્યે તાદૃશ આત્માવૃત્તિ શબ્દાભિન્ન વિશેષ ગુણવત્ત્વને પ્રયોજક માનવાની અપેક્ષાએ લઘુભૂત રૂપવત્ત્વને જ પ્રયોજક માનવું જોઈએ' એ પ્રમાણે કહેવું યોગ્ય નથી. કારણ કે તાદૃશ પ્રત્યક્ષની પ્રત્યે રૂપવત્ત્વને પ્રયોજક માનવાથી રૂપાભાવવદ્ વાયુનું ત્વગિન્દ્રિયથી પણ પ્રત્યક્ષ નહીં થાય. યદ્યપિ વાયુનું ત્વગિન્દ્રિયથી પણ પ્રત્યક્ષ થતું ન હોવાથી, પ્રત્યક્ષના અભાવની આપત્તિ એ આપત્તિ નથી. પરંતુ તાદૃશપ્રત્યક્ષની પ્રત્યે ઉદ્‌ભૂતરૂપવત્ત્વની જેમ ઉદ્‌ભૂતસ્પર્શવત્ત્વને જ પ્રયોજક માનવાનું પણ કહી શકાય છે. યદ્યપિ ઉદ્‌ભૂતસ્પર્શવત્ત્વને તાદૃશપ્રત્યક્ષની પ્રત્યે પ્રયોજક માનવાથી ઉદ્‌ભૂતસ્પર્શવત્ત્વના અભાવવત્ પ્રભાનું ચાક્ષુષ પ્રત્યક્ષ નહીં થાય. પરંતુ પ્રભાના પ્રત્યક્ષાભાવની આપત્તિને પણ ઇષ્ટાપત્તિ કહી શકાય છે. તેથી 'प्रभां पश्यामि' આ અનુભવને અનુરૂપ જો પ્રભાનું પ્રત્યક્ષ ઇષ્ટ છે તો 'वायुं स्पृशामि' આ અનુભવને અનુરૂપ વાયુનું પણ પ્રત્યક્ષ માનવું જોઈએ. આથી સમજી શકાય છે કે, વાયુના પ્રત્યક્ષના અભાવની આપત્તિનું નિવારણ કરવા બહિરિન્દ્રિયજન્યદ્રવ્યપ્રત્યક્ષની પ્રત્યે ઉદ્‌ભૂતરૂપવત્ત્વને પ્રયોજક માન્યા વિના, આત્માऽવૃત્તિશબ્દભિન્નવિશેષગુણવત્ત્વને પ્રયોજક માનવાનું જ યોગ્ય છે. ઉદ્‌ભૂતરૂપવત્ત્વ કે ઉદ્‌ભૂતસ્પર્શવત્ત્વ, તાદૃશ

પ્રત્યક્ષનું પ્રયોજક નથી. યદ્યપિ 'वायुं स्पृशामि' આ અનુભવથી જો વાયુનું સ્પાર્શન પ્રત્યક્ષ માનીએ તો વાયુગત એકત્વ સંખ્યાના પ્રત્યક્ષની આપત્તિ આવશે તેથી વાયુનું સ્પાર્શન પ્રત્યક્ષ નહીં માનવું જોઈએ, પરંતુ પ્રભાની સંખ્યાની જેમ જ વાયુગત એકત્વ સંખ્યાનું પણ પ્રત્યક્ષ ઇષ્ટ હોવાથી, વાયુના સ્પાર્શન પ્રત્યક્ષને માનવામાં કોઈ દોષ નથી. કવચિદ્ તો વાયુની દ્વિત્વાદિ સંખ્યાનું પણ પ્રત્યક્ષ થાય છે. કોઈવાર સ્વસજાતીયના મળવા [એકમેક થવા] સ્વરૂપદોષ વિશેષથી સ્વગત સંખ્યા કે પરિમાણાદિનું ગ્રહણ થતું નથી. એમાં સ્વાશ્રયનું અપ્રત્યક્ષ પ્રયોજક નથી. એ સમજવાનું અશક્ય નથી.

## कारिकावली

**द्रव्याध्यक्षे त्वचो योगो मनसा ज्ञान कारणम् ।**
**मनोग्राह्यं सुखं दुःखमिच्छा द्वेषो मतिः कृतिः ॥५७॥**

## मुक्तावली ।

त्वचो योग इति । त्वङ्मनोसंयोगो ज्ञानसामान्ये कारणमित्यर्थः । किन्तत्र प्रमाणम् ? सुषुप्तिकाले त्वचं त्यक्त्वा पुरीतति वर्त्तमानेन मनसा ज्ञानाऽजननमिति । ननु सुषुप्तिकाले किं ज्ञानं भविष्यति ? अनुभवरूपं, स्मरणरूपं वा ? नाद्यः, अनुभवसामग्र्यभावात् । तथाहि– चाक्षुषादिप्रत्यक्षे चक्षुरादिना सह मनः संयोगस्य हेतुत्वात् तदभावादेव न चाक्षुषादिप्रत्यक्षम् । ज्ञानादेरभावादेव न मानसं प्रत्यक्षम्, ज्ञानाद्यभावे चात्मनोऽपि न प्रत्यक्षमिति । व्याप्तिज्ञानाभावादेव नाऽनुमितिः, सादृश्यज्ञानाभावान्नोपमितिः, पदज्ञानाभावान्न शाब्दबोधः । इत्यनुभवसामग्र्यभावान्नानुभवः । उद्बोधकाभावाच्च न स्मरणम् । मैवम् । सुषुप्तिप्राक्कालोत्पन्नेच्छादिव्यक्ते स्तनुसम्बन्धेनाऽऽत्मनश्च प्रत्यक्षत्वप्रसङ्गात्, तदतीन्द्रियत्वे मानाभावात् । सुपुप्तिप्राक्काले निर्विकल्पकमेव नियमेन जायत इत्यत्राऽपि प्रमाणाभावात् । अथ ज्ञानमात्रे त्वङ्मनःसंयोगस्य यदि कारणत्वं तदा रासन–चाक्षुषादिप्रत्यक्षकाले त्वाचप्रत्यक्षं स्यात्, विषयत्वङ्संयोगस्य

त्वङ्मनःसंयोगस्य च तत्र सत्त्वात्, परस्परप्रतिबन्धादिकमपि वा न स्यादिति । अत्र केचित् पूर्वोक्तयुक्त्या त्वङ्मनःसंयोगस्य ज्ञानहेतुत्वे सिद्धे चाक्षुषादिसामग्र्याः स्पार्शनादिप्रतिबन्धकत्वमनुभवानुरोधात्कल्प्यत इति । अन्ये तु सुषुप्त्यनुरोधेन चर्ममनःसंयोगस्य ज्ञानहेतुत्वं कल्प्यते, चाक्षुषादिप्रत्यक्षकाले त्वङ्मनःसंयोगाभावान्न त्वाचप्रत्यक्षमिति ॥ मनोग्राह्यमिति मनोजन्यप्रत्यक्षविषय इत्यर्थः । मतिः–ज्ञानम् । कृतिः–प्रयत्नः एवं सुखत्वदुःखत्वादिकमपि मनोग्राह्यम् । एवमात्माऽपि मनोग्राह्यः किन्तु 'मनोमात्रस्य गोचरः' इत्यनेन पूर्वमुक्तत्वादत्र नोक्तः ॥५७॥

त्वङ्मनःसंयोगो......ઈત્યાદિ—જન્યજ્ઞાનમાત્રની પ્રત્યે ત્વગ્ અને મનનો સંયોગ કારણ છે. 'જન્યજ્ઞાનમાત્રની પ્રત્યે ત્વઙ્મનઃસંયોગ કારણ છે.' એમાં શું પ્રમાણ છે? આવી શંકા નહીં કરવી જોઈએ કારણ કે, ત્વગિન્દ્રિયને છોડીને મન જ્યારે પુરીતત્ નાડીમાં વર્તે છે. ત્યારે તાદૃશ ત્વગસંયુક્ત મનથી જ્ઞાનની ઉત્પત્તિ થતી નથી. અને ત્વગ્‌ની સાથે સંયુક્ત મનથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. ત્વઙ્મનઃ-સંયોગ અને જ્ઞાનનો એતાદૃશ અન્વય વ્યતિરેક જ જ્ઞાન [જન્ય-જ્ઞાન] સામાન્યની પ્રત્યે ત્વઙ્મનઃ સંયોગને કારણ માનવામાં પ્રમાણ છે. યદ્યપિ, જ્યારે મન પુરીતત્ નાડીમાં પ્રવેશે છે ત્યારે સુષુપ્તિ અવસ્થામાં મનથી કયા જ્ઞાનની ઉત્પત્તિનો સંભવ છે? અનુભવાત્મક કે સ્મરણાત્મક? એમાંથી અનુભવાત્મક જ્ઞાનની ઉત્પત્તિનો કોઈ પણ રીતે સંભવ નથી. કારણ કે અનુભવને ઉત્પન્ન કરનારી સામગ્રીનો [કારણોના સમુદાયનો]સુષુપ્તિકાળમાં અભાવ છે. [૧ યદ્યપિ,નો સંબંધ પૃ. ૧૬૪ પં. ૧૩ પર બનવા જોગ છે. તેની સાથે છે.] બહિરિન્દ્રિય જન્ય ચાક્ષુષાદિ પ્રત્યક્ષની પ્રત્યે ચક્ષુ વગેરે ઇન્દ્રિય અને મનનો સંયોગ કારણ છે. પુરીતત્ નાડી પ્રવિષ્ટ મનની સાથે ચક્ષુ વગેરે ઇન્દ્રિયોનો સંયોગ ન હોવાથી ચાક્ષુષાદિ પ્રત્યક્ષનો નિદ્રાવસ્થામાં સંભવ નથી. તાદૃશ ચાક્ષુષાદિ પ્રત્યક્ષાત્મક જ્ઞાન તથા ઇચ્છા વગેરેનો અભાવ હોવાથી તદ્‌વિષયક જ્ઞાનસ્વરૂપ [અનુવ્યવસાયાત્મક] માનસ પ્રત્યક્ષનો સંભવ નથી. અને જ્ઞાનાદિ વિશેષગુણોના

[યોગ્ય વિશેષગુણોના] અભાવના કારણે આત્માના પણ માનસ પ્રત્યક્ષનો સંભવ નથી. કારણ કે આત્માનું માનસ પ્રત્યક્ષ તેના [આત્માના] યોગ્ય વિશેષગુણના યોગે થાય છે. વ્યાપ્તિજ્ઞાનના અભાવથી અનુમિતિનો સાદૃશ્યજ્ઞાનના અભાવથી ઉપમિતિનો અને પદજ્ઞાનના અભાવથી શાબ્દબોધનો પણ સંભવ નથી. આ રીતે ચારે પ્રકારના અનુભવની સામગ્રીના અભાવે નિદ્રા વખતે અનુભવાત્મક જ્ઞાનનો તો કોઈ પણ રીતે પ્રસંગ નથી. અને સ્મરણાત્મક જ્ઞાનના જનક સંસ્કારનું કોઇ ઉદ્‌બોધક નથી. તેથી સ્મરણાત્મક જ્ઞાનનો પણ સુષુપ્તિ કાળમાં પ્રસંગ નથી. આથી સ્પષ્ટ છે. કે સુષુપ્તિકાલીન જ્ઞાનસામાન્યાભાવનું પ્રયોજકત્વ, તત્તદ્‌જ્ઞાનાનુકૂલસકલસામગ્રીના અભાવમાં હોવાથી જન્યજ્ઞાન સામાન્યની પ્રત્યે તદનુરોધથી પૂર્વે જણાવ્યા મુજબ ત્વઙ્‌મનઃસંયોગને કારણ શા માટે માનવું જોઈ એ ? આ પ્રમાણે અહીં શંકા થાય એ બનવા જોગ છે. પરંતુ આવી શંકા નહીં કરવી જોઈએ; કારણ કે સુષુપ્તિકાળના અવ્યવહિત પૂર્વક્ષણોત્પન્ન ઇચ્છાદિ [આત્માના યોગ્ય વિશેષગુણ] ના સંબંધથી નિદ્રાકાળમાં તદ્‌વાન્ આત્માના માનસ પ્રત્યક્ષનો; ત્વઙ્‌મનઃસંયોગને જન્યજ્ઞાનની પ્રત્યે કારણ ન માનીએ તો; પ્રસંગ આવશે. યદ્યપિ સુષુપ્તિકાલાવ્યવહિત પૂર્વક્ષણમાં ઉત્પન્ન જ્ઞાનાદિ ગુણો [ઈચ્છાદિગુણો] અતીન્દ્રિય હોવાથી તેને લઇને સુષુપ્તિકાલમાં આત્માના માનસ પ્રત્યક્ષનો પ્રસંગ નહીં આવે. એ પ્રમાણે કહી શકાય છે. પરંતુ 'તાદૃશ જ્ઞાનાદિગુણો અતીન્દ્રિય છે.' એમાં કોઈ પ્રમાણ નથી. 'સુષુપ્તિકાલાવ્યવહિત પ્રાક્‌ક્ષણમાં નિર્વિકલ્પક જ જ્ઞાન થાય છે અને તે અતીન્દ્રિય હોવાવી ઉપર જણાવ્યા મુજબ તાદૃશ પ્રત્યક્ષ પ્રસંગ નહીં આવે.' આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે 'નિદ્રાના કાલની પૂર્વે નિયમથી નિર્વિકલ્પક જ જ્ઞાન થાય છે.' એમાં પણ કોઈ પ્રમાણ નથી.

અથ જ્ઞાનમાત્રે......ઇત્યાદિ—આશય એ છે કે, જન્યજ્ઞાનમાત્રની પ્રત્યે ઉપર જણાવ્યા મુજબ ત્વઙ્‌મનઃસંયોગને કારણ માનવામાં

આવે તો ભુજયમાનદ્રવ્યના ચાક્ષુષ પ્રત્યક્ષના કાલમાં ત્વઙ્મનઃસંયોગ અને ત્વગ્વિષયસંયોગ પણ હોવાથી સ્પાર્શન પ્રત્યક્ષનો પણ પ્રસંગ આવશે. યદ્યપિ આવા વખતે ચાક્ષુષ પ્રત્યક્ષની સામગ્રી સ્પર્શન પ્રત્યક્ષની પ્રત્યે પ્રતિબંધક હોવાથી તાદૃશ ત્વાચપ્રત્યક્ષનો પ્રસંગ નહીં આવે પરંતુ ચાક્ષુષપ્રત્યક્ષની સામગ્રીની જેમ સ્પાર્શન પ્રત્યક્ષની સામગ્રી, ચાક્ષુષપ્રત્યક્ષની પ્રત્યે પ્રતિબંધક હોવાથી, ભુજયમાનદ્રવ્યના ચાક્ષુષપ્રત્યક્ષના કાલમાં ઉભયવિધસામગ્રીથી પરસ્પર ચાક્ષુષ અને ત્વાચ પ્રત્યક્ષનો પ્રતિબંધ થવાથી એક પણ પ્રત્યક્ષ નહીં થાય. તેથી જન્યજ્ઞાનમાત્રની પ્રત્યે ઉપર જણાવ્યા મુજબ ત્વઙ્મનઃસંયોગને કારણ માનવાનું યુક્તિસઙ્ગત નથી. આ પ્રમાણે શંકાકારનો આશય છે. એ શઙ્કાનું સમાધાન કરતા કેટલાક કહે છે—अत्र केचिदित्यादि । એ ગ્રંથનો આશય એ છે કે. પૂર્વે જણાવ્યા મુજબ પુરીતત્ નાડીમાં પ્રવિષ્ટ મનથી સુષુપ્તિકાલમાં જ્ઞાનાજનનને ઉપપન્ન કરવા જન્યજ્ઞાનમાત્રની પ્રત્યે ત્વઙ્મનઃસંયોગની કારણતા સિદ્ધ થયા બાદ; ભુજયમાનદ્રવ્યનાં ચાક્ષુષપ્રત્યક્ષના કાલમાં સ્પાર્શનપ્રત્યક્ષાભાવના અનુભવને અનુરૂપ ચાક્ષુષાદિસામગ્રીને સ્પાર્શનાદિ પ્રત્યક્ષની પ્રત્યે પ્રતિબંધક મનાય છે. તેથી ભુજયમાનદ્રવ્યના ચાક્ષુષપ્રત્યક્ષના કાળમાં સ્પાર્શનપ્રત્યક્ષની આપત્તિ નહીં આવે.

ભુજયમાન દ્રવ્યના ચાક્ષુષપ્રત્યક્ષના કાળમાં ઉપર જણાવ્યા મુજબ ઉભયવિધસામગ્રીથી ચાક્ષુષાદિપ્રત્યક્ષનો પરસ્પર પ્રતિબંધ થવાથી એકેય પ્રત્યક્ષ નહીં થાય આ પ્રમાણેની શંકાનું સમાધાન કરવા કેટલાક કહે છે—अन्ये तु……ઇત્યાદિ—આશય એ છે કે, પુરીતત્ નાડીમાં પ્રવિષ્ટ મનથી સુષુપ્તિકાળે જ્ઞાનની અનુત્પત્તિને અનુસારે જન્યજ્ઞાનની પ્રત્યે ચર્મમનઃસંયોગને કારણ માનવું જોઈએ. સુષુપ્તિ કાળમાં તાદૃશચર્મમનઃસંયોગ ન હોવાથી જ્ઞાનની ઉત્પત્તિનો પ્રસંગ નહીં આવે. તેમજ ભુજયમાનદ્રવ્યના ચાક્ષુષપ્રત્યક્ષના કાળમાં તાદૃશચર્મમનઃસંયોગ હોવા છતાં ત્વઙ્મનઃસંયોગ ન હોવાથી સ્પાર્શનપ્રત્યક્ષનો પણ પ્રસંગ નહીં આવે.

मनोजन्य.........ઇત્યાદિ--સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, જ્ઞાન, પ્રયત્ન અને સુખત્વ, દુઃખત્વ વગેરે માનસપ્રત્યક્ષના વિષય છે. આવી જ રીતે આત્મા પણ માનસપ્રત્યક્ષનો વિષય છે. પરન્તુ ૫૦ મી કારિકામાં 'मनोमात्रस्य गोचरः' આ ગ્રંથથી એ વાત જણાવી હોવાથી, અહીં કહેવામાં નથી આવી.

कारिकावली

**ज्ञानं यन्निर्विकल्पाख्यं तदतीन्द्रियमिष्यते ।**
**महत्त्वं षड्विधेहेतुरिन्द्रियं करणं मतम् ॥५८॥**

मुक्तावली

चक्षुःसंयोगाद्यनन्तरं 'घट' इत्याकारकं घटत्वादिविशिष्टविषयकं ज्ञानं न सम्भवति, पूर्वं विशेषणस्य घटत्वादेर्ज्ञानाभावात्, विशिष्टबुद्धौ विशेषणज्ञानस्य कारणत्वात् तथा च प्रथमतो घटघटत्वयो वैशिष्ट्यानवगाह्येव ज्ञानं जायते, तदेव निर्विकल्पकम् । तच्च न प्रत्यक्षम् । तथाहि वैशिष्ट्यानवगाहिज्ञानस्य प्रत्यक्षं न भवति, घटमहं जानामीति प्रत्ययात्, तत्राऽत्मनि ज्ञानं प्रकारीभूय भासते । ज्ञाने घट स्तत्र घटत्वं, यः प्रकारः स एव विशेषणमित्युच्यते विशेषणे यद्विशेषणं तद् विशेषणतावच्छेदकमित्युच्यते विशेषणतावच्छेदकप्रकारकं ज्ञानं, विशिष्टवैशिष्ट्यज्ञाने कारणम्, निर्विकल्पके च घटत्वादिकं न प्रकार स्तेन घटत्वादिविशिष्टघटादिवैशिष्ट्यभानं ज्ञाने न सम्भवति । घटत्वाद्यप्रकारकं च घटादिविशिष्टज्ञानं न सम्भवति, जात्यखण्डोपाध्यतिरिक्तपदार्थज्ञानस्य किञ्चिद्धर्मप्रकारकत्वनियमात् ।

મૂલમાં 'ज्ञानं यन्निर्विकल्पाख्यमतीन्द्रियमिष्यते' આ પ્રમાણે જે કહ્યું છે. તેમાં નિર્વિકલ્પકજ્ઞાનમાં પ્રમાણ જણાવવા માટે કહે છે— चक्षुःसंयोगान्तद्यनन्तरं......ઇત્યાદિ—આશય એ છે કે નિર્વિકલ્પક જ્ઞાનને જો ન માનીએ તો, ચક્ષુઃસંયોગાદિ પછી 'अयं घटः' ઇત્યાદ્યાકારક ઘટત્વાદિવિશિષ્ટ વિષયકજ્ઞાન નહીં થઈ શકે. કારણ કે તાદૃશવિશિષ્ટવિષયકજ્ઞાનની પ્રત્યે વિશેષણજ્ઞાન કારણ છે અને નિર્વિ-

કલ્પક જ્ઞાન ન માનીએ તો તાદૃશ વિશેષણ વિષયકજ્ઞાનના અભાવે તદ્વિશિષ્ટ વિષયક જ્ઞાન નહીં થાય. તેથી ચક્ષુઃસંયોગાદિ પછી થનારા 'अयं घटः' ઇત્યાદ્યાકારક વિશિષ્ટ વિષયકજ્ઞાનની ઉત્પત્તિ માટે એની પૂર્વે વિશેષણ વિષયક જ્ઞાન અવશ્ય માનવું જોઇએ અને તે ઘટ, ઘટત્વાદિનું વૈશિષ્ટ્યા [સંબંધા] નવગાહી જ્ઞાન નિર્વિ-કલ્પક છે. આ નિર્વિકલ્પકજ્ઞાનનું પ્રત્યક્ષ થતું નથી. નિર્વિકલ્પકજ્ઞાન જે રીતે પ્રત્યક્ષનો વિષય બનતું નથી; તેને સ્પષ્ટ કરે છે. तथाहि... ઇત્યાદિ ગ્રંથથી—આશય એ છે કે, પૂર્વે જણાવ્યા મુજબ એ સ્પષ્ટ છે કે નિર્વિકલ્પકજ્ઞાન વિશિષ્ટવૈશિષ્ટયનું અનવગાહિ હોય છે. એ વિશિષ્ટવૈશિષ્ટયાનવગાહિ જ્ઞાનનું પ્રત્યક્ષ થતું નથી. કારણ કે 'घटमहं जानामि' ઇત્યાદ્યાકારક જ જ્ઞાનનું જ્ઞાન થાય છે. તાદૃશ જ્ઞાનના જ્ઞાનમાં, આત્મામાં પ્રકારરૂપે જ્ઞાન ભાસિત થાય છે. જ્ઞાનમાં ઘટ ભાસિત થાય છે અને ઘટમાં ઘટત્વભાસિત થાય છે. જે પ્રકાર છે, તેને વિશેષણ કહેવાય છે. અને વિશેષણનું જે વિશેષણ છે, તેને વિશેષણતાવચ્છેદક કહેવાય છે. વિશેષણતાવચ્છેદક પ્રકારકજ્ઞાન, વિશિષ્ટવૈશિષ્ટયાવગાહિ જ્ઞાનની પ્રત્યે કારણ છે. "घटमहं जानामि" ઇત્યાદ્યાકારક જ્ઞાન [જ્ઞાનનું જ્ઞાન] ઘટવિશિષ્ટજ્ઞાનના વૈશિષ્ટ્યનું અવગાહિ છે. એતાદૃશજ્ઞાનની પ્રત્યે વિશેષણતાવચ્છેદક ઘટત્વપ્રકારક ઘટવિશેષ્યક "अयं घटः" ઇત્યાદ્યાકારકજ્ઞાન વિષય વિધયા કારણ છે. નિર્વિકલ્પકજ્ઞાનમાં ઘટત્વાદિ પ્રકાર નથી હોતા. તેથી તાદૃશ નિર્વિ-કલ્પકજ્ઞાનથી ઘટત્વાદિવિશિષ્ટ ઘટાદિના વૈશિષ્ટયનું ભાન જ્ઞાનમાં સંભવિત નથી. અને જ્ઞાનનું જ્ઞાન તો સદૈવ વિશિષ્ટવૈશિષ્ટ્ય નિષ્ઠ-વિષયતા નિરૂપક જ હોય છે, તેથી નિર્વિકલ્પકજ્ઞાન, જ્ઞાનનો [પ્રત્યક્ષનો] વિષય બનતું ન હોવાથી તે અતીન્દ્રિય છે. યદ્યપિ ઘટત્વાદિ જેમાં પ્રકાર નથી. એવા ઘટાદિશિષ્ટજ્ઞાનનું જ્ઞાન માનીએ તો તાદૃશનિર્વિકલ્પકજ્ઞાનનું જ્ઞાન થઇ શકશે, પરન્તુ ઘટત્વાદ્યપ્રકારક અને ઘટાદિવિશિષ્ટ જ્ઞાનનો સંભવ નથી. કારણ કે ઘટત્વાદિ જાતિ અને અભાવત્વાદિ સ્વરૂપ અખંડોપાધિને છોડીને અન્ય ઘટાદિ-

પદાર્થોનું ભાન યત્કિંચિદ્ ધર્મપ્રકારક જ મનાય છે. તેથી ઘટત્વાદ્ય-પ્રકારક ઘટવિશિષ્ટજ્ઞાનનો સંભવ ન હોવાથી નિર્વિકલ્પકજ્ઞાનના પ્રત્યક્ષનો પણ સંભવ નથી.

महत्त्वमिति—द्रव्यप्रत्यक्षे महत्त्वं समवायसम्बन्धेन कारणम् । द्रव्यसमवेतानां गुणकर्मसामान्यानां प्रत्यक्षे स्वाश्रयसमवायसम्बन्धेन, द्रव्यसमवेतसमवेतानां गुणत्वकर्मत्वादीनां प्रत्यक्षे स्वाश्रयसमवेतसमवाय-सम्बन्धेन कारणमिति ।

द्रव्यप्रत्यक्षे... ઇત્યાદિ—આશય એ છે કે, દ્રવ્ય પ્રત્યક્ષની પ્રત્યે મહત્પરિમાણ, સમવાયસંબંધથી કારણ છે. દ્રવ્યસમવેતગુણાદિના પ્રત્યક્ષની પ્રત્યે સ્વાશ્રયસમવાય સંબંધથી તે કારણ છે. અને દ્રવ્ય સમવેત સમવેત ગુણત્વાદિના પ્રત્યક્ષની પ્રત્યે તે મહત્ત્વ સ્વાશ્રયસમ-વેત સમવાય સંબંધથી કારણ છે. આ રીતે ચાક્ષુષાદિ 'છ' પ્રકારના પ્રત્યક્ષની પ્રત્યે મહત્ત્વ [મહત્પરિમાણ] કારણ છે. યદ્યપિ શ્રાવણાદિ પ્રત્યક્ષની પ્રત્યે મહત્ત્વને કારણ માનવાનું કોઇ પ્રયોજન ન હોવાથી 'महत्त्वं षड्विधे हेतुः' આ ગ્રંથ અસંગત જણાય છે. પરંતુ તે ગ્રંથના આશયને જાણવાની ઈચ્છાવાળાએ અધ્યાપક પાસેથી એ જાણી લેવું જોઈએ.

इन्द्रियमिति । अत्राऽपि 'षड्विधे' इत्यनुषज्यते । इन्द्रियत्वं न जातिः पृथिवीत्वादिना साङ्कर्यात्, किन्तुशब्देतरोद्भूतविशेषगुणाना-श्रयत्वे सति ज्ञानकारणमनःसंयोगाश्रयत्वमिन्द्रियत्वम् । आत्मादिवारणाय सत्यन्तम् । उद्भूतविशेषगुणस्य श्रोत्रे सत्त्वादुद्भूतेति । विशेषगुणस्य-रूपादेश्चक्षुरादावपि सत्त्वादुद्भूतेति । उद्भूतत्वं न जातिः शुक्लत्वादिना सङ्करात् । न च शुक्लत्वादिव्याप्यं नानैवोद्भूतत्वमिति वाच्यम् । उद्भूतरूपत्वादिना चाक्षुषादौ जनकत्वानुपपत्तेः । किन्तु शुक्लत्वादिव्याप्यं नानैवानुद्भूतत्वं, तदभावकूटश्चोद्भूतत्वम् । तच्च संयोगादावप्यस्ति, तथा च शब्देतरोद्भूतगुणः संयोगादिश्चक्षुरादावप्यस्त्यतो विशेषेति । कालादिवारणाय विशेष्यदलम् । इन्द्रियावयवविषयसंयोगस्याऽपि प्राचां मते प्रत्यक्षजनकत्वादिन्द्रियावयववारणाय, नवीनमते कालादौ रूपाभावप्रत्यक्षे

सन्निकर्षघटकतया कारणीभूतचक्षुःसंयोगाश्रयस्य कालादेः वारणाय मनः पदम् । ज्ञानकारणमित्यपि तद्वारणायैव । करणमिति—असाधारणं कारणं करणम् । असाधारणत्वं व्यापारवत्त्वम् ॥५८॥

ચાક્ષુષાદિ 'છ' પ્રકારના પ્રત્યક્ષની પ્રત્યે ઇન્દ્રિય' કરણ છે. ચક્ષુરાદિ ઇન્દ્રિયોમાં વૃત્તિ ઇન્દ્રિયત્વ' જાતિ સ્વરૂપ નથી. પૃથ્વીત્વને છોડીને ઇન્દ્રિયત્વ રસનેન્દ્રિયાદિમાં વૃત્તિ છે. ઇન્દ્રિયત્વને છોડીને પૃથ્વીત્વ ઘટાદિમાં વૃત્તિ છે. અને પૃથ્વીત્વ તથા ઇન્દ્રિયત્વ ઘ્રાણેન્દ્રિયમાં વૃત્તિ છે. આ રીતે પૃથ્વીત્વાદિની સાથે સાંકર્યની આપત્તિના કારણે ઇન્દ્રિયત્વને જાતિ નથી માનતા. પરંતુ શબ્દથી ઇતર ઉદ્‌ભૂતવિશેષ-ગુણના અનાશ્રયત્વ વિશિષ્ટ, જ્ઞાનકારણમનઃ સંયોગાશ્રયત્વને ઇન્દ્રિયત્વ કહેવાય છે. માત્ર જ્ઞાનકારણીભૂતમનઃ સંયોગાશ્રયત્વને જ ઇન્દ્રિયત્વ માનીએ તો જ્ઞાનકારણભૂત આત્મમનઃ સંયોગાશ્રયત્વ તો આત્મામાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'શબ્દે-તરોદ્‌ભૂત......ઇત્યાદિનો નિવેશ કર્યો છે. આત્મામાં શબ્દેતરોદ્‌ભૂત-વિશેષગુણ સુખાદિનું અનાશ્રયત્વ ન હોવાથી, તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. 'आत्मादिवारणाय' અહીં આદિપદથી ચર્મમાં અતિવ્યાપ્તિ સંગૃહીત છે. કારણ કે કેટલાકના મતે 'ચર્મમનઃ સંયોગ' પણ જ્ઞાનમાત્રની પ્રત્યે [જન્યજ્ઞાનમાત્રની પ્રત્યે] કારણ છે. 'ઉદ્‌ભૂતવિશેષ ગુણાનાશ્રયત્વ-વિશિષ્ટ જ્ઞાનકારણમનઃસંયોગાશ્રયત્વ' ને ઇન્દ્રિયત્વ માનીએ તો ઉદ્‌-ભૂતવિશેષગુણાશ્રયત્વ [શબ્દાત્મક ઉદ્‌ભૂત વિશેષગુણાશ્રયત્વ] શ્રવણેન્દ્રિ-યમાં હોવાથી તેમાં અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'शब्देतर' પદનો નિવેશ છે. શ્રવણેન્દ્રિયમાં શબ્દેતરોદ્‌ભૂતવિશેષ ગુણનું આશ્રયત્વ ન હોવાથી તેમાં અવ્યાપ્તિ નહીં આવે. 'શબ્દેતર વિશેષગુણાના-શ્રયત્વવિશિષ્ટ તાદૃશસંયોગાશ્રયત્વ' ને ઇન્દ્રિયત્વ કહીએ તો શબ્દેતર—રૂપાદિવિશેષગુણાશ્રયત્વ વિશિષ્ટતાદૃશમનઃ સંયોગાશ્રય ચક્ષુરાદિ ઇન્દ્રિયમાં અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'ઉદ્‌ભૂત' પદનો નિવેશ કર્યો છે. ચક્ષુરાદિ ઇન્દ્રિયોમાં શબ્દેતરોદ્‌ભૂતવિશેષગુણનું આશ્રયત્વ ન હોવાથી તેમાં અવ્યાપ્તિ નહીં આવે. રૂપાદિમાં રહેલું 'ઉદ્‌ભૂતત્વ' જાતિસ્વરૂપ

નથી. કારણ કે રૂપત્વને છોડીને ઉદ્ભૂતત્વ, ઉદ્ભૂતગંધમાં છે. ઉદ્ભૂતત્વને છોડીને રૂપત્વ, અનુદ્ભૂતરૂપમાં [ચક્ષુરાદિના રૂપમાં] છે. અને ઉદ્ભૂતત્વ અને રૂપત્વ બંને ઉદ્ભૂત રૂપમાં છે. આ રીતે રૂપત્વની સાથે સાંકર્ય આવે છે. યદ્યપિ રૂપાદિવૃત્તિ રૂપત્વવ્યાપ્ય શુકલત્વ જાતિની જેમ જ શુકલત્વ વ્યાપ્ય ઉદ્ભૂતત્વ અનેક જાતિઓ માનીએ તો ઉદ્ભૂતરૂપાદિમાં રહેનારી ઉદ્ભૂતત્વ ભિન્ન ભિન્ન જાતિ હોવાથી રૂપત્વાદિ જાતિની સાથે સાંકર્ય નહીં આવે પરન્તુ ચાક્ષુષાદિ પ્રત્યક્ષની પ્રત્યે ઉદ્ભૂતરૂપત્વાદિ રૂપે ઉદ્ભૂતરૂપાદિને, નાનોદ્ભૂતત્વ માનવાથી કારણ માનવાનું અશક્ય થશે. કારણ કે ઉદ્ભૂતત્વ વિશેષ વિશિષ્ટ શુકલાદિસ્થળે અપરોદ્ભૂતત્વ વિશિષ્ટ શુકલાદિનો અભાવ હોવાથી એક ઉદ્ભૂતત્વને કારણતાવચ્છેક માનવામાં વ્યભિચાર સ્પષ્ટ છે. અને ઉદ્ભૂતત્વકૂટવત્ત્વને કારણતાવચ્છેદક માનીએ તો તાદૃશયાવદુદ્ભૂતત્વવદ્ની અપ્રસિદ્ધિના કારણે તાદૃશકારણતાવચ્છેદકની પણ અપ્રસિદ્ધિ થશે. તેથી સ્પષ્ટ છે કે રૂપત્વ કે શુકલત્વાદિની વ્યાપ્ય એવી ઉદ્ભૂતત્વ જાતિ નથી. પરંતુ અનુદ્ભૂતત્વાભાવના કૂટ સ્વરૂપ ઉદ્ભૂતત્વ છે. અનુદ્ભૂતત્વ તો શુકલત્વાદિની વ્યાપ્ય અનેક જાતિઓ છે. તેથી રૂપત્વાદિની સાથે અનુદ્ભૂતત્વને સાંકર્ય નહીં આવે. એતાદૃશ અનુદ્ભૂતત્વાભાવકૂટ સ્વરૂપ ઉદ્ભૂતત્વ ઉદ્ભૂતરૂપાદિની જેમ સંયોગાદિ ગુણોમાં પણ છે. આથી સમજી શકાશે કે શબ્દેતર ઉદ્ભૂતગુણ સંયોગનું આશ્રયત્વજ ચક્ષુરાદિ ઈન્દ્રિયોમાં હોવાથી 'વિશેષ' પદના અભાવમાં અવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'વિશેષ' પદનું ઉપાદાન કર્યું છે. શબ્દેતરોદ્ભૂત વિશેષ ગુણોનું અનાશ્રયત્વ ચક્ષુરાદિ ઈન્દ્રિયોમાં હોવાથી તેમાં અવ્યાપ્તિ નહીં આવે. "શબ્દેતર ઉદ્ભૂતવિશેષ ગુણાનાશ્રયત્વ" ને ઈન્દ્રિયત્વ કહીએ તો વિશેષગુણના અનાશ્રય કાલાદિમાં અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે 'જ્ઞાનકારણમનઃસંયોગાશ્રયત્વ' આ વિશેષ્યદલનું ઉપાદાન કર્યું છે. કાલાદિદ્રવ્યોમાં, મનઃસંયોગ હોવા છતાં જ્ઞાનકારણીભૂત આત્મમનઃ સંયોગાશ્રયત્વ ન હોવાથી, તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

"शब्देतर विशेषगुणानाश्रयत्वे सति ज्ञानकारणीभूतसंयोगाश्रयत्वमिन्द्रियत्वम्

આટલું જ ઇન્દ્રિયનું લક્ષણ કરીએ તો પ્રાચીનોના મતે જ્ઞાનની પ્રત્યે [બાહ્ય પ્રત્યક્ષની પ્રત્યે] ઇન્દ્રિયસંયોગની જેમ ઇન્દ્રિયના અવયવ અને વિષયનો સંયોગ કારણ હોવાથી, તાદૃશ વિશેષગુણાનાશ્રયત્વવિશિષ્ટ જ્ઞાનકારણ સંયોગાશ્રયત્વ ઇન્દ્રિયના અવયવમાં હોવાથી ઇન્દ્રિયાવયવમાં અતિવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે મનઃ પદનું ઉપાદાન છે. ઇન્દ્રિયના અવયવમાં જ્ઞાનકારણભૂતમનઃસંયોગાશ્રયત્વ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. આવી જ રીતે ઇન્દ્રિયના લક્ષણમાં 'મનઃ' પદનું ઉપાદાન ન કરીએ તો કાલાદિદ્રવ્યમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે કાલાદિદ્રવ્યોમાં રૂપાભાવનું પ્રત્યક્ષ થતું હોવાથી, રૂપાભાવપ્રત્યક્ષજનક ચક્ષુઃસંયુક્ત વિશેષણતા સન્નિકર્ષ ઘટક ચક્ષુઃસંયોગાત્મક જ્ઞાનકારણીભૂત આશ્રયત્વ અને તાદૃશવિશેષગુણાનાશ્રયત્વ કાલાદિમાં છે. પરંતુ મનઃ પદના ઉપાદાનથી કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે કાલાદિમાં ઉપર જણાવ્યા મુજબ જ્ઞાનકારણ સંયોગાશ્રયત્વ હોવા છતાં જ્ઞાનકારણમનઃસંયોગાશ્રયત્વ નથી. 'यद्यत्र स्यात् तर्हि उपलभ्येत' એતાદૃશ આરોપનો વિષય કાલાદિવૃત્તિ રૂપાભાવ હોવાથી તેનું પ્રત્યક્ષ થાય છે." એ સમજાવવાની પ્રાયઃ આવશ્યકતા નથી. "શબ્દેતરોદ્ભૂતવિશેષગુણાનાશ્રયત્વવિશિષ્ટ મનઃસંયોગાશ્રયત્વ' ને ઇન્દ્રિયત્વ કહીએ તો ઉપર જણાવ્યા મુજબ સર્વમૂર્તદ્રવ્યસંયોગી કાલાદિવિભુમાં અતિવ્યાપ્તિ આવશે. તેથી 'જ્ઞાન કારણ' પદનું ઉપાદાન કર્યું છે. કાલાદિની સાથેનો મનઃસંયોગ જ્ઞાનનું કારણ ન હોવાથી તેને લઈને કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. અસાધારણકારણને કરણ કહેવાય છે. કરણભૂત કારણમાં અસાધારણત્વ વ્યાપારવત્ત્વ સ્વરૂપ છે. અર્થાત્ વ્યાપારવત્ અસાધારણ કારણને કરણ કહેવાય છે.

॥ इतीन्द्रियनिरूपणम् ॥

कारिकावली

**विषयेन्द्रियसम्बन्धो व्यापारः सोऽपि षड्विधः ।**
**द्रव्यग्रहस्तु संयोगात् संयुक्तसमवायतः ॥५९॥**
**द्रव्येषु समवेतानां तथा तत्समवायतः ।**
**तत्राऽपि समवेतानां शब्दस्य समवायतः ॥६०॥**
**तद्वृत्तीनां समवेतसमवायेन तु ग्रहः ।**
**प्रत्यक्षं समवायस्य विशेषणतया भवेत् ॥६१॥**
**विशेषणतया तद्वद्भावानां ग्रहो भवेत् ।**
**यदि स्यादुपलभ्येतेत्येवं यत्र प्रसज्यते ॥६२॥**

मुक्तावली ।

विषयेन्द्रियसम्बन्ध इति । व्यापारः सन्निकर्षः । षड्विधंसन्निकर्षमुदाहरणद्वारा प्रदर्शयति—द्रव्यग्रह इति । द्रव्यप्रत्यक्षमिन्द्रियसंयोगजन्यम् । द्रव्यसमवेतप्रत्यक्षमिन्द्रियसंयुक्तसमवायजन्यम् । एवमग्रेऽपि । वस्तुतस्तु द्रव्यचाक्षुषं प्रति चक्षुःसंयोगः कारणं, द्रव्यसमवेतचाक्षुषं प्रति चक्षुःसंयुक्तसमवायः कारणं, द्रव्यसमवेतसमवेतचाक्षुषं प्रति चक्षुःसंयुक्तसमवेतसमवायः कारणम् । एवमन्यत्राऽपि विशिष्यैव कार्यकारणभावः । परन्तु पृथिवीपरमाणुनीले नीलत्वं, पृथिवीपरमाणौ पृथिवीत्वञ्च चक्षुषा कथं न गृह्यते ? तत्र परम्परयोद्भूतरूपसम्बन्धस्य महत्त्वसम्बन्धस्य च सत्त्वात् । तथाहि—नीलत्वजातिरेकैव घटनीले परमाणुनीले च वर्त्तते, तथा च महत्त्वसम्बन्धो घटनीलमादाय वर्त्तते, उद्भूतरूपसम्बन्धस्तूभयमादायैव वर्त्तते । एवं पृथिवीत्वेऽपि घटादिकमादाय महत्त्वसम्बन्धो बोध्यः । एवं वायौ तदीयस्पर्शादौ च सत्तायाश्चाक्षुषप्रत्यक्षं स्यात् तस्मादुद्भूतरूपावच्छिन्न–महत्त्वावच्छिन्नचक्षुःसंयुक्तसमवायस्य द्रव्यसमवेतचाक्षुषे, तादृशचक्षुःसंयुक्तसमवेतसमवायस्य द्रव्यसमवेतसमवेतचाक्षुषे कारणत्वं बोध्यम् । इत्थञ्च परमाणुनीलादौ न नीलत्वादिग्रहः, परमाणौ चक्षुःसंयोगस्य महत्त्वावच्छिन्नत्वाभावात् । एवं वाय्वादौ न सत्तादिचाक्षुषं,

तत्र चक्षुःसंयोगस्य रूपावच्छिन्नत्वाभावात् । एवं यत्र घटस्य पृष्ठावच्छेदेनाऽऽलोकसंयोगश्चक्षुःसंयोगस्त्वग्रावच्छेदेन, तत्र घटप्रत्यक्षाभावादालोकसंयोगावच्छिन्नत्वं चक्षुःसंयोगे विशेषणं देयम् ।

एवं द्रव्यस्पार्शनप्रत्यक्षे त्वक्संयोगः कारणम्, द्रव्यसमवेतस्पार्शनप्रत्यक्षे त्वक्संयुक्तसमवायः, द्रव्यसमवेतसमवेतस्पार्शनप्रत्यक्षे त्वक्संयुक्तसमवेतसमवायः । अत्राऽपि महत्त्वावच्छिन्नत्वमुद्भूतस्पर्शावच्छिन्नत्वञ्च पूर्ववदेव बोध्यम् ।

एवं गन्धप्रत्यक्षे घ्राणसंयुक्तसमवायः, गन्धसमवेतस्य घ्राणजप्रत्यक्षे घ्राणसंयुक्तसमवेतसमवायः । रासनप्रत्यक्षे रसनासंयुक्तसमवायः, रससमवेतरासनप्रत्यक्षे रसनासंयुक्तसमवेतसमवायः कारणम् । शब्दप्रत्यक्षे श्रोत्रावच्छिन्नसमवायः, शब्दसमवेतश्रावणप्रत्यक्षे श्रोत्रावच्छिन्नसमवेतसमवायः कारणम् । अत्र सर्वं प्रत्यक्षं लौकिकं बोध्यम् । वक्ष्यमाणमलौकिकप्रत्यक्षमिन्द्रियसंयोगादिकं विनाऽपि सम्भवति । एवमात्मप्रत्यक्षे मनःसंयोगः, आत्मसमवेतमानसप्रत्यक्षे मनःसंयुक्तसमवायः, आत्मसमवेतसमवेतमानसप्रत्यक्षे मनःसंयुक्तसमवेतसमवायः कारणम् ।

મૂલમાં 'विषयेन्द्रियसम्बन्धो व्यापारः' અહીં 'તજ્જન્યત્વે સતિ તજ્જન્યજનકત્વ' સ્વરૂપ વ્યાપારત્વ શ્રવણેન્દ્રિય અને શબ્દના સમવાયમાં અસંભવિત છે. કારણ કે તે [સમવાય] નિત્ય છે. તેથી મૂલસ્થ 'व्यापार' પદના અર્થને જણાવે છે. –व्यापारः–सन्निकर्षः ॥

દ્રવ્યવૃત્તિ લૌકિક વિષયતા સંબંધથી દ્રવ્યનું પ્રત્યક્ષ [ચાક્ષુષ-ત્વાચ-માનસ] ઇન્દ્રિય સંયોગથી [ચક્ષુ–ત્વક્–મનઃસંયોગથી] જન્ય છે. દ્રવ્યસમવેત વૃત્તિ લૌકિક વિષયતા સંબંધથી દ્રવ્યસમવેતનું પ્રત્યક્ષ [શ્રવણેન્દ્રિય જન્ય પ્રત્યક્ષાતિરિક્ત પ્રત્યક્ષ] ઇન્દ્રિય [શ્રવણેન્દ્રિયભિન્નેન્દ્રિય] સંયુક્તસમવાયસન્નિકર્ષથી જન્ય છે. અને આવી જ રીતે દ્રવ્યસમવેત સમવેત વૃત્તિલૌકિક વિષયતા સંબંધથી દ્રવ્યસમવેત સમવેતનું પ્રત્યક્ષ, ઇન્દ્રિયસંયુક્તસમવેત સમવાય સન્નિકર્ષથી જન્ય છે. આ રીતે ઉપર જણાવ્યા મુજબ દ્રવ્યપ્રત્યક્ષની

પ્રત્યે ઈન્દ્રિયસંયોગને કારણ માનીએ તો ત્વગિન્દ્રિય અને પ્રભાના સંયોગથી પ્રભાના ચાક્ષુષપ્રત્યક્ષની તેમજ અંધકારમાં ચક્ષુઇન્દ્રિય અને ઘટના સંયોગથી ઘટના સ્પાર્શન પ્રત્યક્ષની આપત્તિ આવશે. તેથી તાદૃશાપત્તિના નિવારણ માટે વિશેષતઃ કાર્યકારણ ભાવને જણાવતા કહે છે.—वस्तुतस्तु......ઈત્યાદિ—આશય એ છે કે દ્રવ્ય વૃત્તિલૌકિકવિષયતા સંબંધથી દ્રવ્યના, ચાક્ષુષ પ્રત્યક્ષની પ્રત્યે ચક્ષુઃ-સંયોગ, ત્વાચપ્રત્યક્ષની પ્રત્યે ત્વક્સંયોગ અને માનસપ્રત્યક્ષની પ્રત્યે મનઃસંયોગ કારણ છે. તેથી ત્વક્પ્રભાસંયોગથી પ્રભાના ચાક્ષુષ પ્રત્યક્ષની તેમ જ અંધકારમાં, ઘટ તથા ચક્ષુના સંયોગથી ઘટના ત્વાચ પ્રત્યક્ષની આપત્તિ નહીં આવે. આવી જ રીતે દ્રવ્યસમવેતાદિના પ્રત્યક્ષની પ્રત્યે પણ તત્તદિન્દ્રિયસંયુક્ત સમવાયાદિ સન્નિકર્ષની કારણતા વિશેષનો વિચાર કરવો. તર્કસંગ્રહના વિવરણ પ્રસંગે લૌકિક સન્નિકર્ષોનું સવિસ્તર વર્ણન કર્યું હોવાથી અહીં એ નથી કર્યું. ઉક્ત રીતે આત્માદિના માનસ પ્રત્યક્ષના અનુરોધથી મનઃ-સંયોગ, અને મનઃસંયુક્ત સમવાય સન્નિકર્ષને દ્રવ્ય અને દ્રવ્ય સમવેતના માનસ પ્રત્યક્ષની પ્રત્યે કારણ માનવાનું આવશ્યક હોવા છતાં દ્રવ્ય અને દ્રવ્યસમવેતના ચાક્ષુષાદિ પ્રત્યક્ષની પ્રત્યે ચક્ષુરાદિના સંયોગને અને તત્સંયુક્તસમવાય સન્નિકર્ષને કારણ માનવાનું આવશ્યક નથી. કારણ કે ઘટાદિ દ્રવ્યોનું અથવા ઘટાદિદ્રવ્યમાં સમવેત રૂપાદિનું પ્રત્યક્ષ; ચક્ષુરાદિ સંયુક્ત [કપાલિકાદિ] સમવેત [કપાલાદિ] સમવાય સન્નિકર્ષથી થઇ શકે છે. એતાદૃશ શંકાનું સમાધાન કરવા કહે છે. परन्तु......ઇત્યાદિ—આશય એ છે કે પૃથ્વીપરમાણુનીલમાં રહેલું નીલત્વ અને ઘટાદિના નીલમાં રહેલું નીલત્વ એક જ હોવાથી ઘટનીલમાં જેવી રીતે નીલત્વનું પ્રત્યક્ષ થાય છે એવી રીતે પૃથ્વીપરમાણુના નીલમાં પણ નીલત્વનું પ્રત્યક્ષ થવું જોઇએ. આવી જ રીતે ઘટાદિગત પૃથ્વીત્વના પ્રત્યક્ષની જેમ પરમાણુમાં પણ પૃથ્વીત્વનું પ્રત્યક્ષ થવું જોઈએ. "ઘટાદિમાં ઉદ્‌ભૂત રૂપ અને મહત્ પરિમાણ હોવાથી તત્સંબંધી નીલના નીલત્વનું

અને પૃથ્વીત્વનું પ્રત્યક્ષ થઇ શકે છે. પણ પરમાણુમાં મહત્પરિમાણ ન હોવાથી તદ્દગતનીલમાં નીલત્વનું કે પરમાણુમાં પૃથ્વીત્વનું પ્રત્યક્ષ અશકય છે." આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે પરમાણુના નીલગત નીલત્વની સાથે પરમાણુ અને ઘટ ઉભયને લઈને ઉદ્દભૂત રૂપનો સ્વાશ્રય [ઘટ અથવા પરમાણું] સમવેત [નીલ] સમવાય સંબંધ; અને ઘટાદિને લઇને મહત્પરિમાણનો પણ તાદૃશ સંબંધ છે. પૃથ્વીત્વની સાથે એ બંનેનો સ્વાશ્રય [ઘટ અથવા પરમાણુ] સમવાય સંબંધ છે. તેથી સ્પષ્ટ છે કે એતાદૃશ પરંપરાસંબંધથી ઘટનીલમાં નીલત્વની અને ઘટમાં પૃથ્વીત્વની સાથે ઉદ્દભૂતરૂપાદિના સંબંધિત્વના કારણે તેમાં જેમ નીલત્વાદિનું પ્રત્યક્ષ થાય છે. તેવી રીતે પરમાણુના નીલમાં નીલત્વનું અને પરમાણુમાં પૃથ્વીત્વનું પ્રત્યક્ષ થવું જોઈએ. પરંતુ ત્યાં નીલત્વાદિનું પ્રત્યક્ષ કોઈ નથી માનતા. આવી જ રીતે વાયુમાં અને વાયુગત સ્પર્શાદિમાં સત્તા જાતિના ચાક્ષુષત્વનો પણ પ્રસંગ આવે છે. કારણ કે ત્યાં પણ ઘટાદિને લઇને ઉદ્દભૂતરૂપનોસંબંધ ઉક્ત રીતે છે જ. તેથી એતાદૃશ અનિષ્ટ પ્રસંગનું નિરાકરણ કરવા માટે દ્રવ્ય સમવેત ચાક્ષુષ પ્રત્યક્ષની પ્રત્યે ઉદ્દભૂતરૂપાવચ્છિન્ન મહત્ત્વાવચ્છિન્ન ચક્ષુઃ સંયુક્ત સમવાયને અને દ્રવ્યસમવેત સમવેત ચાક્ષુષ પ્રત્યક્ષની પ્રત્યે 'ઉદ્દભૂતરૂપાવચ્છિન્ન મહત્ત્વાવચ્છિન્ન ચક્ષુઃસંયુક્તસમવેત સમવાય'ને કારણ માનવાનું આવશ્યક છે. અહીં ઉદ્દભૂતરૂપાવચ્છિન્નં' અને 'મહત્ત્વાવચ્છિન્ન'નો અન્વય;ચક્ષુઃ સંયુક્ત પદાર્થૈકદેશ ચક્ષુઃ સંયોગની સાથે છે. અર્થાદ્ ઉદ્દભૂતરૂપાવચ્છિન્ન અને મહત્ત્વાવચ્છિન્ન એવો જે ચક્ષુઃસંયોગ [ઉદ્દભૂતરૂપ સમાનાધિકરણ અને મહત્ત્વ સમાનાધિકરણ ચક્ષુઃસંયોગ]; તદ્દવિશિષ્ટ [ચક્ષુઃ સંયુક્ત] સમવાય અને તદ્દવિશિષ્ટસમવેતસમવાય અનુક્રમે દ્રવ્ય સમવેત અને દ્રવ્યસમવેતસમવેતના પ્રત્યક્ષની પ્રત્યે કારણ છે. આ પ્રમાણે વિવક્ષાથી પૂર્વે જણાવેલા અનિષ્ટ પ્રસંગો નહીં આવે કારણ કે પરમાણુ ચક્ષુઃસંયુક્ત હોવા છતાં પરમાણુમાં મહત્ત્વ ન હોવાથી તાદૃશ ઉદ્દભુતરૂપાવચ્છિન્ન—મહત્ત્વાવચ્છિન્ન ચક્ષુઃસંયોગ વિશિષ્ટ તે

નથી. [પરમાણુ નથી.] વાયુમાં ઉદ્‌ભૂતરૂપ ન હોવાથી તે પણ તાદૃશ ચક્ષુઃસંયોગ વિશિષ્ટ નથી. તેથી પ્રત્યક્ષકારણીભૂત વિવક્ષિત ઉપર્યુક્ત સન્નિકર્ષના અભાવમાં; પરમાણુમાં પૃથ્વીત્વનું અને પરમાણુનીલમાં નીલત્વનું તેમજ વાયુ અને તદીય સ્પર્શમાં સત્તા જાતિનું પ્રત્યક્ષ ન થાય, એ ઇષ્ટ જ છે. આવી જ રીતે જ્યાં ઘટના અગ્રપ્રદેશની સાથે ચક્ષુઃસંયોગ છે અને પૃષ્ઠાવચ્છેદેન [પાછળના ભાગની સાથે] આલોકનો [પ્રકાશનો] સંયોગ છે. ત્યાં ઘટના ચાક્ષુષપ્રત્યક્ષના અભાવાનુસાર સન્નિકર્ષઘટક ચક્ષુઃસંયોગનું 'આલોકસંયોગાવચ્છિન્નત્વ' આ વિશેષણ પણ આપવું જરૂરી છે. આ રીતે ઉપર જણાવેલી વસ્તુ સમજાઇ હશે તો સમજી શકાશે કે દ્રવ્યપ્રત્યક્ષ [દ્રવ્યચાક્ષુષપ્રત્યક્ષ] માટે ચક્ષુઃ સંયોગને અને દ્રવ્ય સમવેત ચાક્ષુષ પ્રત્યક્ષ માટે ચક્ષુઃસંયુક્ત સમવાયને કારણ ન માનીએ અને ચક્ષુઃસંયુક્ત સમવેત સમવાયથી જ દ્રવ્યાદિનું ચાક્ષુષ પ્રત્યક્ષ માનીએ તો ત્રસરેણુ વગેરેનું ચાક્ષુષ પ્રત્યક્ષ નહીં થાય કારણ કે તેનું ચાક્ષુષ પ્રત્યક્ષ કરવા માટે, ચક્ષુઃસંયુક્ત સમવેત સમવાય સન્નિકર્ષ ઘટક ચક્ષુઃસંયુક્ત દ્વયણુક ઉપર જણાવ્યા મુજબ ઉદ્‌ભૂતરૂપાવચ્છિન્ન–મહત્ત્વાવચ્છિન્ન ચક્ષુઃસંયોગ વિશિષ્ટ નથી. તેથી વિવિક્ષિત સન્નિકર્ષના અભાવે ચક્ષુઃસંયુક્ત ત્ર્યણુકાદિનું પ્રત્યક્ષ નહીં થાય. આથી ત્ર્યણુકાદિના ચાક્ષુષપ્રત્યક્ષના અનુરોધથી ચક્ષુઃસંયોગાદિને ઉદ્‌ભૂત રૂપાદ્યવચ્છિન્ન ચક્ષુઃસંયોગાદિને કારણ માનવાનું આવશ્યક છે.

દ્રવ્યસ્પાર્શનપ્રત્યક્ષની પ્રત્યે ત્વક્સંયોગ કારણ છે. દ્રવ્યસમવેતત્વાચપ્રત્યક્ષની પ્રત્યે ત્વક્સંયુક્ત સમવાય કારણ છે. અને દ્રવ્યસમવેત સમવેતના સ્પાર્શન પ્રત્યક્ષની પ્રત્યે ત્વક્સંયુક્ત સમવેત સમવાય સન્નિકર્ષ કારણ છે. અહીં પણ પૂર્વે જણાવ્યા મુજબ પરમાણુસ્પર્શમાં સ્પર્શત્વાદિના પ્રત્યક્ષના પ્રસંગનું નિવારણ કરવા સન્નિકર્ષઘટક ત્વક્સંયોગમાં મહત્ત્વાવચ્છિન્નત્વ અને ઉદ્‌ભૂતસ્પર્શાવચ્છિન્નત્વની વિવક્ષા આવશ્યક છે.

ગંધપ્રત્યક્ષની પ્રત્યે ઘ્રાણસંયુક્તસમવાય અને ગન્ધસમવેતપ્રત્યક્ષની પ્રત્યે ઘ્રાણસંયુક્તસમવેતસમવાય સન્નિકર્ષ કારણ છે.

રસપ્રત્યક્ષ અને રસસમવેતપ્રત્યક્ષની પ્રત્યે અનુક્રમે રસનસંયુક્તસમવાય અને રસનસંયુક્તસમવેતસમવાય સન્નિકર્ષ કારણ છે.

શબ્દ અને શબ્દસમવેતના પ્રત્યક્ષની પ્રત્યે અનુક્રમે શ્રોત્રાવચ્છિન્નસમવાય અને શ્રોત્રાવચ્છિન્નસમવેતસમવાય સન્નિકર્ષ કારણ છે. અહીં સંયોગાદિસન્નિકર્ષથી જન્યપ્રત્યક્ષ લૌકિક જાણવું. કારણ કે આગળ વર્ણવાશે તે અલૌકિક પ્રત્યક્ષ સંયોગાદિસન્નિકર્ષ વિના થાય છે.

આત્મા, આત્મસમવેત અને આત્મસમવેતસમવેતના માનસપ્રત્યક્ષની પ્રત્યે અનુક્રમે મનઃસંયોગ, મનઃસંયુક્તસમવાય અને મનઃસંયુક્તસમવેત સમવાય સન્નિકર્ષ કારણ છે.

अभावप्रत्यक्षे समवायप्रत्यक्षे चेन्द्रियसम्बद्धविशेषणता हेतुः । वैशेषिकमते तु समवायो न प्रत्यक्षः । अत्र यद्यपि विशेषणता नानाविधा, तथाहि–भूतलादौ घटाद्यभावः संयुक्तविशेषणतया गृह्यते । सङ्ख्यादौ रूपाद्यभावः, संयुक्तसमवेतविशेषणतया, सङ्ख्यात्वादौ रूपाद्यभावः संयुक्तसमवेतसमवेतविशेषणतया, शब्दाभावः केवलश्रोत्रावच्छिन्नविशेषणतया, कादौ खत्वाद्यभावः श्रोत्रावच्छिन्नसमवेतविशेषणतया. एवं कत्वाद्यवच्छिन्नाभावे गत्वाभावादिकं श्रोत्रावच्छिन्नविशेषणविशेषणतया, घटाभावादौ पटाभावश्चक्षुःसंयुक्तविशेषणविशेषणतया, एवमन्यत्राप्यूह्यं, तथाऽपि विशेषणतात्वेन एकैव सा गण्यते, अन्यथा षोढा सन्निकर्ष इति प्राचां प्रवादो व्याहन्येत ।

॥ इति लौकिकसन्निकर्षनिरूपणम् ॥

અભાવના પ્રત્યક્ષની પ્રત્યે તેમજ સમવાયના પ્રત્યક્ષની પ્રત્યે ચક્ષુરાદિઇન્દ્રિયસમ્બદ્ધવિશેષણતા સન્નિકર્ષ કારણ છે. વૈશેષિકદર્શનના મતે સમવાયનું પ્રત્યક્ષ થતું નથી. અહીં અભાવપ્રત્યક્ષની પ્રત્યે કારણીભૂત વિશેષણતા જો કે અનેકવિધ છે. પરન્તુ વિશેષ-

ણુતાત્વેન સમાન, એ વિશેષણુતાઓને એક જ ગણુવામાં આવી છે. ભૂતલાદિમાં વૃત્તિ ઘટાદિના અભાવનું પ્રત્યક્ષ 'ઇન્દ્રિય સંયુક્ત-વિશેષણુતા' સન્નિકર્ષથી થાય છે. સંખ્યાદિમાં (દ્રવ્યસમવેતમાં) વૃત્તિ રૂપાદિના અભાવનું પ્રત્યક્ષ 'ઇન્દ્રિયસંયુક્ત સમવેતવિશેષણુતા' સન્નિકર્ષથી થાય છે. સંખ્યાત્વાદિમાં [દ્રવ્યસમવેતસમવેતમાં] વૃત્તિ રૂપાદિના અભાવનું પ્રત્યક્ષ 'ઇન્દ્રિય સંયુક્તસમવેતસમવેત વિશેષણુતા, સન્નિકર્ષથી થાય છે. શબ્દાભાવનું પ્રત્યક્ષ, કેવલ 'શ્રોત્રાવચ્છિન્નવિશેષણુતા' સન્નિકર્ષથી થાય છે. ક વગેરે શબ્દમાં વૃત્તિ ખત્વાદિના અભાવનું પ્રત્યક્ષ, 'શ્રોત્રાવચ્છિન્ન (ગગન) સમવેત વિશેપણુતા' સન્નિકર્ષથી થાય છે. (કત્વાદિ વૃત્તિ ખત્વાદિના અભાવનું પ્રત્યક્ષ 'શ્રોત્રાવચ્છિન્નસમવેતસમવેતવિશેષણુતા' સન્નિકર્ષથી થાય છે.) આવી રીતે કત્વાદ્યવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ (કકારાદ્યભાવ)માં વૃત્તિ ગત્વાદ્યભાવનું પ્રત્યક્ષ શ્રોત્રાવચ્છિન્ન-વિશેષણવિશેષણુતાસન્નિકર્ષથી થાય છે. ઘટાભાવાદિમાં વૃત્તિ પટાભાવનું પ્રત્યક્ષ 'ચક્ષુઃસંયુક્તવિશેષણુવિશેષણુતા' સન્નિકર્ષથી થાય છે. આવી જ રીતે યથાસંભવ તત્તદધિકરણુમાં વૃત્તિ તત્તદ્-ભાવનું પ્રત્યક્ષ તત્તદ્વિશેષણુતા સન્નિકર્ષથી થાય છે. આવી અનેક-વિધ વિશેષણુતા ઉપર જણુાવ્યા મુજબ વિશેષણુતાત્વેન એક ગણુાય છે. અન્યથા વિશેષણુતાને ભિન્ન ભિન્ન માનીએ તો સન્નિકર્ષની સંખ્યાની અધિકતાથી 'સન્નિકર્ષો છ છે.' આ પ્રાચીનોના પ્રવાહનો વ્યાઘાત થશે.

अभावप्रत्यक्षे योग्यानुपलब्धिः कारणम् । तथाहि भूतलादौ घटादिज्ञाने जाते घटाभावादिकं न ज्ञायते तेनाऽभावोपलम्भे प्रतियोग्युपलम्भाभावः कारणम् । तत्र योग्यताऽप्यपेक्षिता सा च प्रतियोगिसत्त्वप्रसञ्जनप्रसञ्जितप्रतियोगिकत्वरूपा, तदर्थश्च प्रतियोगिनो घटादेः सत्त्वप्रसक्त्या प्रसञ्जित उपलम्भरूपः प्रतियोगी यस्य सोऽभावप्रत्यक्षे हेतुः । तथा

हि-यत्राऽऽलोकसंयोगादिकं वर्त्तते तत्र यद्यत्र घटः स्यात् तर्हि उपलभ्येतेत्यापादयितुं शक्यते, तत्र घटाभावादेः प्रत्यक्षं भवति । अन्धकारे तु नापादयितुं शक्यते, तेन घटाभावादेरन्धकारे न चाक्षुषप्रत्यक्षं, स्पार्शनप्रत्यक्षन्तु भवत्येव, आलोकसंयोगादिकं विनाऽपि स्पार्शनप्रत्यक्षस्यापादयितुं शक्यत्वात् । गुरुत्वादिकं यदयोग्यं तदभावस्तु न योग्यः, तत्र गुरुत्वादिप्रत्यक्षस्यापादयितुमशक्यत्वात् । वायावुद्भूतरूपाभावः पाषाणे सौरभाभावः, गुडे तिक्ताभावः, वह्नावनुष्णत्वाभावः, श्रोत्रे शब्दाभावः, आत्मनि सुखाद्यभावः, एवमादयस्तत्तदिन्द्रियैर्गृह्यन्ते तत्तत्प्रत्यक्षस्याऽऽपादयितुं शक्यत्वात् । संसर्गाभावप्रत्यक्षे प्रतियोगिनः योग्यता, अन्योन्याभावप्रत्यक्षेऽधिकरणयोग्यताऽपेक्षिता । अतः स्तम्भादौ पिशाचादिभेदोऽपि चक्षुषा गृह्यते ॥५९-६०-६१-६२॥

અભાવના પ્રત્યક્ષની પ્રત્યે યોગ્યાનુપલબ્ધિ અર્થાત્ યોગ્ય ઉપલમ્ભનો (જ્ઞાનનો) અભાવ, કારણ છે. ભૂતલાદિમાં ઘટાદિનું ભ્રમાત્મક જ્ઞાન થયે છતે, તે ભૂતલાદિમાં ઘટાભાવાદિનું જ્ઞાન થતું નથી. તેથી અભાવના ઉપલમ્ભની પ્રત્યે પ્રતિયોગિના ઉપલમ્ભનો અભાવ કારણ છે. આ પ્રતિયોગિ ઉપલમ્ભાભાવમાં યોગ્યતા હોવી આવશ્યક છે. અર્થાત્ યોગ્યપ્રતિયોગિઉપલમ્ભાભાવ, અભાવોપલમ્ભમાં કારણ છે, ત્યાં પ્રતિયોગિઉપલમ્ભાભાવમાં રહેલી યોગ્યતા 'પ્રતિયોગિસત્વપ્રસગ્જનપ્રસઞ્જિતપ્રતિયોગિકત્વ' સ્વરૂપ છે. અર્થાત્ પ્રતિયોગિઘટાદિના સત્ત્વના આપાદનથી આપાદિત છે ઉપલમ્ભાત્મક પ્રતિયોગી જેનો એવો ઉપલમ્ભાભાવ યોગ્ય છે. અને તે અભાવના ઉપલમ્ભની પ્રત્યે કારણ છે. આશય એ છે કે, જ્યાં આલોકસંયોગાદિ ચાક્ષુષાદિ પ્રત્યક્ષની સામગ્રી છે. ત્યાં ભૂતલાધિકરણમાં "यद्यत्र घटः स्यात् तर्हि उपलभ्येत" આ પ્રમાણે આપાદન શક્ય છે. ત્યાં ઘટાભાવાદિનું પ્રત્યક્ષ થાય છે. ઉપરના આપાદનમાં ઘટાભાવના પ્રતિયોગી ઘટના સત્ત્વાપાદન દ્વારા ઉપલંભાભાવના પ્રતિયોગી ઉપલમ્ભનું આપાદન છે. તેથી અહીં પ્રતિયોગી [ઘટ] ઉપલમ્ભાભાવમાં 'प्रतियोगिसत्त्वप्रसञ्जनप्रसञ्जितप्रतियोगिकत्व' છે. એ સમજી શકાય છે. એતાદૃશ ઉપલમ્ભાભાવ ઘટા-

ભાવના ચાક્ષુષોપલંભની પ્રત્યે કારણ છે. અંધકારમાં 'यद्यत्र घटः स्यात् तर्हि [चक्षुषा] उपलभ्येत' આ રીતે આપાદન શક્ય ન હોવાથી અન્ધકારમાં થતો પ્રતિયોગિ ઉપલંભાભાવ યોગ્ય ન હોવાથી અંધકારમાં ઘટાભાવાદિનું ચાક્ષુષ પ્રત્યક્ષ થતું નથી. પરંતુ અંધકારમાં "यद्यत्र घटः स्यात् तर्हि [त्वगिन्द्रियेण] उपलभ्येत" આ પ્રમાણે આપાદન શક્ય હોવાથી અન્ધકારમાં થતાં તાદૃશપ્રતિયોગિઉપલંભાભાવ યોગ્ય હોવાથી; અંધકારમાં ઘટાભાવાદિનું ચાક્ષુષ પ્રત્યક્ષ ન થવા છતાં સ્પાર્શન પ્રત્યક્ષ તો થાય છે જ.

ગુરુત્વ પિશાચ વગેરે જે અયોગ્ય [પ્રત્યક્ષના અવિષય] છે. તેનો અભાવ યોગ્ય નથી. કારણ કે "यद्यत्र गुरुत्वादिकं स्यात् तर्हि उपलभ्येत" આ પ્રમાણે આપાદન શક્ય નથી. યદ્યપિ 'અયોગ્યનો અભાવ અયોગ્ય છે.' આ પ્રમાણે કહ્યું હોત તો પણ કોઈ દોષ ન હોવાથી 'ગુરુત્વાદિક'' આ પદ નિરર્થક છે. પરન્તુ 'પિશાચત્વ' જાતિ અયોગ્ય હોવા છતાં મનુષ્યાદિમાં એના અભાવનું પ્રત્યક્ષ થતું હોવાથી "यद्योग्यम्...' ઇત્યાદિ ન કહેતા 'गुरुत्वादिकं यद्योग्यं...' ઇત્યાદિ કહ્યું છે. વાયુમાં ઉદ્‌ભૂતરૂપાભાવ, પાષાણમાં સૌરભાભાવ, વહ્નિમાં અનુષ્ણત્વાભાવ, શ્રોત્રમાં શબ્દાભાવ, અને આત્મામાં સુખાદિનો અભાવ......આવા પ્રકારના, તે તે અધિકરણમાં વૃત્તિ તત્તદ્ અભાવો તે તે ઇન્દ્રિયોથી ગ્રાહ્ય બને છે. કારણ કે તે તે અધિકરણમાં તે તે અભાવોનું ઉપલંભ થવામાં, તાદૃશપ્રતિયોગ્યુપલમ્ભાવ શક્ય છે. "वाय्वादिषु उद्भूतरूपादिकं स्यात् तर्हि उपलभ्येत" ઇત્યાદિ આપાદન શક્ય છે.

અહીં એ વસ્તુ યાદ રાખવી જોઈએ કે ઉપર જણાવ્યા મુજબ યોગ્યાનુપલબ્ધિ; યોગ્યપ્રતિયોગિક અભાવના ઉપલંભની પ્રત્યે કારણ છે. અભાવમાત્રના ઉપલંભની પ્રત્યે કારણ નથી. અયોગ્ય પ્રતિયોગિકગુરુત્વાદ્યભાવના પ્રત્યક્ષના પ્રસઙ્ગનું વારણ કરવા અને અયોગ્યપ્રતિયોગિકપિશાચત્વાદ્યભાવના પ્રત્યક્ષનું ઉપપાદન કરવા માટે

જે ઉપાયો છે તેને દિનકરી–રામરુદ્રીગ્રંથથી જિજ્ઞાસુઓએ જાણવા જોઈએ. વિવરણની કિલષ્ટતાદિના ભયે અહીં એ બધી વાતો ઉપેક્ષાનો વિષય બની છે. અને એ કારણે મુક્તાવલીના 'संसर्गाभावप्रत्यक्षे प्रतियोगिनो योग्यता......' ઈત્યાદિ ગ્રંથનું બીજ કહ્યાં વિના જ એ ગ્રંથનો આશય નીચે જણાવ્યો છે. જે જિજ્ઞાસુઓને જરૂર ખટકશે. ખરેખર જ અહીં વિવરણની મર્યાદા અને અન્યભાષા આદિના બંધનથી; જિજ્ઞાસુઓની જિજ્ઞાસા પૂર્ણ કરવાનું અશક્યપ્રાયઃ છે. મુક્તાવલીના આ વિવરણથી એના વાંચકોને દિનકરી–રામરુદ્રી જોવાની ઈચ્છા ઉત્પન્ન થાય તો વિવરણના એક ઉદ્દેશ્યની સિદ્ધિ થશે. એ ઉદ્દેશ્યની સિદ્ધિ માટે આ પૂર્વે તેમજ આગળ પણ કેટલાક સ્થાને માત્ર દિશાસૂચન કર્યું છે. તેમજ કરાશે.

संसर्गाभावप्रत्यक्षे......ઇત્યાદિ—સંસર્ગાભાવપ્રત્યક્ષની પ્રત્યે પ્રતિયોગિની યોગ્યતા અપેક્ષિત છે. અર્થાદ્ યોગ્ય પ્રતિયોગિકાભાવનું પ્રત્યક્ષ થાય છે; ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. અન્યોન્યાભાવ પ્રત્યક્ષની પ્રત્યે અધિકરણની યોગ્યતા અપેક્ષિત છે. તેથી સ્તમ્ભાદિ યોગ્યાધિકરણમાં અયોગ્યપિશાચાદિપ્રતિયોગિક અન્યોન્યાભાવનું ચક્ષુ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ થાય છે. આ રીતે ઉપર જણાવ્યા મુજબ, લૌકિક અને અલૌકિક ભેદથી દ્વિવિધ પ્રત્યક્ષમાનાં લૌકિક પ્રત્યક્ષના 'છ' સન્નિકર્ષોનું વર્ણન પુરું થયું.

## कारिकावली

अलौकिकस्तु व्यापारस्त्रिविधः परिकीर्त्तितः ।
सामान्यलक्षणो ज्ञानलक्षणो योगजस्तथा ॥६३॥
आसत्तिराश्रयाणां तु सामान्यज्ञानमिष्यते ।
तदिन्द्रियजतद्धर्मबोधसामग्र्यपेक्षते ॥६४॥
विषयी यस्य तस्यैव व्यापारो ज्ञानलक्षणः ।
योगजो द्विविधः प्रोक्तो युक्तयुञ्जानभेदतः ॥६५॥
युक्तस्य सर्वदा भानं, चिन्तासहकृतोऽपरः ।

मुक्तावली ।

एवं प्रत्यक्षं लौकिकालौकिकभेदेन द्विविधं, तत्र लौकिकप्रत्यक्षे षोढा सन्निकर्षा वर्णिताः । अलौकिकसन्निकर्षस्त्विदानीमुच्यते—अलौकिकस्त्विति । व्यापारः—सन्निकर्षः । सामान्यलक्षण इति । सामान्यं लक्षणं यस्येत्यर्थः । तत्र लक्षणपदेन यदि स्वरूपमुच्यते तदा सामान्यस्वरूपा प्रत्यासत्तिरित्यर्थो लभ्यते, तच्चेन्द्रियसम्बद्धविशेष्यकज्ञानप्रकारीभूतं बोध्यम् । तथा हि—यत्रेन्द्रियसंयुक्तो धूमादिः तद्विशेष्यकं धूम इति ज्ञानं यत्र जातं, तत्र ज्ञाने धूमत्वं प्रकारः, तत्र धूमत्वेन सन्निकर्षेण धूमा इत्येवं रूपं सकलधूमविषयकं ज्ञानं जायते । अत्र यदीन्द्रियसम्बद्धप्रकारीभूतमित्येवोच्यते, तदा धूलीपटले धूमत्वभ्रमानन्तरं सकलधूमविषयकं ज्ञानं न स्यात् तत्र धूमत्वेन सहेन्द्रियसम्बन्धाभावात् । मन्मते त्विन्द्रियसम्बद्धं धूलीपटलं तद्विशेष्यकं धूम इति ज्ञानं, तत्र प्रकारीभूतं धूमत्वं प्रत्यासत्तिः इन्द्रियसम्बन्धश्च लौकिको ग्राह्यः । इदं च बहिरिन्द्रियस्थले, मानसस्थले तु ज्ञानप्रकारीभूतं सामान्यं प्रत्यासत्तिः ॥६३॥

હવે અલૌકિક પ્રત્યક્ષના કારણભૂત ત્રણ સન્નિકર્ષોનું વર્ણન કરાય છે.—'अलौकिकस्तु......' ઇત્યાદિ કારિકાથી. ત્યાં વ્યાપારનો અર્થ પૂર્વની જેમ જ 'સન્નિકર્ષ' છે. તેથી જન્યત્વઘટિત વ્યાપારત્વનો સામાન્યલક્ષણાદિમાં અભાવ હોવા છતાં અસઙ્ગતિ નહીં આવે. સામાન્યલક્ષણ, જ્ઞાનલક્ષણ અને યોગજ, આ ત્રણ અલૌકિક સન્નિકર્ષો છે. એ સન્નિકર્ષો અલૌકિક પ્રત્યક્ષના કારણ હોવાથી તે સન્નિકર્ષોને અલૌકિક કહેવાય છે. એમાં સામાન્ય છે લક્ષણ જેનું એ સન્નિકર્ષને 'સામાન્ય લક્ષણ' સન્નિકર્ષ કહેવાય છે. જે 'સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ'ના નામે પણ પ્રસિદ્ધ છે. અહીં લક્ષણપદથી જો 'સ્વરૂપ' કહીએ તો મૂલસ્થ 'सामान्यलक्षण' પદનો અર્થ 'સામાન્યસ્વરૂપા પ્રત્યાસત્તિ' આ પ્રમાણે થાય છે. આ, સામાન્ય સ્વરૂપ; ઇન્દ્રિયસમ્બદ્ધવિશેષ્યકજ્ઞાનપ્રકારીભૂત જાણવું જોઇએ. અર્થાદ્ ચક્ષુરાદિ ઇન્દ્રિય-સમ્બદ્ધ છે વિશેષ્ય જેમાં એવા જ્ઞાનના પ્રકારીભૂત સામાન્યને

'સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ' કહેવાય છે. આશય એ છે કે જ્યાં ઇન્દ્રિયસમ્બદ્ધ [સંયુકત] ધૂમાદિ તદ્દવિશેષ્યક ધૂમઃ ઇત્યાદ્યાકારકજ્ઞાન થયું. ત્યાં જ્ઞાનનો પ્રકાર ધૂમત્વાદિ છે. તાદૃશ ઇન્દ્રિયસમ્બદ્ધવિશેષ્યક જ્ઞાનપ્રકારીભૂતધૂમત્વાદિસ્વરૂપ સન્નિકર્ષથી 'ધૂમાઃ' ઇત્યાદ્યાકારક સકલધૂમાદિવિષયક જ્ઞાન થાય છે. તે અલૌકિકપ્રત્યક્ષ છે. અને તત્કારણીભૂત તાદૃશ ધૂમત્વાદિ સામાન્યાત્મક સન્નિકર્ષ, સામાન્યલક્ષણ અલૌકિક સન્નિકર્ષ છે. અહીં ઇન્દ્રિયસમ્બદ્ધ જે જ્ઞાનપ્રકારીભૂત સામાન્ય, તેને જો સામાન્યપ્રત્યાસત્તિ કહીએ તો ધૂલીપટલમાં ધૂમત્વપ્રકારક ભ્રમાત્મક જ્ઞાન થયા બાદ જે સકલધૂમવિષયકજ્ઞાન થાય છે. તે નહીં થાય. કારણ કે પ્રકૃતસ્થલે ઇન્દ્રિયસંબદ્ધ ધૂમત્વાત્મક સામાન્ય નથી. જ્યારે મારા મતે [સિદ્ધાન્તિના મતે] તો ઇન્દ્રિયસમ્બદ્ધધૂલીપટલવિશેષ્યક જ્ઞાન ['अयं धूमः' ઇત્યાકારક ભ્રમાત્મકજ્ઞાન] પ્રકારીભૂતધૂમત્વાત્મક સન્નિકર્ષથી; ધૂલીપટલમાં ધૂમના ભ્રમ પછી સકલધૂમવિષયક જ્ઞાન થાય છે. 'ઇન્દ્રિયસંબદ્ધવિશેષ્યકજ્ઞાનપ્રકારીભૂતસામાન્ય' અહીં ઇન્દ્રિય સમ્બદ્ધ ઘટક ઇન્દ્રિય સંબંધ 'સંયોગાદિ' સ્વરૂપ લૌકિક લેવો જોઈએ. અન્યથા જ્ઞાનલક્ષણ અલૌકિક સંબંધને લઈને ધૂમાદિના ચાક્ષુષ અલૌકિક પ્રત્યક્ષની ધારાનો પ્રસંગ આવશે. એ, જિજ્ઞાસુઓએ ભણાવનારા પાસેથી સમજી લેવું. 'ઇન્દ્રિયસમ્બદ્ધવિશેષ્યકજ્ઞાન પ્રકારીભૂત સામાન્યં પ્રત્યાસત્તિઃ' આ વાત બહિરિન્દ્રિયજન્ય અલૌકિક પ્રત્યક્ષ માટે છે. પરન્તુ અણુત્વેન યત્કિંચિદ્ અણુની ઉપસ્થિતિ બાદ તાદૃશોપસ્થિતીય પ્રકારીભૂત અણુત્વાત્મક સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી સકલઅણુઓનો માનસ બોધ થાય છે. ત્યાં અણુ મનસમ્બદ્ધ નથી અને યત્કિંચિદ્ અણુવિશેષ્યક જ્ઞાન મનોજન્ય નથી તેથી તાદૃશ 'ઇન્દ્રિય-સમ્બદ્ધવિશેષ્યકજ્ઞાનપ્રકારીભૂત સામાન્ય પ્રત્યાસત્તિ' ન હોવાથી તાદૃશ સકલ અણુવિષયક માનસ બોધ નહીં થાય. માટે તાદૃશબોધના અનુરોધથી માનસ સ્થલે માત્ર જ્ઞાન પ્રકારીભૂતસામાન્યને જ પ્રત્યાસત્તિ મનાય છે. અહીં યદ્યપિ જ્ઞાન માત્ર મનોજન્ય હોવા છતાં 'તાદૃશાણુવિષયક

ઉપસ્થિતિસ્વરૂપ જ્ઞાનમાં મનોજન્યત્વ નથી.' આ પ્રમાણે જે જણાવ્યું છે. એની પાછળનો આશય રામરુદ્રીથી અનુસંધેય છે.

परन्तु समानानां भावः सामान्यं तच्च क्वचिन्नित्यं धूमत्वादि, क्वचिच्चाऽनित्यं घटादि । यत्रैको घटः संयोगेन भूतले, समवायेन कपाले वा ज्ञातस्तदनन्तरं सर्वेषामेव तद्घटवतां भूतलादीनां कपालादीनां वा ज्ञानं भवति तत्रेदं बोध्यम् । परन्तु सामान्यं येन सम्बन्धेन ज्ञायते तेन सम्बन्धेनाधिकरणानां प्रत्यासत्तिः । किन्तु यत्र तद्घटनाशानन्तरं तद्घटवतः स्मरणं जातं, तत्र सामान्यलक्षणया सर्वेषां तद्घटवतां भानं न स्यात् । सामान्यस्य तदानीमभावात् । किञ्चेन्द्रियसम्बद्धविशेष्यकं घट इति ज्ञानं यत्र जातं, तत्र परदिने इन्द्रियसम्बन्धं विनाऽपि तादृशज्ञानप्रकारीभूतसामान्यस्य सत्त्वात् तादृशं ज्ञानं कुतो न जन्यते ? तस्मात् सामान्यविषयकं ज्ञानं प्रत्यासत्तिः न तु सामान्यमित्याह–आसत्तिरिति । आसत्तिः–प्रत्यासत्तिरित्यर्थः । तथा च, 'सामान्यलक्षणः' इत्यत्र लक्षणशब्दस्य विषयोऽर्थः, तस्मात् सामान्यविषयकं ज्ञानं प्रत्यासत्तिरित्यर्थो लभ्यते । ननु चक्षुःसंयोगादिकं विनाऽपि सामान्यज्ञानं यत्र वर्त्तते तत्र सकलघटादीनां चाक्षुषप्रत्यक्षं स्यादत आह–तदिति । अस्यार्थः–यदा बहिरिन्द्रियेण सामान्लक्षणया ज्ञानं जननीयं, तदा यत्किञ्चिद्धर्मिणि तत्सामान्यस्य तदिन्द्रियजन्यज्ञानस्य सामग्र्यपेक्षिता, सा च सामग्री चक्षुःसंयोगालोकसंयोगादिकं तेनाऽन्धकारादौ चक्षुरादिना तादृशं ज्ञानं न जन्यते ॥६४॥

"आसत्तिराश्रयाणां तु......" ઈત્યાદિ કારિકાનું અવતરણ કરવા ભૂમિકા રચે છે.—'परन्तु समानानां......' ઈત્યાદિ ગ્રંથથી, આશય એ છે કે, પૂર્વે જણાવ્યા મુજબ જ્ઞાયમાન જાતિ સ્વરૂપ સામાન્યને જ સામાન્ય લક્ષણા પ્રત્યાસત્તિ કહીએ તો તે સન્નિકર્ષ નિત્ય હોવાથી અનિત્યસામાન્યલક્ષણા પ્રત્યાસત્તિની અપ્રસિદ્ધિના કારણે તેને લઈને દોષોદ્ભાવન કરીને 'સામાન્ય જ્ઞાન'ને પ્રત્યાસત્તિ કહેવાનું અસઙ્ગત થશે તેથી તાદૃશકારિકાના અવતરણાનુકૂલ યુક્તિ સ્વરૂપ

તેની ભૂમિકાને કરવા અનિત્ય સામાન્યની પ્રસિદ્ધિને જણાવવા "परन्तु समानानां......" ઇત્યાદિ ગ્રંથ છે. સમાનના ભાવને 'સામાન્ય' કહેવાય છે. તે સામાન્ય કવચિત્ ધૂમત્વાદિ સ્વરૂપ નિત્ય છે. અને કવચિત્ ઘટવદ્ ભૂતલાદિમાં અનિત્ય ઘટાદિ સ્વરૂપ તે અનિત્ય છે. જ્યાં એક ઘટનું ભૂતલમાં સંયોગ સંબંધથી અથવા કપાલમાં સમવાય સંબંધથી ચક્ષુરાદિ ઇન્દ્રિયથી પ્રત્યક્ષનો વિષય બને છે. ત્યારબાદ તદ્ઘટવત્ સકલ ભૂતલાદિનું અથવા કપાલાદિનું જ્ઞાન થાય છે. તે અલૌકિક પ્રત્યક્ષમાં અનિત્ય ઘટાદિ સ્વરૂપ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ કારણ બને છે. યદ્યપિ જ્યાં અનિત્ય ઘટાદિ સ્વરૂપ સામાન્ય છે ત્યાં પરંપરા સંબંધથી [સ્વાશ્રય સંયુક્તત્વાદિ સંબંધથી] ઘટત્વાદિ સ્વરૂપ પણ સામાન્ય હોવાથી અનિત્ય સામાન્યને પ્રત્યાસત્તિ માનવાની આવશ્યકતા નથી. પરંતુ તાદૃશ પરંપરા સંબંધથી જ્યાં ભૂતલાદિમાં ઘટત્વાદિ જ્ઞાત નથી. અને સંયોગાદિ સંબંધથી ઘટાદિ જ્ઞાત છે. ત્યાં ઉપર જણાવ્યા મુજબ થતા અલૌકિકપ્રત્યક્ષના અનુરોધથી અનિત્ય ઘટાદિ સ્વરૂપ સામાન્યને પ્રત્યાસત્તિ માનવાનું આવશ્યક છે. આ આશયથી જ કહે છે—परन्तु सामान्यं...... ઇત્યાદિ—જે સંયોગાદિ સંબંધથી ભૂતલાદિમાં ઘટાદિ જણાય છે. તે સંબંધથી જ તે ઘટાદિ ભૂતલાદિ અધિકરણોની પ્રત્યાસત્તિ છે.

ઉપર જણાવેલ આશયને અનુરૂપ જ દોષનું આપાદન કરવું જોઇએ પરંતુ 'किन्तु' ઇત્યાદિ ગ્રંથથી પૂર્વોક્ત આશયથી ભિન્ન આશયને લઇને દોષાપાદન જણાય છે. કારણ કે 'કિન્તુ' ઇત્યાદિ પદો પૂર્વવાતની અપેક્ષાએ જુદી વાતને જણાવવા માટે પ્રયોજાય છે. તેથી પ્રકૃત સ્થળે 'કિન્તુ' પદની અસંગતિ નિવારવા અહીં 'કિન્તુ' પદાર્થ 'एवञ्च' ના અર્થને જણાવનારું માનવું. આ રીતે ઉપર જણાવ્યા મુજબ અનિત્ય ઘટાદિને સામાન્ય લક્ષણ પ્રત્યાસત્તિ માનીએ તો જ્યાં તદ્ઘટના નાશ પછી તદ્ઘટવતનું સ્મરણ થયું. ત્યાં સામાન્ય લક્ષણ પ્રત્યાસત્તિથી તદ્ઘટવત્સકલનું ભાન નહીં થાય કારણ કે ત્યાં અનિત્ય તદ્ઘટ સ્વરૂપ સામાન્યનો અભાવ છે. બીજું

ઈન્દ્રિય સંબદ્ધવિશેષ્યક 'घटः' ઈત્યાકારક, જ્યાં જ્ઞાન થયું ત્યાં બીજે દિવસે; ઈન્દ્રિય સંબંધ વિના પણ તાદૃશજ્ઞાનપ્રકારીભૂત ઘટત્વાત્મક સામાન્ય લક્ષણ પ્રત્યાસત્તિ વિદ્યમાન હોવાથી શા માટે સકલઘટનું અલૌકિક પ્રત્યક્ષ થતું નથી? અર્થાદ્ થવું જોઈએ. તેથી સામાન્યને [ ઈન્દ્રિયસંબદ્ધવિશેષ્યકજ્ઞાનપ્રકારીભૂતસામાન્યને ] પ્રત્યાસત્તિ માન્યા વિના સામાન્ય વિષયકજ્ઞાનને પ્રત્યાસત્તિ માનવી જોઈએ—એ વસ્તુને જણાવે છે. 'आसत्तिराश्रयाणां तु......' ઈત્યાદિ કારિકાથી. [અહીં એ વસ્તુ યાદ રાખવી જોઈએ–ઉપર બીજા દિવસે ઇન્દ્રિયસંબંધ વિના કેવલ ઘટત્વાત્મક સન્નિકર્ષથી અલૌકિક પ્રત્યક્ષનું આપાદન કર્યું છે. એ બરાબર નથી. કારણ કે જ્ઞાયમાન સામાન્યને પ્રત્યાસત્તિ માનનારાએ પણ કેવલ સામાન્યને પ્રત્યાસત્તિ નથી માની. પરંતુ ઈન્દ્રિય સંબદ્ધ વિશેષ્યકજ્ઞાન પ્રકારીભૂત સામાન્યને પ્રત્યાસત્તિ માની હોવાથી વિશેષણ વિધયા ઇન્દ્રિય સંબંધ [લૌકિક સંબંધ] પણ કારણ માન્યો છે. તેથી તેના અભાવમાં તાદૃશ પ્રત્યાસત્તિના અભાવની વિદ્યમાનતામાં ઉક્ત પ્રસંગનો પણ અભાવ છે. તેથી જ્ઞાયમાન સામાન્યને પ્રત્યાસત્તિ માનનારને 'किन्तु यत्र तद् घटनाशानन्तरं......' ઈત્યાદિ ગ્રંથથી આપેલો પ્રસંગ અનિવાર્ય છે. પરંતુ 'किञ्चेत्यादि......' ગ્રંથથી આપેલો પ્રસંગ અનિવાર્ય નથી ]

મૂલમાં 'आसत्ति' પદાર્થ 'પ્રત્યાસત્તિ' છે. તેમ જ પૂર્વકારિકામાં 'सामान्यलक्षण' ઘટક લક્ષણ પદાર્થ વિષય છે. તેથી 'સામાન્ય વિષયકજ્ઞાન', પ્રત્યાસત્તિ છે. એ અર્થની પ્રાપ્તિ થાય છે. તદ્ઘટના નાશ પછી પણ તદ્ઘટવદ્નું સ્મરણાત્મક સામાન્યવિષયકજ્ઞાન વિદ્યમાન હોવાથી તાદૃશજ્ઞાનાત્મક પ્રત્યાસત્તિથી તદ્ઘટવત્ સકલનાં અલૌકિક ભાનની અનુપપત્તિ નહીં થાય "ચક્ષુઃસંયોગાદિ લૌકિક સન્નિકર્ષ વિના પણ જ્યાં સામાન્ય વિષયકજ્ઞાન વિદ્યમાન છે, ત્યાં સકલઘટાદિના અલૌકિક ચાક્ષુષપ્રત્યક્ષનો પ્રસંગ આવશે." આ પ્રમાણેની શંકાનું નિવારણ કરવા "तदिन्द्रिय......" ઇત્યાદિ મૂલગ્રંથ છે. તેનો આશય સ્પષ્ટ કરે છે. મુક્તાવલીમાં 'अस्याऽर्थः'

ઇત્યાદિ ગ્રંથથી—આશય એ છે કે ચક્ષુરિદ્રા બહિરિન્દ્રિયથી સામાન્ય લક્ષણ પ્રત્યાસત્તિ દ્વારા સકલઘટાદિ વિષયક અલૌકિક પ્રત્યક્ષ કરવાનું હોય, ત્યારે ત્યારે યત્ કિંચિદ્ ઘટાદિધર્મીમાં તત્સામાન્યને [ઘટત્વાદિ સામાન્ય વિષયક જ્ઞાનાત્મક સામાન્ય લક્ષણ પ્રત્યાસત્તિને;] ચક્ષુરાદિ તત્તદ્દઇન્દ્રિયજન્યલૌકિકપ્રત્યક્ષના સામગ્રીની અપેક્ષા છે. એ સામગ્રી; ચક્ષુઃસંયોગ, આલોક–સંયોગ ઇત્યાદિ સ્વરૂપ છે. તેથી અંધકારમાં, તાદૃશ સામગ્રીનો વિરહ હોવાથી સ્પાર્શન પ્રત્યક્ષાત્મક તત્સામાન્યવિષયકજ્ઞાનાત્મક સામાન્યલક્ષણજ્ઞાનાત્મક સન્નિકર્ષ હોય તો પણ ચક્ષુ ઇન્દ્રિયથી ઘટાદિનું અલૌકિક પ્રત્યક્ષ થતું નથી. તેમ જ ઉપર જણાવ્યા મુજબ ચક્ષુઃ સંયોગના વિરહમાં પણ તાદૃશ સામગ્રીના વિરહના કારણે તત્સામાન્યવિષયકજ્ઞાનાત્મક સન્નિકર્ષ હોય તો પણ અલૌકિક ચાક્ષુષ પ્રત્યક્ષ થતું નથી.

॥ इति सामान्यलक्षणप्रत्यासत्तिनिरुपणम् ॥

ननु ज्ञानलक्षणा प्रत्यासत्ति र्यदि ज्ञानरूपा, सामान्यलक्षणाऽपि ज्ञानरूपा तदा तयो र्भेदो न स्यादत आह–विषयीति । सामान्यलक्षणा प्रत्यासत्तिर्हि तदाश्रयस्य ज्ञानं जनयति । ज्ञानलक्षणाप्रत्यासत्तिस्तु यद्विषयकं ज्ञानं तस्यैव प्रत्यासत्तिः । अत्राऽयमर्थः—प्रत्यक्षे सन्निकर्षं विना भानं न सम्भवति । तथा च सामान्यलक्षणां विना धूमत्वेन सकलधूमानां, वह्नित्वेन सकलवह्निनां च भानं कथं भवेत् ? तदर्थं सामान्यलक्षणा स्वीक्रियते । न च सकलवह्निधूमभानाभावे का क्षतिरिति वाच्यम् । प्रत्यक्षधूमे वह्निसम्बन्धस्य गृहीतत्वाद् अन्यधूमस्य चानुपस्थितत्वाद् धूमो वह्निव्याप्यो न वेति संशयानुपपत्तेः । मन्मते तु सामान्यलक्षणया सकलधूमोपस्थितौ कालान्तरीयदेशान्तरीयधूमे वह्निव्याप्यत्वसन्देहः सम्भवति । न च सामान्यलक्षणास्वीकारे प्रमेयत्वेन सकलप्रमेयज्ञाने जाते सार्वज्ञ्यापत्तिरितिवाच्यम् । प्रमेयत्वेन सकल प्रमेयज्ञाने जातेऽपि विशिष्य सकलपदार्थानामज्ञातत्वेन सार्वज्ञ्याभावात् ।

एवं ज्ञानलक्षणाया अस्वीकारे सुरभि चन्दनमिति ज्ञाने सौरभस्य भानं कथं स्यात् ? यद्यपि सामान्यलक्षणयाऽपि सौरभस्य भानं सम्भवति, तथाऽपि सौरभत्वस्य भानं ज्ञानलक्षणया । एवं यत्र धूमत्वेन धूलीपटलं ज्ञातं, तत्र धूलीपटलस्याऽनुव्यवसाये भानं ज्ञानलक्षणया ॥

હવે જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિના નિરૂપણનો આરંભ કરે છે– ननु ज्ञानलक्षणा......ઈત્યાદિ ગ્રંથથી. અહીં 'यदि' શબ્દનો 'सामान्यलक्षणाऽपि' આની આગળ અન્વય છે. અન્યથા યથાસ્થિત 'યદિ' પદ જ્ઞાનલક્ષણાની સાથે અન્વિત માનીએ તો જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિનું જ્ઞાન સ્વરૂપત્વ સર્વસમ્મત હોવાથી 'ज्ञानलक्षणा प्रत्यासत्ति र्यदि ज्ञानरूपा' આ ગ્રંથમાં 'यदि' પદનો પ્રયોગ અસંગત થશે. આથી સ્પષ્ટ છે કે, "જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ જ્ઞાનરૂપ છે અને સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ પણ પૂર્વે જણાવ્યા મુજબ સામાન્ય વિષયક જ્ઞાન સ્વરૂપ માનીએ તો સામાન્યલક્ષણા અને જ્ઞાનલક્ષણા એ બેમાં કોઈ ભેદ નહી રહે." આ પ્રમાણેની શંકાનું નિવારણ કરવા 'विषयी यस्य...' ઇત્યાદિ કારિકાનું પૂર્વાર્દ્ધ છે. આ, ननु ज्ञानलक्षणा......ઇત્યાદિ ગ્રંથનો આશય છે. 'સામાન્યલક્ષણપ્રત્યાસત્તિથી સામાન્યાશ્રયનું અલૌકિક પ્રત્યક્ષ થાય છે. જ્યારે જ્ઞાનલક્ષણ–પ્રત્યાસત્તિથી જેનું જ્ઞાન થયું છે. તે જ વિષયનું અલૌકિક પ્રત્યક્ષ થાય છે."' આ પ્રમાણેના અર્થને જણાવનાર મૂલ ગ્રંથના આશયને સ્પષ્ટ કરે છે. अत्रायमर्थः... ઈત્યાદિ ગ્રંથથી. ત્યાં 'अर्थ' પદ અભિપ્રાયાર્થક જાણવું અન્યથા "प्रत्यक्षे सन्निकर्षं विना......" ઈત્યાદિ ગ્રંથ પ્રતિપાદિતાર્થ; "विषयी यस्य......" ઈત્યાદિ કારિકાના પૂર્વાર્દ્ધનો અર્થ ન હોવાથી 'अत्रायमर्थः' આ ગ્રંથ અસંગત જણાશે.

प्रत्यक्षे सन्निकर्षं विना......ઈત્યાદિ—પ્રત્યક્ષાત્મકજ્ઞાનમાં ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષ વિના પદાર્થનું ભાન સંભવિત નથી. કારણ કે જ્યાં જ્યાં પ્રત્યક્ષવિષયતા [ભાન] છે ત્યાં ત્યાં સન્નિકર્ષાશ્રયત્વ હોય છે. અર્થાદ્ પ્રત્યક્ષવિષયતા, સન્નિકર્ષાશ્રયત્વની વ્યાપ્ય છે. આથી સમજી શકાશે કે સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ વિના, ચક્ષુરાદિઇન્દ્રિયથી ધૂમવિશેષના જ્ઞાનથી ધૂમત્વેન સકલધૂમનું અને વહ્નિવિશેષના જ્ઞાનથી વહ્નિત્વેન સકલ વહ્નિનનું ભાન કઈ રીતે શકય બને ? અર્થાદ્ ન જ બને કારણ કે સકલધૂમ કે સકલવહ્નિની સાથે ચક્ષુરાદિઇન્દ્રિયનો સંબંધ નથી. તેથી પૂર્વે જણાવ્યા મુજબ

સકલધૂમાદિના ભાન માટે સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિનો સ્વીકાર કરાય છે. યદ્યપિ સકલધૂમાદિનું જ્ઞાનમાં ભાન ન પણ થાય તો કોઈ દોષ નથી. તેથી તદનુસાર સામાન્યલક્ષણાનો સ્વીકાર કરવાનું આવશ્યક નથી. પરંતુ પ્રત્યક્ષભૂત ધૂમમાં વહ્નિનો [સામાનાધિકરણ્ય] સંબંધ પૂર્વે ગૃહીત છે. તદ્ભિન્નધૂમાદિ અનુપસ્થિત હોવાથી 'धूमो वह्निव्याप्यो न वा' ઇત્યાકારક સંશયની અનુપપત્તિ થશે કારણ કે અજ્ઞાતધર્મિક સંશય અપ્રસિદ્ધ છે. તેથી ધૂમમાં થતાં વહ્નિવ્યાપ્યત્વના સંશયના અનુરોધથી સકલધૂમની ઉપસ્થિતિ આવશ્યક છે. પરંતુ સામાન્યલક્ષણાને ન માનનારના મતે સકલ ધૂમની સાથે ઇન્દ્રિયસંબંધ ન હોવાથી એવી ઉપસ્થિતિ નહીં થાય. જ્યારે સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ માનનાર એવા મારા મતે તો ઉક્ત રીતે સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી સકલધૂમની ઉપસ્થિતિ થયે છતે તત્તત્કાલીન અને તત્તદ્દેશીય ધૂમમાં વહ્નિવ્યાપ્યત્વનો સંદેહ થઈ શકે છે. આશય એ છે કે જ્યાં મહાનસાદિમાં ધૂમ અને વહ્નિવિશેષના પ્રત્યક્ષથી ધૂમમાં વહ્નિના સંબંધનું જ્ઞાન થાય છે. ત્યાં પ્રત્યક્ષભૂત ધૂમમાં વ્યાપ્તિનો નિર્ણય હોવાથી ધૂમમાં વહ્નિવ્યાપ્યત્વનો સંશય થતો નથી. અને તદ્ભિન્નધૂમ ઉપસ્થિત ન હોય તો અજ્ઞાતધર્મિકસંશયાપ્રસિદ્ધિના કારણે અન્ય ધૂમમાં પણ વહ્નિવ્યાપ્યત્વનો સંશય થઈ શકશે નહીં. તેથી તાદૃશસંશયના અનુરોધથી ધૂમત્વેન સકલધૂમની ઉપસ્થિતિ આવશ્યક છે. જે સામાન્યલક્ષણાના અસ્વીકારથી અશક્ય છે. અને સ્વીકારથી શક્ય છે. એ વાત ઉપર જણાવી છે. 'આ પ્રમાણે સામાન્યલક્ષણાને માનીએ તો પ્રમેયત્વસામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી સકલપ્રમેયનું જ્ઞાન થવાથી બધા જ જીવોમાં સર્વજ્ઞત્વનો પ્રસંગ આવશે.' એ પ્રમાણે કહેવું યોગ્ય નથી કારણ કે, પ્રમેયત્વેન સકલપદાર્થોનું જ્ઞાન થાય તો પણ વિશિષ્ય–તત્તદ્ધર્મેણ સમસ્તપ્રમેય અજ્ઞાત હોવાથી પ્રમેયત્વેન સકલપદાર્થના જ્ઞાતાઓમાં સર્વજ્ઞત્વનો અભાવ છે જ. આ રીતે સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિના સ્વીકારનું બીજ જણાવીને હવે જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિના સ્વીકારનું બીજ જણાવે છે. एवमित्यादि—

આશય એ છે કે, જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિનો સ્વીકાર ન કરીએ તો 'સુરભિ ચંદનમ્' ઇત્યાદ્યાકારક ચાક્ષુષપ્રત્યક્ષમાં સૌરભ [સુરભિ-ગન્ધનું] ભાન, થઈ શકશે નહી. કારણ કે સૌરભાંશમાં ચક્ષુઃસન્નિ-કર્ષનો [યોગ્યવૃત્તિત્વવિશિષ્ટ સન્નિકર્ષનો] અભાવ હોવાથી સૌરભાંશનું ભાન ઉક્તાકારક પ્રત્યક્ષમાં અશકય છે. સૌરભત્વસામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી સૌરભાંશનું અલૌકિકભાન પણ અહીં શકય નથી. કારણ કે તાદૃશાલૌકિક ભાન માટે પૂર્વે જણાવ્યા મુજબ સૌરભત્વ-પ્રકારક લૌકિક પ્રત્યક્ષસામગ્રીની અપેક્ષા છે. જેનો; અહીં ઘ્રાણેન્દ્રિય-સન્નિકર્ષ, ન હોવાથી અભાવ છે. તેથી सुरभि चन्दनम् ઇત્યાદ્યાકારક ચાક્ષુષપ્રત્યક્ષમાં સૌરભભાનના અનુરોધથી જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિ માનવી જોઈએ. જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિ સ્વસંયુક્તમનઃસંયુક્તાત્મ-સમવેતજ્ઞાનવિષયત્વસ્વરૂપ છે. પ્રકૃતસ્થળે સ્વસંયુક્ત [ચક્ષુઃસંયુક્ત] મનઃસંયુકતાત્મસમવેત સૌરભજ્ઞાન [ભૂતકાલમાં થયેલું] વિષયત્વ સૌરભમાં હોવાથી તાદૃશજ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિથી सुरभिं चन्दनम् અહીં ચંદનમાં સૌરભનું અલૌકિક ભાન થાય છે. "યદ્યપિ 'सुरभि चन्दनम्' અહીં સૌરભનું અલૌકિક ભાન થાય એ માટે ઉપર જણાવ્યા મુજબ અલૌકિક પ્રત્યક્ષના કારણભૂત જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિને માનવાની કોઈ આવશ્યકતા નથી. કારણ કે સામાન્યલક્ષણા [સૌરભત્વસામાન્ય-લક્ષણા] પ્રત્યાસત્તિથી પણ એનું [સૌરભનું] ભાન શકય છે." આ પ્રમાણેની શંકા કરીને તેનું સમાધાન કરે છે. यद्यपि सामान्यलक्षणयाऽपि ઇત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ સૌરભત્વ સામાન્યલક્ષણાપ્રત્યાસત્તિથી જન્યજ્ઞાનની પ્રત્યે સૌરભત્વપ્રકારકલૌકિક પ્રત્યક્ષની સામગ્રીની જેમ અપેક્ષા છે તેવી રીતે કવચિત્ સૌરભત્વ-પ્રકારક પ્રત્યક્ષ સામગ્રીની, તાદૃશ સૌરભત્વસામાન્યલક્ષણાપ્રત્યાસત્તિ-જન્ય જ્ઞાનની પ્રત્યે અપેક્ષા છે. અર્થાદ્ સૌરભત્વ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી જન્ય સૌરભના અલૌકિક પ્રત્યક્ષની પ્રત્યે सौरभत्वप्रकारक-लौकिकप्रत्यक्ष-सौरभत्वप्रकारकप्रत्यक्षान्यतरसामग्री ની અપેક્ષા છે. એતાદૃશ સામગ્ર્યન્તઃપાતી "सौरभत्वप्रकारकालौकिकमानसप्रत्यक्ष" ની સામગ્રી

હોવાથી 'सुरभि चन्दनम्' અહીં સૌરભનું અલૌકિક પ્રત્યક્ષ, સૌરભત્વ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી શક્ય છે. ભૂતકાળમાં થયેલું સૌરભત્વ પ્રકારકજ્ઞાન; તાદૃશ સૌરભત્વપ્રકારકાલૌકિકમાનસપ્રત્યક્ષની સામગ્રી છે. ઇત્યાદિ આશયથી, यद्यपि सामान्यलक्षणयाऽपि...ઇત્યાદિ શંકા ગ્રંથ છે. જ્યારે 'तथाऽपि' ઇત્યાદિ સમાધાનગ્રન્થાશય એ છે કે ઉક્ત રીતે સૌરભત્વસામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી 'सुरभि चन्दनम्' અહીં સૌરભનું ભાન સંભવિત હોય તો પણ સૌરભત્વનું ભાન સામાન્ય-લક્ષણા પ્રત્યાસત્તિથી શક્ય નથી કારણ કે ભૂતકાલમાં સૌરભત્વનું જ્ઞાન સ્વરૂપતઃ થયું હોવાથી સૌરભત્વ સામાન્યલક્ષણાપ્રત્યાસત્તિથી સૌરભના સંભવિત ભાનની જેમ સૌરભત્વનું ભાન શક્ય નથી. તેથી તેના ભાન માટે 'स्वसंयुक्तमनःसंयुक्तात्मसमवेतज्ञानविषयत्व' સ્વરૂપ જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિને માનવી જોઇએ. તાદૃશજ્ઞાનવિષય-ત્વસ્વરૂપપ્રત્યાસત્તિ સૌરભત્વમાં હોવાથી તેનું ભાન જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિથી જ શક્ય છે. યદ્યપિ સૌરભત્વના અલૌકિકભાનની પ્રત્યે પણ સ્વરૂપતઃ સૌરભત્વપ્રકારકજ્ઞાનપ્રકારીભૂતસામાન્યલક્ષણા-પ્રત્યાસત્તિને કારણ માનીએ તો 'સુરભિ ચંદનમ્' અહીં સૌરભત્વના પણ ભાન માટે જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિને માનવાની આવશ્યકતા નથી. પરન્તુ ધૂમત્વેન ધૂલીપટલ જ્યાં જ્ઞાત છે. ત્યાં 'अमूं धूमं जानामि' ઇત્યાકારક અનુવ્યવસાયમાં ધૂલીપટલનું ભાન ધૂમત્વાત્મક સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી શક્ય નથી કારણ કે ધૂમત્વજ્ઞાનસ્વરૂપસામાન્યલક્ષણાપ્રત્યાસત્તિ સ્વવિષયધૂમત્વાશ્રયત્વ-સંબંધથી ધૂલીપટલમાં નથી. તેથી તાદૃશાનુવ્યવસાયમાં ધૂલીપટલના ભાન માટે જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિને માનવું આવશ્યક છે. ધૂલી-પટલમાં ચક્ષુઃસંયુક્તમનઃસંયુક્તાત્મસમવેત જ્ઞાન [તાદૃશ ધૂમત્વેન ધૂલીપટલનું જ્ઞાન] વિષયત્વ સ્વરૂપ જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિ હોવાથી અનુવ્યવસાયમાં ધૂલીપટલનું ભાન થઈ શકશે.

॥ इति ज्ञानलक्षणाप्रत्यासत्तिनिरूपणम् ॥

योगज इति । योगाभ्यासजनितो धर्मविशेषः श्रुतिपुराणादिप्रतिपाद्य इत्यर्थः । युक्तयुञ्जानरूपयोगिद्वैविध्याद् धर्मस्याऽपि द्वैविध्यमिति भावः । युक्तस्येति । युक्तस्य तावद् योगजधर्मसहायेन मनसा आकाशपरमाण्वादिनिखिलपदार्थगोचरं ज्ञानं सर्वदैव भवितुमर्हति । द्वितीयस्य चिन्ताविशेषोऽपि सहकारीति ॥

इति श्रीविश्वनाथपञ्चाननभट्टाचार्यविरचितायां
सिद्धान्तमुक्तावल्यां प्रत्यक्षपरिच्छेदः ।

હવે 'યોગજ' સન્નિકર્ષનું નિરૂપણ કરે છે. "योगजो...... ઇત્યાદિ કારિકાથી—આશય એ છે કે શ્રુતિ પુરાણાદિ ધર્મશાસ્ત્રથી જણાવેલો યોગાભ્યાસથી જન્ય જે ધર્મવિશેષ છે, તેને 'યોગજ' સન્નિકર્ષ કહેવાય છે. એ 'યોગજ' સન્નિકર્ષ; યુક્તયોગી અને યુઞ્જાનયોગી આ પ્રમાણેના યોગીઓના બે ભેદના કારણે બે પ્રકારનો છે.

યુક્તયોગીઓને યોગજધર્મની સહાયથી મન દ્વારા આકાશ પરમાણુ આદિ સકલપદાર્થવિષયક જ્ઞાન સર્વદા થાય છે. દ્વિતીય યુઞ્જાન યોગીઓને યોગજ ધર્મની સહાયથી; ચિન્તા [ઉપયોગ]ના સહકારથી ધ્યાનાદિસમયે જ તે તે પદાર્થનું જ્ઞાન થાય છે.

॥ इति कारिकावलीसमेतमुक्तावलीविवरणे प्रत्यक्षपरिच्छेदः ॥

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**